ભાવનગર—શ્રી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં
શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું.

સર્વ હક્ક સ્વાધિન.



જન્મ
પોષ શુદિ
મુ. નાર

સ્થાનક. દીક્ષા
શ્રાવણ શુદિ
મુ. ખંભાત

સંવેગી દીક્ષા
સંવત ૧૯૫૫ ના.
જ્યેષ્ઠ વદિ ૧૧
મુ. અમદાવાદ

પ્રસિદ્ધવક્તા આચાર્ય શ્રી અજીતસાગરસૂરિ.

અર્પણપત્રિકા.



ઈતિહાસના વિશાળક્ષેત્ર તરફ નજર કરતાં પૂર્વ-પુરૂષોનાં જીવન સ્મરણોમાં
અગ્રસ્થાન ભોગવતી તીર્થંકર ભૂમિકાનો અપ્રકટ ઈતિહાસ શોધીને અને
તેનો ગુર્જર ભાષામાં અનુવાદ કરીને શ્રી સુપાર્શ્વનાથ સ્વામીના ચરિ-
ત્રને અંગે જેમણે વિરલ અને વિશાલ સાહિત્ય પ્રકાશમાં આણ્યું
છે, એટલુંજ નહિ પણ સાહિત્ય ક્ષેત્રમાં જેમની કાવ્યકૃતિના
ઓજસભર્યા ભાવ વર્ષાવતી શ્રી 'અજીત કાવ્યકિરણા-
વલી' તથા 'ગીતરત્નાવળી' આદિ કાવ્ય દીપમાલાઓ
પ્રકાશી રહી છે, તેમજ દ્રવ્યાનુયોગના વિષયમાં સંબોધ
છત્રીશી અને જૈન સાહિત્યના સંબંધમાં પ્રકરણ
સુખસિંધુ ભાગ પહેલો તથા બીજો ઘેર ઘેર
સપ્રેમ વંચાય છે, એવા સાહિત્યરસિક—

આચાર્યશ્રી અજીતસાગર સૂરિ

ના ઐતિહાસિક વિશાળ અનુભવનો લાભ આ ગ્રંથમાં અનુમોદનીય
હોઈને ગ્રંથ સૌંદર્યનો યશ તેમને ઘટે છે.

ગુજરાતના ચારૂતર વિભાગના જાણીતા એક ગ્રામમાં ઉછરવા છતાં યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિનો ગુરૂયોગ સાધીને આપે સાહિત્યસેવા સાથે શાસનપ્રભાવના માટે પણ સતત ઉપદેશ કરવાથી અનેક શહેરો અને ગામડામાં શાસન પ્રભાવના રૂપ ઉપધાન, ઉજમણાં, દીક્ષામહોત્સવો, સંઘયાત્રા આદિ શાસન ઉન્નતિના અનેક પ્રસંગો ઉજવાયા છે અને તેવા પ્રસંગોએ દેવદ્રવ્યમાં અઢળક પ્રવાહ વહેવરાવી શક્યા છો એ આપની શાસનસેવાના જ્વલંત દૃષ્ટાન્ત છે.

જગતમૈત્રી અને રાષ્ટ્રસેવામાં પણ આપના હૃદયની વિશાળ ભાવનાથી પ્રાંતિજમાં દિગંબર–શ્વેતાંબરના ભેદ ભૂલાવવામાં, મહેસાણામાં રાજ્યસત્તા પાસેથી જીવરક્ષાના શીલાલેખો મુકાવવામાં, અને સેવા સમાજ સ્થાપીને ઉચ્ચ–નીચના ભેદો ભૂલાવવામાં આપે જે અસાધારણ ફતેહ મેળવી છે, તે પ્રભુ શ્રીમહાવીરની નિર્ભેદ ભાવનાનો એક ચિરસ્મરણીય વિજયધ્વજ છે.

શ્રી પાલીતાણા જૈન ગુરૂકુલ અને વેરાવલમાં સ્ત્રીશિક્ષણશાળા આદિ શિક્ષણાલયોને પોષવાનું પણ આપ ચૂક્યા નથી. તેમાં આપના ઉપદેશથી નિરાધાર બાળકોને ઉન્નતકોટી ઉપર લઇ જવાને મળતી રહેલી ઉદાર સહાયો અને અનેક સ્થળે સ્થપાતાં જ્ઞાનાલયો સાક્ષી આપે છે.

આપનો વિહાર છેક ઉત્તરે ડીસા–પાલણપુરથી પાટણ, રાધનપુર તરફ અને મહેસાણાથી વિજાપુર–પેથાપુર આદિ મહીકાંઠાના પ્રદેશોમાં અનેક ઉપકાર કરવા સાથે; પાલીતાણા, ભાવનગર, જુનાગઢ, વેરાવળ, જામનગર વગેરે સમગ્ર કાઠિયાવાડને પોષી, અમદાવાદ, વડોદરા સુરતથી અને છેક મુંબઇ સુધીમાં જે ઉજ્વળ સેવા કરી રહ્યો જોવાય છે અને તેમાં પણ સમયાનુસાર ઉદ્ઘોષણાથી જાહેર ભાષણો દ્વારા, જૈન કે જૈનેતરના સમગ્ર માનવગણને વીર ધર્મ અને રાષ્ટ્રધર્મના પાઠો શીખવી રહ્યા છો તે ઓછું માનપ્રદ નથી.

આ સર્વ સાથે આપે ઐતિહાસિક કથાનકની આવશ્યકતા તરફ સદ્ભાવ દર્શાવીને વસ્તુપાળ–તેજપાળનો વિશેષ જીવન પ્રસંગ જગતની દૃષ્ટિએ મૂકવા માટે બતાવેલી સત્પ્રેરણા તથા સલાહ સૂચનાથી આ કથાનકને આ રૂપે સાથે આપની એ સ્મરણીય સહાયના નોંધતાં આનંદ થાય છે.

પ્રકાશક.

ઉપોદ્દ્ઘાત.

જૈન ધર્મ એ ક્ષાત્રધર્મ છે, કેમકે જૈનોની અહિંસામાં નામર્દી નથી, પણ ક્ષત્રીઓની ક્ષમા અને શૂરતાની સૂચક ભાવના છે અને તેથીજ વીરનો ધર્મ ક્ષાત્રતેજ તેમજ પ્રશાંતતેજનું સુંદર સંગમસ્થાન છે, એ વાત બુદ્ધિ અને હૃદયથી સમજાય તેવી છે, પરંતુ તેની ઉપર જમાનાના એટલાં બધાં આવરણ ચડી ગયાં છે કે તે બધા થર ભેદીને ઐતિહાસિક સત્યો જગત્ સન્મુખ ધરવા એ બહુજ શ્રમસાધ્ય છે. પીત્તળ અને સુવર્ણ ધાતુરૂપે તો સરખાં જ છે, પરંતુ પીત્તળ જેટલી સ્હેલાઇથી મેળવી શકાય છે, તેટલીજ સ્હેલાઇથી સુવર્ણ નથી મેળવી શકાતું. સુવર્ણની એક બારીકમાં બારીક રજ મેળવવા માટે ઘણા બળ અને રસાયણિક પ્રયોગો કરવા પડે છે. આપણા જૈન ઇતિહાસના પ્રસંગોમાં પણ એવીજ શોધખોળ, ચીવટ અને અનુરાગની પગલે પગલે જરૂર પડે છે અને તેથીજ જૈન ઐતિહાસિક પ્રસંગો આપણા ઇતિહાસમાં અનેરૂં સ્થાન ભોગવી રહ્યા છે.

બારમી સદી સુધીનો ગુજરાતનો ઇતિહાસ અનેક જૈન રાજદ્વારી પુરૂષો, જૈન મુસદ્દીઓ અને જૈન પ્રધાનોની શૌર્યભરી કથાઓથી ઝળહળી રહ્યો છે. ગુજરાતના ઇતિહાસમાંથી મુંજાલ, વસ્તુપાળ, તેજપાળ અને શ્રી હેમચંદ્રાચાર્ય જેવા પુરૂષોને બાદ કરો તો એ ઇતિહાસ સાવ નિસ્તેજ અને નિષ્પ્રભ જણાશે.

આજે ગુજરાતના ઇતિહાસનો કોઇ એવો અભ્યાસી નહીં હોય કે જે વસ્તુપાળ તેજપાળના બળ, વીર્ય અને ધર્મભાવથી પરિચિત નહીં થયો હોય. તેણે ધોળકામાં રહીને ગુજરાતની રાજલગામ પોતાના હાથમાં રાખી અને પાટણની પડતી મહેલાતને પોતાના બાહુબળ અને બુદ્ધિબળથી ટકાવી રાખી; એટલુંજ નહીં પણ ગુજરાતનું ગૌરવ છેક માળવાની સીમ સુધી ફેલાવ્યું.

કુટુંબનો કોઇ એક વૃદ્ધ અને પ્રભાવશાળી પુરૂષ એકાએક ચાલ્યો જાય અને કુટુંબના અનેક સ્ત્રી-પુરૂષનો સંપ તથા સદ્‌વ્યવહારની સાંકળનાં આંકડા ઢીલા પડી જાય, તેમ પાટણના-વસ્તુતઃ ગુજરાતના રાજમંડળમાં પણ બન્યું. વસ્તુપાળ તેજપાળે પોતાના બુદ્ધિ સામર્થ્યથી, બાહુબળથી અને ધર્મભાવથી જે રાજતંત્ર ટકાવી રાખ્યું હતું, તે તેના જવાથી શા

રીતે અસ્તવ્યસ્ત થયું, પાટણનું સામ્રાજ્ય એકજ સમર્થ પુરૂષના જવાથી કેવી રીતે નબળું પડ્યું અને વિખવાદ તથા પ્રપંચોની કેવી નાટ્યભૂમિ બન્યું તેનો ખ્યાલ આ ભાગમાં આપવાનો અમે પ્રયત્ન કર્યો છે.

આકાશપટમાં ચમકતા અનેક ન્હાના મ્હોટા નક્ષત્રોની જેમ ભારતના ઇતિહાસના વિશાળ વ્યોમમાં પણ હિરવિજયસૂરિ, વિજયસેનસૂરિ તથા શ્રી હેમચંદ્રાચાર્ય આદિ અનેક નરપુંગવોએ પોતાના પ્રકાશ પાથર્યા છે, આજનો વર્તમાન ઇતિહાસ જો કે એવા સમર્થ પુરૂષોથી શૂન્ય છે, છતાં તેના સંતાનોમાં એજ બળ, બુદ્ધિ, વ્યવહાર અને ધાર્મિક ભાવનાનું લોહી ફરી રહ્યું છે અને જૈન પ્રજા એ પ્રાભાવિક પુરૂષોની સીધી વારસદાર છે, એટલું તો આવા પ્રકારનાં સાહિત્ય ઉપરથી સ્હેજે સમજાશે.

જૈન પ્રભાવિક પુરૂષોની અથવા રાજપુરૂષોની એક વિશિષ્ટતા કોઇનું પણ ધ્યાન ખેંચે તેમ છે. તેમણે એક મત્તાથી રાજ્ય ચલાવ્યાં, રાજરંગ અને રાજ ખટપટમાં તરબોળ બન્યા, એક રાજાને પદભ્રષ્ટ કરી બીજા રાજાને અભિષિક્ત કરવામાં અદ્ભૂત સાહસ દાખવ્યાં; છતાં તેમણે પોતાના અંતરંગ જીવનને જરા જેટલું પણ કલુષિત થવા ન દીધું. તેમનું અંતર ધર્મભાવ, સદાચાર અને નીતિ નિપૂણતાથી અળગું ન થયું. પેટભરા માણસો જેમ ભોજનનો સાચો સ્વાદ લઇ શકતા નથી, અને વિષયી પુરૂષો સાત્વિક શૃંગાર કે પ્રીતિનો રસ પી શકતા નથી, તેમ સ્વાર્થી કે લોભી રાજપુરૂષો રાજવૈભવની સાચી મોજ માણી શકતા નથી અને સેંકડો દાવાદાવાઓમાં, પ્રપંચોમાં અને પ્રલોભનોમાં પણ સંયમીના જેમ તટસ્થવૃત્તિ ધારી શકે છે, નિષ્કામ કર્મયોગીની જેમ કેવળ ધર્મની ખાતર કર્મ કરી જાણે છે, તેઓજ સામ્રાજ્યની અને ધર્મશાસનની સેવા કરી શકે છે. જો વસ્તુપાલ, મુંજાલ અથવા શ્રી હેમચંદ્રાચાર્ય એવા નિર્લિપ્ત ન રહી શક્યા હોત અને જે વખતે રાજાઓની ગાદી ઉપરથી ઉતારવાની અને બેસારવાની તાકાત ધરાવતા હતા તે વખતે પોતે જ તેનો સ્વાર્થવાસનાથી ઉપયોગ કરવા બેસી ગયા હોત તો ઇતિહાસ તેમની આજે આવા ઉજ્વલ અક્ષરોથી નોંધ ન લઇ શકત. તેઓ મહા વ્યાવહારિક હતા; એટલુંજ નહીં પણ સાચા ધાર્મિક પણ હતા. તેમના બંધાવેલા ચૈત્યો, ઉપાશ્રયો તથા પૌષધશાળાઓ એ તો તેમની ધર્મભાવનાનું કેવળ બાહ્ય ચિન્હ છે. બાકી તેમની નિસ્પૃહતા, સરળતા અને નિર્મળતા એજ તેમના જીવનની વાસ્તવિક ધાર્મિકતા છે.

આજે આપણે એ કર્મયોગીપણું, એ નિર્ભયપણું અને એ ·પુરુષપણું ગુમાવી બેઠા છીએ અને તેથીજ સમાજ, રાજ્ય અને ના ક્ષેત્રોમાંથી પણ જાણે જૈનશક્તિ ઉડી ગઈ હોય એમ લાગે છે. ાજ સુધારણાનાં, ન્હાના શા ક્ષેત્રમાં પૂર વેગથી વીર્ય સ્ફુરાવનાર ોનાં જ્યાં સાંસા હોય, ત્યાં રાજદ્વારી જીવનની તો વાત જ! કેવાં વી ! પણ અમને આશા છે કે આવા ઐતિહાસિક ચરિત્રો અમારા ન વાંચકોના હૃદયમાં નવો પ્રકાશ અને દીલમાં નવું ચૈતન્ય પ્રકટાવશે. ન ઇતિહાસના ઉપકરણ તો અસંખ્ય છે, પણ એ ઉપકરણો એકઠાં વાં, તેમાંથી ઐતિહાસિક ઘટનાઓ તારવવી અને તેમાં રસ પૂરવો એ મ એટલું બધું સરળ નથી. અમે અમારા સજ્જન મિત્રો અને પૂજ્ય રૂવર્યોની સલાહ, સૂચના તથા અનુમોદનના પ્રતાપે એ દિશામાં યથા- ક્તિ ફાળો આપી રહ્યા છીએ. તેનો તમામ જશ તેમનેજ અર્પી અમે તકૃત્ય થઇએ છીએ. તેમજ ભાઇ જગજીવન માવજી કપાસીએ અનેક વસાયો અને રોકાણોમાંથી અવકાશ મેળવીને સાહિત્યપ્રેમથી આવી વકથા લખવામાં મુખ્ય ભાગ લીધો છે. તેમ કહેવાને આનંદ થાય છે.

જેમ જેમ વધુ ઐતિહાસિક સાહિત્ય મળતું જશે, ઇતિહાસરસિક દરથો તથા મુનિવરોની અણમોલી સહાય મળતી જશે, તેમ તેમ પ્રાચીન રાસાઓ, પદ્યપ્રબંધો તથા શીલાલેખો ઉપરથી છેક નવોજ પ્રકાશ તથા નવો રસ, ગુજરાતી જૈન-સાહિત્યમાં આમેજ કરવાની અત્યારે તો ભાવના રાખી વિરમીએ છીએ. અને ઇચ્છીએ છીએ કે જૈન પ્રજા આવા પૂર્વ પુરુષોના ક્ષાત્રતેજને પોતાના જીવનમાં પચાવી જૈન સમાજ પાછળ આજકાલ ઘુસી ગયેલું 'ભિરૂતા'નું કલંક ધોઇ નાખવા જેટલા ઓજસ પ્રકટાવે !

સમાજસેવક,

શેઠ દેવચંદ દામજી—કુંડલાકર.



પર્યુષણ ક્ષમાપના પત્રો

કાર્ડ અને કંકોત્રીઓ.

શ્રાવકે મુનિરાજને લખવાનાં
શ્રાવકે શ્રાવકને લખવાનાં
મુનિએ શ્રાવકને લખવાનાં
શિષ્યમુનિયે ગુરૂને લખવાનાં
ગુરૂએ શિષ્યમુનિને લખવાનાં
ફેન્સી ફમાસા સસ્તા અને સુંદર

તેમજ

જૈન ધર્મનાં કોઈ પણ જાતનાં
કોઈ પણ સંસ્થા કે સભા-
ના દરેક પુસ્તકો

મળવાનું ઠેકાણું—

જૈન જનરલ બુક ડેપો— ભાવનગર.

અનુક્રમણિકા.



કૃપાવંતમહાશયોને—

ખા.સા.શા.ગા.પ.ડ.

[illegible]

જૈન પત્રની ભેટો.


૧ શ્રીપાળ ચરિત્ર.
૨ શ્રાદ્ધ વિધિ.
૩ અર્હંન્નિતિ.
૪ શત્રુંજય મહાત્મ્ય.
૫ હરિવિક્રમ ચરિત્ર.
૬ સ્ત્રીઓનો સાથી.
૭ પ્રદ્યુમ્ન ચરિત્ર.
૮ ગીરનાર મહાત્મ્ય.
૯ વ્યાખ્યાન સંગ્રહ.
૧૦ તીર્થયાત્રા વર્ણન.
૧૧ તીર્થયાત્રા દિગ્દર્શન.
૧૨ દીલ્હી દરબાર (સચિત્ર.)
૧૩ ધર્મબિન્દુ.
૧૪ જૈન ચિત્રમાળા.
૧૫ રત્નમાળા.
૧૬ જૈન દર્શન.
૧૭ તીર્થંકર ચરિત્ર.
૧૮ ધર્મદેશના.
૧૯ મહિલા મહોદય ભા. ૧

૨૦ સતી આદર્શ જીવ
૨૧ લેખ સંગ્રહ.
૨૨ ગુજરાતનું ગૌરવ
મળમંત્રિનો વિજ
૨૩ મેવાડનો પુનરૂદ્ધાર
ગ્યવિધાયક ભામાશ
૨૪ ધર્મ જીજ્ઞાસુ અક
આચાર્ય શ્રી હીરવિ
૨૫ વીર શિરોમણિ વ
કિંવા પાટણની ચડત
ભાગ ૧.
૨૬ વીર શિરોમણિ વ
કિંવા પાટણની ચડત
ભાગ ૨.
૨૭ નવસ્મરણ (સચિત્ર
૨૮ અણુહીલપુરનો અ
સૂર્ય કિંવા વીર શિ
વસ્તુપાળ ભા. ૩.



અણહિલપુરનો

આથમતો સૂર્ય.



વીર શિરોમણિ વસ્તુપાળ કિંવા પાટણની ચડતી પડતીના બીજા ભાગનું અનુસંધાન.



પ્રકરણ ૧ લું.

જીવનનો આદર્શ.

મનુષ્યનાં જીવનમાં ઉત્સાહ અને ચેતન ભરનારો પ્રભાતનો સમય હતો, રાત્રિનો અંધકાર પલાયન થઈ ગયો હતો અને પૂર્વ દિશામાં સવિતાનારાયણનો ઉદય પણ થઇ ચૂક્યો હતો. મીઠા, સુશીતળ અને મંદ પવનની લહેરોથી જાગૃત થએ ઉત્સાહી જનો કર્તવ્યમાં ગુંથાતા હતા; ત્યારે પ્રમાદી જનો નિદ્રાના પાશમાં વધારેને વધારે સંપડાતા જતા હતા. ભૃગુકચ્છના શેઠ રામચંદ્રની એકની એક પુત્રી યશોમતી વહેલી ઉઠી સ્નાનાદિ ક્રિયાથી પરવારી ગૃહમંદિરમાં પ્રભુની પૂજામાં આ સમયે રોકાએલી હતી. વાચક મહાશયો યશોમતીના પરિચયમાં આવેલા છે; તેઓ તેના વિચારોને પણ જાણે છે. યશોમતીએ જગતની જંજાળ અને સંસારનાં સાંકડાં બંધનને જુદાં માન્યાં હતાં. તે પરમાત્માની પૂજા અને તેમનાં ભજનને જીવનનું કર્ત્તવ્ય તથા પરોપકાર અને લોકકલ્યાણને જીવનનો આદર્શ માનતી હતી. તેનું વય પંદર કે સોળ વર્ષનું હતું; યૌવનનાં સુલભ્ય અને સ્વાભાવિક લક્ષણોથી તેનું શરીર વિકારને પામ્યું હતું; પરંતુ તેનું મન તો નિર્વિકારજ હતું. પ્રભાતમાં પ્રભુની પૂજા, મધ્યાન્હે ઉત્તમ ગ્રંથોનું વાંચન અને રાત્રિ તત્વનું ચિંતન, એ એનું નિત્યનું

કર્તવ્ય હતું. કોઇ પુરૂષની સાથે પરણીને બંધનમાં પડવા કરતાં [illegible] જન્મ કુમારી અવસ્થામાં રહેવાનો અને બની શકે તેટલી જનસેવા [illegible] વાનો તેનો અભિલાષ હતો.

પૂજા સંપૂર્ણ કર્યા પછી યશોમતી તેના કોકીલ સમાન કંઠથી [illegible] પરમાત્માની સ્તુતિનું ગાન ગાતી હતી. તે વખતે બે અન્ય સ્ત્રીઓ ગૃ[illegible] મંદિરનાં દ્વાર પાસે આવી પહોંચી. યશોમતીએ ગાનને પૂર્ણ કર્યા પ[illegible] તેમની તરફ જોયું અને તેનાં વદન ઉપર હાસ્ય પ્રસરી ગયું.

તેણે મીઠા સ્વરે કહ્યું. "અહો અનુપમા કાકી અને પદ્મા બ્હે[illegible] તમે ક્યારનાં આવ્યાં છો ? આવો, આવો; હું પૂજા કરી રહી છું."

"અમને આવ્યાને કાંઈ બહુ વાર થઇ નથી." અનુપમા [illegible] મલકાવીને કહ્યું. "અમે આવ્યાં, ત્યારે તું ગાઇ રહી હતી અ[illegible] તેથીજ તારું અતિ કર્ણપ્રિય ગાન સાંભળવાને અમે થોડીવાર ઉભા રહ્યાં."

યશોમતી ગૃહમંદિરની બ્હાર આવી અને તેણે સહજ આશ્ચર્ય [illegible] દર્શાવતાં પૂછ્યું "પણ કાકી ! આજે તમે અત્યારમાં ક્યાં [illegible] ? પદ્મા બ્હેન તો વારંવાર આવે છે; પરંતુ તમે ક[illegible] કારણ કે હેતુ વિના કદી આવતાં નથી."

"કેમ યશોમતી ! તારી કાકીને આંહીજ આમને આમ ઉ[illegible] રાખવાં છે કે શું ?" પદ્માએ વચ્ચેજ કહ્યું.

સરલ વચની પ્રભાથી યશોમતીનું વધારે ધવલ બનેલું મુ[illegible] [illegible] હાસ્ય [illegible] ગયું. તેણે કહ્યું, "હા, એતો હું ભૂલી ગઇ: ચા[illegible] [illegible] [illegible] પછી વાતો કરીએ."

તેઓ ત્રણે [illegible] ઓરડામાં આવ્યાં અને ત્યાં પાથરે[illegible] [illegible] બેઠાં.

[illegible] અનુપમાએ કહ્યું. " યશોમતી ! તારી [illegible] [illegible] હતી. આજ મને એવી [illegible] [illegible] અને એ [illegible] હું અત્યારમાં [illegible]

[illegible]

[illegible] અનુપમાએ કહ્યું. " [illegible]

તે લજ્જાશીલા મુગ્ધાએ કહ્યું. "તમે મારાં ખોટાં વખાણ કરો છો. મારો રાગ કાંઇ એટલો બધો સારો નથી. રાગ તો પદ્મા બ્હેનનો. જાણે સ્વર્ગ લોકની કિન્નરી!"

"મીઠો કંઠ એ સ્ત્રીઓને માટે ઉત્તમ બક્ષીસ છે; કારણકે તેના પ્રયોગથી પોતાના સ્વામીને પ્રસન્ન કરી શકાય છે." અનુપમાએ ધીમેથી પણ અર્થસૂચક ભાવથી કહ્યું.

યશોમતીનાં મુખ ઉપરથી હાસ્યની છટા ચાલી ગઇ અને તે ઉપર ગંભીરતા છવાઇ ગઇ. ગંભીરતાથી તેનું મુખ વિશેષ તેજસ્વી બન્યું.

અનુપમાને કાંઇ યાદ આવ્યું હોય, એવો ભાવ દર્શાવીને તેણે પૂછ્યું, "યશોમતી! પદ્મા બ્હેને કહેલી એક વાત મને અત્યારે યાદ આવી છે. તે હું તને કહું?"

"કહોને." યશોમતીએ ઉત્સુકતા દર્શાવીને કહ્યું. "એવી તે વળી શી વાત અચાનક યાદ આવી છે?"

"પણ એથી તને ખોટું તો નહિ લાગે ને?" અનુપમાએ ભાર દઇને પૂછ્યું.

"ખોટું અને તે તમારા માટે?" યશોમતીએક હ્યું. "એ શું કહો છો, કાકી! તમે તો મારાં મનથી મારી માતા સમાન છો."

"ત્યારે સાંભળ." અનુપમાએ સહજ વિચાર કરીને કહ્યું. "તારી સખીએ મને એક વખત કહ્યું હતું કે તું જીવનભર કુમારી અવસ્થામાં રહેવાને ઇચ્છે છે શું આ વાત ખરી છે?"

યશોમતીએ એક વાર પદ્માની સામે જોયું. તેની વિશાળ આંખોમાં ઠપકાનો ભાવ સ્પષ્ટ જણાતો હતો; પરંતુ પદ્મા તો મૌનજ રહી.

યશોમતીએ થોડી વાર વિચાર કર્યો અને પછી દ્રઢતાથી જવાબ આપ્યો "એ વાત તદ્દન ખરી છે."

"આ વાત તારી માતા અને તારા પિતા જાણે છે?" અનુપમાએ આગળ ચલાવ્યું.

"કેટલીક વાત એવી છે કે જે માતાપિતાને પ્રસંગ વિના કહી શકાતી નથી અને સખીને કહેવાય છે." યશોમતીએ જવાબ આપ્યો.

"એ હું જાણું છું પરંતુ તારાં માતાપિતાએ તને તારાં,

લગ્ન વિષે આજ દિવસપર્યંત કદિ કાંઇ પણ પૂછયું નથી ? ” અનુપમાએ પ્રશ્ન કર્યો.

“ કોઇ વાર પૂછયું હશે. ” યશોમતીએ ઉત્તર આપ્યો.

“ અને એ વખતે તેં શો જંવાબ આપ્યો હતો ? ” અનુપમાએ ફરીને પ્રશ્ન કર્યો.

“કાંઇજ નહિ.” યશોમતીએ જરા પણ સંકોચ વિના ઉત્તર આપ્યો.

“ ત્યારે તારા વિચારને અને તારી ઇચ્છાને તારાં માતાપિતા જાણતાં નથી. ” અનુપમાએ કહ્યું. ‘ પણ તારાં માતાપિતા તને કુમારી અવસ્થામાં રહેવા દેશે ખરાં ? તને પોતાનો એકની એક પુત્રીને પરણાવાને લ્હાવો લેવાનાં સૌભાગ્યને તેઓ જતું કરશે ખરાં ? ”

“ હું કુમારી રહું, એમાં તેમને શી હરકત આવવાની છે ? ” યશોમતીએ પ્રશ્નનો ઉત્તર આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

“ યુવાન પુત્રીને કુમારી અવસ્થામાં ઘરમાં રાખવી, એમાં ઘણી હરકત અને તકલીફ છે. યશોમતી ! એ હરકત અને તકલીફને સમજવા જેટલી તારામાં શક્તિ નથી. તું હજી કેવળ બાળકબુદ્ધિની છે. ” અનુપમાએ ગંભીરતાથી કહ્યું.

એથી યશોમતીનાં મુખ ઉપર લોહી તરી આવ્યું. તેણે સ્વરમાં સહજ જુસ્સો લાવીને કહ્યું. “ હું બાળક-બુદ્ધિની છું, એ તો દેખતી વાત છે; કારણ કે મારૂં વય હજી નાનું છે; પરંતુ તમે પ્રૌઢ વયનાં, પકવ વિચારનાં અને દીર્ઘ બુદ્ધિશાળી થઇને બાર વર્ષની અબોધ બાલિકાને પણ ન છાજે તેવી વાત કરી રહ્યાં છો, એ કેવું આશ્ચર્ય ? શું સ્ત્રી કદિ કુમારી અવસ્થામાં રહી શકે નહિ, એમ તમે માનો છો, કાકી ! ”

“ હું તો શું પણ આખું જગત્ માને છે કે સ્ત્રી કદિ કુમારી ન હોય. ” અનુપમાએ વિશેષ ગંભીરતાથી કહ્યું.

“ તો જગતની એ માન્યતા કેવળ ભ્રમમૂલકજ છે. ” યશોમતીએ ગર્વથી કહ્યું. “ મલ્લીનાથ ભગવાન સ્ત્રી હતાં અને તે શું કુમારી અવસ્થામાંજ મોક્ષને વર્યા ન હતાં ! ”

“ પણ તું તો મલ્લીનાથ ભગવાન નથી ને ? ” અનુપમાએ સહજ હસીને કહ્યું.

“ ના, એટલે હું કુમારી તો રહી શકીશજ. ” યશોમતીએ દૃઢ સ્વરે ઉત્તર આપ્યો.

"એ તારો દુરાગ્રહ છે, યશોમતી !" અનુપમાએ કહ્યું. "સ્ત્રીને માટે કૌમારવ્રત પાળવું ઘણું મુશ્કેલ અને અત્યંત કઠિન છે. પુરૂષ જેટલી સરલતાથી બ્રહ્મચર્યને પાળી શકે છે, તેટલી સરલતાથી સ્ત્રી બ્રહ્મચર્યને સર્વદા પાળી શકતી નથી. પુરૂષની આકર્ષક રીતભાત તથા તેની ઝેરી નજરથી બચવું અને ચંચળ મનને સંયમમાં રાખવું, એ કાંઇ નાનાં છોકરાંની રમત નથી."

"એ ગમે તેમ હોય, અને તમને એવો અનુભવ હોય તો તમે જાણો. બાકી મેં જે નિશ્ચય કર્યો છે એથી હું ડગવાની નથી." યશોમતીએ દૃઢતાથી કહ્યું. "ભ્રમમૂલક કલ્પનાના તરંગે નાચતાં ભ્રમિત જગતને હું બતાવવા માગું છું કે સ્ત્રી પણ કુમારી રહી જનસેવા અને લોકકલ્યાણ કરી શકે છે અને પુરૂષની પેઠે સંસારનાં સર્વ કાર્યોમાં ભાગ લઇ સ્વપરનું હિત સાધી શકે છે."

"યશોમતી ! તું આખા જગતને ભ્રમિત ગણે છે, એ તારી ભૂલ છે. ખરી રીતે તો તુંજ ભ્રમિત બની ગઈ છે. સ્ત્રીનું ખરૂં કર્ત્તવ્ય શું છે અને તેણે આ સંસારમાં રહી પોતાનાં જીવનને શી રીતે વ્યતિત કરવાનું છે, તે તું જાણતી નહિ હોવાથીજ અનુચિત નિશ્ચયને બાંધી બેઠી છું," અનુપમાએ કહ્યું.

અનુપમા યશોમતીને જેમ જેમ કસોટીએ ચડાવતી હતી, તેમ તેમ યશોમતી વધારેને વધારે દીપી નીકળતી હતી. તેણે કાંઇક અભિમાનથી અને કાંઇક જુસ્સાથી પૂછયું: "તમે સ્ત્રીનાં કર્ત્તવ્યની વાત કરો છો, એ ઠીક છે; પરંતુ સ્ત્રીનું કર્ત્તવ્ય કયું ગણો છો? મનમોજી, કઠોર, પ્રેમહિન અને સ્વાર્થી એવા પુરૂષની સાથે પરણીને જીવનને પરતંત્રતમાં મૂકવું એ શું સ્ત્રીનું કર્ત્તવ્ય છે, કાકી !"

"જો સ્ત્રીને સંસારમાં રહેવું હોય, તો એજ તેનું કર્ત્તવ્ય છે." અનુપમાએ શાંતિથી ઉત્તર આપ્યો.

"મને સંસારની દરકાર નથી; હું સંસારમાં રહેવા માગતી નથી" યશોમતીએ કહ્યું.

"તો પછી શા માટે દીક્ષા લેતી નથી ?" અનુપમાએ પૂછયું.

"દીક્ષા લેવી હશે તો લઇશ અને નહિ લેવી હશે તો નહિ લઉં; પરંતુ જીવનને પરતંત્ર તો નહિજ થવા દઉં." યશોમતીએ દૃઢતાથી જવાબ આપ્યો અને ઉત્તેજક સ્વરથી કહ્યું "અનુપમા કાકી! તમે મને આ વિષયમાં આટલો બધો અનુરોધ શા કારણથી કરી રહ્યા

છો, તે હું સમજી શકતી નથી. પરણીને સ્વતંત્ર જીવનની મજા [illegible] અને સંસારનાં બંધનમાં પડીને ગૃહનાં સાધારણ કાર્યોમાં આયુ[illegible] પૂર્ણ કરવું, એ મને યોગ્ય લાગતું નથી. જાહેર કાર્યોમાં ભાગ લેવા મારી ઇચ્છા હોવાથી હું કૌમારવ્રતને પાળી જીવનને સ્વતંત્ર રા[illegible] માગું છું. રાજકીય ખટપટો, ધાર્મિક મતભેદો અને આંતરિક [illegible] જોઈ મારો જીવ બહુજ દુઃખાય છે અને એથી આપણી કોમ[illegible] આપણા પુરુષ પવિત્ર ધર્મની અને આપણા ગૌરવવાળા દેશની સ્થિતિ શી, એની ચિંતા મને થયા કરે છે. આ કારણથી સંસાર[illegible] [illegible] જીવનને પરતંત્ર નહિ બનાવ[illegible] તેને સ્વતંત્ર [illegible] સાર્વજનિક [illegible] [illegible] આદર્શ છે અને મારા આ આદર્શને માટે [illegible] [illegible] નહિ."

[illegible]

પદ્માએ કેટાળાને કહ્યું. " ભાભી ! ચાલો હવે જઇએ. "

" હા, ચાલો. " અનુપમાએ યશોમતી સામે જોઇને કહ્યું. અમે હવે જઇશું. "

યશોમતી વિચારગ્રસ્ત હતી; તે કાંઇ બોલી નહિ.

પદ્માએ યશોમતીના આવાસના દ્વારમાંથી નીકળતાં કહ્યું. ભાભી ! આવા દૃઢ નિશ્ચયવાળી બાળાને શું તમે પુત્રવધુ બનાવી શકશો શા ? હું નથી માનતી કે તમે તેમાં વિજય મેળવો. "

અનુપમાએ પ્રત્યુત્તરમાં માત્ર હાસ્યજ કર્યું.

પ્રકરણ ૨ જું.

અમરદેવી.

વીરમનું ચિત્ત બહુજ અસ્વસ્થ રહેતું હતું. તેનાં દિલમાં શાંતિ આરામ ન હતાં. તેના પિતા વીરધવળની અવકૃપા, વસ્તુપાળ ને તેજપાળનું પ્રાબલ્ય, વીસળની લોકપ્રિયતા અને પાંટણ તથા ાળકાના રાજદ્વારસ્થાનીઓની ખટપટ ઇત્યાદિ તેની 'માનસિક અસ્વ-ઘતાનાં કારણો હતાં.' વીરમને મિત્રો હતાં; પરંતુ તેઓ માત્ર સ્વાર્થ ૂરતો સ્નેહ રાખતાં હતાં. વીરમને સ્ત્રી હતી; પરંતુ તેનો પ્રેમ તે ્માવી બેઠા હતા. તેને આધાર માત્ર બેજ મનુષ્યોનો હતો. એક તેના ાદા લવણપ્રસાદનો અને બીજો તેની પ્રેમપાત્રી મધુરીનો.

રાત્રિનો પ્રથમ પ્રહર ચાલતો હતો. પ્રભાતમાં વીરમને અગ-ધનાં કામે વીરમગામ છોડીને જવાનું હતું. તે તેની સ્ત્રીને મળવાને ાણીવાસમાં ગયો. જબલપુરના રાજા ઉદયસિંહની પુત્રી અને વીર-મની પત્ની અમરદેવી ઓરડામાં એક આસન ઉપર બેઠી હતી. તેનાં મસ્તક ઉપરથી વસ્ત્ર ખસી ગયું હતું અને તેના વાળ અવ્યવસ્થિત હતા. ગાલે હાથ ટેકાવી નીચી નજરે વિચારગ્રસ્ત અવસ્થામાં તે બેઠી હતી અને તેની દાસી પંખાથી તેને પવન નાંખતી પછવાડે ઊભી હતી. વીરમે એ ઓરડામાં પ્રવેશ કર્યો, ત્યારે અમરે માથાના વાળને અને વસ્ત્રને ઠીકઠાક કર્યા. તેણે તેના પતિ તરફ એકવાર નજર નાંખી અને ત્યારબાદ પુનઃ તે વિચારનિદ્રામાં પડી. અમર વધારે સુંદર હતી કે

[illegible] તે હું સ્પષ્ટ શકતી નથી. પરણીને સ્વતંત્ર જીવનની [illegible] [illegible] પડીને ગૃહનાં સાધારણ કાર્યોમાં [illegible] [illegible] એ મને યોગ્ય લાગતું નથી. જાહેર કાર્યોમાં ભાગ [illegible] [illegible] કૌમારવ્રતને પાળી જીવનને સ્વતંત્ર [illegible] [illegible] ધાર્મિક મતભેદો અને આંતરિક [illegible] [illegible] છે અને એથી આપણી [illegible] [illegible] ધર્મની અને આપણા ગૌરવભર્યા દેશની [illegible] મને થયા કરે છે. આ કારણથી [illegible] [illegible] જીવનને પરતંત્ર નહિ [illegible] [illegible] જનસેવા અને [illegible] [illegible] મનુષ્ય અવતારનું સાર્થક [illegible] [illegible] આદર્શ છે અને મારા આ આદર્શને [illegible] [illegible] નહિ."

[illegible] આદર્શવાળી બાળાની મનમાં [illegible] [illegible] વિચારોને માટે માન [illegible] [illegible] રહી. મનની [illegible] [illegible] વિચાર અને આદર્શ [illegible]

[illegible]

પદ્માએ કેટાળાને કહ્યું. "ભાભી! ચાલો હવે જઇએ."

"હા, ચાલો." અનુપમાએ યશોમતી સામે જોઇને કહ્યું, "અમે હવે જઇશું."

યશોમતી વિચારગ્રસ્ત હતી; તે કાંઇ બોલી નહિ.

પદ્માએ યશોમતીના આવાસના દ્વારમાંથી નીકળતાં કહ્યું. "ભાભી! આવા દઢ નિશ્ચયવાળી બાળાને શું તમે પુત્રવધુ બનાવી શકશો ખરા? હું નથી માનતી કે તમે તેમાં વિજય મેળવો."

અનુપમાએ પ્રત્યુત્તરમાં માત્ર હાસ્યજ કર્યું.



પ્રકરણ ૨ જું.

અમરદેવી.

વીરમનું ચિત્ત બહુજ અસ્વસ્થ રહેતું હતું. તેનાં દિલમાં શાંતિ કે આરામ ન હતાં. તેના પિતા વીરધવળની અવકૃપા, વસ્તુપાળ અને તેજપાળનું પ્રાબલ્ય, વીસળની લોકપ્રિયતા અને પાટણ તથા ધોળકાના રાજ્યકારભારીઓની ખટપટ ઇત્યાદિ તેની માનસિક અસ્વસ્થતાનાં કારણો હતાં. વીરમને મિત્રો હતાં; પરંતુ તેઓ માત્ર સ્વાર્થ પુરતો સ્નેહ રાખતા હતાં. વીરમને સ્ત્રી હતી; પરંતુ તેનો પ્રેમ તે ગુમાવી બેઠો હતો. તેને આધાર માત્ર બેજ મનુષ્યોનો હતો. એક તેના દાદા લવણપ્રસાદનો અને બીજો તેની પ્રેમપાત્રી મધુરીનો.

રાત્રિનો પ્રથમ પ્રહર ચાલતો હતો. પ્રભાતમાં વીરમને અમરત્નનાં કામે વીરમગામ છોડીને જવાનું હતું. તે તેની સ્ત્રીને મળવાને રાણીવાસમાં ગયો. જયપુરના રાજા ઉદયસિંહની પુત્રી અને વીરમની પત્ની અમરદેવી ઓરડામાં એક આસન ઉપર બેઠી હતી. તેના મસ્તક ઉપરથી વસ્ત્ર ખસી ગયું હતું અને તેના વાળ અવ્યવસ્થિત હતા. ગાલે હાથ ટેકવી નીચી નજરે વિચારગ્રસ્ત અવસ્થામાં તે બેઠી હતી અને તેની દાસી પંખાથી તેને પવન નાંખતી પછવાડે ઊભી હતી. વીરમે એ ઓરડામાં પ્રવેશ કર્યો, ત્યારે અમરે માથાના વાળને અને વસ્ત્રને ઠીકઠાક કર્યાં. તેણે તેના પતિ તરફ એકવાર નજર નાંખી અને ત્યારબાદ પુનઃ તે વિચારનિદ્રામાં પડી. અમર વધારે સુંદર હતી કે

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

મવો હોય અને તે તમારાં ગળે વળગી હોય, તો આપણા જઓ મારા ાવાસમાંથી અને જ્યાં સુધી તમારે એ દુષ્ટ વ્યવહાર રાખવો હોય, ત્યાં ી કદિ પણ મારા આવાસમાં આવશો નહિ."

પતિ પત્નીનો ઝઘડો જોઇને દાસી ક્યારની ચાલી ગઇ હતી.

વીરમે અમરનાં અપમાનકારક વચનો સાંભળીને પૂછ્યું "આ જો તું કોને સંભળાવી રહી છે, તેનું તને ભાન છે!"

"હા, મને તેનું સંપૂર્ણ ભાન છે. ગુજરાતના યુવરાજ અને જખલ-રની રાજકુંવરી અમરના પતિને એ શબ્દો હું સંભળાવી રહી છું." મરે ઉત્તર આપ્યો.

"અને તેનું શું પરિણામ આવશે, એનું તને ગાન છે?" વીરમે નઃ પૂછ્યું:

"હા, એક સ્વાર્થી અને અધમ નારીના મોહની ખાતર તમે ારી ધર્મપત્નીનો ત્યાગ કરશો." અમરે ઉત્તર આપીને કહ્યું. "પણ ને પરિણામની દરકાર નથી. તમે મારો ત્યાગ કરવાના હો, તો આજ-ીજ-અત્યારથીજ કરો. વિરહની વ્યથાને સહન કરવાની મારામાં શક્તિ ે અને કદાચ નહિ સહન થાય, તો તેની આગમાં હું બળીશ-મરીશ; રંતુ મારા પતિને અન્ય સ્ત્રીના મોહમાં પડેલા જોઈ શકીશ નહિ."

"પણ આવા કટુ વચનો મને કહેવાનો અને આંહીથી ચાલ્યા જવાની આજ્ઞા કરવાનો તને શો અધિકાર છે!" વીરમનો ધુંધવાઇ રહેલો ક્રોધ ધીમે ધીમે બહાર નીકળવા લાગ્યો.

"અસંખ્ય મનુષ્યોની મેદની વચ્ચે તમે મારું પાણિગ્રહણ કર્યું છે અને અગ્નિદેવની સાક્ષીએ લગ્નની પવિત્ર પ્રતિજ્ઞાઓ લીધી છે, એ આધારે એવાં કટુ વચનો કહેવાનો અને તમને એવી અપમાનકારક આજ્ઞા કરવાનો મને અધિકાર છે." અમરે ગર્વથી ઉત્તર આપતાં કહ્યું.

"ઠીક છે, અભિમાની નારી! તારાં અભિમાનને ઉતારવા અને તારા ગર્વને ગાળવા માટે તને ઉચિત શિક્ષા કરવી પડશે. અમર! હું આજથી તારો ત્યાગ કરું છું." વીરમ એમ કહીને તથા અમર તરફ ક્રોધભરી નજર નાખીને ચાલતો થયો.

અમરે જરા આગળ આવીને આજ્ઞાસૂચક સ્વરે કહ્યું. "ઉભા રહો."

વીરમ તુરત ઉભો રહ્યો. તેણે પાછા ફરી પૂછ્યું "કેમ! શું કહો છો?"

અમરે ગુસ્સાથી કહ્યું. " યુવરાજ ! તમે મારો ત્યાગ કરો છે એ મારા મનથી કાંઈ આશ્ચર્યની વાત નથી; પણ હું પૂછવા માગું કે શું તમે મારાં અભિમાન અને ગર્વને નષ્ટ કરવા ચાહો છો ? તો મા તમને કહેવું જોઇએ કે જ્યાં સુધી હું સત્યના પંથે છું અને રહીશ, ત્ સુધી મારાં અભિમાન અને ગર્વને તમે તો શું પણ દુનિયાની કોઇ પ વ્યક્તિ નષ્ટ કરવાને શક્તિમાન નથી, એ નિશ્ચયથી માનજો. "

વીરમે ફરીથી પણ ક્રોધપૂર્ણ નજરે અમર તરફ જોયું.

અમરે તુરતજ કહ્યું. " તમે આંખો કહાડીને શું મને ડરાવ ઇચ્છો છો ? જો તમે એવી ઇચ્છા રાખતા હો, તો તમારી ગંભીર ભૂ થાય છે; કારણ કે તમારા એવા ક્રોધથી હું સહજ પણ ડરવાની નથ તેમ તમારાથી ડરવાનું કારણ પણ શું છે ? ડરવાનું જો કારણ હોય તો તમારેજ છે. "

વીરમનો ક્રોધ હવે કાબુમાં રહ્યો નહિ. તેણે પ્રબળ ગુસ્સા પૂછ્યું. " ત્યારે શું હું તારાથી—એક અબળાથી ડરું છું ? "

" અલબત. " અમરે ઉત્તર આપતાં કહ્યું " કારણકે તમે મા વિશ્વાસઘાત કરીને અનીતિનો પંથ ગ્રહણ કર્યો છે અને તેથી તમા મારાથી ડરવુંજ જોઇએ.

વીરમના ગુસ્સાની સીમા રહી નહિં, તેણે કમરે લટકતી તલવા ઉપર હાથ મૂકીને જોરથી કહ્યું. " તારી જીભને કાબુમાં રાખ, અમર અને નહિ તો........... "

"નહિ તો શું ? મારૂં ખુન કરવા માગો છો ?" અમરે તેને આગળ બોલતાં અટકાવીને કહ્યું. " કરો–ખુશીથી કરો. પોતાના સ્વામીના હા મૃત્યુને શરણ થવું એ સ્ત્રીને માટે સૌભાગ્યની વાત છે; પરંતુ મા તમને જે સત્ય કહેવું છે, તે તો કહીશજ. યુવરાજ ! તમે તમારી પ્રેમ મયી અર્ધાંગનાનો તિરસ્કાર કરી-તેના શુદ્ધ પ્રેમનો ત્યાગ કરી ની નારીના મોહમાં ફસાયા છો અને તમારાં યુવરાજપદ અને કર્ત્તવ્ય તર દુર્લક્ષ્ય કરી રાજ્યગાદી માટે ખુદ પિતાશ્રી વિરૂદ્ધ કાવત્રાં કરી રહ્યા છે એટલે તમારાથી ખુન વિના બીજું સારૂં કાર્ય શું થશે ? તમે તમાર તથા સમસ્ત ગુજરાતના હિતનું ખુન કરી રહ્યા છો અને ભવિષ્યમ પણ કરશો તો એમાં આશ્ચર્યની વાત નથી. આથી વિશેષ મારે તમને કહેવાનું નથી; માટે હવે આવ્યા છો તેવા પાછા જાઓ અને ફરીથ મારા આવાસમાં કદિ પણ પગ મૂકશો નહીં. પણ હા, ભવિષ્યમાં

તમને તમારાં અધમ વર્તનનો પશ્ચાત્તાપ થાય અને તમારાં સાચાં કર્તવ્યનું ભાન થાય, તો અહીં ખુશીથી આવજો. એ વખતે હું તમારી ક્ષમા માગીશ, તમને આલિંગીશ અને મારાં ઉન્નત વક્ષઃસ્થળ ઉપર તમારાં મસ્તકને અત્યંત પ્રેમપૂર્વક સ્થાન આપીશ. પરંતુ તે પહેલાં તમને મારા આવાસમાં આવવાનો અધિકાર નથી. બસ! જાઓ, ચાલ્યા જાઓ, યુવરાજ!"

વીરમે, અમર તરફ એકવાર તીવ્ર દૃષ્ટિથી જોયું અને ત્યારપછી તે ત્યાંથી ચાલ્યો ગયો.

વીરમ ગયા પછી અમરનો ક્રોધ જ્યારે શાંત થયો, ત્યારે તે હતાશ થઈને પલંગમાં પડી. એ અભિમાની અને ક્રોધપૂર્ણ યુવતીની વિશાળ આંખો અશ્રુઓથી ઝળઝળ ભરાઈ ગઈ હતી.



પ્રકરણ ૩ જું.

વીરશિરોમણિ.

જે સમયની આ નવલકથા લખાય છે, તે સમયે વીર વનરાજે સ્થાપેલાં પ્રસિદ્ધ પાટણની અને ગૌરવભર્યા ગુજરાતની કેવી સ્થિતિ હતી, તે ઇતિહાસપ્રિય વાચક મહાશયોની જાણ બહાર નથી. આ વખતે સમગ્ર ગુજરાતમાં મોટી રાજકીય અને ધાર્મિક ખટપટ ચાલતી હતી. પાટણનો પતિ બીજો ભીમદેવ એકાંત વાસમાં રહી લગભગ સંન્યાસી જીવન ગાળતો હતો. તેનો ઉત્તરાધિકારી અને પાટણનો મહાસામંત ત્રિભુવનપાળ રાજગાદી મેળવવાને અનેકવિધ કાવત્રાં કરી રહ્યો હતો. વાઘેલાઓ ધોળકાનાં નવાં રાજતંત્રને વધારવાને અને સુદૃઢ કરવાને જીવતોડ પ્રયત્નો કરતા હતા. જૈનો તથા શૈવો ગુજરાતમાં પોતાના ધર્મની મહત્તા સ્થાપવાને પરસ્પર લડી રહ્યા હતા. અને આગળના પ્રમાણે, દિલ્હીના બાદશાહ તથા પરદેશી મુસલમાનો ગુજરાતની સ્વતંત્રતાને તોડી પાડવાને ટાંપી રહ્યા હતા. ટુંકામાં કહીએ તો ગુજરાતનાં પાટનગર, પાટણમાં અને આખા ગુજરાત દેશમાં રાજકીય, સામાજિક, ધાર્મિક અને કૌટુંબિક કલેશનો અગ્નિ સળગી રહ્યો હતો. પાટણનો સર્વસત્તાધારી મહામંડલેશ્વર લવણપ્રસાદ ધોળકાનો રાજ વીરધવલ અને મહામાત્ય વસ્તુપાળ આ ક્લેશના

અગ્નિને શાંત કરવાને અને બહારથી આવતી ચડાઇનાં વાવાઝોડ અટકાવવાને પ્રબળ પ્રયાસો કરી રહ્યા હતા. એ સમયમાં ગુજર દેશની આ સ્થિતિ હતી.

દક્ષિણના યાદવો ગુજરાતીઓ ઉપર એકવાર વિજય મેળવી ગ હોવાથી ફરીને વિશાળ સૈન્ય સહિત ગુજરાત ઉપર ચડી આવ્યા હ આ સમયે યાદવોનો સેનાપતિ ભૂતપૂર્વ સેનાનાયક ખાળેશ્વરનો રામેશ્વર હતો અને તે નર્મદા સુધી આવી ત્યાં પડાવ નાંખીને પ હતો. યાદવોની ચડાઇના ખબર ગુજરાતીઓને મળતા તેઓ પણ તે ધસારાને રોકવા નર્મદા સુધી પહોંચી ગયા હતા. ગુજરાતી સૈ સેનાનાયક મહામાત્ય વસ્તુપાળ હતો અને રાજા વીરધવળ તથા પિતા લવણપ્રસાદ પણ જાતે લડાઇમાં ભાગ લેવાને આવ્યા હતા.

નર્મદાના આ તટ ઉપર ગુજરાતી સૈન્ય અને સામેના ઉપર યાદવી સૈન્ય એ પ્રમાણે બન્ને સૈન્યો સામસામે પડ્યાં હતાં. ઘોર અંધારી હતી. અને સર્વત્ર શાંતિનું સામ્રાજ્ય પ્રસરી ગયું કોઇ કોઇવાર છાવણીમાંથી પહેરેગીરોના ખોંખારા અને ઘોડા હણહણાટ સંભળાતા હતા. યાદવી સૈન્યનો સેનાપતિ રામેશ્વર પે તંબૂમાં જાગતો બેઠો હતો અને યુદ્ધ વિષે અવનવી કલ્પના કર હતો. રામેશ્વર જુવાન હતો, તેની અવસ્થા ભાગ્યેજ ત્રીશ વર્ષન તેનાં શરીરનો બાંધો મજબુત હતો, તેની આંખો લાલ હતી અ મુખ ભરેલું અને ક્રોધપૂર્ણ હતું. શરીરનાં પ્રમાણમાં તે જરા હતો અને તેથી તે હતો તે કરતાં પણ ઉમ્મરમાં નાનો લાગતે છાવણીમાં મધ્યરાત્રિના ટકોરા થયા અને રામેશ્વર સફાળો ઉભે તેણે પહેરેગીરને હાકલ મારી અને પ્રવેશદ્વાર તરફ તેના આવવા જોવા લાગ્યો.

બહારથી પહેરેગીરનો અવાજ આવ્યો અને તેજ ક્ષણે એક વ્યક્તિએ પ્રવેશ કર્યો. તંબુમાં પ્રવેશ કરનાર પુરૂષ રામેશ્વરની સામે થોડુંક દૂર જઇને ઉભો રહ્યો. રામેશ્વ તરફ આશ્ચર્ય અને શંકાથી જોઇ રહ્યો. તે પુરૂષ જુવાની પસ ગયો હતો અને પ્રૌઢતામાં પ્રવેશ કરી ચુક્યો હતો. તેનું મસ્તક ઘણું મોટું હતું, કપાળ વિશાળ હતું, આંખો સ્થિર હતી ચમકદાર હતું, મુછોના આંકડા ચડેલા હતા, નાક લાંબું હતુ પહોળી હતી, હાથ ઢીંચણ સુધી લાંબા હતા. અને તેના પગ મજબૂત સમાન હતા. તેના આખા શરીરનો બાંધો અલૌકિક હ

સૈનિકનો પોશાક પહેરેલો હતો અને તેથીજ રામેશ્વર તેની તરફ ત્યાંથી જોઇ રહ્યો હતો. તંબુમાં એક તરફ બળતા દીપકના આછા પ્રકાશમાં રામેશ્વરે આવનાર પુરૂષનાં સર્વાંગનું અવલોકન કરીને પૂછ્યું.

"હું...તમે કોણ છો ?" રામેશ્વરના મુખમાંથી સ્વાભાવિક જ 'તું' ને બદલે 'તમે' શબ્દ નીકળ્યો.

એ પુરૂષે ઉત્તર આપ્યો. "સૈનિક-પહેરેગીર."

"કેવળ અસત્ય: તમે પહેરેગીર નથી." રામેશ્વરે કહ્યું.

"ત્યારે હું કોણ છું ?" એ પુરૂષે પ્રશ્ન કર્યો.

"હું નથી જાણતો કે તમે કોણ છો ? પણ તમારો પહેરવેશ સામાન્ય સૈનિકનો છે; તમારો દેખાવ કોઇ ઉચ્ચ પદવીધારી પુરૂષનો છે." રામેશ્વરે જવાબ આપ્યો.

"ત્યારે સાંભળો, સેનાપતિ ! હું ગુજરાતી સૈન્યનો એક સૈનિક છું." તે પુરૂષે કહ્યું.

"બરોબર છે." રામેશ્વરે એમ કહીને ગંભીરતાથી પૂછ્યું. "પણ તમે કોના આવાસમાં આવી રીતે પ્રવેશવાનું સાહસ કર્યું છે, તે જાણો છો ?"

"હું એ બરાબર જાણું છું. આ આવાસ યાદવ સેનાપતિ રામેશ્વરનો છે." તેણે પણ ગંભીરતાથી જવાબ આપ્યો.

"અને આ સાહસનું—આ ધૃષ્ટતાનું પરિણામ શું આવશે, તેની તમને ખબર છે ?" રામેશ્વરે વધારે ગંભીર બનીને પ્રશ્ન કર્યો.

"પરિણામની દરકાર હું રાખતો નથી." એ પુરૂષે જવાબ આપ્યો.

"ઠીક છે." રામેશ્વરે કહ્યું અને પછી પૂછ્યું. "અત્યારે મધ્ય રાત્રિએ અહીં આવવાનું શું પ્રયોજન છે ?"

"પ્રયોજન એટલુંજ કે તમે ગુજરાતીઓ સાથે યુદ્ધ કર્યા વિના પાછા જાઓ." તેણે જવાબ આપ્યો.

"શા માટે ? એનુ કારણ શું ?" રામેશ્વરે અધીર થઇને પુછ્યું.

"એનુ કારણ એટલુંજ કે સૈનિકોનો નિરર્થક રક્તપાત થતો અટકે." તે પુરૂષે તુરતજ ઉત્તર આપ્યો.

"ત્યારે તમે શું ગુજરાતીઓ તરફથી સંધિનો સંદેશો લઇને આવ્યા છો ?" રામેશ્વરે પુનઃ પુછ્યું.

"હા." તેણે જવાબ આપ્યો.

"પણ અમે ગુજરાતીઓ સાથે સંધિ કરવાને ઇચ્છતા નથી." રામેશ્વરે ગર્વથી કહ્યું. "ગયા વખતે અમે સકારણ પાછા ચાલ્યા ગયા હતા; પરંતુ આ વખતે અમે ગુજરાતીઓ ઉપર જીત મેળવ્યા સિવાય પાછા જવાના નથી."

"એ તો ઠીક; પરંતુ તમે અમારી સાથે સંધિ કરવાને શા માટે ઇચ્છતા નથી?" એ પુરૂષે ગંભીરતાથી પુછ્યું.

"હું જ તમને પૂછું છું કે અમારે તમારી સાથે શા માટે સુલેહ કરવી જોઇએ? શું અમે નિર્બળ છીએ? તમને હરાવવા જેટલી શું અમારામાં શકિત નથી?" રામેશ્વરે ઉત્તર આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

"અમને હરાવવા જેટલી તમારામાં શકિત હશે; પરંતુ સંધિના કરારથી જો બન્ને પક્ષનું ગૌરવ અને માન સચવાતાં હોય, તો પછી યુદ્ધ કરી હજારો મનુષ્યોના પ્રાણનું બલિદાન આપવાથી શું ફળ? એ પુરૂષે ગંભીરતાથી ઉત્તર આપતાં કહ્યું.

"ગુજરાતીઓ અહિંસા ધર્મનાં સેવનથી નિર્બળ બની ગયા છે અને હજી વધારે બનતા જાય છે, એ અમે સારી રીતે જાણીએ છીએ અને તેથીજ તેઓ યુદ્ધ કરી જીત મેળવવાને બદલે જેની તેની સાથે સંધિ કરી પોતાની નિર્બળતાને છુપાવી રાખે છે; પરંતુ અમે યાદવો તમારા જેવા નિર્બળ નથી કે તમારી સાથે સંધિ કરીએ. વળી અમે સંધિની ભાંજગડમાં પડવાનું પસંદ કરતા નથી; અમે તો મરવું કે મારવું એ સૂત્ર પ્રમાણે વર્તનારા છીએ." રામેશ્વરે પણ તેવીજ રીતે ગંભીરતાથી કહ્યું.

"સેનાપતિ! ગુજરાતના રાજા સાથે સંધિ કરવાની આવી અમૂલ્ય તક જવા દેવાને માટે તમારે પાછળથી પસ્તાવું ન પડે, એનો વિચાર પ્રથમથી કરી લેજો." તે પુરૂષે અર્થસૂચક દૃષ્ટિથી રામેશ્વર તરફ જોઇને કહ્યું.

એ સાંભળીને યુવાન સેનાપતિનાં મુખ ઉપર રોષની સહેજ છાયા પથરાઇ ગઇ. તેણે જૂસ્સાપૂર્વક ગંભીર અવાજે કહ્યું. "તમારી નિર્માલ્ય વાતો સાંભળીને મને જણાય છે કે તમે ક્ષત્રિય નથી; પરંતુ વણિક છો.

"તમારી માન્યતા સાચી છે. હું વણિક છું; અહિંસાધર્મનો પરિપાલક શ્રાવક છું." એ પુરૂષે તુરતજ કહ્યું.

"ત્યારે તમે સૈનિક શા માટે બન્યા છો? તમે જાણતા નથી કે લડાઇનાં મેદાનમાં કોમળ કલમને ધારણ કરનાર મુત્સદ્દી વણિકનું કિંવા

અહિંસાધર્મના પરિપાલક શ્રાવકનું કામ નથી !" રામેશ્વરે કંઇક ગર્વથી અને કંઇક હાસ્યથી પૂછ્યું.

"ત્યારે તમારૂં કહેવું એવું છે કે લડાઇમાં ભોજન ઉપર સારી રીતે હાથ મારનાર બ્રાહ્મણનુંજ કામ છે. ખરૂંને !" રામેશ્વર બ્રાહ્મણ હતો અને તેથીજ તે પુરૂષે ઉત્તર આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

આ સાંભળી રામેશ્વરનો ક્રોધ વધ્યો. તેણે ગુસ્સાપૂર્વક કહ્યું. "લડાઇના મેદાનમાં ભોજન ઉપર હાથ મારનારા બ્રાહ્મણનું કામ છે કે ગાદી-તકીએ આડા પડ્યા પડ્યા કલમ ચલાવનારા વણિકનું કામ છે ? એનું નિરાકરણ પ્રભાત પછીજ થશે."

"ત્યારે તમે અમારી સાથે સંધિ કરવાને તૈયાર નથી ?" ગુજરાતી સૈનિકે પ્રશ્ન કર્યો.

"જરા પણ નહિ." યુવાન સેનાપતિએ અભિમાનથી ઉત્તર આપ્યો.

"જેવી તમારી ઇચ્છા; પણ, સેનાપતિજી ! ગુજરાતના વણિકો જેમ કલમને ચલાવી જાણે છે, તેમ તલવારને પણ ચલાવી જાણે છે, એ તમારાં સમજવામાં હોય, એમ જણાતું નથી." સૈનિકે રામેશ્વર તરફ નજર નાંખીને કહ્યું.

"અને દક્ષિણના બ્રાહ્મણો જેમ ભોજન ઉપર હાથ મારી જાણે છે, તેમ શત્રુઓ ઉપર પણ હાથ મારી જાણે છે, એ પણ તમારા જાણવામાં હોય એમ લાગતું નથી." રામેશ્વરે તુરતજ કહ્યું.

"ઠીક છે, સેનાપતિજી ! જ્યારે તમે અમારી સાથે સંધિ કરવાને રાજી નથી, ત્યારે હું રજા લઉં છું; પણ યાદ રાખજો કે ગુજરાત જેવા સમર્થ રાજ્યની સાથે સંધિ કરવાનો આવો અમૂલ્ય અવસર ફરીને મળવાનો નથી અને આ વખતે તેને વ્યર્થ જવા દેવાને માટે તમારે અવશ્ય પસ્તાવુંજ પડશે. તમે એમ માનતા લાગો છો કે ગુજરાતમાં વણિકોનું જોર અને અહિંસાધર્મનો પ્રચાર હોવાથી ગુજરાતીઓ ઉપર વિજય મેળવવાનું અતિ સરળ છે; પરંતુ મારે તમને સ્પષ્ટ શબ્દોમાં કહી નાંખવું જોઇએ કે આવી માન્યતા ધરાવવામાં તમે ગંભીર ભૂલ કરો છો. ગુજરાતમાં કલમધારી વણિકોનું જોર છે, એ સાચું છે; તેમ અહિંસાધર્મનો પ્રચાર વિશેષ છે, એ પણ તેટલુંજ સાચું છે; પરંતુ એથી ગુજરાત દેશ નિર્બળ બની ગયો છે, એમ જો તમે માનતા હો, તો તે તમારી કેવળ મૂર્ખતા સુચવે છે. ઉદય અને અસ્તના પ્રકૃતિના શાશ્વત નિયમાનુસાર અતિ ગૌરવશાળી ગુજરાતમાં કદાચ નિર્બળતા પેસી ગઈ હશે; પરંતુ તેનાં કારણો અનેક છે. અને નિર્બળતાનો આરોપ

ગુજરાત ઉપરજ શા માટે મૂકો છો. આર્યાવર્ત્તના લગભગ
દેશો નિર્બળતાના પાશમાં અને અવનતિના ગર્તમાં પડતા જાય છે,
શું તમે જાણતા નથી? અને ઉત્તરમાં મુસલમાનો ઉન્નતિ પા
જાય છે, એની તમને શું ખબર નથી ? અત્યારે આર્યાવર્ત્તના
રાજ્યોએ જૂનાં વેરને ભૂલી જઈ સર્વ સામાન્ય લાભની ખ
એકત્ર થવાની અને પરદેશીઓ સામે થઈ તેમને વિજય પા
અટકાવવાની આવશ્યકતા છે. આપણે જો આ આવશ્યકતાને ભુલી
પરસ્પર લડી મરશું, તો જે દશા ચૌહાણો અને રાઠોડોની
છે, તેજ દશા અમારી અને તમારી થશે; ગુજરાત અને દેવગિ
રાજ્યો જમીનદોસ્ત થશે, આપણા દેશબંધુઓ પરતંત્રતામાં
ડાશે, આપણી સ્ત્રીઓ, માતાઓ અને બ્હેનોની મોંઘી લાજ લું
અને સર્વત્ર પ્રબળ અંધકારનું સામ્રાજ્ય જામી જશે. રામે
આ કારણથી–આ સ્થિતિને અટકાવવા માટે હું તમને સંધિ
વાનો અનુરોધ કરી રહ્યો છું. પરંતુ તમારી જગ્યાએ બીજો સે
પતિ હોત, તો મારા આશયને સમજી શક્યો હોત. તમે મ
આશયને સમજી શકશો નહીં: કારણ કે બ્રાહ્મણ પાછળમતિ
ગણાય છે."

"અને વાણીઓ આગળમતિયો ગણાય છે કેમ ખરું ને?" રામે
કેવટનાં વાક્યને પકડીને જુસ્સાથી કટાક્ષ કરતાં પ્રશ્ન કર્યો.

"એ તો કેવળ નિર્વિવાદ છે." ગુજરાતી સૈનિકે વિના વિ
ઉત્તર આપ્યો.

"અને તે તારા જેવા સામાન્ય વણિક સૈનિક પણ :
આગમતિઓ હોઈ શકે ખરા !" રામેશ્વરે એ સૈનિકને પહેલ
વાર તુંકારથી સંબોધીને ફરી પ્રશ્ન કર્યો.

એ સૈનિકે રામેશ્વર તરફ તીવ્ર દ્રષ્ટિપાત કરીને કહ્યું : " સે
પતિ ! તમે બ્રાહ્મણ છો. હું વણિક છું. આપણી બન્નેની મતિ
કેટલો ફેર છે, એ હું તમને હમણાંજ બતાવી આપું છું.
ના મેં એક સામાન્ય સૈનિક જાણ્યો છો !"

" ત્યારે તું શું ગુજરાતનો પ્રધાન વસ્તુપાળ છો ?" રામે
મશ્કરીની ઢબે કહ્યું.

" સૈનિકે કહ્યું તમને કેમ લાગે છે ?"

" એ તો એમ લાગતું નથી. વસ્તુપાળ અમારી છાવણી...
માં હોય નહિ." રામેશ્વરે જવાબ આપ્યો.

"ત્યારે સેનાપતિજી ! મારી અને તમારી મતિમાં આટલોજ ફેર છે. હું વસ્તુપાળજ છું અને તમારી ચોટીને થાપ આપી તથા તમારા ખાસ પહેરેગીરોને બંધનમાં નાખી અત્રે આવ્યો છું." એ મંત્રિ-વસ્તુપાળે એમ કહીને પુછ્યું. "કહો, તમે અમારી સાથે સંધિ કરવાને ખુશી છો કે નહિ ?"

ગુજરાતના મહામાત્ય અને ગુજરાતી સૈન્યના સેનાનાયક વસ્તુપાળને પોતાની સમક્ષ નિડરતાથી ઉભેલો જોઈને, સુલતાન શમેશરની આંખોના ડોળા પહોળા થઈ ગયા. તેણે તલવાર ઉપર હાથ મુકીને જવાબ આપ્યો. 'વસ્તુપાળ મહેતા ! સંધિ એ શું વસ્તુ છે તે હું જાણતો નથી; હું માત્ર જાણું છું મરવું અને મારવું. પણ તમે મારી છાવણીમાં આવી રીતે આવ્યા છો, એ ઠીક કર્યું નથી. એનું પરિણામ સારૂં આવશે નહિ.'

વસ્તુપાળે તુરતજ કહ્યું "તમે શું મને કેદ કરવા માગો છો ! તમારી ભુલ થાય છે શમશેર ! મને કેદ પકડવા જેટલી તમારામાં શક્તિ નથી અને તેમ છતાં તમારે તમારી શક્તિની અજમાયશ કરવી હોય તો આવ્યા આવો મારી પાછળ."

એટલું કહીને ગુજરાતનો મહામાત્ય વસ્તુપાળ શાંતિ અને ગંભીરતાથી પગલાં ભરતો તંબુમાંથી બહાર નીકળ્યો અને સેનાપતિ શમશેર એ તરફ કેવળ મંત્રમુગ્ધ બનીને જોતો રહ્યો.



પ્રકરણ ૪ થું.

વિજય.

[illegible] વસ્તુપાળ [illegible] ત્યારે [illegible]

"તેમને એક પછી એક અંદર આવવા દે." વસ્તુપાળે રૂપ બદલાવી સ્વસ્થ થતાં કહ્યું.

પહેલા ઘોડેસ્વારે તંબુમાં આવી મહામાત્યને નમન કરીને કહ્યું "યાદવી સૈન્ય નર્મદા નદી ઉતરવાનો પ્રયાસ કરી રહ્યું છે અને કેટલુંક આ કાંઠે આવી પણ ગયું છે."

વસ્તુપાળને એથી આશ્ચર્ય થયું નહિ. તેણે પૂછ્યું. "અ આપણું સૈન્ય શું કરે છે?"

આપણું મોખરે રહેલું સૈન્ય શત્રુઓના ધસારાને રોકવાનો પ્ર કરે છે; પરંતુ સામે ટક્કર ઝીલવાને બદલે ધીમે ધીમે પાછું હઠતું છે." એ ઘોડેસ્વારે જવાબ આપ્યો.

એ વખતે બીજા ઘોડેસ્વારે ઉતાવળથી આવીને કહ્યું. "મંત્રીશ્વ મરૂદેશના ચાર રાજાઓ એક સાથે આ દેશ ઉપર ચડી આવે છે, એ સમાચાર આપણો ગુપ્તચર લાવ્યો છે."

"તેઓ આપણી સરહદથી કેટલેક દૂર છે?" વસ્તુપાળે શાંતિ પૂછ્યું.

"આપણી સરહદથી તેઓ હજી દૂર છે; પરંતુ કેટલે દૂર છે તેઓ ક્યા માર્ગેથી આ તરફ આવવા માગે છે તથા તેઓની કેટલું સૈન્ય છે વગેરે હકીકતની તપાસ કરવા એ ગુપ્તચરને મેં પ રવાના કરી દીધો છે." બીજા ઘોડેસ્વારે ઉત્તર આપ્યો.

"ત્યારે એ હકીકત જેમ બને તેમ વહેલી મળે તેમ કરે વસ્તુપાળે સૂચના કરી અને એ ઘોડેસ્વાર નમીને એકદમ ચાલ્યો ગયો

તેજ ક્ષણે ત્રીજો ઘોડેસ્વાર અંદર દાખલ થયો. તેણે મંત્રીશ નમન કરીને કહ્યું. "ગોધ્રા અને લાટના માંડલિક રાજાઓ શત્રુ સાથે મળી ગયા છે અને તેઓ તેમનાં સૈન્ય સહિત આ તરફ આવ પ્રયાણ કરી ચુક્યાના ખબર એ તરફનો ગુપ્તચર લાવ્યો છે."

વસ્તુપાળે ત્રીજા ઘોડેસ્વારની વાત સાંભળીને કપાળે હાથ ફેર તેના ભવ્ય મુખ ઉપર દિલગીરીને બદલે ગંભીરતા છવાઈ ગઈ હતી. વાર વિચાર કર્યા પછી તેણે કહ્યું. "માંડલિક રાજાઓનું અને શત્રુ સૈન્ય કેટલું છે અને તેઓ બધા એકત્ર થઈને આ તરફ આવે છે કે જૂદા આવે છે? એ બાબત કંઈ બાતમી મળી છે?"

"તેઓનું એકંદર સૈન્ય કેટલું છે, એ બાતમી હજુસુધી મળી નથી પરંતુ તેઓ જૂદા જૂદા આવે છે અને નજીક આવ્યા પછી બધા એક થશે, એમ ગુપ્તચર કહેતો હતો." ત્રીજા ઘોડેસ્વારે ઉત્તર આપતાં કહ્યું

[illegible]

[illegible]

[illegible] અને [illegible] પિતા-પુત્રને [illegible]

" [illegible] ?" [illegible]
[illegible]

" એ વાત તદ્દન સાચી છે," [illegible]

" આપણા [illegible]
[illegible]

" ત્યારે તો [illegible] !" [illegible]
[illegible]

[illegible]
[illegible]

અને મેં પણ પ્રયાસ કર્યો હતો, પરન્તુ [illegible]
[illegible] નથી " [illegible]
[illegible]

"ત્યારે હવે તમે શું કરવા માગો છો? યુદ્ધની વ્યૂહ-રચના શી રીતે રચવા માગો છો?" લવણપ્રસાદે આતુરતાથી પ્રશ્ન કર્યો.

"એટલામાટેજ હું અત્યારે આપની પાસે આવ્યો છું." વસ્તુપાળે ઉત્તર આપતાં કહ્યું.

"તો પછી જે કહેવાનું હોય તે જલદી કહો; કારણકે વિચાર કરવાને માટે સમય ઘણો થોડો છે." વીરધવળે પણ આતુરતા દર્શાવી.

વસ્તુપાળે જરા ટટ્ટાર બેસીને કહ્યું "મને જે બાતમી મળી છે તે ઉપરથી જણાય છે કે મરૂદેશના રાજાઓ અને બન્ને માંડલિકો હજુ દૂર છે અને તેમને આવી પહોંચતા કેટલાક દિવસો લાગશે. તે દરમ્યાનમાં જો આપણે યાદવોને મહાત કરી શકીએ, તો મરૂદેશના રાજાઓની સામે થવામાં આપણને મુશ્કેલી નડશે નહિ અને તેથી હાલ તુરત આપણાં બધાં બળ અને સૈન્ય સહિત યાદવોની સાથે છેવટની લડાઈ લડી લેવાની અગત્ય છે. મેં આપણાં મોખરેનાં સૈન્યને યાદવી સૈન્યના ધસારાને અટકાવવા આજ્ઞા આપી દીધી છે; પરંતુ મારા જાણવામાં આવ્યું છે કે આપણું મોખરેનું સૈન્ય યાદવી સૈન્યની સામે ટક્કર ઝીલી શકતું નથી અને ધીમે ધીમે પાછું હઠતું જાય છે. આ કારણથી યાદવી સૈન્યનો ધસારો રોકવા અને તેની સાથે આખરનું યુદ્ધ કરવા આપણાં સમસ્ત સૈન્યને લડાઈના મેદાનમાં ઉતારવાની મારી ઇચ્છા છે અને મારી ખાતરી છે કે આપ મારી આ ઇચ્છાની સાથે મળતા થશોજ."

લવણપ્રસાદ સહજ વિચારમાં પડ્યો; પરંતુ વીરધવળે વિના વિલંબે કહ્યું. "મંત્રીશ્વર! તમારી ઇચ્છાની સાથે અમે હંમેશાં મળતાજ છીએ; અમારા મુખ્ય મંત્રી અને સેનાપતિ તરીકે જે યોગ્ય લાગે તે પ્રમાણે કરવાને તમને સંપૂર્ણ સ્વતંત્રતા છે અને અમે એ પ્રમાણે વર્ત્તવાને તૈયાર પણ છીએ."

વસ્તુપાળ આસન ઉપરથી ઉભો થયો. તેણે ત્વરાથી કહ્યું. "ત્યારે હું મારા ઘોડેસ્વારો સાથે મેદાનમાં જાઉં છું. આપ આપનાં સૈન્ય સાથે તુરત આવશો."

એટલું કહીને વસ્તુપાળ ત્યાંથી ચાલ્યો ગયો અને બીજેજ ક્ષણે ઘોડેસ્વાર બનીને પોતાનાં સૈન્ય સાથે યુદ્ધક્ષેત્રમાં ખડો થઈ ગયો.

આ વખતે યાદવો નર્મદા નદી ઉતરવાને માટે જીવતોડ પ્રયત્નો કરતા હતા અને ગુજરાતીઓ તેમને નદી ઉતરતા અટકાવવાને મથી રહ્યા

ના; પરંતુ યાદવોના અતિ પ્રબળ બળને રોકવા ગુજરાતીઓ અસમર્થ હતા અને ધીમે ધીમે પાછા હઠતા જતા હતા. પણ વસ્તુપાળ પોતાના ચુનંદા ઘોડેસ્વારોનાં સૈન્ય સાથે મેદાનમાં આવી પહોંચ્યો, ત્યારે યુદ્ધની સ્થિતિ પલટાઈ ગઈ. ગુજરાતીઓનાં મોખરેનાં સૈનિકો એથી હિંમતમાં આવી ગયા અને પાછા હઠવાને બદલે દૃઢ પગે ઉભા રહીને યાદવોનાં આક્રમણને અટકાવવા લાગ્યા. રાજા વીરધવળ અને મહામંડલેશ્વર લવણપ્રસાદ પણ પોતપોતાનાં સૈન્ય સાથે આવી પહોંચ્યા હતા અને તેઓ ડાબી તથા જમણી બાજુએ રહીને આગળ લડતાં સૈનિકોને પ્રોત્સાહન આપતા હતા. સામી બાજુથી સેનાપતિ રામેશ્વર મધ્ય ભાગમાં લડતાં સૈ [illegible]

નર્મદા ઉતરીને [illegible]

જાણ થતાં તે તુરતજ તેની સામે ગયો અને થોડીજ વારમાં તેના આગળ વધતો અટકાવી શક્યો. રાજા વીરધવળ અને મહામંડલેશ્વર લવણપ્રસાદ યાદવોનાં મુખ્ય સૈન્યને આગળ વધતું અટકાવવામાં રોકાયાં હતા ત્યારે આ બાજુ વસ્તુપાળ તથા રામેશ્વર વચ્ચે પુરેપુરો રણસંગ્રામ મચ્યો હતો. જુવાન સેનાપતિ રામેશ્વર વસ્તુપાળને મહાત કરવાને પોતાનાં સમસ્ત બળનો ઉપયોગ કરતો હતો; પરંતુ પરમ ધીર વીર વસ્તુપાળ તેને મચક આપતો નહોતો. તે રામેશ્વરની ઉપર સામો પ્રહાર કરવાને બદલે તેના પ્રહારોને ઝીલતો હતો અને એ રીતે તેના બધા દાવને નિષ્ફળ કરતો હતો. આથી રામેશ્વર ઘણો ક્રોધાયમાન થયો અને ઘણુંજ જોરપૂર્વક વસ્તુપાળ ઉપર ભાલાનો ઘા કર્યો; પરંતુ તે ઘોડાની ગરદન ઉપર એકદમ નમી ગયો અને રામેશ્વરનો ભાલાનો ઘા ખાલી ગયો. હવે વસ્તુપાળનો વારો આવ્યો. તેણે તેના ઘોડાને રામેશ્વરની બરોબર સામે લઇ તેના તરફ ભાલાનો ઘા કર્યો. ભાલાના પ્રહારથી એ જુવાન સેનાપતિ ઘોડા ઉપરથી નીચે પડી ગયો અને તેનો પ્રાણ પરલોકમાં ચાલ્યો ગયો. યાદવી સૈન્યમાં હાહાકાર અને કોલાહલ થઇ રહ્યો અને સૈનિકો યુદ્ધને પડતું મૂકી પોતાનો જીવ બચાવવા નાસી છૂટ્યા. દયાળુ વસ્તુપાળે પોતાના ઘોડેસ્વારો અને સૈનિકોને તેમની પાછળ પડતા અટકાવ્યા. અને તેમને નાસી જવા દીધા. દયાળુ અને ક્ષમાશીળ પુરૂષ ખરા સમયે દયા દર્શાવવાનું ચુકતો નથી.

યાદવો ઉપર આવી રીતે એકદમ અસાધારણ જીત મેળવવાથી ગુજરાતીઓના આનંદનો અવધિ આવી રહ્યો હતો; પરંતુ તેમને મરૂદેશના રાજાઓનો જે ભય હતો, તે નિર્મૂળ થયો ન હતો. તેમજ ગોધ્રા અને લાટના માંડલિકો પણ ફરી બેઠા હતા, તે તેઓને માટે ચિંતાજનક હતું. પણ

હમણાં ગુજરાતની ગુર્જરેશ્વરી ગુજરાતીઓ ઉપર પ્રસન્ન હતી અને તે મના બધા પાસા સવળાજ પડતા હતા. તે પછી રાજા વીરધવળે વસ્તુપ સલાહથી ગુજરાતી સૈન્યના બે વિભાગ કરી નાખ્યા. એક વિભાગ વીરધવળ મરૂદેશના રાજાઓની સામે ગયો અને બીજા વિભાગ વસ્તુપાળને ગોધ્રા અને લાટના માંડલિકોને વશ કરવા મોકલવામાં આ મંડલેશ્વર લવણપ્રસાદ તેના પુત્ર વીરધવળની સાથેજ ગયા હતા. સને જ્યારે એક કાર્યમાં વિજય મળે છે, ત્યારે તેનો ઉત્સાહ દ્વિગુણો પ્રાયઃ તે બધાં કાર્યમાં વિજયજ મેળવે છે. વીરધવળે મરૂદેશના રા જાઓને મહાત કરી નસાડી મૂક્યા અને વસ્તુપાળે પણ ફરી માંડલિકોને ઠેકાણે લાવી દીધા. મતલબ કે આ વખતે રાજા વીર અને મહામાત્ય વસ્તુપાળનો વિજયડંકો ચોતરફ વાગી રહ્યો હતો.



પ્રકરણ ૫ મું.

રાજકીય ચર્ચા.

ધોળકાના રાજમહેલમાં ગુજરાતના રાજખેલાડીઓ અગ કામ માટે ભેગા થયા હતા. તેમાં ધોળકાનો રાજા વીરધવળ અને માત્ય વસ્તુપાળ, પાટણનો મહામંડલેશ્વર લવણપ્રસાદ અને પુ તેજપાળ, વાઘેલાઓનો કુળગરૂ સોમેશ્વર અને મંત્રી નાગડ, સરદા અને ચાહડ તથા રાજકુમાર વીસળ અને જૈત્રસિંહ એ દશ પુરૂષો હતા. આ દશ ખેલાડીઓ પૈકી વસ્તુપાળ અને નાગડ તથા સો અને સિંહ એ ચાર ખેલાડીઓનાં મુખ ઉપર જૂદા જૂદા ભાવો પ્ર હતા અને તેનો મર્મ સમજવાને બધા પ્રયાસ કરતા હતા.

" વીરમે શું ખરેખર એવી મૂર્ખાઇ કરી હતી ? " વીરધવળે પિતાની વાત સાંભળીને આશ્ચર્ય દર્શાવતાં પ્રશ્ન કર્યો.

" હા. " લવણપ્રસાદે ઉત્તર આપતાં કહ્યું. " પણ એમાં તેને ન હતો. "

"ત્યારે શું તમે તેને નિર્દોષ માનો છો ?" વીરધવળે પુનઃ પ્રશ્ન

લવણપ્રસાદે વીરધવળની સામે ધ્યાનપૂર્વક જોઇને કહ્યું. વીરમ [illegible] કારસ્તાનીઓની જાળમાં [illegible] [illegible] તેમાં પણ સુંદર મોહમયી રમણી

પાશમાં સપડાયું, એ તો જુવાન અને જ્ઞાનશૂન્ય માણસને માટે કેવળ સ્વ-ભાવસિદ્ધ છે. આ કારણથીજ હું તેને નિર્દોષ માનું છું."

"એ તો ઠીક, પણ જ્યારે એને સ્પષ્ટ કહેવામાં આવ્યું કે ધોળકાનાં ગમ્મતતંત્રનો નાશજ કરવાનો છે, ત્યારે પણ કારસ્તાનીઓની મતલબ તેના સમજવામાં આવી નહિ, એ ઘણી નવાઈની વાત છે. વીરમ આટલો બધો ભોળો અને મૂર્ખ છે, એ તો મેં આજેજ જાણ્યું!" વીરધવળે આશ્ચર્યથી કહ્યું.

"પણ તે એ નવજુવાન નારીના મોહમાં એવો તો સપડાઈ ગયો હતો કે તેની વિવેકબુદ્ધિનો સર્વથા નાશ થઈ ગયો હતો અને તે તેના હાથમાં માત્ર નિર્જીવ રમકડા તુલ્ય બની ગયો હતો. આવી દશામાં વીરમ જયંત-સિંહ જેવા મહા ખટપટી અને કારસ્તાનીની જાળમાં સપડાઈ જાય તો એમાં નવાઈ જેવું કાંઈ નથી, તેમ એ માટે તેને દોષ દેવાની પણ અ-ગત્ય નથી." લવણપ્રસાદે વાતને વધારે સ્પષ્ટ કરતાં કહ્યું.

વસ્તુપાળ અને બીજા મંત્રીઓ પિતા-પુત્રની ચર્ચાને એકધ્યાને સાંભળતા હતા.

વીરધવળે ક્ષણવાર વિચાર કરીને પૂછ્યું. "તમે કહો છો કે એ બ-નાવ બન્યા પછી તે વીરમગામ ગયો છે, પણ જયંતસિંહ અને મધુરી તેને ફરીને સપડાવશે નહિ? તેઓ બન્ને હાલમાં ક્યાં છે?"

લવણપ્રસાદે જવાબ આપતાં કહ્યું. "મારી માન્યતા મુજબ તો વીરમ હવે ફરીથી તેમની જાળમાં સપડાશે નહિ. જયંતસિંહ અને મધુ-રીની વિશેષ હિલચાલની મને ખબર નથી; તેઓ કદાચ વીરમગામ પણ ગયાં હોય."

"ત્યારે તેઓ વીરમને ફરીને ફસાવ્યા વિના રહેવાનાં નથી." વીરધવળે એમ કહીને રક્તનેત્ર કરી આવેશપૂર્ણ અવાજે પૂછ્યું. "પણ એ રાજદ્રોહીઓને તમે પાટણમાં શા માટે રહેવા દો છો? મહારાજ ભીમદેવ તેઓને શામાટે પકડીને કેદ કરતા નથી?"

"મહારાજ ભીમદેવ માત્ર નામનાજ મહારાજા છે." લવણપ્રસાદે ઉત્તર આપતાં કહ્યું. "રાજકાજને છોડી તે ફક્ત પ્રભુભજનમાંજ બધો વખત ગાળે છે એટલે તેમને પણ શું કહેવું?"

"ત્યારે તે સંન્યાસ લઈ વનમાં શામાટે જતા નથી?" વીરધવળે તેવાજ અવાજથી પુનઃ પૂછ્યું.

“ તે રાજા છતાં સંન્યાસીજ છે. સંન્યાસીમાં અને તેમનામાં કંઈ ફેર નથી. માત્ર વનમાં જઈને રહેતા નથી, એટલોજ ફેર છે.” લવણપ્રસાદે જવાબ આપ્યો.

ક્ષણવાર વિચાર કરીને **વીરધવળે** ગંભીરતાથી કહ્યું. “ બધી હકીકત જોતાં અને બની ગયેલી ઘટનાનો વિચાર કરતાં મને લાગે છે કે **વીસળ** યુવરાજપદને લાયક નથી. ”

વીરધવળનાં કથનથી **લવણપ્રસાદને** આશ્ચર્ય થયું. તેણે સહસા તેના પુત્ર સામે જોયું અને ભારપુર્વક પુછ્યું. “ ત્યારે શું **વીસળ** યુવરાજપદને લાયક છે ? ”

વીરધવળ તેના પિતાના પ્રશ્નનો જવાબ આપવા જતો હતો; પરંતુ વસ્તુપાળે વિષયને બદલી નાખવાના હેતુથી તુરતજ વચ્ચે પડીને કહ્યું. “ મંડલેશ્વર ! યુવરાજપદને કોણ લાયક છે, એ ચર્ચા અત્યારે નકામી છે. આપણે અત્યારે જે ચર્ચા કરવાની છે તેનાથી એ ચર્ચા તદ્દન નિરાળી છે.”

લવણપ્રસાદ કાંઈ બોલ્યો નહિ એટલે વસ્તુપાળે **વીરધવળ** સામે જોઈને કહ્યું. “ મહારાજ **ભીમદેવ** સંન્યાસી જીવન ગુજારે છે અને રાજકાજમાં લક્ષ આપતા નથી, એ કારણથી મેં આપને એકવાર પાટણની રાજ્યગાદી તેમને સમજાવીને હસ્તગત કરવાની સલાહ આપી હતી. હાલ તો પાટણ એ માત્ર નામનુંજ રાજ્યશાસન છે; ખરું રાજ્યશાસન તો ધોળકાજ છે. ગુજરાતમાં જ્યાંસુધી એ રાજ્યશાસન હશે, ત્યાંસુધી એની ઉન્નતિ થવાની નથી. પાટણની ગાદી વાઘેલાવંશ તેની ગાદીએ આવ્યા પછીજ થવાની છે.”

“ ખરું છે. અને એ વાતનો નિશ્ચય કરવાને માટેજ આજે આપણે [illegible] છીએ.” [illegible] કહ્યું. “ મને લાગે છે ! મંત્રીશ્વર [illegible] મેં સલાહ આપી હતી, તે મારા જાણવામાં નથી; પરંતુ [illegible] વિચાર કરતાં મને તેમનું [illegible] લાગે છે. [illegible] સોમનાથની કૃપાથી આજ [illegible] ગુજરાતના [illegible] **ભીમદેવ** [illegible]

યુદ્ધમાં મારવાથી ગુજરાતી વીરોનાં શૌર્યની કીર્તિ ચોતરફ પ્રસરી ગઈ છે. દક્ષિણના પ્રબળ યાદવી સેનાને, મરુદેશના ચારે રાજાઓને અને વિશ્વાસઘાતી અનેક ગોધ્રા અને લાટના માંડલિક રાજાઓને શામ, દામ, દંડ અને ભેદથી એક સાથે, મહાત કરવાથી આપનાં, મહામંડલેશ્વરનાં અને ગુજરાતના બાહોશ અમાત્ય વસ્તુપાળનાં શૌર્ય અને ચાતુર્યનાં ગુણગાન ચોતરફ ગવાઈ રહ્યાં છે અને આ વખતના અસાધારણ વિજયથી આપણા વિનશત્રુઓ કેવળ મંત્રમુગ્ધ બની ગયા છે. આપણે જે આશયથી ધોળકાનું નવું રાજ્યતંત્ર સ્થાપન કર્યું છે, તે ઘણે અંશે પૂર્ણ થયું છે, કારણકે આપણે સમસ્ત ગુજરાતમાં શાંતિ અને વ્યવસ્થા સ્થાપી શક્યા છીએ. અને તેથી ધોળકાને ગુજરાતનું પાટનગર બનાવી આપે મહારાજાનાં પદને ધારણ કરવું, એવી મારી સલાહ છે."

સોમેશ્વરનું કથન સાંભળીને બધા વિચારમાં પડી ગયા.

થોડીવાર રહી વસ્તુપાળે નાગડ મંત્રી સામે જોઈને કહ્યું–"સોમેશ્વર દેવનું કથન સાચું છે. ધોળકાનું નવું રાજ્યતંત્ર સ્થાપવાનો આપણો આશય ઘણા અંશે પાર પડ્યો છે."

નાગડે લવણપ્રસાદ સામે નજર રાખીને કહ્યું–"મને પણ સોમેશ્વર દેવનું કથન સાચું લાગે છે."

વસ્તુપાળ તથા નાગડ બન્નેને સોમેશ્વરનાં કથનને અનુમોદન આપતા જોઈ લવણપ્રસાદે ભારપૂર્વક પૂછ્યું–"સોમેશ્વરદેવનું કહેવું તો તદ્દન સાચું છે, એ કોઈથી ના પાડી શકાય તેમ નથી; પરંતુ મહારાજા ભીમદેવ હયાત હોવા છતાં એ પ્રમાણે કરવું, એ શું યોગ્ય ગણાશે? એ સંબંધમાં તમારો બધાનો શો મત છે?"

"મારો મત તો તદ્દન સ્પષ્ટ છે." સોમેશ્વરે તુરતજ કહ્યું.

"અને હું બધાના મતથી કાંઈ જુદો પડવા માગતો નથી." નાગડે સંદિગ્ધભાવથી કહ્યું.

યુદ્ધમંત્રી તેજપાળે અત્યારસુધીનાં મૌનનો ભંગ કરીને કહ્યું– "મંડલેશ્વર! મારો અભિપ્રાય સોમેશ્વરદેવના અભિપ્રાયથી જુદો નથી. ધોળકાનું રાજ્યતંત્ર સ્થાપવામાં આપણે જે ઉદ્દેશને પ્રધાન સ્થાન આપ્યું હતું, તે ઉદ્દેશ ઘણે અંશે નહિ, પરંતુ સર્વાંશે પાર પડ્યો છે. અલબત, હજુ આપણે ઉધાડા અને છુપા શત્રુઓને મહાત કરી શક્યા નથી; પરંતુ હવે આપણને તેમનાથી ડરવાનું કશું પણ કારણ નથી. તેઓ આપણા સામે હવે ઉંચું માથું કરી શકે તેમ નથી હવે ધોળકાને ગુજરાતનું પાટનગર

બનાવી તેની ગાદી ઉપર રાણાજીને મહારાજાનું પદ આપી રાજ્યાભિષેક કરવામાં કોઈપણ પ્રકારની હરકત હોય, એમ હું માનતો નથી. પાટણની ગાદી ઉપર મહારાજા ભીમદેવ હયાત છે, એ વાત ધ્યાનમાં લેવા જેવી છે; પરંતુ તે માત્ર નામનાજ મહારાજા રહ્યા છે. તે રાજ્યનાં કોઈપણ કાર્યમાં ભાગ લેતા નથી અને કેવળ સંન્યાસીજીવન ગાળે છે. તેમજ સમસ્ત ગુજરાતમાં તથા બીજા દેશોમાં સર્વ કોઈ રાણાજીનેજ મહારાજા માને છે અને ધોળકાની રાજગાદી સ્વીકારે છે. આ બધી પરિસ્થિતિનો વિચાર કરીએ તો આપણે સોમેશ્વરદેવની સલાહ પ્રમાણે વગરવિલંબે વર્તવું જોઈએ."

તેજપાળના સ્પષ્ટ અભિપ્રાયથી બધા પુનઃ વિચારમાં પડી ગયા. નાગડ તથા વિરધવળનો મામો સિંહ બન્ને આ ચર્ચાથી બહુ અકળાતા હતા; પરંતુ તેમનામાં રાજ્યના અતિ માનનીય પુરોહિત સોમેશ્વરદેવના અભિપ્રાય વિરૂદ્ધ પોતાનો મત જાહેર કરવા જેટલું સાહસ ન હતું.

આ ચર્ચાનો તુરત નિવેડો લાવવા વસ્તુપાળે નવો માર્ગ શોધી કાઢ્યો. તેણે બધા સભાસદોને ઉદ્દેશીને કહ્યું–" આપણામાંથી કોઈનો અભિપ્રાય જૂદો હોય, તો તેણે પ્રગટ કરવામાં સહજ પણ અકળાવાનું નથી; કારણકે આપણે બધા એક નિશ્ચય ઉપર આવીએ, તે પહેલાં આ વિષયમાં મંડલેશ્વરની તથા રાણાજીની શી ઇચ્છા છે, તે જાણવું ખાસ અગત્યનું છે. તેઓ પોતાની ઇચ્છા જાહેર કરે તે પછીજ આપણે આ ચર્ચામાં આગળ વધવું, એ વધારે ઉત્તમ છે."

વસ્તુપાળનાં કથનથી બધા મંડલેશ્વર તથા વીરધવળ તરફ આતુરતાથી જોઈ રહ્યા. વીરધવળ પોતે આ વિષે વિચાર કરતો હતો પરંતુ લવણપ્રસાદે તો તુરતજ કહી નાંખ્યું–" મંત્રીશ્વર ! તમે બધા રાજ્યના ખરા શુભેચ્છક અને હિતેચ્છુ છો. તમારા અભિપ્રાયને માન આપવું એ અમારી ફરજ છે."

વસ્તુપાળ જાણતો હતો કે લવણપ્રસાદ તો બહુમતાનુસાર વર્તવા સામો આનાકાની કરશે નહિ; પરંતુ તેને વીરધવળનો વિશ્વાસ ન હતો.

લવણપ્રસાદે-તેના પિતાએ જ્યારે વસ્તુપાળનાં કથનને અનુમોદન આપ્યું, ત્યારે હવે વીરધવળને પોતાની ઇચ્છા કહી દર્શાવ્યા સિવાય કોઈ માર્ગ ન હતું. ક્ષણભર વિચાર કરી તથા સર્વ સભાસદોના મુખ તરફ એકવાર [illegible] અવલોકન કરી તેણે ધીરજ અને શાંતિથી કહ્યું– "તમે બધા [illegible] [illegible] પાટણનાથ બનાવી મને ગુજરાતન

મહારાજાનું પદ આપવાને ઇચ્છો છો, એ તમારી મારા પ્રત્યેની શુભ-લાગણી છે અને એ માટે હું તમારો સર્વનો અત્યંત આભારી છું. તમારા કહેવા મુજબ અત્યાર આપણે આપણા વિશુદ્ધ આશયને સર્વાંશે નહિ તો ઘણા અંશે પાર પાડી શક્યા છીએ; પરંતુ મારા મતાનુસાર હજુ ઘણું કરવાનું બાકી રહે છે. મુદ્દામંત્રી તેજપાળે ઉઘાડા અને છુપા શત્રુઓની વાત કરી, તે ખાસ વિચારવા જેવી છે. આપણે તેમનાથી ડરતા નથી; પરંતુ તેમનાથી સાવધ રહેવાની ખાસ જરૂર છે. ધોળકાના રાણા તરીકે પ્રજાનો, સમસ્ત ગુજરાત દેશનો અને પાટણના બીજા માંડલિક રાજાઓનો મારા ઉપર જે ભાવ છે, તેમાં હું જ્યારે મહારાજા ભીમદેવની હયાતી હોવા છતાં પણ ગુજરાતનો મહારાજા બનીશ, ત્યારે ઘણો ફેર પડી જશે, આપણા શત્રુઓને બ્હાનું મળશે, અંદરોઅંદર ભયંકર તોફાનો થશે અને તેનો લાભ હાલમાં આપણાથી મહાત થયેલા બીજા રાજાઓ અને કદાચ મુસલમાનો પણ લઇ જશે. મહામાત્ય વસ્તુપાળે મને અગાઉ પણ ગુજરાતના મહારાજા બનવાની સલાહ આપી હતી અને અત્યારે સોમેશ્વરદેવ તથા તમે બધા પણ તેવીજ સલાહ આપી રહ્યા છો. હું તમારી સલાહની અવગણના કરવામાં ખુશી નથી; પરંતુ જ્યાં સુધી ગુજરાતના ખરા મહારાજા ભીમદેવ હયાત છે, ત્યાં સુધી મારે નિરૂપાયે અને સર્વ સામાન્યના લાભ ખાતર તેની અવગણના કરવી પડે છે. વળી ગુજરાતનો મહારાજા થવાને હું લાયક નથી. જે રાજામાં શૌર્ય, ક્ષમા, દયા અને દાન ઇત્યાદિ ગુણોનો વાસ હોય, તે દેશનો મહારાજા બનવાને લાયક છે. મારામાં તેવા ક્યા ગુણો છે કે હું મહારાજા બનવાની ઇચ્છા કરું કિંવા લોભ રાખું ? વળી એ વાતને બાજુ ઉપર રાખીએ તો પણ હું જે ખરી રીતે મહારાજા ભીમદેવનો માંડલિક રાજા છું, એટલે તેમની દરકાર કર્યા વિના તથા તેમની ઇચ્છા જાણ્યા વિના સમસ્ત ગુજરાતનો મહારાજા બનવાનો લોભ રાખું, તો મારા જેવો બીજો ક્યો મૂર્ખ કહેવાય ? મને લાગે છે કે તમે બધા મારી કસોટી કરો છો. કરતા હો તો ભલે કરો. હું તમારી કસોટીમાં પાર ઉતરીશ. મંત્રીશ્વર ! ધોળકાના રાણા તરીકે મને પ્રજાની અને દેશની સેવા કરવાની જે તક મળશે, તે ગુજરાતના મહારાજા બન્યા પછી ભાગ્યેજ મળશે. તે વખતે મારા ઉપર ચોતરફની ચિંતાઓનો અસહ્ય ભાર એટલો બધો વધી પડશે કે મહારાજાનો રાજમુગટ મસ્તકે ધારણ કરવામાં મેં ભૂલ કરી છે, એવું મને ભાન થશે અને મહારાજા

બનવાને માટે મારે કદાચ પશ્ચાત્તાપ પણ કરવો પડશે. મારે હજી ગુજરાત વહી જતાં ગૌરવને, પાટણની પડતી જતી પ્રભુતાને અને દેશમાંથી વિદાયગીરી લેતી શાંતિને ટકાવી રાખવાને ઘણું કરવાનું છે. હું દેશ મહારાજા બનવા કરતાં ઉદ્ધારક બનવાનું; પ્રજાનો સ્વામી બન કરતાં સેવક થવાનું વધારે પસંદ કરૂં છું. અને તેથી મારી એ સ્પ ઇચ્છા છે કે જ્યાં સુધી ગુજરાતના ખુદ મહારાજા **ભીમદેવ** હયાત અને આપણે પાટણ તથા સમસ્ત ગુજરાત દેશની પડતીમાં ચડતી ક શક્યા નથી તથા સર્વત્ર શાંતિનું રાજ્ય સ્થાપી શક્યા નથી, ત્યાં સુ કોઇ પણ પ્રકારનો રાજકીય લોભ રાખવો; એ આપણી મહાન ભૂ ગણાશે અને એ ભૂલનાં પરિણામે દેશમાંજ પરસ્પર યુદ્ધનો દાવાન સળગી ઉઠશે, પાટણની પાયમાલી થશે, ગુજરાતનું ગૌરવ નાશ પામ અને પ્રજા શાંતિને બદલે અશાંતિ અનુભવશે.

વીરધવળનું સચોટ અને સ્પષ્ટ કથન સાંભળીને **નાગડની** મુંઝવ મટી ગઇ. તે અંતરમાં ઘણોજ ખુશી થયો. વસ્તુપાળ અને **સોમે** **વીરધવળનું** કથન એક રીતે વ્યાજબી હોવાથી કાંઇ બોલ્યા નહિ; પર લવણપ્રસાદનો અસંતોષ ગુપ્ત રહી શક્યો નહિ. તેણે તુરતજ પૂછ્ "ત્યારે શું આપણે આ ચર્ચાને હમણાં પડતી મૂકવી પડશે ?"

નાગડે તુરતજ જવાબ આપ્યો. "અવસ્ય: કારણ કે રાણાજી કથન વ્યાજબી છે અને તે પ્રમાણે વર્તવું, એ વધારે સલાહભરેલું છે.

લવણપ્રસાદે **નાગડનાં** કથનનો પ્રતિકાર કરાવવા માટે બધા સભ સદો તરફ નજર ફેરવી; પરંતુ કેટલીક વારસુધી કોઇએ કાંઇ કહ્યું નહિ

ધોળકા ગુજરાતનું પાટનગર બને અને **વીરધવળ** ગુજરાત મહારાજા થાય, એવો વસ્તુપાળનો આગ્રહ હતો; પરંતુ તે દુરાગ્રહી હતો. તેણે વિચાર કર્યો કે એક તરફથી **વીરધવળનું** કહેવું યોગ્ય છે અ બીજી તરફથી જ્યારે તેની પોતાનીજ મહારાજા બનવાની ઇચ્છા નથ ત્યારે એ વિષયમાં વધારે આગ્રહ કરવો, એ અયોગ્ય છે. આ પ્રમા વિચાર કરી તેણે ગંભીરતાથી કહ્યું.

"મંડલેશ્વર ! રાણાજીની પોતાનીજ ઇચ્છા જ્યારે એવી ત્યારે મહારાજા **ભીમદેવની** હયાતી સુધી, એ ચર્ચાને પડતી મૂક એજ ઉત્તમ છે."

લવણપ્રસાદે અસંતોષને દબાવીને કહ્યું. "ત્યારે આ વાતને હા

...રાખવાનો સર્વનો અભિપ્રાય થાય છે, ત્યારે એ વિષયમાં મારો ...નથી. જે કામ કરવું, તે સર્વાનુમતે કરવું જોઇએ."

આજે બીજી ચર્ચા કરવાની નહિ હોવાથી તુરતજ રાજસભા બર-...કરવામાં આવી અને એકત્ર થયેલા મંત્રીઓ જૂદા જૂદા તર્કવિતર્ક ...સભાખંડ છોડીને ચાલ્યા ગયા. રાજા વીરધવળ તેની નવી રાણી ...ણીના મહેલે ગયો અને તેનો પિતા લવણપ્રસાદ પાટણ તરફ ...થયો.



પ્રકરણ ૬ ઠું.

સૂરીશ્વરનો ઉપદેશ.

મહામાત્ય વસ્તુપાળ રાજસભામાંથી નીકળ્યા પછી સીધો પૌષધશા-...ગયો. તેજપાળ પણ તેની સાથેજ હતો. બન્ને ભાઇઓ ગમે તેવાં ...રાય કાર્યમાં ગુંથાયેલા હોય; તો પણ તેમાંથી વખત મેળવીને ...થા એકવાર દેવમંદિરે અને પૌષધશાળાએ જતા હતા. તેમના ...ના નિત્યક્રમ મહિનો આ પણ એક ક્રમ હતો. અને તેને તેઓ દ્રઢતાથી ...તા હતા. વસ્તુપાળ અને તેજપાળ બન્ને બહુશ્રુત અને જ્ઞાની હતા. ...તુ અનેક સૂત્રોનું વાંચન કર્યું હતું અને સારા સારા વિદ્વાનોને મહાત ...એવી વિદ્વત્તા પણ મેળવી હતી. વળી વસ્તુપાળ પોતે સારો કવિ ...તો પણ તેઓ વ્રત, જપ અને તપ, ઇત્યાદિ બાહ્યાચારને ચુસ્તપણે ...તા હતા. અંતઃકરણની શુદ્ધિ અને મનની પવિત્રતા એ માનવજીવનમાં ...સોપાન ઉપર ચડવાને અગત્યની વસ્તુઓ છે; પરંતુ અંતઃકરણને શુદ્ધ ...મનને પવિત્ર રાખવા માટે બાહ્યાચારની પણ જરૂર છે. અને તે ...તેની યોજના થયેલી છે. એવી તેમની માન્યતા હતી.

...તેઓ બન્ને પૌષધશાળાએ આવ્યા ત્યારે નરચંદ્રસૂરિ પૌષધશા-...ના એક નાના ખંડમાં બેઠા હતા. વસ્તુપાળના પરંપરાગત ધર્મગુરૂ ...જયસેનસૂરિ અન્યત્ર વિહાર કરી ગયા હતા અને આ નરચંદ્રસૂરિ ...માતૃપક્ષના ધર્મગુરૂ હતા. વસ્તુપાળ અને તેજપાળે તેમની સન્મુખ ...વંદન કર્યું, ગુરૂએ ધર્મલાભ આપ્યો અને તેઓ યોગ્યસ્થળે તેમની ...મે બેઠા.

સૂરીશ્વર કાંઈક વિષાદમાં હતા એટલે કાંઈ બોલ્યા નહિ. વસ્તુપાળે

[illegible] અને પછી પૂછ્યું " ગુરૂવર્ય ! આપનું મુખ વિષાદ ભર્યું કેમ જણાય છે ? શરીરનું સ્વાસ્થ્ય તો સારૂં છે ને ? "

આચાર્યનાં મુખ ઉપર એ પ્રશ્નથી મંદ હાસ્યની છટા આવી અને તુરતજ લોપ પામી. તેમણે સહજ ગંભીરતાથી કહ્યું. " મંત્રીવર્ય ! આ શરીરને તો કાંઈએ થવાનું નથી અને કદાચ કાંઇ થાય તો એમાં આશ્ચર્ય પામવાનું કાંઇ કારણ નથી. ઉદય, વૃદ્ધિ અને નાશ એ નિયમાનુસાર આ શરીર એક દિવસ પંચભૂતમાં મળી જવાનું છે. એ અમે સંસારત્યાગીઓ સારીરીતે જાણીએ છીએ અને તેથી અમે શરીરનાં સ્વાસ્થ્ય કે અસ્વા[illegible] માટે કદિ પણ વિષાદને ધરતા નથી. "

તેજપાળે તુરતજ પૂછ્યું " પણ મહારાજ ! આ શરીરને-આ [illegible]ને અજર અને અમર બનાવી શકાય નહિ ? "

તેજપાળના પ્રશ્નથી નરચંદ્રસૂરિનો વિષાદ ચાલ્યો ગયો, તેમ[illegible] મુખ ઉપર શાંતિ પથરાઇ ગઇ. તેમણે મીઠા સ્વરથી ઉત્ત[illegible] કહ્યું.

[illegible] ! તમારો પ્રશ્ન અતિ પ્રશંસનીય છે. આ નાશવં[illegible] [illegible] અજર અને અમર બનાવી શકાય છે. પણ તે શા માટે [illegible] અનેકવિધ ભોગો ભોગવવા માટે ? વિપુલ સંપત્તિના સ્વા[illegible] [illegible] માટે ? કે અક્ષય કીર્તિ સંપાદન કરવાને માટે ? તમે ક્યા હેતુ[illegible] માટે તેને અજર અને અમર બનાવવાની વાત કરો છો ? [illegible] શરીરને અજર અને અમર બનાવવાની વ[illegible] [illegible] નથી. " તેજપાળે ઉત્તર આપતાં [illegible] ઉન્નતિ અને [illegible] [illegible] ઉપર [illegible] દૂર કરવા [illegible] હેતુની પૂર્તિ [illegible]

[illegible]

[illegible]

[illegible]

ને સમાજ, ધર્મ અને લોકનાં કલ્યાણનો આધાર એક કે અનેક માણસો આ નાશવંત શરીરને શાશ્વત બનાવી કેવળ સેવાપરાયણ જીવન ગુજારે એ ઉપર રહેલો નથી, તેનો ખરો આધાર માણસનાં વ્યક્તિગત કર્મ ઉપર રહેલો છે. આ આખું વિશ્વ કર્મને વશ છે. અને તેની ચડતી પડતી ઉભય કર્મને આભારી છે. કોઇ માણસના અજર અને અમર બનવાથી તથા સેવાપરાયણ જીવન ગુજારવાથી દેશ, સમાજ, ધર્મ અને લોકનું કલ્યાણ થઈ શકતું હોત, તો પૂર્વે થઈ ગએલા પૂજ્ય તીર્થંકરોએ માનનીય આચાર્યોએ તેમ કર્યું હોત. ભગવાન મહાવીરના નિર્વાણ-કલ્યાણક પ્રસંગે બનેલી ઘટના તમે જ્ઞાની થઇને કેમ ભૂલી જાઓ છો ? એ વખતે દેવોના સ્વામી ખુદ ઇંદ્રે ભગવાનને વિનંતિ કરી હતી કે પ્રભો ! આપ શરીરનો ત્યાગ કરી મોક્ષમાં સિધાવો છો; પરંતુ અત્યારે કાળ સારો નથી. જો આપ અત્યારેજ નિર્વાણપદને પામશો, તો પાછળ આપનું શાસન બહુ દુઃખી થશે માટે થોડી વાર જવા દો. ભગવાને ઇંદ્રને હસીને ઉત્તર આપ્યો હતો કે:—દેવેન્દ્ર ! જે આયુષ્ય નિર્માણ થયું હોય છે, તેને ઘટાડવાનો કે વધારવાનો અધિકાર કોઈને નથી; માટે એ વાતને જવા દો. મારા શાસનનું ભવિષ્યમાં શું થશે, એ ચિંતા મારે શા માટે કરવી જોઈએ ? શાસનની ચડતી કે પડતીનો આધાર તે તે સમયના નાયકો અને અનુયાયીઓનાં કર્મ ઉપર રહેલો છે અને તેથી હે ઇંદ્ર ! મુક્તિમાં જવાના આ અવસરને હું જવા દઇ શકીશ નહિ. વળી મંત્રીશ્વર તેજપાળ ! આ માનવજીવનનો હેતુ સર્વ શુભ અને અશુભકર્મોનો ક્ષય કરી આત્માને પરમાત્માના પદે પહોંચાડવાનો છે અને તે હેતુને લક્ષ્યમાં રાખી બધાં કર્તવ્યો કરવાનાં છે. શરીરનો ધર્મ નાશ પામવાનો છે, તો તેને સમય આવ્યે તેના ધર્મને વશ વર્તવા દેવું, એજ યોગ્ય છે. એક શરીરનો નાશ થવાથી આત્મા બીજા શરીરને ધારણ કરશે અને જો તે દરેક શરીરમાં જીવનના હેતુને લક્ષ્યબિન્દુ બનાવી કર્તવ્યો કરતો રહેશે, તો છેવટ ઇચ્છિત આશયને પૂર્ણ કરી શકશે. આ કારણથી શરીરને અજર અને અમર બનાવી તેમાં આત્માને બાંધી રાખવાથી શો અર્થ સરે તેમ છે ! ઉલટું એથી તો આત્માને એકજ શરીરમાં બંધાઈ રહેવું પડતું હોવાથી તેની ઉન્નતિ ત્યાંજ અટકે છે માટે આત્મિકદ્રષ્ટિએ વિચારતાં આ શરીરને શાશ્વત બનાવવું, એ આત્માને માટે હિતાવહ નથી. તેમ દેશ, સમાજ અને ધર્મની સેવા કરવાને માટે પણ તેમ કરવાનો અવકાશ નથી, કેમ ભગવાન મહાવીરનું ઇંદ્ર પ્રત્યેનું કથન વિચારતાં સહજમાં સમજી શકાય છે. આ શરીર તેની [illegible] ટકે ત્યાં સુધી તેના આશયને ધ્યાનમા

રાખી શુભ કાર્યો કરી પરમાત્મપદને પહોંચવાના માર્ગને સરલ બનાવ[વો] એજ આપણું ખરું કર્ત્તવ્ય છે અને દેશ, સમાજ તથા ધર્મનું ક[લ્યાણ] પણ તેમાંજ રહેલું છે."

સૂરિજીનાં વિસ્તૃત કથનથી તેજપાળનાં મનનું સમાધાન [થયું] અને તેનાં મુખ ઉપર સંતોષનો ભાવ પથરાઈ ગયો. પુનઃ તેણે [પ્રશ્ન] કર્યો. "ત્યારે ગુરૂવર્ય ! આપના વિષાદનું ખરૂં કારણ શું છે ?"

નરચંદ્રસૂરિએ હસીને જવાબ આપતાં કહ્યું "આપણા ધર્મ [અને] સમાજની વર્ત્તમાન પરિસ્થિતિનો વિચાર કરતાં મને અત્યારે [આ] વિષાદ થયો હતો. ધર્મમાં દિવસે દિવસે નવા પંથો અને ગચ્છો ઉ[ભા] થતા જાય છે અને તે દરેકના ઉત્પાદકો પોતાનો કક્કો ખરો કરાવવા [માટે] પ્રબળ પ્રયાસમાં પડેલા છે. પૂર્વના મહાન્ આચાર્યો અને મહાત્મા[ઓ]ઓનાં વચનોના મનગમતા અર્થ કરી તે માટે પરસ્પર વાગ્યુદ્ધમાં ઉ[તરે] છે અને પોતાની મેળેજ પોતાની નિર્બળતા સિદ્ધ કરે છે. ધર્મના ભેદો[નો] ચેપ સમાજને પણ લાગ્યો છે અને તેમાં પણ અનેક જ્ઞાતિઓ [અને] તડો દિનપ્રતિદિન પડતાં જાય છે. ધર્મના અને જ્ઞાતિઓના મતભેદે [અને] કુસંપે સમાજમાં મૂળ નાંખવા માંડ્યું છે. ભગવાન વીરની વિ[શ્વ]ભાવનાને તેના અનુયાયીઓ ભૂલવા લાગ્યા છે. નવા નવા ગચ્છો અને [વાડા] ઉભા કરી ધર્મના પ્રદેશને સંકુચિત કરતા જાય છે અને પરસ્પર લડ[વામાં] આનંદ માનવા લાગ્યા છે. ટુંકામાં ભગવાને સ્થાપેલો ચતુર્વિધ સ[ંઘ] સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા—પોતાનાં ખરાં કર્ત્તવ્યથી વિ[મુખ] બનતો જાય છે. આ બધી પરિસ્થિતિનો વિચાર કરતાં મારા હ[ૃદયમાં] એક જાતની દિલગીરી થઇ આવી હતી અને તેને લઇને તમને મારૂં [મુખ] વિષાદમય લાગ્યું હશે."

વસ્તુપાળ અને તેજપાળ રાજ્યના પ્રધાનો હતા અને તેમનો સમય રાજકાજમાં જ વ્યતિત થતો હતો; તો પણ તેઓ ધર્મ અને સમાજહિતૈષી હતા અને તેને અંગે બનતા બનાવોથી હ[મેશાં] માહિતગાર રહેતા હતા.

વસ્તુપાળે પુનઃજ કહ્યું. "મહારાજ ! ધર્મ અને સમાજની અવસ્થાનો વિચાર કરતાં આપ જેવા ધર્મપાલક અને સ[માજ]હિતેચ્છુનાં હૃદયમાં દિલગીરી થાય, એ તદ્દન સ્વાભાવિક છે. [illegible]

ાં ધર્મ અને જાતિના અંગે જે ઘટનાઓ બને છે, તે જોતાં
. ધર્મ અને સમાજનો પ્રખર તાપથી તપતો મર્ય ધીમે ધીમે
ાગ તરફ પ્રયાણ કરતો જણાય છે અને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમ-
ર્ય કાલધર્મ પામ્યા પછી આપણી ધાર્મિક અને સામાજિક
ા દિન-પ્રતિદિન કફોડી બનતી જોવાય છે. ગાદી ઉપર મેળવેલો
આપણને ભારે થઇ પડ્યો છે અને હાસ શૈવાની સાથે આલેતા
પણ ભારે થઇ પડશે એવો સંભવ છે; કારણ કે આપણામાં જ
કુસંપ અને કલેશનાં બીજો અંકુરીત થયાં હોય, ત્યાં આપણે બીજાની
વેજય મેળવવામાં અશક્ત નિવડીએ તો એમાં અસંભવિત શું છે?
ાંપણું જૈન દેવમંદિરો ઉપર પણ મુસલમાનોનો ભય લટકી રહ્યો
ાંએ ધર્માંધતાથી શૈવોનાં અને વૈષ્ણવોનાં ઘણાં મંદિરોને જમીન-
દોસ્ત કરી નાંખ્યાં છે, એ આપણે જાણીએ છીએ અને તે સાથેજ
દિરો ઉપર પણ તેઓનું ધર્મઝનુન કદાચ ઉતરે એવી શંકા થાય
ામાં ધર્મ અને સમાજનું નાવ મધ્ય સમુદ્રમાં આવી પહોંચ્યું છે
ર દૂર તોફાનનાં સ્પષ્ટ ચિન્હો જણાય છે. હવે તોફાન શમી જઇ નાવ
ાામત પસાર થઇ જાય છે કે તોફાનનું જોર વધવાથી નાવ તેમાં
ઇ જાય છે, એ જોવાનું રહે છે અને પરિણામને માટે ઉંડી ચિંતા
ે."

આચાર્ય મહારાજે ગંભીરતાથી કહ્યું: "મંત્રીશ્વર! તમારે રાજ્યની
ા અંગે ઘણાં કર્તવ્યો કરવાનાં હોવા છતાં પણ ધર્મ અને સમાજની
ામાં ધ્યાન આપો છો, એ મારી જાણ બહારનથી અને તમારા
'ધર્મધુરંધર પુરૂષોનું' એ ખાસ કર્તવ્યજ છે; તો પણ તમારી એ
ાનિષ્ઠાને માટે તમને ધન્યવાદ ઘટે છે. તમે ઉભય બંધુઓ રાજ્ય-
ાં દિન-પ્રતિદિન વિજયને વરતા જતા હોવાથી તમારાં યુદ્ધકૌશલ્ય
બુદ્ધિચાતુર્યના બહુજ વખાણ થાય છે. ગુજરાતમાં ચાલતા
ાક કારભારને કેન્દ્રસ્થ કરી સર્વત્ર શાંતિ અને વ્યવસ્થાનું સ્થાપન
માં તથા પાટણની રાજ્યલક્ષ્મી પડતીમાંથી ચડતી કરવામાં તમે જે
ાધારણ વીરત્વ અને મુત્સદ્દીગીરીનો પરિચય કરાવ્યો છે, તેથી સમસ્ત
ાં તમારી કીર્તિ પ્રસરી ગઇ છે. વળી પૂર્વજીવનનાં પુણ્યના યોગે
ઉત્તમ કુળમાં જન્મ્યા છો, સારું જ્ઞાન અને ઉચ્ચ પ્રકારની વિદ્વત્તા
કરી છે, સુદેવ, સુગુરૂ અને સુધર્મને પામ્યા છો, રાજ્ય અને સમા-
ા સ્થંભ છો અને ટુંકામાં કહું તો સર્વ પ્રકારે સુખી છો. હું ઇચ્છું
ા આથી પણ તમે વધારે માન, આદર, કીર્તિ તથા ગૌરવને મેળવો

અને વધારે સુખી થાઓ; પરંતુ આ જીવનમાં જેમ તમે સર્વ વાતે સુખી છો, તેમ પરજીવનમાં પણ સુખી થવાને માટે તમારે ખાસ કરીને ઉદ્યોગ કરવાની અગત્ય છે. મંત્રીશ્વર ! શરીરનું આરોગ્ય, ભાગ્યનું પ્રાબલ્ય સ્વજનોમાં પ્રભુત્વ, સમાજમાં મહત્ત્વ, વિવેકબુદ્ધિ અને લક્ષ્મી એ ... બને પુણ્યના પ્રભાવથીજ મળે છે, એ તમારે સદૈવ ધ્યાનમાં રાખવાનું અને પુણ્યને પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન ધર્મ છે, એ તમને સમજાવવા જરૂર નથી. ધર્મના ઘણા ભેદો છે અને તેનો મહિમા અપાર છે; પરંતુ હું તો તમને અત્યારે માત્ર તેનું સાદું સ્વરૂપ સમજાવવાને ઇચ્છું ... મહાનુભાવો ! દાન, શીળ, તપ અને ભાવ એ ધર્મનાં સાદાં પણ ... ત્યનાં સૂત્રો છે અને જે મનુષ્ય ધર્મનાં આ સૂત્રોને લક્ષ્યમાં રાખી ... જનોના મનોરથને પૂર્ણ કરે છે, ઉત્તમ ચારિત્રને પાળે છે, મનસા, ... અને કર્મણા તપ કરે છે અને સદા શુભ વિચારોનું સેવન કરે છે, મનુષ્ય ધર્મના પ્રભાવે આ જીવનમાં તથા પરજીવનમાં દરેક રીતે સુખી થઇ શકે છે. તમે બન્ને ભાઇઓ જીનાલયો, પૌષધશાળાઓ, દાનશાળાઓ વિદ્યાશાળાઓ તથા શૈવમંદિરો બંધાવી ધાર્મિક અને સામાજિક ... ધનનો સદુપયોગ કરી દાનધર્મને સારી રીતે બજાવો છો, સત્ય, ... નમ્રતા, પ્રેમ, મૈત્રી અને કરૂણા ઇત્યાદિ ઉત્તમ ગુણોને ધારણ કરી ... ગૃહસ્થને શોભારૂપ સ્વદારા સંતોષવ્રત્ત ગૃહણ કરી શીળ ધર્મને પાળો છો બાહ્ય અને અભ્યંતર સંયમને સ્વીકારી તપધર્મનું પાલન કરો છો ત... ઉત્તમ વિચારો અને શુભ ભાવનાઓનું સેવન કરી ભાવધર્મને અ... ઉતારો છો, એ હું સારી રીતે જાણું છું; છતાં પણ ધર્મના ઉપદેશક ત... મારી તમને એજ સલાહ હોવી ઘટે કે તમારે ધર્મમાર્ગમાં વધારે ... બનીને આપણા ધર્મ અને સમાજની વર્ત્તમાન અવસ્થાનો ખ્યાલ ... તેની ચડતી માટે કટિબદ્ધ થવું જોઇએ. તમે પાટણની પ્રતિષ્ટાને ટકા... રાખવાને, ગુજરાતનાં ગૌરવને વધારવાને અને દેશમાં શાંતિનું સ્થા... કરવાને જે અતિ સ્તુતિપાત્ર પ્રયાસ કરો છો, તે સાથે ધર્મ અને સમાજ ઉન્નતિનાં કામો કરી આત્માનાં કલ્યાણને માટે પણ વિશેષ પ્રયત્ન કર... એવી મારી તમને ખાસ સલાહ છે. આપણો અહિંસાધર્મનો સિ... કેટલો અર્થગ્રાહી છે અને આપણી સંઘની ઉદાર વ્યવસ્થા કેટલી વિશ... છે, એનું પ્રત્યેકને જ્ઞાન આપવાને માટે તમે પ્રયત્નશીળ રહેશો ... આપણામાં ધીમે ધીમે વવાતાં કુસંપના બીજોનો નાશ કરવાને માટે ... મહેનત કરશો. વળી આપણાં પવિત્ર અને મહાન્ તીર્થો ઉપર ... નોનો ભય ઝઝુમી રહેલો છે, તેને ગમે તે ઉપાયે દૂર કરવાને પ્રબંધ ક...

ને એ રીતે તીર્થનું રક્ષણ કરી તથા તીર્થની યાત્રા કરીને પૂણ્યનો ચય કરશો."

નરચંદ્રસૂરિનું વિસ્તૃત અને ઉપદેશથી ભરેલું કથન સાંભળીને સ્તુપાળ અને તેજપાળ બન્ને પ્રસન્ન થઇ ગયા.

વસ્તુપાળે તુરતજ કહ્યું. " આચાર્ય મહારાજ ! આપનો ઉપદેશ અમે માથે ચડાવીએ છીએ, અને તે પ્રમાણે વર્ત્તવામાં અમારાં તન, મન અને ધનની પણ દરકાર કરશું નહિ. "

" અરે ગુરૂજી ! તીર્થનાં રક્ષણની ચિંતા અમારાં મનમાં સદાય ઘોળાયા કરે છે, અને તેથી એક નિશ્ચય ઉપર આવી અમે એ બાબતમાં ઉચિત પ્રબંધ કરશું; માટે આપ નિશ્ચિંત રહેશો. " તેજપાળે કહ્યું.

એ પછી વસ્તુપાળે આચાર્યને વિનંતિ કરતાં કહ્યું. " મહારાજ ! શત્રુંજય વગેરે તિર્થોની સંઘ સહિત યાત્રા કરવાનો ઘણો વખત થયા અમારો વિચાર છે; પરંતુ વારંવાર લડાઇઓમાં જવું પડતું હોવાથી એ વિચારને અત્યાર સુધી અમે પાર પાડી શક્યા નથી. હવે ઘણે ભાગે લડાઇનો અંત આવી ગયો છે. અને દેશમાં બધે સ્થળે શાંતિ પથરાઈ ગઈ છે. એટલે હવે અમે તીર્થયાત્રાએ જવાનો નિશ્ચય કર્યો છે. શત્રુંજય વગેરે સ્થળે જવાથી યાત્રાનો લાભ મળશે, અને તીર્થભૂમિની શી અવસ્થા છે, તે નજરે નિહાળી પણ શકાશે. અત્યારે આપની પાસે આવવાનું કારણ પણ એજ છે; માટે જ્યારે આપની આજ્ઞા હોય ત્યારે તીર્થયાત્રાએ જવાનો દિવસ નક્કી કરીએ અને તે બાબતની બધી તૈયારી કરવા માંડીએ. "

આચાર્યે પ્રસન્ન વદનથી કહ્યું " મહાનુભાવો ! ધર્મ અને સમાજ પ્રત્યેની તમારી ઉત્કટ લાગણી જોઇને અને સંઘ સહિત તીર્થયાત્રાએ જવાનો તમારો નિશ્ચય જાણીને હું અત્યંત ખુશી થયો છું. જ્યાં સુધી તમારા જેવા ધર્મપ્રાણ અને સમાજ સેવાભિલાષી પુરૂષોની હયાતી છે, ત્યાંસુધી ધર્મ અને સમાજની કદિપણ પડતી થવાની નથી. તીર્થયાત્રાએ જવાના સંબંધમાં તમે મારી આજ્ઞા માગો છો, એ તમારો વિવેક સ્તુતિપાત્ર છે; પરંતુ ખરી રીતે તમારે આચાર્યશ્રી વિજયસેનસૂરિની આજ્ઞા લેવી જોઇએ; કારણકે તેઓશ્રી તમારા પિતૃપક્ષના ગુરુ છે. હું જો કે તમારી સાથે સંઘમાં આવીશ; પરંતુ વિજયસેનસૂરિને અહીં તેડાવી તેમની આજ્ઞા મેળવી તેમની આગેવાની નીચે તીર્થયાત્રાએ જવાનું રાખો, એવી મારી ઇચ્છા છે. "

" આપનું કહેવું સત્ય છે; અમે આપની ઇચ્છા મુજબ વર્તી
વસ્તુપાળે નરચંદ્રસૂરિની ઇચ્છાનો સ્વીકાર કરતાં કહ્યું. " પણ
અમારી જે પ્રશંસા કરો છો, એ પ્રશંસાને અમે લાયક નથી;
તો માત્ર ધર્મ અને સમાજના નમ્ર સેવકો છીએ અને અમારી
અનુસાર તેની સેવા કરીએ છીએ. ખરી રીતે તો આપ જેવા
જ્ઞાની, ત્યાગી અને તપસ્વી મહાત્માઓ આ જગત્ ઉપર હયા
ત્યાં સુધી જૈનધર્મ અને જૈન–સમાજની સદા ઉન્નતિ જ છે."

વસ્તુપાળનાં કથનથી નરચંદ્રસૂરિ ગંભીર વિચારમાં પડી
ક્ષણવાર પર્યંત ત્યાં શાંતિ પથરાઈ ગઈ. તે પછી થોડીવારે વસ્
તથા તેજપાળ આચાર્યશ્રીની રજા લઈ સ્વસ્થાનકે ચાલ્યા ગયા
આચાર્ય પાઠશાળામાં કે જ્યાં તેમના શિષ્યો અને શહેરના
ધાર્મિક અભ્યાસ કરતા હતા ત્યાં જવાને રવાના થયા.

પ્રકરણ ૭ મું.

હાય વૈધવ્ય !

મધ્યાહ્નનો સમય થયો હતો. કચ્છ દેશનું અતિ સમૃદ્ધિપૂર્ણ
શોભાયમાન નગર ભદ્રેશ્વર કોલાહલથી ગાજી રહ્યું હતું. માત્ર
ઉંચા અને સુંદર દેખાતા અનેક આવાસમાં કેવળ શાંતિ હતી. એ અ
[illegible] ઓરડામાં પલંગ ઉપર એક સોળ વર્ષની પૂર્ણયૌવના બાળા
બેઠી હતી. એ ઘણી સુંદર અને લાવણ્યથી ભરપૂર બાળાનાં મા
કેશ છૂટા હતા. તેનાં સુંદર ગાલોથી શોભતાં મુખ ઉપર વિ
[illegible] છવાયેલી હતી. તેનાં વિશાળ નયનો આંસુથી ભીં
હતાં અને તેનું આખું અંગ અસ્વસ્થ દેખાતું હતું. તેણે પહેરેલાં
વસ્ત્ર સાદાં હતાં અને તેના શરીર ઉપર એક પણ આભૂષણ ન હતું
[illegible] તેનું નૈસર્ગિક સૌંદર્ય અને લાવણ્ય આ સાદાઈમાં વધારે દીપી નીકળ્યું
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

પલંગ ઉપર જઈને પડી, અને પાસેના ભીંતની દિવાલ ઉપર લટકાવેલા એક ચિત્ર તરફ કરૂણાભરી દૃષ્ટિથી જોયા કરી અને ફરી પુનઃ રોવા લાગી ! બાળાનું રૂદન એટલું બધું હૃદયભેદક હતું કે તેના પ્રતિધ્વનિ રૂપે આખો ઓરડો, પલંગ વગેરે આસનો અને દિવાલ ઉપરનાં નિર્જીવ ચિત્રો પણ રડતાં હોય, તેવો ભાસ થતો હતો. આહ્ ! અફસોસ, કમનસીબ અને વિશાળ પ્રાસાદમાં રહેતી આ બાળાને એવું તે શું દુઃખ આવી પડયું હશે કે જેને લીધે તે આવું કરુણાજનક રૂદન કરતી હતી !

એ બાળાનું રૂદન ધીમે ધીમે વધતું ગયું અને છેવટ તે હૈયાફાટ રડવા લાગી. તેનું રૂદન સાંભળીને એક પુરૂષ અને એક સ્ત્રી તે ઓરડામાં આવી પહોંચ્યાં. પણ એ બાળા તેમનાં આગમનથી અજાણ જ રહી અને જેમની તેમ મોટા સ્વરે રડતીજ રહી.

સ્ત્રીએ તેની પાસે જઈ તેનો હાથ પકડીને અધિરતાથી પૂછ્યું. " પ્રીતિમતી ! તને શું થયું છે ? તું શા માટે રડે છે ? "

એ કોમળાંગી બાળાનું નામ પ્રીતિમતી હતું. તે તેની માતાનો અવાજ સાંભળીને સાવધ બનવાનો પ્રયત્ન કરવા લાગી; પરંતુ તેનાથી સ્વસ્થ થઈ શકાયું નહિ અને પુનઃ રૂદન કરવા લાગી.

પ્રીતિમતીની માતા યશોદા પલંગ ઉપર બેઠી અને તેની પુત્રીને બળપૂર્વક ઉઠાડીને બાહુપાશમાં લીધી અને તેનાં આંસુઓને લુછવા લાગી. કેટલાક વખત પછી પ્રીતિમતીનું હૈયું હેઠું બેઠું અને તે રોતી બંધ થઈ. તેણે સ્વસ્થ બનીને આમ તેમ જોયું. પલંગની એક બાજુ તેના પિતાને દિન વદને ઉભેલા જોતાંજ લજ્જા, દુઃખ અને શોકથી તેનું સુંદર મુખકમળ કરમાઈ ગયું અને તે કેવળ નીચુંજ જોઈ રહી.

યશોદાએ તેની પુત્રીનાં માથે, કપાળે, છાતીએ અને વાંસે હાથ ફેરવીને તેનાં મનનું સાંત્વન કરવા માંડયું. થોડી વાર પછી જ્યારે તે તદ્દન શાંત અને સ્વસ્થ બની, ત્યારે યશોદાએ ધીમેથી પૂછ્યું.

" બેટા પ્રીતિ ! તું શા માટે રૂદન કરતી હતી ? શું તારી પ્રકૃતિ કાંઈ અસ્વસ્થ છે કે તને કાંઈ અચાનક વ્યાધિ થયો છે કે શું છે ? "

પ્રીતિમતીએ તેની માતાના પ્રશ્નનો ઉત્તર દીર્ઘ નિઃશ્વાસમાં આપ્યો, અને તેના વિસ્તૃત નયનો અશ્રુઓથી પુનઃ જલાજલ ભરાઈ ગયાં.

યશોદાએ વસ્ત્રના પાલવથી તેના અશ્રુઓને લુછી નાખતાં કહ્યું. " દીકરી ! તને આજે શું થયું છે ? તું કયા દુઃખથી રડે છે ? તારા મનોદુઃખનું કારણ મને નહિ કહે તો કોને કહીશ ? "

પ્રીતિમતીએ પુનઃ નિઃશ્વાસ મૂક્યો.

"વ્હાલી પુત્રી!" યશોદાએ સહજ ગળગળા સાદથી કહ્યું "તને—અમારી એકની એક પુત્રીને રડતી જોઇને મારૂં હૃદય ભેદાઇ જાય અને જોને આ તરફ કે તારા પિતા પણ કેવા દિલગીર અને દુઃખી ઉભા છે?"

પ્રીતિમતીએ તેના પિતા સામે જોયું અને તે પુનઃ રડી પડી.

તેનો પિતા જગડુશાહ નજીક આવ્યો અને તેણે તેનાં મસ્તકે હાથ મૂકીને કહ્યું.

"બેટા! તું છાનો રહે અને તારાં મનની વાત દીલ ખોલીને અમને કહે: તને મારા સોગાન છે."

પોતાના પરમ પૂજનીય પિતાના સોગન સાંભળીને પ્રીતિમતી તુરતજ રડતી બંધ થઇ ગઇ. ક્ષણ વાર રહી ઉંડો નિઃશ્વાસ મૂકીને તે કરૂણાજનક અવાજથી કહ્યું. "પિતાજી! તમારાં તથા મારી માતાના સ્નેહ અને મમતાપૂર્ણ આશ્રય સ્થાનમાં મને કશું દુઃખ નથી. તેમ મારે શરીરે પણ કાંઇ અસુખ નથી. તમે મારા વાસ્તે શા માટે દિલગીર થાઓ છો?"

"તો પછી તું રડે છે શા માટે? તારાં રૂદનનું કારણ શું છે?" યશોદાએ તુરતજ પ્રશ્ન કર્યો.

"માતુશ્રી! મારાં રૂદનનું કારણ કાંઇ ખાસ કે નવીન નથી [illegible]. મારા માટે રૂદન તદ્દન સ્વાભાવિક છે." પ્રીતિમતીએ જવાબ આપ્યો.

[illegible] તેની માતા યશોદાએ [illegible] કહ્યું. "મારી [illegible] સ્વાભાવિક [illegible] અનિશ્ચિત થવુંજ જોઇએ [illegible] અનિચ્છાથી જેમ હસવું [illegible] તેથી તું એવા [illegible]

[illegible]

પ્રીતિમતીએ પોતાની ધડકતી છાતી ઉપર હાથ મૂક્યો. તેણે વિચાર કરીને હૃદયને દૃઢ બનાવ્યું અને પછી કરૂણા અને ગંભીરતાથી ભરેલા અવાજે કહ્યું. " પૂજનીય પિતાશ્રી અને માનનીય માતુશ્રી ! તમારી શીતલ છાયામાં મને કોઈ પ્રકારનું દુઃખ નથી. હું તમારી એકની એક વ્હાલી દીકરી હોવાથી તમે મારાં સુખને માટે ઘણી કાળજી અને સંભાળ રાખો છો અને મારી પ્રત્યેક ઇચ્છાને પૂર્ણ કરવાને સદા તત્પર રહો છો. મને તમારાં જેવાં માતાપિતાની પુત્રી થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, તે માટે હું પરમ કૃપાનિધાન પરમાત્માનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછોજ છે. અને ભવોભવમાં તમેજ મારાં માતાપિતા થાઓ, એમ અંતઃકરણ પૂર્વક ઇચ્છું છું. પરંતુ આટલી નાની અવસ્થામાં દૈવે મને મારાં સ્ત્રી તરીકેનાં સાચા સુખનાં શિખર ઉપરથી ચ્યુત કરીને દુઃખના જે અગાધ સાગરમાં ધકેલી દીધી છે, તેનું જ્યારે મને સ્મરણ થાય છે, ત્યારે હાય ! મારૂં હૃદય નિર્બળ થઇ જાય છે અને ઇચ્છા નહિ છતાં પણ રડી જવાય છે. તમે મારાં આ દુઃખને જાણો છો; પણ તેમાં તમારો શો ઉપાય ? કારણ કે એ દુઃખ કોઈથી દૂર કરી શકાય તેવું નથી; તેને ભોગવ્યેજ છુટકો છે. "

પ્રીતિમતીનાં દુઃખની ઘટના તેનાં માતાપિતાથી અજાણી ન હતી, પરંતુ જ્યારે તેમણે તેનાં મુખેથી તેને સાંભળી, ત્યારે તેઓ પણ ધીરજ રાખી શક્યાં નહિ અને બન્નેની આંખોમાંથી આંસુઓની ધારાઓ વહેવા લાગી.

પણ નવયૌવના પ્રીતિમતીનાં હૃદયમાં હવે હિંમતે વાસ કર્યો હતો. તેણે હાર્દિક દૃઢતાથી કહ્યું. " માતાપિતા ! તમને તમારી પુત્રીનું દુઃખ દેખઇ કિંવા સાંભળી શોક થાય, એ સર્વથા સ્વાભાવિક છે. ક્યા માતાપિતાને તેમનાં સંતાનનાં દુઃખથી શોક થયો નથી ? મતલબ કે સર્વને થયો છે, થાય છે અને થશેજ; પરંતુ તેમાં માતાપિતાનો શો દોષ છે ! દોષ માત્ર મારાં ભાગ્યનો કિંવા કર્મનો છે, માટે તમે શા માટે રોવો છો ? તમારે રડવાનું કાંઈ કારણ નથી; કારણ કે કર્મનાં ફળને કરનારે તેનાં ભોગવ્યા વિના છુટકારો થવાનો નથી. કર્મનું ફળ એટલું બધું અચૂક છે કે તેને ભોગવેજ માણસનો છૂટકો છે. "

પ્રીતિમતીનાં દૃઢ અને હિંમત ભર્યાં વચનો સાંભળીને તેનો પિતા વિચાર ગ્રસ્ત અવસ્થામાં મૌન રહ્યો. પરંતુ તેની માતાથી શાંત રહી શકાયું નહિ. તે દીકરીનું દુઃખ સાંભળીને મોટા સાદે રોવા લાગી.

જેમ જેમ પ્રીતિમતીનાં માતાપિતા તેનું દુઃખ સાંભળીને દિલગીર

અને શોકાતુર થતાં જતાં હતાં, તેમ તેમ પ્રીતિમતી દુઃખને વિસારે પાડ્યાતે દૃઢ બનતી જતી હતી. દુઃખની વાત જ્યાં સુધી મનમાંજ રમ્યા કરે છે, ત્યાં સુધી તેનો આવેગ બહુ તીવ્ર હોય છે: પરંતુ બીજાને કહી મન ઉપરનો બોજો ખાલી કર્યા પછી તેનો આવેગ શાંત થઈ જાય છે. પ્રીતિમતીના સંબંધમાં પણ એમજ બન્યું હતું. તે જેમ જેમ પોતાનાં અંતરની વાત કહેતી હતી, તેમ તેમ તેનાં અંતઃકરણ ઉપરનો ભાર દૂર થતો હતો અને તેનામાં દુઃખને સહન કરવાની શક્તિ આવતી હતી. તેણે ધીરજ અને શાંતિથી કહ્યું.

" માતુશ્રી ! તમે મને શાંત્વન આપવાને આવ્યાં છો કે વિશે રોવરાવવાને આવ્યાં છો, એ હું સમજી શકતી નથી. મારાં દુઃખની વા સાંભળીને તમારે મને મારી દિલગીર દૂર કરવાને શાંત અને પ્રેમા વચનોથી ધીરજ આપવી જોઈએ, તેના બદલે તમે પોતેજ રોવા બેસી મારી દિલગીરીને દ્વિગુણિત કરો છો, એ તમને શોભતું નથી. પિતાશ્રી મારાં માતુશ્રીને શાંત કરો અને નહિ તો પછી હું પણ તેમની સાથે રુ કરવા બેસીશ. "

છેવટનું વાક્ય પોતાને સંબોધીને બોલાયેલું સાંભળીને જગડુ એકવાર તેની પત્ની યશોદા તરફ અને એક વાર તેની પુત્રી પ્રીતિમ તરફ જોયું. તે પછી તેણે ગળગળા અવાજથી કહ્યું. " દીકરી ! પ્ર એવો છે કે હું તે તને સમજાવું, તારી માતાને શાંત કરું કે મારાં ર હૃદયને આશ્વાસન આપું, એ મને સુજતું નથી. તું પોતેજ કહે કે હુ કરું ? અરે હાય ! તારું દુઃખ જોવાનો અમારે વખત આવ્યો, તે પ અમે મરણને શરણ કેમ થયા નહિ ? "

એમ કહેતાંજ જગડુશાહની આંખોમાંથી પણ ચોધાર આં વહેવા લાગ્યાં.

પોતાનાં માતાપિતાને રડતાં જોઈને પ્રીતિમતી વિચારમાં પડી. હવે શું કરવું અને શું બોલવું, તેની એને સમજણ પડી નહિ મનમાં અને મનમાં મુંઝાવા લાગી. થોડી વાર પર્યંત ચુપ રહ્યા તેણે તેના માતાપિતા—બન્નેને ઉદ્દેશીને કહ્યું.

" માતાપિતા ! જે પુત્રીનાં સુખ દુઃખનો આધાર કેવળ માતાપિતા ઉપરજ છે, જેને આ સંસારમાં માતાપિતા વિના અન્ય કોઈ કે સગું નથી અને જે કેવળ માતાપિતાના આશ્રયે રહી પો જીવન પસાર કરે છે. તે પુત્રીનાં માતાપિતા તેનું દુઃખ જોઈ હિંમત આપ પુત્રીને રડતાં બંધ કરવાને બદલે પોતેજ રડવા માંડે અને

ાંત્વન આપવાને બદલે પોતેજ આશ્વાસન લેવાની સ્થિતિમાં આવી પડે; આ પુત્રીના શા હાલહવાલ થાય, એનો વિચાર તમને આવે છે ખરો ? તે તમને એનો વિચાર થતો હોય, તો તમે પોતે શાંત થાઓ, મને આશ્વાસન આપો અને મારાં દુઃખને ભૂલી હું ધીરજ અને દ્રઢતાથી જીવન ગાળી શકું, એવો ઉપાય કરો, અને નહિ તો પછી તમે પોતે રડો અને મને રડાવો ! તમે પોતે દુઃખ, દિલગીરી અને શોકના ભોક્તા થાઓ અને મને વધારે બનાવો. આ બન્નેમાંથી તમને જે યોગ્ય લાગે, તે પ્રમાણે વર્તો; હું તમારી અનુવર્તિની બની રહીશ."

પ્રીતિમતીનાં આવાં ઉત્તેજક વચનોથી જગડુશાહ અને યશોદા બન્ને રોતાં બંધ થઈ ગયાં. યશોદાએ વસ્ત્રના છેડા વડે આંખોને સાફ કરતાં કરતાં કહ્યું. " પ્રીતિમતી ! તું ડાહી છે, શાણી છે અને વિચારવંત તથા ગુણવાન છે એટલે તને વધારે શું કહેવું ? આવી પડેલાં દુઃખને સહન કરવાની તારામાં અજબ શક્તિ છે અને અમને ખાતરી છે કે તું એ શક્તિના પ્રતાપે દુઃખના અસહ્ય ભારને વહન કરીશ. પરંતુ અમારાથી તારી આ અવસ્થા જોઈ જતી નથી. અમે આ તારી સુંદર દેહલતાને આભૂષણ રહિત સફેદ અને કાળાં વસ્ત્રોમાં જોઈએ છીએ, ત્યારે હાય ! અમારૂં હૃદય ચીરાઈ જાય છે અને દિલ તુટી પડે છે. પુત્રી ! તું કહે કે અમે તારાં દુઃખને શી રીતે દૂર કરી શકીએ ? અમને કોઇ ઉપાય બતાવ કે જેથી તને પુનઃ સુખિની બનાવી શકીએ ? "

" વહાલી માતા !" પ્રીતિમતીએ નિશ્વાસ મૂકીને ઉત્તર આપતાં કહ્યું. " મને હવે સુખનો અધિકાર નથી. આ જીવનમાં સુખ એ વસ્તુ મારાથી દૂરજ રહેવાની છે; માટે એ વાતને જવા દો. હું મારા દુઃખને શાંતિથી સહન કરી શકું અને ધીમે ધીમે તેને ભૂલી જાઉં, એવો કોઇ ઉપાય કરો, એટલું મારા માટે બસ છે. "

" પુત્રી !" જગડુશાહે કહ્યું. " અમારી મતિ કુંઠિત થઇ ગઇ છે. તારાં દુઃખને ભૂલાવવાને માટે અમારે શું કરવું, એ અમને સુઝતું નથી; માટે અમને કોઇ માર્ગ બતાવ–રસ્તો દેખાડ. "

" પિતાજી ! મારે ભવિષ્યનું જીવન કેવી રીતે વ્યતિત કરવું, એ વિષે મેં હજી કશો નિશ્ચય કર્યો નથી. હમેશાં હું એજ વિચાર કરૂં છું; પરંતુ આજ પર્યંત એક નિર્ણય ઉપર આવી શકી નથી. " પ્રીતિમતીએ ઉત્તર આપ્યો.

જગડુશાહે ક્ષણભર વિચાર કરીને કહ્યું, " બેટા પ્રીતિમતી ! તારે જે નિશ્ચય ઉપર આવવું હોય, તે વિષે સંપૂર્ણ વિચાર કરીને અમને

કહેજે અને અમે તેને અવશ્ય અમલમાં મૂકશું. પરંતુ મેં મારાં ... તારાં સુખને માટે એક નિશ્ચય કરી રાખ્યો હતો અને તેને આજની તારી અવસ્થાથી ટેકો મળ્યો છે. મેં આજ પર્યંત એ નિશ્ચયને કોઈને-તારી માતાને પણ કહ્યો ન હતો; પરંતુ હવે હું તેને કહીશ અને તેની સં... મેળવીને તેને કાર્યમાં મૂકીશ. પુત્રી ! એ વિના તારૂં દુઃખ દૂર થશે નહિ.

છેવટનું વાક્ય બોલતાં બોલતાં જગકુશાહનાં મુખ ઉપર ... છાયા છવાઇ ગઇ અને પ્રીતિમતીનાં મુખ તરફ એક વાર જોઇને ત્યાંથી ચાલ્યો ગયો. યશોદા પણ પુત્રીને એક વાર બાથમાં લઇ ... ઉજ્જવલ કપોલ-પ્રદેશ ઉપર તથા મસ્તક ઉપર પ્રેમપૂર્વક હાથ ફેરવીને તથા આશ્વાસન આપીને ધીમે ધીમે ઓરડાનો ત્યાગ કરી ગઇ. તેઓ ... પછી પ્રીતિમતી ગહન વિચારમાં ગરકાવ થઇ ગઇ. પલંગ પાસેની દિ... ઉપર લટકાવેલાં ચિત્રને ત્યાંથી ઉતારી લઇ તે તેને એકધ્યાને નિહાળી ... તેનાં માતાપિતાની હાજરીમાં પ્રીતિમતીમાં જે દ્રઢતા અને હિંમત આવી હતી, તે પલાયન કરી ગઈ. તેની કોમળ કાયા કંપવા લાગી, તેનું હ... ધડકવા લાગ્યું અને તેની આંખે અંધારા આવ્યાં. દુઃખના અતિરે... તેની નાજુક દેહલતા પલંગમાં તુટી પડી અને તે ડુસકાં ભરી ... રૂદન કરવા લાગી. તેનાં મુખમાંથી કારમી ચીસ નીકળી ગઈ: " હાય વૈધવ્ય ! "



પ્રકરણ ૮ મું.

પુનર્લગ્ન કે પુનર્મીલન ?

કચ્છ દેશનાં સુવર્ણનગર ભદ્રેશ્વરના રાજા ભીમદેવ પ્રતિહાર સાથે ગુજરાતના રાજા વીરધવલને યુદ્ધ થયું હતું અને છેવટ બન્ને વચ્ચે સુલેહના કોલકરાર થયા હતા, એ વાત વાચક મહાશયો સારી રીતે જાણે છે. પરંતુ ત્યારબાદ ભીમદેવ પ્રતિહારનું મૃત્યુ થયું હતું અને એ નગર તથા તેને લગતો વેલાકુલ પ્રદેશ વીરધવળના અધિકારમાં આવ્યાં હ... તથા ઝાલોરના ચૌહાણ સરદારો સામંતપાલ, અનંગપાલ અને ત્રિલો... સિંહ જેઓ ભીમસિંહ પ્રતિહારની નોકરીમાં રહેલા હતા, તેઓ ... હવે વીરધવળની સેવામાં આવીને રહ્યા હતાં. ઇતિહાસ પ્રસિદ્ધ કચ્છ દેશનું આ અતિ સમૃદ્ધ અને વિશાળ નગર ભદ્રેશ્વર હાલ નાશ પામ્યું ... માત્ર તેનાં કોઇ કોઇ ખંડેરો રહ્યાં છે. કચ્છમાં હાલ જે ભદ્રેશ્વર ગા...

તે નવું વસાવેલું છે. જૂનાં ભદ્રેશ્વરનાં અવશેષોમાં જગડુશાહનું જૈન-દિર, દુદાશાહનાં શિવાલયનાં થાંભલા અને ઘુમટ, તેની પાસેની દુદા-વ, આશાપુરી માતાનું જીર્ણ દેવળ, બે મસ્જીદો અને લાલશાહબાઝ-રની દરગાહ છે, પરંતુ જે સમયની અત્રે વાત ચાલે છે, તે સમયનાં ભ-શ્વરની સુંદરતા અને વિશાળતા જૂદા પ્રકારની હતી. મોટાં મોટાં દેવાલ-યોનાં ધ્વજશિખરોથી અને ગગનસ્પર્શી મહાલયોના ઝરૂખાઓથી શો-તાં તથા દેરાઓમાં આરતી વખતના ઘંટાનાદથી અને પ્રાસાદોમાં યુવ-તિઓની ક્રિડાના હાસ્યધ્વનિથી ગાજતાં એ નગરનું કેટલું અને કેવું વર્ણન કરવું ! એનું વર્ણન કરવાને માટે તો કોઇ સર્વાનંદસૂરિ જેવા કવિ જોઇએ. શ્રી જગડૂચરિત કાવ્યમાં શ્રી સર્વાનંદસૂરિએ ભદ્રેશ્વરનું ટુંકું પણ સારૂં વર્ણન કરેલું છે.)

જેનાં પ્રાતઃસ્મરણીય નામથી અને જેની અસીમ ઉદારતાથી અ-ત્યારે પણ લોકો મંત્રમુગ્ધ થાય છે, તે ઉદાર નરશ્રેષ્ઠ જગડુશાહ આ નવલ કથાના સમયે ભદ્રેશ્વરમાં રહેતો હતો. જગડુશાહ જાતે શ્રીમાળી વણિક અને ધર્મે જૈન હતો. તેનો પિતા સોળ અને અને તેની માતા લક્ષ્મી મૂળ કંથકોટના રહેવાસી હતા; પરંતુ ત્યારપછી ભદ્રેશ્વરની ખ્યાતી સાંભળીને તેઓ તે નગરમાં આવીને વસ્યા હતા. જગડુને રાજ અને પદ્મ નામના બે ભાઇઓ હતા. આ ત્રણે ભાઇઓ પરણેલા હતા અને તેમની સ્ત્રીઓના નામ યશોદા (યશોમતી), રાજલ અને પદ્મા હતાં. ન્યાય અને નીતિપૂર્વક વાણિજ્ય અને ઉદ્યોગ કરતાં કરતાં જગડુ મહાન્ સમૃદ્ધી-શાળી અને મોટો સંપત્તિવાન બન્યો હતો. સમસ્ત ભદ્રેશ્વરમાં તેના જેવો બીજો કોઇ ધનાઢ્ય અને શ્રીમંત માલુમ ન હતો. ધનના પ્રભાવથી અને ઉત્તમ ચારિત્રથી જગડુશાહની કીર્તિ ચોતરફ પ્રસરી ગઇ હતી અને ગુજ-રાતના રાજા વીરધવલે તથા લોકોએ તેને એ પ્રદેશના નગરશેઠનું પદ આપેલું હોવાથી તેની પ્રતિષ્ઠા પણ સારી જામેલી હતી. જગડુશાહને સંતાનમાં માત્ર એક પુત્રી પ્રીતિમતી હતી. પ્રીતિમતી સૌંદર્યશાલિની અને લાવણ્યમયી હોવાની સાથે બુદ્ધિમતી, ચતુરા અને ગુણવતી હતી. જગડુશાહે તેને યોગ્ય વયે લગ્નો સમય આવ્યેથી યશોદેવ નામના એક રૂપવાન અને ગુણવાન યુવકની સાથે પરણાવી; પરંતુ તેનું પાણિ-ગ્રહણ કર્યાં પછી યશોદેવનું આકસ્મિક રોગથી અકાળ મૃત્યુ થયું ! અને પ્રીતિમતી યુવાવસ્થાના આંગણે પગ મૂકતાંજ વિધવા થઇ. પ્રીતિમતીના સંબંધમાં આટલા પ્રસ્તાવથી વાંચક બંધુઓ ગત પ્રકરણમાં વર્ણવેલી ઘટનાને સહજમાં સમજી શકશે.

એ ઘટના પછી કેટલોક કાળ વહી ગયો છે. ઉનાળો છ
ચોમાસું બેઠું છે. મેઘના આગમનથી વેલાકુલનો પ્રદેશ લીલોછમ
ગયો છે. આકાશ વાદળાથી હમેશાં ઘેરાયેલું રહે છે. સૂર્યનારાયણ
દર્શન કવચિતજ થાય છે. કોઈ કોઇ વાર વિજળીના ચમકારા
મેઘગર્જના થાય છે અને મેઘ મુશળધારે વરસે છે. પ્રીતિમતી
પણ એજ ઓરડામાં—એજ પલંગ ઉપર બેઠી હતી. તેના હાથ
તેના મૃત પતિ યશોદેવનું ચિત્ર હતું. તે એ ચિત્રને એક ધ્યાને
રહી હતી અને વારંવાર નિઃશ્વાસ મૂકતી હતી. જેમ પ્રકૃતિનાં રાજ
મેઘજન્ય તોફાન મચ્યું હતું, તેમ તેનાં મનોરાજ્યમાં વિચાર
તોફાન જામ્યું હતું. કેટલાક સમય પછી તે પલંગ ઉપરથી ઉ
ઓરડાના ઝરૂખાએ જઇને ઉભી રહી. તેણે ત્યાં ઉભા ઉભા જો
વર્ષાદ હજી પણ તેટલાજ જોરથી વર્ષતો હતો, વીજળીના ચમ
આંખને આંજી નાખતા હતા અને મેઘની ગર્જના કાનના પડ
ફાડી નાંખતી હતી. સામેનાં મહાલયની છત ઉપર મયુર અને મયુ
એક યુગલ અવનત મુખે મેઘની અવિરલ ધારાને હર્ષથી ઝી
પરસ્પર આલિંગીને બેઠું હતું ! પ્રીતિમતીની ચકોર દૃષ્ટિ તેનાં
પડી અને તે તુરતજ હાય પોકારતી ઝરૂખાથી પાછી ફરી. તેણે જ
ઉપર ઢગલાગ પડતાં પડતાં મોટા સ્વરથી કહ્યું. " આ મયુર
મયુરી અત્યારે જે સુખ ભોગવી રહ્યાં છે, તે સુખ ભોગવવાનો
કાર મને નથી, તો પછી આ સંસારમાં જીવીને શું કરવું છે?
અભાગિનીને માટે હવે તો મૃત્યુજ આ અસહ્ય યાતનામાંથી છુટ
એક માર્ગ છે ! હાય ક્રૂર વિધાતા ! "

બરાબર આજ વખતે પ્રીતિમતીના પિતા જગડુશાહે એ ઓર
ડામાં પ્રવેશ કર્યો. તેણે પ્રીતિમતી પાસે જઇને તેના વાંસામાં મૃદુતાથી
હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું. " બેટા ! વૈધવ્યની અતિ દુઃખકર યંત્ર
ણાઓમાંથી છુટવાનો મૃત્યુ સિવાય બીજો માર્ગ છે. અને એ માર્ગ
ઉપર તને ચઢાવવાનો મેં હવે નિશ્ચય કર્યો છે."

પ્રીતિમતી હરણીની જેમ જમીન ઉપર પડી રહી.

જગડુશાહે ત્વરાથી પુનઃ કહ્યું. " પ્રિય પુત્રી ! બેટા ! આ [illegible]
[illegible] મેં જે નિશ્ચય કર્યો છે, તેને અમલમાં મૂકવા
[illegible] હવે [illegible] નથી."

પ્રીતિમતી [illegible] તેના પિતાની સામે જોયું. [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

એ ઘટના પછી કેટલોક કાળ વહી ગયો છે. ઉનાળો [illegible] ચોમાસું બેઠું છે. મેઘના આગમનથી વેલાકુલનો પ્રદેશ લીલોછમ [illegible] ગયો છે. આકાશ વાદળાથી હમેશાં ઘેરાયેલું રહે છે. સૂર્યનારાય[illegible] દર્શન ક્વચિતજ થાય છે. કોઇ કોઇ વાર વિજળીના ચમકારા [illegible] મેઘગર્જના થાય છે અને મેઘ મુશળધારે વરસે છે. પ્રીતિમતી [illegible] પણ એજ ઓરડામાં—એજ પલંગ ઉપર બેઠી હતી. તેના હાથ[illegible] તેના મૃત પતિ યશોદેવનું ચિત્ર હતું. તે એ ચિત્રને એક ધ્યાને [illegible] રહી હતી અને વારંવાર નિઃશ્વાસ મૂકતી હતી. જેમ પ્રકૃતિનાં રાજ[illegible] મેઘજન્ય તોફાન મચ્યું હતું, તેમ તેનાં મનોરાજ્યમાં વિચા[illegible] તોફાન જામ્યું હતું. કેટલાક સમય પછી તે પલંગ ઉપરથી ઉ[illegible] ઓરડાના ઝરૂખાએ જઇને ઉભી રહી. તેણે ત્યાં ઉભા ઉભા જો[illegible] વર્ષાદ હજી પણ તેટલાજ જોરથી વર્ષતો હતો, વીજળીના ચમ[illegible] આંખને આંજી નાખતા હતા અને મેઘની ગર્જના કાનના પ[illegible] ફાડી નાંખતી હતી. સામેનાં મહાલયની છત ઉપર મયુર અને મયુ[illegible] એક યુગલ અવનત મુખે મેઘની અવિરલ ધારાને હર્ષથી ઝી[illegible] પરસ્પર આલિંગીને બેઠું હતું ! પ્રીતિમતીની ચકોર દૃષ્ટિ તેનાં [illegible] પડી અને તે તુરતજ હાય પોકારતી ઝરૂખાથી પાછી ફરી. તેણે જ[illegible] ઉપર લગભગ પડતાં પડતાં મોટા સ્વરથી કહ્યું. " આ મયુર મયુરી અત્યારે જે સુખ ભોગવી રહ્યાં છે, તે સુખ ભોગવવાનો [illegible] કાર મને નથી, તો પછી આ સંસારમાં જીવીને શું કરવું છે ! અભાગિનીને માટે હવે તો મૃત્યુજ આ અસહ્ય યાતનામાંથી છુટ[illegible] એક માર્ગ છે ! હાય ક્રૂર વિધાતા ! "

બરોબર આજ વખતે પ્રીતિમતીના પિતા જગડુશાહે એ ઓર[illegible] ડામાં પ્રવેશ કર્યો. તેણે પ્રીતિમતી પાસે જઇને તેના વાંસામાં મૃદુતાથી હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું. " બેટા ! વૈધવ્યની અતિ દુઃખકર યન્[illegible] ણામાંથી છુટવાનો મૃત્યુ સિવાય બીજો માર્ગ છે. અને એ માર્ગ ઉપર તને ચડાવવાનો મેં હવે નિશ્ચય કર્યો છે.

પ્રીતિમતી જેમની તેમ જમીન ઉપર પડી રહી.

જગડુશાહે વ્હાલથી પુનઃ કહ્યું. પ્રિય પુત્રી ! [illegible] થા અને શાંત થઇને મારી વાતને સાંભળ. મેં જે નિશ્ચય [illegible] તેના [illegible] નવા [illegible] સિવાય તારૂં દુઃખ દૂર થવાનું નથી.

પ્રીતિમતી સ્વસ્થ બનીને તેના પિતાની સામે [illegible] તેજ [illegible]

[illegible]

[illegible]

એ વિચારને વાતવામાં મૂક્યા વિના મારે રહેવાતું નથી. [illegible] એમ કર્યા વિના તું કે અને બન્ને થઈ શકીશું નહિ એ નક્કી છે."

[illegible] શાંત બની અને પોતાના તેના પિતાની વાત સાંભળી અને પરંતુ સમજવું તેણે યથાર્થ તેના વિચારો [illegible] એક અક્ષર પણ બોલ્યા વિના ચૂપચાપ બેસી રહી.

આ વખતે થોડાક પણ આંસુ પડેલાં. તેથી [illegible] કહ્યું, " દીકરી ! તું હવે રુદન કરે તો તને મારા સમ છે."

એમ કહીને યશોદા પ્રીતિમતીની પાસે જઇને બેઠી અને તેનાં આંસુઓને સાડીના પાલવ વતી લૂછવા લાગી.

એ પછી જગડુશાહે કહ્યું. "તને હવે રોવાનું કાંઈ કારણ નથી, કારણ કે તારાં રૂદનને સુકાવી નાંખવાનું અમે નક્કી કર્યું છે. માત્ર તારી સંમતિની વાર છે. તું અમારા નિશ્ચય સાથે સંમત થઇશ ?"

પ્રીતિમતીએ એક વખત તેની માતા તરફ અને એક વખત તેના પિતા તરફ જોયું અને પછી ક્ષણભર વિચાર કરીને કહ્યું. "પણ તમે મને તમારા નિશ્ચયને સ્પષ્ટતાથી કેમ કહેતા નથી ?"

જગડુશાહે તુરતજ કહ્યું. "પુત્રી ! તારૂં વૈધવ્યનું દુઃખ જે રીતે દૂર થાય, તે રીતને વર્તનમાં મૂકી તને પુનઃ સુખી કરવી, એ અમારો નિશ્ચય છે."

"પરંતુ વૈધવ્ય આ જન્મનું શાશ્વત દુઃખ છે. એ દુઃખને દૂર કરી સુખી બનવાની કોઈ રીત હોય, એ હું જાણતી નથી. પિતાશ્રી, તમારા નિશ્ચયને વધારે સ્પષ્ટ કરો." પ્રીતિમતીએ પણ તુરતજ કહ્યું.

"તારૂં કહેવું યોગ્ય છે; તેમ છતાં વૈધવ્યનાં દુઃખને દૂર કરવા ઉપાય છે અને તે ઉપાય એ પુનર્લગ્ન." જગડુશાહે સ્પષ્ટતાથી કહ્યું. "અમે કોઇ લાયક યુવકની સાથે તારૂં પુનર્લગ્ન કરી તને સુખી કરવા નિશ્ચય કર્યો છે. તારાં વૈધવ્યનાં દુઃખને દૂર કરવાનો ઠરાવ કર્યો છે."

પોતાના પિતાનાં મુખેથી પુનર્લગ્ન શબ્દ સાંભળીને પ્રીતિમતીને આશ્ચર્ય થયું. તેનાં મુખ ઉપરની દિલગીરી ચાલી ગઇ, તેની આંખનાં આંસુ સુકાઈ ગયા, તેનો શ્વાસ જોરથી ચાલવા લાગ્યો. અને તેનાં સર્વ અંગ ઉપર એક પ્રકારની દ્રઢતાની છાયા જણાઇ ગઇ.

તેણે તેની માતા તરફ અર્થસૂચક દ્રષ્ટિથી જોઇને પુછયું. "શું આ શક્ય વાત છે, માતુશ્રી !"

"શા માટે નહિ, બેટા !" યશોદાએ જવાબ આપતાં કહ્યું. "તારી સંમતિ હોય, તો એ વાત શક્ય થાય તેમ છે."

"પણ એ વાત શી રીતે શક્ય થાય તેમ છે ?" પ્રીતિમતીએ પુનઃ પુછયું. "સંસારનું બંધારણ અને સમાજનો તિરસ્કાર એ બે નાટાં વિઘ્નો પુનર્લગ્નની આડે પડેલાં છે એ તમે કેમ ભુલી જાઓ છો ?"

"એ વિઘ્નોને અમે ભુલી ગયા નથી; તે અમારાં ધ્યાનમાંજ છે." જગડુશાહે લાગણીથી ભરેલા અવાજે કહ્યું. "પરંતુ પ્રિય પુત્રી ! તારા સુખની ખાતર અમે સમાજના બંધારણ અને તિરસ્કારની અવગણના

થવાને તૈયાર થયાં છીએ. અમારાં બાળ સંતાનનું દુઃખ મીટાવવાને અમે નાત, જાત, ધર્મ કે સમાજ—કોઈની પણ દરકાર કરવાનાં નથી."

પ્રીતિમતીનાં આશ્ચર્યની હવે કોઈ સીમા રહી નહિ. તેણે પૂછ્યું. "પણ એવી રીતે નાત, જાત અને ધર્મની અવગણના અને તેના તિરસ્કારને સહન કરવા કોઈ યુવક તૈયાર છે—તૈયાર થશે ખરો!"

"શા માટે નહિ થાય?" જગડુશાહે ઉત્તર આપતાં કહ્યું. "અમે કોઈ નિર્ધન અને નિરાધાર પણ સુશિક્ષિત યુવકને શોધી કાઢીશું અને તેની સાથે તારું પુનર્લગ્ન કરી તેને અમારી સાથેજ રાખશું અને તેને આપણી આ સર્વ સંપત્તિનો ઉત્તરાધિકારી બનાવીશું. આવી લાલચને વશ કોઈ યુવક નહિ થાય, એમ બનેજ નહિ."

"પણ પિતાશ્રી! જાતિ અને સંઘના તિરસ્કારનો તમને સંપૂર્ણ ખ્યાલ હોય, એમ જણાતું નથી અને તમે જે સાહસ કરવાને તૈયાર થયા છો, તેનું કેવું અને કેટલું વિપરિત પરિણામ આવશે, એનું તમને ભાન હોય, એમ લાગતું નથી. માનો કે તેવો યુવક કોઈ મળી આવ્યો અને તેણે તમારી વાતનો સ્વીકાર પણ કર્યો; પરંતુ એથી જ્ઞાતિ તમારો વ્યવહાર બંધ કરશે, સંઘ તમને બહિષ્કારની શિક્ષા કરશે અને ભદ્રેશ્વરની સમસ્ત જનતા તમારો તિરસ્કાર કરશે! જ્ઞાતિ, સંઘ અને જનતામાં તમારી જે પ્રતિષ્ઠા છે, તે નાશ પામશે. આ નગરના નગરશેઠની માનનીય પદવી ચાલી જશે અને રાજદરબારમાં તમારું જે માન સચવાય છે, તેનાં બદલે અપમાન થશે, એટલુંજ નહિ પણ આપણા ગુરૂ તમને સંઘ ઠપકો આપશે. માટે પિતાશ્રી! પ્રથમ આ બાબતોનો વિચાર કરો અને પછી જે નિશ્ચય ઉપર આવવાનું હોય, તે ઉપર આવો." પ્રીતિમતીએ ગંભીરતાથી કહ્યું.

જગડુશાહે અવાજમાં સહજ જુસ્સો લાવીને કહ્યું. "તેં કહી તે બધી બાબતોનો મેં વિચાર કર્યો છે અને તેના અંતેજ હું એક નિશ્ચય ઉપર આવ્યો છું. જાતિ, સંઘ અને જનતાનો તિરસ્કાર મળતો હોય, તો ભલે મળો; મારી પ્રતિષ્ઠા અને નગરશેઠની પદવી ચાલી જતી હોય, તો ભલે ચાલી જાય અને આચાર્યમહારાજ ઠપકો આપતા હોય, તો ભલે આપે; પરંતુ મેં જે નિશ્ચય કર્યો છે, તે પ્રમાણે વર્તીશ અને તને સુખી કરીશ. દીકરી! તારાં સુખની આગળ મારાં માન, પ્રતિષ્ઠા અને નગરશેઠનું પદ કાંઈ વિસાતમાં નથી. તારું દુઃખ દૂર કરવાની ખાતર ગમે તેવા વિકટ સંયોગો અને વિઘ્નોની સામે થવાને હું તૈયાર થયો છું અને આ નગર કે દેશનો ત્યાગ કરવો પડે, તો તેમ કરવાને પણ આતુર છું. ટુંકામાં મારું

કહેવાનું એટલુંજ છે કે, ગમે તે ભોગે તારાં વૈધવ્યનાં દુઃખને દૂર કરી તું
સુખી બનાવીશ અને ત્યારેજ મારા દિલને શાંતિ મળશે. ”

પોતાના પિતાની દ્દઢતા અને તેનો એક નિશ્ચય જોઇને પ્રીતિમતી
આંખમાં આંસુ આવ્યાં. તેણે અવાજમાં સ્નેહ અને મૃદુતા આણીને કે
“ પૂજ્ય પિતાશ્રી ! તમારી આ દુઃખિની અને અભાગિની દીકરીના મ
તમારાં હૃદયમાં જે અગાધ સ્નેહ છે તથા તેનાં સુખને માટે તમે
અપૂર્વ સ્વાર્થત્યાગ કરવાને તૈયાર થયા છો, તેનો વિચાર કરતાં મ
હૃદય આનંદથી ઉભરાઇ જાય છે અને વર્ત્તમાન દુઃખને ભૂલી જાય
છે. તમારા જેવાં માતાપિતાનાં ગૃહે મારો અવતાર થયાનાં સૌભાગ
માટે હું ખરેખર મગરૂર છું. પરંતુ માતુશ્રી તથા પિતાશ્રી! તમે શું ?
માનો છો કે હું પુનર્લગ્ન કરવાને તૈયાર થઇશ અને એ રીતે સુ
બનવાનો વિચાર કરીશ ?”

“ ત્યારે શું તું તારાં જીવનને વૈધવ્યનાં અમાપ દુઃખમાં પૂર્ણ
કરીશ ? ” જગડુશાહે કાંઇક આશ્ચર્યનો ભાવ દર્શાવતાં પૂછ્યું.

“ અવશ્ય ” પ્રીતિમતીએ જવાબ આપ્યો. “ એમાં શંકાને
સ્થાન આપવાનું કાંઇ કારણ નથી. ”

“ પ્રીતિમતી ! ” જગડુશાહે કહ્યું. “ સંપૂર્ણ વિચાર કર્યા વિના
જવાબ આપ નહિ. પ્રથમ અંતરમાં ઉંડા ઉતરી બરોબર વિચાર કરી
જો અને પછી જે ઉત્તર આપવો હોય, તે આપ. ઉતાવળ કરવાનું કાંઇ
કારણ નથી. તારે અત્યારે જવાબ આપવો ન હોય અને વિચાર કરવે
હોય તો ભલે તેમ કર; પરંતુ મનમાં કોઈપણ પ્રકારની શરમ કે શંકા
રાખીને જીવનને બરબાદ કરવાનું સાહસ કરીશ નહિ. અમે પોતેજ જ્યાં
તને સુખી કરવાને તૈયાર થયા છીએ, ત્યારે તારે શામાટે દુઃખમાં સબડ
વાનું પસંદ કરવું જોઇએ ? ”

પ્રીતિમતીએ કહ્યું. “ પિતાજી ! મેં જે ઉત્તર આપ્યો છે,
સંપૂર્ણ વિચાર કર્યા પછીજ આપ્યો છે એટલે નવેસરથી વિચાર ક
ફરીને ઉત્તર આપવાપણું રહેતું નથી. આટલી નાની અવસ્થામાં અ
યૌવનની શરૂઆતમાં વિધવા થવાથી મને બહુ લાગી આવે છે, મા
અંતઃકરણ વૈધવ્યનાં દુઃખનો વિચાર કરતાં ચિરાય છે અને રાતદિવસ
એના એજ વિચારો કર્યા કરું છું; પરંતુ એ ઉપરથી હું પુનર્લગ્ન કરવા
તૈયાર થઇશ, એમ જો તમે માનતા હો, તો તે તમારી ગંભીર ભૂલ
પિતાશ્રી ! અત્યાર સુધીમાં મેં જે શિક્ષણ લીધું છે, તેથી મને સ
જણાયું છે કે સ્રીનું લગ્ન માત્ર એકજવાર થઇ શકે છે; ફરી ફરીને તે

લગ્ન થઈ શકતાં નથી. આપણી જ્ઞાતિ અને સમાજે સ્ત્રીને પુનર્લગ્નની છૂટ આપેલી નથી એટલે મારે તેવી છૂટ લેવાનું શામાટે પસંદ કરવું જોઈએ !"

"પુત્રી ! હું જાણું છું કે સંસારની વ્યવસ્થા અને સમાજનાં બંધારણમાં સ્ત્રીને પુનર્લગ્નની સ્વતંત્રતા આપેલી નથી; પરંતુ હું સમાજની મનાને ફક્ત તારાં સુખને માટે એક બાજુ મૂકવાને તૈયાર થયો છું. વિધવાને જે અસહ્ય દુઃખ સહન કરવું પડે છે અને તેને જે કરૂણાજનક સ્થિતિમાં મૂકાવું પડે છે, તેનો જો તેં યથાર્થપણે વિચાર કર્યો હોત, તો મારી ખાતરી છે કે તું મારા પ્રસ્તાવને સ્વીકારી પુનર્લગ્ન કરવાને તૈયાર થયા વિના રહેત નહિ. પુરૂષોને સ્ત્રીનાં મૃત્યુ પછી-અરે તેની હયાતીમાં પણ બે, ત્રણ કે એથી વધારે સ્ત્રીઓ કરવાનો "હક" છે, તો પછી તેવો હક સ્ત્રીઓને અને તેમાં પણ તારા જેવી બાળવિધવાને શામાટે હોવો જોઈએ નહિ ! સ્ત્રીઓને તેવા હકથી વંચિત રાખવાને માટે સમાજનું બંધારણ શું પુરૂષોનું પક્ષપાતી કરતું નથી ?"

પ્રીતિમતીની અવસ્થા જો કે પંદર કે સોળ વર્ષનીજ હતી; તોપણ એટલી નાની ઉમ્મરમાં તેણે ધર્મ અને નીતિનું ઉત્તમ શિક્ષણ સંપાદન કરેલું હતું અને તેની બુદ્ધિનો વિકાસ પણ સારી રીતે થયેલો હતો. તેનું અંતઃકરણ ધાર્મિક આચારો અને વિચારોથી કેવળ શુદ્ધ બનેલું હતું જેથી તેમાં વિકારને સહજ પણ સ્થાન ન હતું:

પોતાના પિતાની પુનર્લગ્નના પક્ષની દલીલ સાંભળીને પ્રીતિમતીએ દૃઢતા અને ગંભીરતાથી કહ્યું. "પિતાશ્રી ! વૈધવ્યનાં અસહ્ય દુઃખને સહન કરવું અને તેમાં પણ મારા જેટલી નાની ઉમ્મરથી એ દુઃખને સહન કરતાં કરતાં જીવનને શુદ્ધ રાખવું, એ મહાન્ મુશ્કેલ કામ છે, એ હું સારી રીતે જાણું છું; પરંતુ એથી ફરી હું પુનર્લગ્નના પચને સ્વીકારીશ કિંવા તેમ કરીને સુખી થઈશ, એ તમારી માન્યતા માત્ર પ્રત્યેના કેવળ સ્નેહને લીધેજ ઉદ્ભવેલી છે. વળી પિતાશ્રી ' સમાજમા પુરૂષો કોઈ ગેરવ્યાજબી હક ભોગવતા હોય, તો તે ઉપરથી સ્ત્રીઓને પણ તેવા હક મળવા જોઈએ, એ તમારી માન્યતા પણ ન્યાયયુક્ત નથી. સમાજનું બંધારણ પુરૂષોનું પક્ષપાતી હોય, તો ભલે હો. તે જોવાનુ મારૂં કામ નથી. મારૂં કામ ફક્ત મારા સ્ત્રીધર્મ પ્રમાણે વર્તવાનુ જ છે."

"પ્રીતિમતી ! મનના એક પ્રકારના આવેગને વશ થઈ સારાસારનો વિચાર કરવાના વિવેકને ભૂલી જા નહિ. સંસારના બંધારણને એક બાજુએ રાખી તારાં અંતઃકરણને પૂછી જો કે તું વૈધવ્યનાં દુઃખને જીવનભર સહન કરી શકીશ ! અને મરણાંત જીવનને શુદ્ધ અને નીતિના પંથે રાખી શકીશ ! અત્યારે તારૂં મન જે દૃઢતામાં રમે છે, તે દૃઢતા

ભવિષ્યમાં દુઃખના અતિરેકથી ઢીલી પડશે, ત્યારે વિકારને વશ થતાં ચંચળ મન જરા પણ વાર લગાડશે નહિ અને એ વખતે શાસ્ત્રનું ફરમાન કે સંસારનું બંધારણ ઝેર જેવું લાગશે; માટે વ્હાલી પુત્રી! લજ્જા અને આશંકાનો ત્યાગ કરી સુખી થવાની તને જે તક મળી છે, તેનો સદુપયોગ કરી લે. અમારી દ્રષ્ટિ આગળ અમારી લાડીલી, માનીતી અને પનોતી પુત્રી વૈધવ્યની અસહ્ય યાતનામાં સબડ્યા કરે, એ અમારાથી વધુ વખત જોઈ શકાશે નહિ."

જેમ જેમ જગડુશાહ આગ્રહ કરતો હતો, તેમ તેમ પ્રીતિમતીની દ્દઢતા વધતી જતી હતી. તેણે સહજ જુસ્સાથી કહ્યું. "પિતાશ્રી વૈધવ્ય દુઃખને સહન કરવાને હું ભવિષ્યમાં અસમર્થ નીવડીશ, તો શું તમે એમ માનો છો કે હું અનીતિના પંથે વિચરીશ? મારા માટે તમારા જેવાં પવિત્ર માતપિતાની પુત્રી માટે આ કેવી કુશંકા? આપ જ્યારે દુઃખ સહન નહિ થાય અને મન વિકારને વશ થવા જશે, ત્યારે તમારી દીકરી આ જગતમાંથી સ્વેચ્છાએ પ્રયાણ કરી જશે—સ્વહસ્તેજ જીવનનો અંત લાવશે; કિન્તુ અધર્મ અને અનીતિના પંથનો કદિપણ સ્વીકાર કરશે નહિ. એ સંબંધમાં તમારે મારી જરા પણ ચિંતા કરવાની નથી."

એ પ્રમાણે કહીને પ્રીતિમતી જરાવાર થોભી. તે પછી તેણે પુનઃ ગંભીરતાથી કહેવા માંડ્યું. "પિતાજી! લગ્ન એ એવો પવિત્ર સંબંધ છે કે સ્ત્રી કે પુરૂષનાં મૃત્યુ પછી કોઈએ પુનર્લગ્ન કરવાની ઈચ્છા કરવી, એને હું ભયંકર પાપ માનું છું. જો કે સ્ત્રીનાં મૃત્યુ પછી અને કોઈ વાર સ્ત્રીની હયાતીમાં પણ પુરૂષ બીજી વાર લગ્ન કરે છે, એવો સંસારનો રીવાજ છે; તો પણ તે પ્રશંસનીય છે, એમ તો નથીજ. સંસારમાં પુરૂષને ઉપદેષ્ટા અને સ્ત્રીને ઉપદેશ્ય માનીને તેમનાં અધિકારો અને કર્ત્તવ્યોને જૂદાં જૂદાં અને ચડતા ઉતરતા પંક્તિમાં રાખેલાં છે અને વ્યવહારની સામાન્ય દ્રષ્ટિથી જોતાં એ તો જગતે સ્વીકારેલો આ વ્યવહાર કેવળ અનુચિત અને પક્ષપાતી છે, એમ એકદમ કહી શકાશે નહિ; પરંતુ નિશ્ચયાત્મક દ્રષ્ટિથી જોતાં સ્ત્રી અને પુરૂષ [illegible] બરાબરજ છે. અને તેથી તેમનામાં અધિકારનો અને [illegible] જે [illegible] રાખેલા છે, તે ઉચિત દેખાશે નહિ. આ પ્રમાણે [illegible] પુરૂષને જેવી પુનર્લગ્નની છુટ આપેલી છે, તેવી છુટ સ્ત્રીને આપવી જોઈએ, [illegible] હું ન્યાયયુક્ત માનતી નથી; કારણ કે સ્ત્રી [illegible] અને એ રત્ન વધારેમાં વધારે [illegible], એમજ તેની મહત્તા સમાયેલી છે. પુરૂ-[illegible] સ્ત્રીને આપી શકાશે નહિ. કેમકે

સ્ત્રી એ ગૃહસંસારની દેવી છે; જગતમાં તેનું શીલ વંદનીય છે અને તેનું સતીત્વ પૂજનીય છે. આ રીતે જોઇએ તો જગતમાં સ્ત્રીનો દરજ્જો સહજ પણ નાનો નથી; તેનું મહત્વ થઇ શકે તેમ નથી. પરંતુ સ્ત્રીની આવી મહાન મહત્તા જ્યાં સુધી તે સદાચરણી, શીલવતી અને સતી હોય છે, ત્યાં સુધીજ ટકી રહે છે. સ્ત્રીને પુનર્લગ્નનીસ્વતંત્રતા આપવામાં આવે, તો પછી તેની મહત્તા ઘટી જાય છે, તેનું દૈવીત્વ ચાલ્યું જાય છે અને સંસારનાં એ અમૂલ્ય રત્નની કિંમત બજારની વસ્તુ સમાન થઇ પડે છે. લોકો પુરૂષનાં શીલને વખાણે છે; પરંતુ સ્ત્રીનાં શીલને તો પૂજે છે. શાસ્ત્રોએ શીલવતી સ્ત્રીની જેટલી મહત્તા ગાઇ છે, તેટલી પુરૂષનાં શીલની ગાઈ નથી. આ બધી હકીકત, પિતાજી ! તમે જાણો છો અને તે છતાં મને મારાં સ્ત્રી—ધર્મથી ચ્યુત થવાની ભલામણ કરો છો, એ મોટા આશ્ચર્યની વાત છે ! "

જગત્પ્રસાદ અને યશોદા પોતાની પુત્રીના ઉત્તમ વિચારો અને તેની ગંભીર વાણી સાંભળીને વિચારમાં પડી ગયાં. કેટલોક સમય પર્યંત વિચાર કર્યા પછી યશોદાએ કહ્યું, " બેટા ! અમે તને ધર્મ અને નીતિનું શિક્ષણ આપ્યું છે અને એ રીતે તારૂં જ્ઞાન, તારી બુદ્ધિ અને તારી વિચાર-શક્તિને કેળવવાનો પ્રયાસ કર્યો છે એટલે તારાં વિચારો અને ભાવનાઓ સારાં રહેશે, એવી અમને ખાતરી હતી; પરંતુ તારૂં મન આટલું ઉંચી હદે પહોંચ્યું છે અને તારાં અંતઃકરણમાં દઢતા અને ધીરજે આટલી સીમા પર્યંત સ્થાન લીધું છે, એનું જ્ઞાન મને આજેજ થાય છે. તારા જેવી સદ્દગુણી, સદાચારી અને શીલવતી પુત્રીને જન્મ આપવાને માટે હું મને પરમ ભાગ્યવતી જનની ગણું છું. "

યશોદા પ્રીતિમતીનાં વિચારને મળતી થઇ ગઇ છે, એ તેનાં કથન ઉપરથી જગત્ સમજી ગયો; પણ પુરૂષનો નિશ્ચય એકદમ ફરતો નથી. તેણે સાદમાં મૃદુતા અને કરૂણા ભરીને કહ્યું, " પ્રિય પુત્રી ! તારા ઉત્તમ વિચારો સાંભળીને તથા તારામાં સ્ત્રીનાં શીલનું અભિમાન જોઇને હું ઘણોજ ખુશી થયો છું. સ્ત્રીઓનાં શીલની, અને તેનાં શુદ્ધ ચારિત્રની સંસારમાં મોટી કિંમત છે અને એવી પરમ પતિવ્રતા સ્ત્રીઓને લોકો પ્રેમથી પૂજે છે, એ હું સારી રીતે જાણું છું. પરંતુ જ્યારે હું તારા સામે જોઉં છું, તારી નાની અવસ્થાનો વિચાર કરૂં છું, તારાં વૈધવ્યના અપરિમિત દુઃખને લક્ષ્યમાં લઉં છું અને તારા શોક તથા પરિતાપની સીમાને નિહાળું છું, ત્યારે મારૂં હૃદય રડી ઉઠે છે અને આપણી આ સંપત્તિ વિપત્તિ સમાન લાગે છે. આ કારણથીજ હું તને પુનર્લગ્ન કરવાની ભલામણ કરી રહ્યો છું અને હજી પણ ફરીને આગ્રહપૂર્વક કહું છું કે,

તેનાં અપ્રતિમ લાવણ્ય અને તેના દેખીતા પ્રેમ ઉપર પાગલ બની ગયો હ
આ સૌંદર્યના સાગરમાં હળાહળ વિષ રહેલું છે, એ વીરમ જાણતો ન

વીરમદેવ જ્યારે મધુરીના ખંડમાં દાખલ થયો, ત્યારે તે
જાગૃત અવસ્થામાં નીચે જમીન ઉપર બીછાવેલી ગાદી ઉપર તકી
મસ્તક અઢેલીને આડી પડેલી હતી. એ રૂપસુંદરી તરૂણીનાં મસ્તક
રથી વસ્ત્ર ખસી ગયું હતું. તેનો કેશકલાપ છૂટો થઇ ગયો હતો અને
બીજાં ઉત્તરીય વસ્ત્રો અસ્તવ્યસ્ત સ્થિતિમાં ખસી ગયાં હતાં. ખંડમાં
પાંચ સુગંધી દીપકો બળી રહ્યાં હતા. અને તેનો પ્રકાશ મધુરીની સું
નાસિકામાં શોભતી હીરાજડિત ચુંક ઉપર પડતો હોવાથી તે ચુંક વિજ
જેમ ક્ષણ ક્ષણમાં ચમકતી હતી. આ અતિ નયનમનોહર દસ્ય જો
વીરમ મંત્રમુગ્ધ બની ગયો. તેનો ક્રોધ શાંત થઇ ગયો અને પરિ
પલાયન કરી ગયો. તેણે મધુરીને જાગૃત કરવાને બદલે શાંતિ અને
ધ્યાનથી આ દિલરંજન દસ્યને જોવાનુંજ વધારે પસંદ કર્યું. પણ મ
કાંઇ ગાઢ નિદ્રામાં ન હતી. તેનાં ચંચળ નયનો અચાનક ખુલ્લી ગયાં
પોતાની સામેજ યુવરાજને મંત્રમુગ્ધ અવસ્થામાં ઉભેલો જોઇ
વસ્ત્રોને ઠીકઠાક કરતી એકદમ ઉભી થઈ ગઈ અને વીરમના કંઠમાં હાથ
કાંઇક શરમાતી અને કાંઇક સ્મિત કરતી નીચું જોઇ રહી. આ સ્નેહ
સત્કારથી વીરમનું તપેલું મસ્તક ઠંડું થઈ ગયું અને તેના આ
અવધિ આવી રહ્યો. વીરમદેવ ઘડીભર આ લોકના આધિ, વ્યાધિ
ઉપાધિને ભૂલી ગયો અને સ્વર્ગનાં સુખની કલ્પના કરી તેમાં વિહરવા લ

સ્વર્ગનાં સુખની કલ્પના ખુટી પડતાં વીરમે સ્નેહથી ભરપુર
કહ્યું " મધુરી ! તારૂં રૂપ અલૌકિકજ છે. "

મધુરીએ સહજ હસીને કહ્યું. " એ વાતને જવા દો, યુવરાજ ! પ
આપ ક્યારે પધાર્યા, તે કૃપા કરીને કહો. હું જો કે સાવ ઉંઘી ગઇ ન હતી
અને મને જણાય છે કે તુરતજ જાગી ગઇ છું; તો પણ આપને બહુ વા
ઉભું રહેવું પડયું નથી ને ? "

વીરમને મધુરીનાં સૌંદર્યનો ચડેલો નીસો હજી ઉતર્યો ન હતો
તેણે ફરીને પણ કહ્યું " અને તારૂં મંદ હાસ્ય અને તારી મીઠી વા
પણ અલૌકિકજ છે. "

મધુરી હવે જોરથી હસી પડી. તેના હાસ્યથી આખો ખંડ પણ પડ
રૂપે જાણે હસવા લાગ્યો. તેણે યુવરાજના હાથને પોતાના કોમળ કરમાં લઈ
કહ્યું. " રાજકુમાર ! આપને મારૂં સર્વસ્વ અલૌકિક અને મધુર લાગે
પરંતુ મારી વાત મધુર લાગતી નથી. "

"આ તું શું બોલે છે ?" રાજકુમારે આશ્ચર્ય પામીને કહ્યું. "શું તારી વાત મને મધુર લાગતી નથી ?"

મધુરી વીરમની સાવ પાસે બેસી ગઈ અને જેમ એક રમકડાને બોલાવીને બેસાડે, તેમ તેણે રાજકુમારને તે ઉપર બેસાડ્યો અને પોતે તેના પગ પાસે બેસવા ઇચ્છા કરી. પણ વીરમને એ ગમ્યું નહિ. તેણે પોતાના બે બાહુવડે મધુરીની અનુપમ કોમળ દેહલતાને ઉપાડી પોતાની બાજુમાં બેસાડી દીધી. મધુરીને પણ એટલું જોઈતું હતું. પોતાનાં શરીરનાં અને સૌંદર્યના અગ્નિથી વીરમનાં શરીર અને હૃદયમાં જે અગ્નિ સળગ્યો હતો, તેને સતેજ રાખવાને તે ઇચ્છતી હતી.

યુવરાજ વીરમ આગલની જેમ મધુરીના મધુર મુખને અનિમિષ નયનોથી જોઈ રહ્યો હતો. મધુરીએ બે હાથવડે પોતાનાં મુખને ઢાંકી દીધું. "યુવરાજ ! આપને મારી વાત મધુર લાગતી નથી, એ શું અસત્ય છે ? કહો કે એ કેવળ અસત્ય જ છે."

વીરમે મધુરીના હાથને તેના મુખ ઉપરથી દૂર કરીને કહ્યું. "તારાં મુખચંદ્રને હાથરૂપી વાદળામાં છુપાવ નહિ. તેને પ્રગટ પ્રકાશવા દે. તેમાંથી ઝરતા અમૃતને મને પીવાય તેટલું પીવા દે."

મધુરીએ વીરમના ખભા ઉપર પોતાનો બાહુ નાખીને કોમળ કરુણાભર્યા સ્વરથી પૂછ્યું. "પ્રિય રાજકુમાર ! પણ આપ શું મારા પ્રશ્નનો ઉત્તર નહિ આપો ?"

"શા માટે નહિ આપું ? યુવરાજે કહ્યું. "પણ વ્હાલી મધુરી ! મને પ્રશ્નો પૂછવાનું મૂકી દઈ તારા સુખકર સહવાસમાં આમને આમ પડ્યો રહેવા દેવાની કૃપા કર તો વધારે ઉત્તમ. આહા ! તારા જેવી સુન્દરીના સહવાસમાં પડ્યા પછી મને પ્રશ્નો પૂછવાનું કે ઉત્તરો આપવાનું કાંઈએ પસંદ પડતું નથી."

પણ મધુરીને વીરમ પાસેથી ઉત્તર મેળવવાનો હતો. તેથી તેણે જરા નારાજ બનીને કહ્યું, "યુવરાજ ! આપને જે વાત પસંદ નથી, તે વાત મને પણ પસંદ નથી; પરંતુ મને આપનાં આજનાં વર્તન ઉપરથી જણાય છે કે આપનું ચિત્ત સ્વસ્થ નથી, આપનાં મુખ ઉપર ક્રોધ અને ચિંતાનો કાલિમા સ્પષ્ટ દેખાય છે અને આપની આંખોમાં નિરાશા વ્યાપેલી જોવાય છે. આપની આવી દશા થવાનાં મૂળ કારણને તો હું જાણું છું; પરંતુ આજકાલ કે અત્યારે કાંઈ નવું કારણ ઉપસ્થિત થયું છે કે નહિ, તે જાણતી નથી."

આટલું કહીને તેણે વીરમની સામે જોયું. વીરમ એક

તેનાં અપ્રતિમ લાવણ્ય અને તેના દેખીતા પ્રેમ ઉપર પાગલ બની ગયો હ આ સૌંદર્યના સાગરમાં હળાહળ વિષ રહેલું છે, એ વીરમ જાણતો ન હ

વીરમદેવ જ્યારે મધુરીના ખંડમાં દાખલ થયો, ત્યારે તે અ જાગૃત અવસ્થામાં નીચે જમીન ઉપર બીછાવેલી ગાદી ઉપર તકિ મસ્તક અઢેલીને આડી પડેલી હતી. એ રૂપસુંદરી તરૂણીનાં મસ્તક ઉ રથી વસ્ત્ર ખસી ગયું હતું. તેનો કેશકલાપ છૂટો થઇ ગયો હતો અને તે બીજાં ઉત્તરીય વસ્ત્રો અસ્તવ્યસ્ત સ્થિતિમાં ખસી ગયાં હતાં. ખંડમાં પાંચ સુગંધી દીપકો બળી રહ્યાં હતા. અને તેનો પ્રકાશ મધુરીની સુ નાસિકામાં શોભતી હીરાજડિત ચુંક ઉપર પડતો હોવાથી તે ચુંક વિજ જેમ ક્ષણ ક્ષણમાં ચમકતી હતી. આ અતિ નયનમનોહર દૃશ્ય જો વીરમ મંત્રમુગ્ધ બની ગયો. તેનો ક્રોધ શાંત થઇ ગયો અને પરિ પલાયન કરી ગયો. તેણે મધુરીને જાગૃત કરવાને બદલે શાંતિ અને ધ્યાનથી આ દિલરંજન દૃશ્યને જોવાનુંજ વધારે પસંદ કર્યું. પણ મ કાંઇ ગાઢ નિદ્રામાં ન હતી. તેનાં ચંચળ નયનો અચાનક ખુલ્લી ગયાં પોતાની સામેજ યુવરાજને મંત્રમુગ્ધ અવસ્થામાં ઉભેલો જોઈ વસ્ત્રોને ઠીકઠાક કરતી એકદમ ઉભી થઈ ગઈ અને વીરમના કંઠમાં હાથ નાં કાંઇક શરમાતી અને કાંઇક સ્મિત કરતી નીચું જોઇ રહી. આ સ્નેહ સત્કારથી વીરમનું તપેલું મસ્તક ઠંડું થઈ ગયું અને તેના આનં અવધિ આવી રહ્યો. વીરમદેવ ઘડીભર આ લોકના આધિ, વ્યાધિ ઉપાધિને ભૂલી ગયો અને સ્વર્ગનાં સુખની કલ્પના કરી તેમાં વિહરવા લા

સ્વર્ગનાં સુખની કલ્પના છુટી પડતાં વીરમે સ્નેહથી ભરપુર કહ્યું " મધુરી ! તારૂં રૂપ અલૌકિકજ છે."

મધુરીએ સહજ હસીને કહ્યું. " એ વાતને જવા દો, યુવરાજ! આપ ક્યારે પધાર્યા તે કૃપા કરીને કહો. હું જો કે સાવ ઉંઘી ગઇ ન અને મને જણાય છે કે તુરતજ જાગી ગઇ છું; તો પણ આપને બહુ ઉભું રહેવું પડ્યું નથી ને ?

વીરમના મધુરીના સૌંદર્યનો ચઢેલો નીશો હજી ઉતર્યો ન તેણે ફરીને પણ કહ્યું " અને તારૂં મંદ હાસ્ય અને તારી મીઠી વાણી પણ અલૌકિકજ છે.

મધુરી હવે ખડખડાટ હસી પડી. તેના હાસ્યથી આખો ખંડ પણ પડ રૂપે જાણે હસવા લાગ્યો. તેણે યુવરાજના હાથને પોતાના કોમળ કરમાં લઈ કહ્યું. " રાજકુમાર ! આપને મારૂં સર્વસ્વ અલૌકિક અને મધુર લાગે છે પરંતુ મારી વાત મધુર લાગતી નથી."

" [illegible] "

[illegible]

[illegible]

[illegible] "[illegible]" [illegible]

[illegible] "[illegible]" [illegible] આ પ્રશ્નનો ઉત્તર નહિ આપો ? "

" [illegible] નહિ આપું ! [illegible] મને મારો પૂછવાનું [illegible] ઉત્તર [illegible] સુંદરીના [illegible] કોઈને કહેવું પણ નથી."

પણ અર્જુનને ચીત્રમ પાસેથી ઉત્તર [illegible] તેણે [illegible] કહ્યું, " કુંવરજી ! આપને કંઈ વાત પસંદ નથી, તે વાત મને પણ પસંદ નથી; પરંતુ મેં આપના આજના વર્તન ઉપરથી જાણ્યું છે કે આપનું ચિત્ત સ્વસ્થ નથી. આપના મુખ ઉપર ક્રોધ અને ચિંતાના ચિહ્નો સ્પષ્ટ દેખાય છે અને આપની આંખોમાં નિરાશા વ્યાપેલી જણાય છે. આપની આવી દશા થવાના મૂળ કારણને તો હું જાણું છું. પરંતુ આપને [illegible] ઉપસ્થિત થયું છે કે નહિ, તે જાણતો નથી."

એટલું કહીને તેણે ચીત્રમની સામે જોયું. ચીત્રમ એક ધ્યાને તેની

વાત સાંભળી રહ્યો હતો. તેણે વીરમના ખભા ઉપરથી પોતાનો હ
તેના કંઠની આસપાસ નાંખીને આગળ ચલાવ્યું. " રાજકુમાર ! આ
મસ્તકમાં જે ચિંતા છે અને આપનાં હૃદયમાં જે શોક અને પરિતાપ
તેને દૂર કરવાને માટે હું તથા સરદાર જયંતસિંહ આપને વખતોવખ
સલાહ આપીએ છીએ કે, આપે આપનાં પદ, ગૌરવ અને સ્વમાન
વિચાર કરી આપના પિતાને સ્પષ્ટ શબ્દોમાં કહી નાંખવું જોઈએ
વીસળદેવ તરફનો આપનો પક્ષપાત કેવળ અનુચિત છે, વસ્તુપાળ
તેજપાળ વગેરે મંત્રીઓને આપેલી અપરિમિત્ત સત્તા ભવિષ્યમાં આપ
પાયમાલ કરશે અને આપની—એટલે કે યુવરાજની તરફ બતા
બેદરકારી અને તેને કોઈ પણ જાતનાં કારણ વિના ધોળકામાંથી ચા
જવાની કરેલી આજ્ઞા કેવળ અન્યાયયુક્ત છે. આપ આપના પિત
રાજા વીરધવળને જાતે મળો, તેમને તમારાં અંતરની વાત કહો
એ ભૂલા પડેલા રાજાને સમજાવો. તેમ છતાં જો તે નહિ સમજે
આપની સલાહ માન્ય નહિ કરે; તો આપણો માર્ગ ખુલ્લો થશે. તે
આપને ખુદ પિતા ઉપર ચડાઈ લઈ જવાને માટે આપના પિતામ
મહારાજા ભીમદેવ દોષ આપશે નહિ. અત્યારે આ સંસારમાં અ
કોઈ હિતેચ્છુ અને અંગના માણસો હોય, તો હું અને સરદાર જયં
હજ છે. અને અમે આપને હરેક પ્રસંગે સલાહ આપવામાં તથા
કરવામાં જરા પણ પાછા પડશું નહિ. આપને—રાજા વીરધવળના
હકદાર યુવરાજને ધોળકાની તો શું પણ પાટણની રાજ્યગાદી
બેસારવા એ મારી અંતઃકરણની ઇચ્છા છે અને સરદાર જયં
તેના જીવના જોખમે એ સંબંધમાં ખટપટ કરી રહ્યા છે. આપના
જેવા અવિચારી રાજા અને વસ્તુપાળ તથા તેજપાળ જેવા દંભી
ઓના હાથે ન્યાય અને નીતિનું ખુન થતું જોઈ અમારૂં હૃદય શાંત
રહતું નથી. ભગવાન સોમનાથ અમને જશ અપાવે, એજ
એક અમારી ઇચ્છા છે."

મધુરીનું લાંબુ અને લાગણીથી ભરપુર કથન સાંભળીને વીર
આશ્ચર્યમાં તલ્લીન થઈ ગયો. તેનું ભોળુ અને નિર્દોષ હૃદય ઉપકારન
અસરથી ભરાઈ ગયું. તેણે પોતાનો હાથ મધુરીના કંઠની આસપા
નાંખીને કહ્યું " પ્રાણથી પણ અત્યંત પ્રિય, એવી હે મધુરી ! તારો મા
ઉપર અપ્રતીમ પ્રેમ છે. તારૂં કોમળ અંતઃકરણ મારાં દુઃખને માટે ર
છે અને સુખને શોધે છે. તથા તારાં અંતઃકરમાં મારા વાસ્તે ચિંતા અ
લાગણી ભરી છે, એ હું તારો પર સમજી રહ્યો છું, ને તે માટે તા
ઉપકાર માનું છું. હું જાણું કે મારા પિતાનો વડો પુત્ર છું અને રાજ્ય

રાધિકારી યુવરાજ છું; તો પણ પિતાથી વિના કારણે તજાયેલો છું ર મંત્રીઓ તથા પ્રજાજનોથી વિના દોષે તિરસ્કારને પાત્ર બનેલો છું. દી આવી સ્થિતિમાં તું અને સરદાર જયંતસિંહ મારાં સાચા શુભેચ્છક ને હિતેચ્છુ છો, તથા તમે ઉભય મને દરેક પ્રકારે સહાય આપવાને તુર છો, એ મારી જાણ બહાર નથી. હું તને ખાતરી આપું છું કે ારે ધોળકા કે પાટણની ભવ્ય રાજગાદીનાં પગથીયા ઉપર હું પગ કીશ, ત્યારે તમારા અનેક ઉપકારોનો બદલો વ્યાજ સાથે અવશ્ય ઉ વાળી આપીશ; તને-મ્હારી વ્હાલી મધુરીને રાજરાણી બનાવીશ થા સરદાર જયંતસિંહને મહામંડલેશ્વરનાં પદથી વિભુષિત કરીશ."

એટલું બોલીને વીરમ ક્ષણવાર પર્યંત ચુપ રહ્યો. તે પછી આવે-માં આવીને તેણે સહજ જુસ્સાપૂર્વક કહ્યું. " મધુર મધુરી ! તારો મારા પર જે અગાધ પ્રેમ છે. તે માટે મારે શું કહેવું અને શું બોલવું તથા ારા હૃદયમાં જે લાગણીઓનું પુર ઉભરાઈ જાય છે, તેને શી રીતે ગાર કર્યાવવું, તે હું સમજી શકતો નથી. તારાં જેવી સુંદરીનાં ૂપ તથા લાવણ્યનું પણ શું વર્ણન કરું ! કારણકે દુભાગ્યે હું કવિ કે ચિત્રકાર નથી. જ્યારે હું તને-સૌંદર્યના સાગરને મારી ચક્ષુએ નિહાળું છું; યારે મારી ચિંતા, મારો શોક અને મારું દુઃખ કેવળ ભૂલી જઉં છું. અને અહોનિશ તારાં અનિન્દિત રૂપ-લાવણ્યનું પાન કર્યાજ કરું, એવી ભાવના મારા હૃદયમાં ઉત્પન્ન થાય છે. સુંદર નાજુક નારી ! તારાં અ-પ્રતિમ રૂપ અને અલૌકિક લાવણ્ય આગળ અણહીલપુર પાટણની રાજ-ગાદી પણ કાંઈ વિસાતમાં નથી. મારા પિતા, રાજ્યના મંત્રીઓ અને પ્રજાજનો ભલે મારો ત્યાગ કરે; ભલે આખું જગત મને તિરસ્કારે; પરંતુ જ્યાં સુધી મારા ઉપર મારી પ્રેમપાત્રી મધુરીનો પ્યાર છે, ત્યાં સુધી હું તેમની રજમાત્ર પણ દરકાર કરવાનો નથી. મારે નથી જોઈતું યુવ-રાજપદ કે નથી જોઈતો રાજમુકુટ; મારે જોઈએ છીએ માત્ર તારા જેવી સર્વાંગ સુંદરીનો સાચો સ્નેહ અને સુખકર સહવાસ !"

મધુરીએ જાણ્યું કે, વીરમને પોતાનાં રૂપની અતિ તીવ્ર મદિરાનો બેહદ નીસો ચઢ્યો છે અને તેથી તે અંતરમાં ઘણીજ ખુશી થઇ. તેણે તેનાં મદભર નયનો નચાવીને કહ્યું. " મારા ઉપર આપની અત્યંત કૃપા છે, રાજકુમાર ! અને તે માટે હું મને પરમ ભાગ્યશાલિની માનું છું. પણ પ્રાણવલ્લભ ! એક વાર કહો કે મને જેમ તારૂં સર્વસ્વ મધુર લાગે છે, તેમ તારી વાત પણ મધુર લાગે છે એટલે-મારા દિલને સંતોષ થશે."

વીરમે હસીને તુરતજ કહ્યું. " અરે તારી વાત મને એક વાર નહિ પણ સો વાર મધુર લાગે છે. હવે તારાં દિલને સંતોષ થયો ?"

મધુરીએ હાવભાવપૂર્વક પૂછ્યું. "ત્યારે કહો કે આપ છેવટ [illegible] નિશ્ચય ઉપર આવ્યા છો ?"

વીરમને રાજકીય ચર્ચા તથા ખટપટની વાત બહુ પસંદ ન [illegible] તેથી તેણે પરાણે ઉત્તર આપતાં કહ્યું. "પ્રભાતમાં વહેલો જયંતસિંહને મ[illegible] વાને માટે હું નિશ્ચિત સ્થળે જવાનો છું એટલે તેને મળ્યા પછી તથા તે[illegible] સાથે ચર્ચા કર્યા પછી છેવટ કયા નિશ્ચય ઉપર આવવું, એ નક્કી થઇ શક[illegible]

"ખરેખર છે." મધુરીએ કહ્યું. "પણ હવે જે નિશ્ચય ઉ[illegible] આવવું હોય, તે ઉપર જલ્દી આવી જાઓ તો સારું; કારણ કે [illegible] જેમ વખત જાય છે, તેમ તેમ આપણી મુશ્કેલીઓ વધતી જ જાય છે."

"હા, એ ખરું છે." વીરમે કહ્યું. "હવે થોડાજ વખતમાં [illegible] નક્કી થઇ જશે."

વીરમનાં હૃદયમાં જે વાતને ઠસાવવાનું કામ મધુરીને કરવા[illegible] હતું, તે પૂર્ણ થઇ રહ્યું એટલે તેણે વાતના વિષયને તુરતજ બદલી નાંખ[illegible] અને સહજ સ્મિત કરીને પૂછ્યું. "પણ યુવરાજ ! આપણા આ કા[illegible] ક્રમને આપનાં રાણી અમરદેવી તો જાણતા નથી ને ?"

અમરદેવીનું નામ સાંભળતાં વીરમનો ગુસ્સો પુનઃ ઉભરા[illegible] આવ્યો. તેણે થોડા સમયપર્યંત વિચાર કરીને ઉત્તર આપતાં કહ્યું. "[illegible] આપણા કાર્યક્રમને સંપૂર્ણતઃ જાણતી નહિ હોય; પરંતુ તેને વ્હેમ [illegible] ચોક્કસ પડ્યો છે અને તેથી તે હરકોઇ ઉપાયે, આપણા કાર્યક્રમને સંપૂર્ણ[illegible] જાણ્યા સિવાય રહેશે નહિ."

"ત્યારે મારે અમરદેવીથી ડરતા રહેવું જોઇએ." મધુરી[illegible] અવાજમાં કૃત્રિમતા આણીને કહ્યું.

"શા માટે ?" વીરમે ક્રોધપૂર્વક કહ્યું. "તારે તેનાથી ડરવા[illegible] કાંઈ પણ કારણ નથી."

"પણ મારે તેમનાથી સાવચેત તો રહેવું જોઇએ." મધુરી[illegible] કહ્યું. "મને લાગ્યું છે કે અમરદેવી આગના કટકા છે; તેમનો ક્રો[illegible] બહુ ભયંકર છે."

"પણ તે [illegible] નહિ." વીરમે દૃઢતા[illegible] પૂર્વક કહ્યું.

"બહુ સારું [illegible]." "આપ પ્રભાતમાં [illegible] વહેલા બહાર [illegible] થોડી વાર નિદ્રા લ્યો તો [illegible] દુરસ્ત છે [illegible] થવા આવ્યો છે.

"વ્હાલી મધુરી ! તારા સહવાસમાં પડ્યા પછી મને સુખ
ખ, શોક અને નિદ્રા કશાનું ભાન રહેતું નથી. જ્યારે તારા સન્મુખ
ી તારાં અસીમ સૌન્દર્યને એક દષ્ટિએ જોયા કરું અને મુખચંદ્રમાંથી
તાં અમૃતનું પાન કર્યા કરૂં. જગતમાં સર્વથી શ્રેષ્ટ જો કોઈ વસ્તુ હોય,
તે લલિત લલનાજ છે અને તેને પામ્યા પછી પુરૂષ સર્વ પ્રકારનાં
ખ અને ચિંતાને ભૂલી જાય છે. અહો ! નાજુક નારી કે જેના એકે-
ક અવયવમાં મૃદુતા, કોમળતા અને સુંદરતા ભરેલી છે, તેનું યોગ્ય
ત્ર દોરવાને કે તેનું સ્પષ્ટ વર્ણન કરવાને મારામાં શક્તિ નથી."
ીરમે જુસ્સાથી કહ્યું અને કોઈ ગાંડા માણસની જેમ તે મધુરીનાં
ર્વાંગ તરફ આંખો ફાડીને જોઈ રહ્યો.

વીરમ આ દશામાં કેટલોય વખત બેસી રહેત: પરંતુ મધુરીએ
ને બેઠો હતો ત્યાંથી ઉઠાડ્યો અને એ ખંડમાં બિછાવેલા પલંગ ઉપર
અતિ આગ્રહથી સુવડાવ્યો. મધુરી પલંગ ઉપર બેસી તેનાં મસ્તક ઉપર
ાનાનો કોમળ કર ફેરવવા લાગી. વીરમ તત્કાળ ઘસઘસાટ ઉંઘી ગયો.
મધુરી તુરતજ પલંગ ઉપરથી ઉઠી અને ખંડની બહાર જવાને દ્વાર
તરફ વળી. પણ બહાર જતાં પહેલાં તે પલંગ પાસે જરાવાર ઉભી રહી
અને નિદ્રાધિન વીરમનાં મુખ તરફ એક ધ્યાને જોઈ રહી. શું મધુરી
પણ વીરમની જેમ મોહમાં ગાંડી થઈ ગઇ હતી ? આ પ્રશ્નનો સ્પષ્ટ
ઉત્તર આપવાને લેખક અસમર્થ છે. મધુરી જેવી ચંચળ સ્વભાવની
અને માત્ર સ્વાર્થ પૂરતો સ્નેહ રાખનારી સ્ત્રી વીરમ ઉપર મોહિત થાય,
એ અશક્ય છે. મધુરી ખંડનાં દ્વાર તરફ ચાલી. એ ક્ષણે એનાં મુખ
ઉપર ગર્વયુક્ત હાસ્ય રમતું હતું. મૂર્ખના શિરોમણિ વીરમને પોતાનાં
રૂપની પાછળ પાગલ બનાવવાને માટે તે ગર્વથી હસતી હતી. હાય,
રૂપલબ્ધ તરૂણ ! મૂર્ખ વીરમ ! આ સુંદર દેખાતી સ્ત્રીના હાથે તારી
શી દશા થશે ! ખરેખર સ્ત્રીનાં સૌંદર્યે ઇતિહાસના ક્રમને જેટલો ફેરવી
નાખ્યો છે, તેટલો બીજા કોઇએ ભાગ્યેજ ફેરવ્યો હશે !

મધુરી દ્વાર પાસે પહોંચી કે તેજ ક્ષણે કોઇએ દ્વાર ઉપર ત્રણ-
ચાર ટકોરા માર્યા. તેણે તુરતજ દ્વારને ખોલ્યું. સામે કષાય વસ્ત્રધારી
એક સંન્યાસી ઉભો હતો. મધુરીએ તેને ચૂપ રહેવાની અને પોતાની
પાછળ ચાલ્યા આવવાની સંજ્ઞા કરી.



પ્રકરણ ૧૦ મું.

વીરમ પાટણ ગયો.

[illegible] અને સંન્યાસી પાછા એ રીતે ગાતાં [illegible] ખંડમાં આવી પહોંચ્યા. ખંડમાં પ્રવેશીને [illegible] અંદરથી બંધ કરી દીધું અને ખંડમાં એક બાજુ દી[illegible] [illegible] દીપક સળગા[illegible] [illegible] આ ખંડ બહુ મોટો કે સુશોભિત ન [illegible] [illegible] અને સામાન્ય રીતે શણગારેલો હતો.

[illegible] ઉપર બેસતાં બેસતાં હસીને કહ્યું [illegible] !"

"[illegible] !" સંન્યાસીએ પણ [illegible]

[illegible]

" અત્યારે મોડી રાતે બીક્ષા શાની ? તમે દીવાના તો નથી ાને ! " મધુરીએ તેવીજ ગંભીરતાથી પૂછ્યું.

" બીક્ષા શાની કેમ ! શું આ સંન્યાસી પ્રસંગોપાત્ આ પ્રણે બીક્ષા લેવાને માટે અહીં આવતો નથી ? " સંન્યાસીએ ઉત્તર ાપતાં કહ્યું.

" અરે સંન્યાસી મહારાજ ! તમને આ શું થયું છે ? તમે શું ાલો છો, એનું તમને જરાએ ભાન છે કે નહિ ? " મધુરીએ દેખીતા રસાથી પ્રશ્ન કર્યો.

" જ્યારે હું અહીં આવું છું અને તને મારી સન્મુખ જોઉં છું, ારે હું શું બોલું છું અને શું બોલતો નથી, એનું ભાન મને રહેતું થી. " એ પ્રમાણે જવાબ આપીને એ સંન્યાસી આસન ઉપરથી ઉભો યો. તેણે પહેરેલું કષાય વસ્ત્ર ઉતારીને ફેંકી દીધું અને ત્વરાથી પૂછ્યું. હવે આ મશ્કરીનો ક્યારે અંત આવશે ? "

મધુરી ખડખડ હસી પડી. તેણે હસતાં હસતાં કહ્યું. " અરે ! શું ો સરદાર જયંતસિંહજી છો ! ક્ષમા કરજો ! અત્યાર સુધી હું તો મેમજ માનતી હતી કે તમે ખરેખરા સંસારત્યાગી સંન્યાસીજ છો. "

" હવે એ તારી મશ્કરીને અને તારી ચતુરાઈને જવા દે અને જે ાવા સમાચાર સીધી રીતે આપવાના હોય તે બનતી ઉતાવળે આપી ારણ કે મારે તુરતજ પાછા જવું છે. " એ સંન્યાસી કે જે સરદાર જયંતસિંહજ હતો, તેણે ઉતાવળથી કહ્યું.

મધુરીએ સ્થિર ભાવથી કહ્યું. " રાજકુમાર વીરમ અત્યારે પેલા ખંડમાં સુખેથી નિદ્રા લે છે અને પ્રભાતમાં નિશ્ચિત કરેલા સ્થળે તમને મળવાને માટે જનાર છે. તે તમારી સલાહ અને સૂચના પ્રમાણે અવશ્ય વર્તશે, એમાં જરાએ શક નથી; કારણ કે તે બિચારો મારા રૂપ ઉપર કેવળ દિવાનો થઇ ગયો છે. તેનાં દિવાનાપણાની શી વાત કહું ? તે કહે છે કે મધુરી ! તારાં અમૂલ્ય સૌંદર્યની આગળ અણહિલપુરનો રાજમુગટ પણ કાંઇ વિસાતમાં નથી. કહો, આ તેની કેવી અને કેટલી મોહમુગ્ધતા ! પણ આજ તે અહીં આવ્યા ત્યારે સંપૂર્ણ ક્રોધમાં હતા. મને લાગે છે કે તેને તેની રાણી અમરદેવીની સાથે કલેશ થયો હોવો જોઇએ. "

" એનું શું કારણ ? શું તારાં ગુપ્ત પ્રેમ-સંબંધના અગર તો આપણા કાર્યક્રમના ખબર તેની રાણીને પડી ગયા હશે ? " જયંતસિંહે શંકા કરી.

" મારાં હૃદયમાં પણ એવીજ શંકા ઉદ્દભવી છે અને મને જણાય

પ્રકરણ ૧૦ મું.

વીરમ પાટણ ગયો.

મધુરી આગળ અને સંન્યાસી પાછળ એ રીતે ચાલતાં ચા[illegible] તેઓ એક બીજા ખંડમાં આવી પહોંચ્યા. ખંડમાં પ્રવેશીને મધુ[illegible] દ્વારને અંદરથી બંધ કરી દીધું અને ખંડમાં એક પણ દીપક [illegible] હોવાથી તેણે ત્યાં તૈયાર પડેલા સાધનોવડે દીપક સળગાવ્યો [illegible] ખંડને પ્રકાશીત કર્યો. આ ખંડ બહુ મોટો કે સુસજ્જિત ન હતો[illegible] જોઈએ તે કરતાં નાનો અને સામાન્ય રીતે શણગારેલો હતો.

મધુરીએ એક આસન ઉપર બેસતાં બેસતાં હસીને કહ્યું. "[illegible] સોમનાથ, સંન્યાસી મહારાજ!"

"જય સોમનાથ, શ્રીમતી!" સંન્યાસીએ પણ સામેના [illegible]સન ઉપર બેસતાં હસીને કહ્યું.

"તમને આ વેશ બહુ સારો લાગે છે. મને લાગે છે કે [illegible] કાયમ આ વેશજ પહેરી રાખો તો શી હરકત છે?" મધુ[illegible] મંદ મંદ હસતાં મશ્કરીની ઢબથી કહ્યું.

"હરકત તો કશી નથી." સંન્યાસીએ પણ મંદ હાસ્ય [illegible] કહ્યું. "પણ મારા કરતાં તને કાષાય વસ્ત્રો વધારે સારાં લાગશે; [illegible] [illegible] નાજુક અંગના શરીર ઉપર [illegible]

[illegible] કે મારે કાષાય વસ્ત્રો [illegible] [illegible] નથી. પરંતુ [illegible] [illegible] સંન્યાસી થવું પડી[illegible]

[illegible] [illegible]ના હુકમ." [illegible]

[illegible] [illegible] મોટી [illegible] [illegible] શા માટે [illegible] મધુરી [illegible]

[illegible]

ત્રીઓને પરતંત્ર દશામાં રાખી મૂકનાર કોણ છે ? પુરુષોજ; કારણ તેઓ સ્ત્રીનાં સામર્થ્યથી સદા ડરતા રહે છે અને તેથીજ તેમણે શાસ્ત્રોની આજ્ઞાઓ અને સમાજનાં બંધારણો રચી સ્ત્રી કદિ પણ સ્વતંત્ર થવાને લાયક નથી, એવો એકપક્ષીય સિદ્ધાંત નક્કી કરી દીધો છે. સ્ત્રીઓ બિચારી પ્રેમી છે અને પુરુષના પ્રેમની ખાતર તેમણે એ સિદ્ધાંતને સ્વીકારી લીધો છે; પરંતુ શાસ્ત્રની આજ્ઞા અને સમાજનાં બંધારણને દૂર કરી સ્ત્રીઓને સ્વતંત્રતા આપો અને પછી જુઓ કે એ અબળાઓ કેવી પ્રબળાઓ બને છે અને પુરુષોને મહાત કરી પોતાનું ત્રિયારાજ કેવી સરલતાથી સ્થાપે છે ! સ્ત્રીનાં મદભર નયનના એક કટાક્ષ આગળ પુરુષ બે હાથ જોડી, પોતાનું ઉન્નત મસ્તક પણ નમાવે છે, સમજ્યા સરદાર !"

"તારી આપ-બડાઈ જવા દે, મધુરી !" જયંતસિંહે પણ જુસ્સાપૂર્વક કહ્યું. "સ્ત્રીજાતિનાં તું ગમે તેટલાં વખાણ કરે; પરંતુ આખરે સ્ત્રી અબળાજ છે અને સહજ વારમાં વિકારને વશ બની મહાન્ અનર્થ કરી બેસે છે. શાસ્ત્રોના રચનારા મોટા વિદ્વાન અને માનવ-પ્રકૃતિના અભ્યાસીઓએ સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ ઠરાવેલી છે, એ કાંઈ કલ્પનામાત્ર નથી; કિન્તુ કેવળ સત્ય વાર્તા છે."

મધુરી જયંતસિંહની દલીલની વિરુદ્ધમાં અત્યંત જુસ્સાપૂર્વક અને પ્રબળ આવેગથી બોલવા જતી હતી; પરંતુ જયંતસિંહે તેને બોલતાં અટકાવીને કહ્યું. "મધુરી ! અત્યારે આપણે સ્ત્રી કે પુરુષનાં સામર્થ્ય અને શક્તિની ચર્ચા કરવાને બેઠાં નથી, તેમ એવી નિરર્થક ચર્ચા કરવાનો આપણને વખત પણ નથી. રાત્રિનો ત્રીજો પ્રહર ચાલતો હોય તેમ જણાય છે અને તેથી મારે ત્વરાથી નિર્ધારિત સ્થળે વીરમ આવ્યા પહેલાં પહોંચી જવું જોઈએ. પણ જતાં પહેલાં હું એટલું જાણવા માગું છું કે વીરમ એ સ્થળે આવશે, એ નક્કી છે ને ?"

"હા, એ કેવળ નક્કી છે." મધુરીએ ઉત્તર આપ્યો. "તમારે હવે જવું જોઈએ."

"હું તો નવા સમાચાર મેળવીને જવા તૈયારજ હતો; પરંતુ સ્ત્રીનાં સામર્થ્યનાં વખાણ કરી તેંજ મને અત્યારસુધી રોકી રાખ્યો છે." જયંતસિંહ આસન ઉપરથી ઉભો થયો અને જવાની રજા માગતાં કહ્યું. "ત્યારે હું હવે જાઉં છું !"

"ભલે પધારો." મધુરીએ પણ આસન ઉપરથી ઉઠીને કહ્યું. અને તે વખતે એ બન્નેનાં મુખ ઉપર મંદ સ્મિતની છાયા

છે કે એ શંકા ખરી હોવી જોઇએ; કારણ કે અમરદેવી સામા[illegible] સ્ત્રી નથી. " મધુરીએ પોતાનાં મનની શંકા કહી અંત[illegible] જવાબ આપ્યો.

" અમરદેવી ગમે તેવી અસામાન્ય સ્ત્રી હોય, તો પણ આ[illegible] એક અબળા સ્ત્રીજ છે. તે આપણુને શી હકીકત કરી શકશે[illegible] જયંતસિંહે અમરદેવીનો વિશેષ પરિચય મેળવવાના ઉદ્દેશથી [illegible]

" સ્ત્રીઓની કિંમત તમે મૂળથીજ ઓછી આંકનારા છો[illegible] તમને એમ લાગતું હશે. " મધુરીએ ઉત્તર આપતાં કહ્યું. " પણ[illegible] રદેવી આપણી સફળતામાં એક મોટાં વિઘ્ન સમાન છે, એ તમારે[illegible] કરીને ધ્યાનમાં રાખવાનું છે. તે ધારે તો આપણા કાર્યક્રમને ઉંધો[illegible] દે, એટલી તેનામાં શક્તિ છે. "

" શું એક સ્ત્રી મારા કાર્યક્રમને ઉંધો વાળશે ? " જયંત[illegible] જુસ્સાથી કહ્યું. " કેવી મૂર્ખતાની વાત કરે છે, મધુરી ! "

" સરદાર જયંતસિંહ ! સ્ત્રીનાં સામર્થ્યને તમે જાણતા[illegible] તેથીજ મારી વાતને હસી કાઢો છો; પરંતુ મારે તમને સ્પષ્ટ[illegible] માં કહેવું જોઇએ કે એમ કરવામાં તમારી ગંભીર ભૂલ થાય[illegible] તમે જાણો છો તેમ વીરમ જેવા મહાન્ ક્રોધી, અભિમાની[illegible] ઉગ્ર સ્વભાવના રાજકુમારને મેં કેવો પાગલ બનાવી દીધો[illegible] સંસારમાં સ્ત્રીઓએ જનાનામાં પડદા પાછળ રહ્યા છતાં તથા [illegible] ઘુંઘટમાં છુપાવી રાખ્યા છતાં જે મહાન્ કાર્યો કર્યાં છે, જે [illegible] મોટા રાજ્યોને [illegible] દોર્યાં છે અને જે ભયંકર યુદ્ધો ક[illegible] છે. તે ઇતિહાસપ્રસિદ્ધ ઘટનાઓને તમે કેમ ભૂલી જાઓ છો, [illegible] હું સમજી શકતી નથી. સ્ત્રી એ સમાજ અને સંસારનાં બં[illegible] તથા શાસ્ત્રોનાં આચાર્યો દબાવી રાખેલો અગ્નિ છે; એ અગ્[illegible] [illegible] નથી. "

" [illegible] મધુરી ! સ્ત્રીઓનાં વખાણને હવે બંધ ક[illegible] જયંતસિંહે [illegible] હાથ ફેરવતા ફેરવતાં ગર્વથી કહ્યું. " પુ[illegible] [illegible] અને કર્તા; સ્ત્રીમાં શક્તિ કે સ[illegible] [illegible] એ હું માનતો નથી. બિચારી સ્ત્રી [illegible] [illegible] એમ [illegible] બને છે. એવી [illegible] [illegible] છે, એ જોઇ મને [illegible]

[illegible] તેણે એકદમ કહ્યું [illegible]

ામ કરો છો, એવી મને સંપૂર્ણ ખાતરી થયેલી છે અને તેથી બોલાવ્યા છતાં જો હું ન આવું, તો મારા જેવો બીજો નગુણો હોઈ શકે નહિ." વીરમે તુરતજ કહ્યું.

જયંતસિંહનાં ગંભીર મુખ ઉપર હાસ્યની છટા વિલસી રહી. વીરમના મુખનું અવલોકન કરીને કહ્યું. "રાજકુમાર ? તમે ારામાં વિશ્વાસ મૂક્યો છે એટલે પછી તમારૂં હિત વિચારવું તે પ્રમાણે વર્તન કરવું, એ અમારો ધર્મ છે. ખરેખર ! તમને અન્યાય થયો છે અને હજી થાય છે, તેને માટે મને બહુ લાગી રે છે. પરંતુ શું કરૂં કે મારા પાસા સવળા પડતા નથી; નહિ તમને અણહિલપુરની ગાદી ઉપર બેસારી દેવામાં એક ક્ષણની ઢીલ કરૂં નહિ."

"જયંતસિંહજી !" વીરમે ભોળપણથી કહ્યું. "મારા ોની તમારી શુભ લાગણીને માટે હું તમારો આભારી છું અને ારા જેવા સાચા સલાહકાર અને ખરો સહાયક મેળવી આપવાને ટે પ્રભુનો અત્યંત ઉપકાર માનું છું. પરંતુ કહો, તમે મને ત્યારે આ વનમાં શા માટે બોલાવ્યો છે !"

"આપણને વિના વિલંબે પાટણ જવાની જરૂર છે" જયંસિંહે ઉત્તર આપતાં કહ્યું. "અને તે કારણથીજ મેં તમને અત્રે લાવ્યા છે."

વીરમ પાટણ જવાની વાત સાંભળી દિલગીર થયો. તે ધોળકા પાટણમાં રહેવા કરતાં વીરમગામમાં રહેવાનું વધારે ઇચ્છતો તો; કારણકે વીરમગામમાં તે કેવળ સ્વતંત્ર હતો; પાટણમાં તેના ાદા લવણપ્રસાદનો અને ધોળકામાં તેના પિતા વીરધવળનો તેને ભય હતો; પરંતુ વીરમગામમાં તે તદ્દન નિર્ભય હતો. વળી વીરમગામનો અધિકાર તેના હાથમાં હતો અને તેથી તે ત્યાં જે મોજમજા માણી શકતો હતો અને રાજકીય ખટપટ કરી રહ્યો હતો, તે પાટણ ે ધોળકામાં રહીને કાંઈ કરી શકે તેમ ન હતું. આ કારણથી તે અણહિલપુર પાટણ જવાને ગજી ન હતો.

તેણે જરા મુખ મરડીને પૂછયું. "પાટણ જવાની એટલી બધી શી ઉતાવળ છે !"

જયંતસિંહ તેનાં મુખ ઉપરથી તેનાં મનનો ભાવ કળી ગયો. તેણે મંભીરતાથી જવાબ આપતાં કહ્યું. "રાજકુમાર ! તમારી મુખચર્યા ઉપરથી મને જણાય છે કે તમે પાટણ જવાને ખુશી નથી અને તેનાં

કારણુની હું કલ્પના કરી શકું છું. પરંતુ ધોળકામાં તમારા વિરુ[illegible] ખટપટ ચાલી રહી છે અને તમારા પિતા તથા મંત્રીઓએ ત[illegible] તથા રાજકુમાર વિસળદેવના સંબંધમાં જે વલણુ પકડ્યું છે, [illegible] વિચાર કરતાં પાટણુમાં તમારે તમારા દાદા લવણુપ્રસાદની [illegible] જવાની અને મહારાજાને મળવાની ખાસ જરૂર છે અને તમારા ઉ[illegible] [illegible]કાર તથા યુવરાજપદનાં રક્ષણુને માટે તનતોડ મહેનત કરવાની [illegible]

રમણીરત્ન અને રાજમુગટ એ બેમાંથી વીરમ રમણીરત્નને [illegible] [illegible]તો હતો. પાટણુમાં જવાથી મધુરી જેવી સુંદરીના સહવાસ[illegible] [illegible] પડશે, એ વિચારથી વીરમ પાટણુ જવાને નાખુશ [illegible] [illegible]તુ જયંતસિંહનાં કથન અનુસાર તેને પોતાનાં ઉત્તરાધિકાર [illegible] [illegible]નું રક્ષણુ કરવાની વાતને જતી કરવાનું પાલવે તેમ ન [illegible]

તેણે પોતાની ઇચ્છાને મહા મહેનતે દબાવીને પૂછ્યું. "[illegible] પાટણુ તરફ ક્યારે જવાનું છે ?"

"ક્યારે કેમ ? અત્યારેજ," જયંતસિંહે તુરતજ ઉત્તર આ[illegible]

"અત્યારેજ ?" વીરમે આશ્ચર્યનો ભાવ દર્શાવીને પ્રશ્ન [illegible]

"હા," જયંતસિંહે દ્રઢતાથી ઉત્તર આપતાં પૂછ્યું. "[illegible] પાટણ તરફ પ્રયાણુ કરવામાં તમને કાંઇ અડચણ છે ?"

"અડચણ તો કાંઇએ નથી." વીરમે [illegible]

[illegible]

પ્રકરણ ૧૧ મું.

શત્રુંજયની યાત્રા.

પનિત–પાવની શેત્રુંજી નદીના તટ–પ્રદેશ ઉપર ધોળકાના મંત્રી વસ્તુપાળ અને તેજપાળ વિશાળ છાવણી નાંખીને પડ્યાં હતા. આ છાવણી યુધ્ધે જનાર સૈન્યનું શિબિર ન હતું; કિન્તુ શત્રુંજય તીર્થની યાત્રાએ નીકળેલા ચતુર્વિધ સંઘનો પડાવ હતો. આ છાવણીની એક બાજુ અતિ ઉન્નત એવા સિદ્ધાચળ ગિરિરાજનાં ધવલ શિખરો, તે ઉપરનાં ભવ્ય દેવાલયો અને તે ઉપર ફરકતા ધ્વજો આકાશ સાથે વાર્તાલાપ કરી રહ્યાં હતાં, બીજી બાજુ શેત્રુંજી નદીનો વિશાળ જળપ્રવાહ ખળખળ ધ્વની કરતો સ્વચ્છંદતાથી વહ્યો જતો હતો, ત્રીજી બાજુ એ ગિરિરાજની લાંબી અને વિસ્તૃત પર્વતમાળા ચાલી ગઇ હતી અને ચોથી બાજુ વૃક્ષોની ઘટાથી જામેલો લીલોછમ વનપ્રદેશ નેત્રને પણ મુગ્ધ કરતો હતો. આવાં નૈસર્ગિક રમણીય સ્થળમાં તીર્થયાત્રાએ નીકળેલા શ્રી સંઘનો મુકામ આવેલો હતો. વાઘેલા રાજાનાં રાજનગર ધોળકાથી નીકળેલા આ સંઘમાં શ્રી વિજયસેનસૂરિ વગેરે આચાર્યો; સંઘપતિ વસ્તુપાળ તથા તેજપાળ ઉપરાંત ધોળકાનો નગરશેઠ યશોરાજ અને ભરુકચ્છનો શેઠ રાજચંદ્ર; વસ્તુપાળની બંને સ્ત્રીઓ લલિતા અને સૌખ્યલતા, તેજપાળની સ્ત્રી અનુપમા, જયદેવની પત્ની પદ્મા અને રાજચંદ્ર શેઠની પુત્રી યશોમતી; વસ્તુપાળનો પુત્ર જૈત્રસિંહ અને તેજપાળનો પુત્ર લુણસિંહ; સોમેશ્વર તથા હરિહર વગેરે કવિઓ અને બીજાં અસંખ્ય યાત્રાળુ જનો હતાં અને ગાડી, ઘોડા, બળદ, હાથી, રથ, પાલખી ઇત્યાદિ સાધનોની તો કોઇ સીમા નહતી; તેમજ સમસ્ત સંઘનાં રક્ષણને માટે સોમસિંહ નામના સેનાપતિ નીચે ચાર હજાર ઘોડેસ્વારોનું સૈન્ય પણ સાથે હતું. સકળ સંઘના મુકામની વ્યવસ્થા થઇ ગયા પછી મહામંત્રીએ સંઘ સાથે શત્રુંજય ઉપર આરોહણ કર્યું અને માર્ગમાં જે જે મંદિરો આવતા ગયાં. તેમાં દર્શન વગેરે વિધિ કરતાં કરતાં છેવટ શ્રી આદિશ્વર ભગવાનના મુખ્ય દેવાલયમાં તે આવી પહોંચ્યા. મુખ્ય દેવમંદિરમાં આવ્યા પછી તેણે ભગવાનની વિધિસહિત પૂજા કરી અને તેજપાળ વગેરેએ પણ તેનું અનુકરણ કર્યું. પૂજાવિધિ સમાપ્ત થઇ રહ્યા પછી ઇન્દ્રોત્સવ કરવા અને ઇંદ્ર-

માળ ધારણ કરવા મહામંત્રી રંગમંડપમાં આવીને ઉભા [illegible] મંડપમાં અસંખ્ય યાત્રાળુઓ ઉભરાઇ ગયા હતાં તે બધાંને [illegible] આચાર્ય વિજયસેનસૂરિએ બોલવાની શરૂઆત કરી કે તુરતજ [illegible] યાત્રાળુઓ શાંત થઇ ગયાં અને એક ધ્યાનથી આચાર્ય મહારાજ[illegible] વાણી સાંભળવામાં તલ્લીન બની ગયાં.

શ્રી વિજયસેનસૂરિના યોગબળથી પ્રકાશતા મુખમાંથી [illegible] ધારા છુટવા લાગી: "બંધુઓ અને બ્હેનો ! એકવાર આ[illegible] સંઘપતિ વસ્તુપાળ મહેતાને મેં કહ્યું હતું કે અત્યારે તમારો [illegible] હોવાથી ધનનો સદુપયોગ કરો અને આશ્રિત જનોને જોઇતી [illegible] કરી તેમનાં દિલને આનંદ પમાડો. રાજની સેવા બહુ આકરી [illegible] અને કોઈ કારણવશાત્ તમારો અત્યારે દિવસ છે, તેના બદલે [illegible] રાત્રિ પડશે, ત્યારે તમારી પાસે કોણ આવવાનું હતું ? અત્યારે [illegible] સંવત્સર ચાલે છે, તે જો કે સુખાવહ છે; તો પણ થોડાં વર્ષો [illegible] આ દેશનો અસ્તાચળ તરફ ચાલ્યો જતો સૂર્ય ક્યારે અસ્ત [illegible] જશે, એ હું તમને કહેતો નથી; પરંતુ હાલના સુઅવસરનો [illegible] લઇ આ લોકમાં ઉત્કૃષ્ટ એવા શ્રી શત્રુંજય તથા રૈવતગિરિની [illegible] કરી મહત્ પુણ્ય ઉપાર્જન કરવાની સાથે એ તીર્થોનાં રક્ષણ[illegible] યોગ્ય પ્રબંધ કરવાની ખાસ અગત્ય છે. જો કે જ્યારે તમે માંડલ[illegible] રહેતા હતા અને રાજ્યના અધિકારને પામ્યા ન હતા, ત્યારે [illegible] તીર્થયાત્રા કરી છે; તો પણ શ્રી સંઘ સમેત યાત્રા નહિ [illegible] હોવાથી તે કરવાની આવશ્યકતા છે. શ્રી શત્રુંજય અને શ્રી રૈવત[illegible] ગિરિની સંઘ સહિત યાત્રાઓ જેવીરીતે ઇંદ્ર મહારાજા, ભરત [illegible] સગર જેવા ચક્રવર્તીઓ, કુમારપાલ જેવા રાજેન્દ્રો, વાગ્ભટ્ટ [illegible] મંત્રીઓ અને આભૂ જેવા શ્રેષ્ઠીઓએ કરી છે, તેવી રીતે તમા[illegible] પણ સંઘ સહિત યાત્રા કરવી જોઇએ. મારાં આ કથનને માન્ય [illegible] તથા [illegible] તીર્થનાં યાત્રા અને તેનાં રક્ષણની [illegible] [illegible] યાત્રા [illegible] શ્રી વસ્તુપાળ મહેતા સંઘ સાથે યાત્રા[illegible] [illegible] રીતે જાણતા હશે કે વનિ[illegible] [illegible] ના સ્થાપક પ્રથમ તીર્થ[illegible] [illegible] શ્રી આદિનાથે આ સંસાર [illegible] [illegible] ઉપર મહ[illegible] [illegible] ક્ષત્રિયો, [illegible] [illegible] બ્રાહ્મણો, કૃષિ [illegible] [illegible] પ્રકારનું કામ કરતા[illegible]

શુદ્રો. એ પ્રમાણે તેમણે વર્ણની વ્યવસ્થા સ્થાપી છે. એ જગતના ના કિંવા જગતના ગુરૂ શ્રી આદિનાથના પૌત્ર પુંડરીક આ પર્વ-રાજ ઉપર કૈવલ્યદશાને પામેલા હોવાથી આનું નામ પુંડરીક ર્યું છે. પૂર્વે થઇ ગયેલા શુક રાજાએ આ તીર્થનાં આરાધનથી તાના શત્રુઓને મહાત કર્યા, એથી તેનું શત્રુંજય નામ પ્રસિદ્ધ યું છે. આ ગિરિના સેવનથી તિર્યંચો પણ વિમળતાને પામ્યા છે, થી એનું વિમળાચળ નામ પ્રખ્યાત થયું છે. ભગીરથ રાજાએ એનું આરાધન કર્યું, એથી ભગીરથ અને સર્વ પર્વતોમાં ઇંદ્ર સમાન હોવાથી એ પર્વતેંદ્ર કહેવાય છે. આ તીર્થને મહાત્માઓ મુક્તિગેહ, શાશ્વત અને સર્વકામદ કહે છે અને ત્રણે લોકમાં જેટલાં તીર્થો છે, તે સર્વ તીર્થોનું દર્શન કરતાં જેટલું પુણ્ય થાય, તેટલું પુણ્ય એક શત્રુંજયનાં દર્શન કરતાં થાય છે અને તેથી તેને મહા-તીર્થ કહેવામાં આવે છે. હે મહાનુભાવો ! આ મહાતીર્થમાં સર્વ તીર્થો સમાઇ જાય છે અને તેનું એક વાર ખરા હૃદયથી નામ-સ્મરણ કરતાં પણ ઘણાં પાપોનો નાશ થાય છે. શ્રી તીર્થંકરોનાં પૂજ્ય પાદકમળથી જે ભૂમિ પવિત્ર થાય છે, તે તીર્થ કહેવાય છે અને આ ભૂમિ ઉપર તો અનેક તીર્થંકરો પધાર્યા હોવાથી તથા આત્મસ્વરૂપને પામ્યા હોવાથી આ તીર્થને સર્વોત્તમ, સર્વશ્રેષ્ઠ અને સર્વોત્કૃષ્ટ ગણવામાં આવ્યું છે. આવું આ મહાતીર્થ આપણા ધર્મની ઉજ્જવલ જ્યોતિ સમાન છે. તેની સેવા, ભક્તિ, દર્શન, યાત્રા અને રક્ષણ એ પ્રત્યેક જૈનનો મહાન્ ધર્મ છે. સમય એવો આવતો જાય છે કે આપણાં આ પરમ પવિત્ર પર્વતરાજનાં રક્ષણને માટે આપણે મહાન્ પ્રયાસો કરવા પડશે. અત્યારે અને આ વખતે મારે તમને બીજો ઉપદેશ આપવાનો નથી. ઉપદેશ તરીકે માત્ર જો કહેવાનુ હોય, તો એટલુંજ છે કે આ તીર્થનો જે મહીમા છે, તેનુ જે ગૌરવ છે અને તેની જે ઉજ્જ્વલ કીર્તિ છે, તે ટકાવી રાખવાને તમારે પ્રયત્નશીલ રહેવાનુ છે. આપણા ધર્મ આચાર્ય શ્રી હેમચંદ્ર મહારાજનાં સ્વર્ગ—ગમન પછી ધીમે ધીમે દુર્બળ સ્થિતિમાં આવતો જાય છે અને આપણા સમાજમાં ધીમે ધીમે અને ગુપ્ત પણ મજબુત રીતે કુસંપનાં બીજ રોપાતાં જાય છે. માટે ઓ બંધુઓ અને બ્હેનો ! જો તમે વખતસર ચેતશો નહિ અને સ્વાર્થત્યાગ કરી ધર્મ અને સમાજનુ રક્ષણ કરવાને કમર કસશો નહિ, તો આપણી સ્થિતિ ઘણીજ ખરાબ આવી પડશે, આપણા ધર્મની મર્યાદા સંકુચિત બની જશે અને આપણા સમાજનુ ગૌરવ અને બળ નષ્ટ થશે."

એ પ્રતિભાશાળી આચાર્યની વાણી મીઠી અને શાંત હતી. તેમના શબ્દોમાં જુસ્સો ન હતો, પણ દઢ નિશ્ચય હતો અને તેને સાંભળીને ધર્મ, સમાજ અને તીર્થનાં રક્ષણને માટે સમસ્ત માણસોનાં હૃદયો ઉત્સાહથી ધડકવા લાગ્યાં.

ક્ષણવાર થોભી આચાર્યે પુનઃ કહેવા માંડ્યું. "મહાનુભાવો! આ તીર્થની ભૂમિ ઉપર ઉભા ઉભા મારે તમને જે બે શબ્દો કહેવા હતા, તે કહી દીધા છે; માટે હવે અત્યારના કાર્યક્રમની શરૂઆત કરો."

આ વખતે એક બાળા સમસ્ત જન-મંડલમાંથી બહાર નીકળી અને આચાર્ય સન્મુખ આવી વંદન કરી ઉભી રહી. તેણે વિનય અને નમ્રતાથી કહ્યું "ગુરૂવર્ય! આપના અમૂલ્ય ઉપદેશે મારાં હૃદયમાં ઘણી અસર કરી છે. જ્યારથી હું વિવેકબુદ્ધિનો ઉપયોગ કરતા શીખી છું, ત્યારથી મારા અંતઃકરણમાં આપણા દેશ, સમાજ અને ધર્મની સેવા કરવાની વૃત્તિ ઉદ્ભવેલી છે અને તેને આજે આપના ઉપદેશથી અત્યંત ટેકો મળ્યો છે. જગદ્ગુરૂ શ્રી આદિનાથનાં ચરણકમળથી અનેક વાર પાવન થઇ ગયેલી આ ભૂમિ ઉપર ઉભી રહી તથા ચરમ તીર્થંકર શ્રી મહાવીરના પ્રતિનિધિરૂપ આપની પાસે મસ્તક નમાવી નિશ્ચય કરૂં છું કે હું દેશ, સમાજ અને ધર્મની સેવાને જીવનનું મુખ્ય કર્ત્તવ્ય માનીશ. મહારાજ! મને આશીર્વાદ આપો કે મારા એ નિશ્ચયને દઢ રહી કાર્યમાં મૂકવાને શક્તિવાન થઈ શકું."

શ્રી વિજયસેનસુરિ આશ્ચર્યથી એ બાળા તરફ જોઈ રહ્યા. તેમણે પ્રસન્નવદનથી પ્રશ્ન કર્યો. "બાળા! તું કોણ છે? કોની પુત્રી છે?"

"મહારાજ!" એ બાળાએ નમ્રતાથી ઉત્તર આપ્યો. "હું ભૃગુકચ્છના શેઠ રાજચંદ્રની યશોમતી નામે પુત્રી છું. અને જો આપ મને આશીર્વાદ આપવાની કૃપા કરો, તો હું મારી અભિલાષાને પૂર્ણ કરી શકું."

આચાર્યે પ્રસન્નતાથી કહ્યું. "યશોમતી! તારી અભિલાષા અત્યંત સ્તુતિપાત્ર છે. આપણા ધર્મ, સંઘ, સમસ્ત સમાજ અને દેશની વર્તમાન પરિસ્થિતિનો વિચાર કરતાં સ્વાર્થત્યાગી માણસોની સેવાની ઘણી અગત્ય છે અને તું એવી સેવા અર્પવાને તૈયાર થઈ છે, તે માટે તને ધન્યવાદ ઘટે છે. તને મારો આશીર્વાદ છે કે તું નિશ્ચયમાં દઢ રહે, તારી અભિલાષાને પૂર્ણ કરવાને શક્તિવાન થા."

યશોમતી ગુરુમહારાજને વંદન કરી પાછી ફરી, અને ત્યાં એકત્ર થયેલાં નર તથા નારીઓએ હર્ષનાદથી તેને વધાવી લીધી. પણ એ બધાંથી વસ્તુપાળની પાસે ઉભેલા એક યુવકની બે ચક્ષુઓમાં જે આનંદ, સત્કાર અને ધન્યવાદની છાયા હતી, તે જોઈને યશોમતી શરમથી નીચું જોઈને સ્ત્રીસમૂહમાં ભળી ગઈ. મહામંત્રી વસ્તુપાળની પાસે ઉભેલો એ યુવક સુલુણસિંહ હતો, એ સ્પષ્ટ કહેવાની અત્રે અગત્ય રહેતી નથી.

એ પછી તીર્થના અધિકારીએ ઇંદ્રમાળ બનાવીને તેનો રીવાજ મુજબ ચડાવો કરવાનું સર્વને ઉદ્દેશીને કહ્યું. તીર્થયાત્રાએ આવેલા આ વિશાળ સંઘમાં જૂદા જૂદા ગામ અને નગરોથી નીકળેલા બીજા પણ ઘણાં સંઘો હતા, અને તે બધા સંઘના સંઘપતિઓએ પોતાની શક્તિ અનુસાર ઇંદ્રમાળનો ચડાવો કર્યો, તેમાં મહામંત્રી વસ્તુપાળની માગણી બધાથી ચઢીઆતી થઇ. આ સમયે એક પચાસેક વર્ષનો દરિદ્ર જણાતો પુરુષ માણસોના સમુદાયમાંથી બહાર આવ્યો. તેણે આવીને આચાર્યને વંદન કર્યું. અને પછી કહ્યું.

"ગુરૂ મહારાજ ! શ્રી સંઘને મારી એક વિનંતિ છે. અતિ સમૃદ્ધિશાળી મંત્રીશ્વર વસ્તુપાળજી અને અહીં ઉભેલા અનેક શ્રીમંત પુરુષોની આગળ જો કે હું કાંઇ હિસાબમાં નથી; તો પણ મને ઇંદ્રમાળ ધારણ કરવાનો ઉમંગ થઇ આવ્યો છે; માટે મુજ ગરીબ ઉપર કૃપા કરીને એ ઇંદ્રમાળ મને આપો."

ત્યાં એકત્ર થયેલાં અસંખ્ય નરનારીઓ એ દરિદ્ર પુરુષ તરફ હાસ્યભર્યાં મુખે જોઈ રહ્યાં અને ગુરૂમહારાજ શું કરે છે, તે સાંભળવાને આતુર થઇ રહ્યાં.

ગુરૂએ તેના સર્વાંગ તરફ જોઇને શાંતિથી પૂછ્યું. "તમે કોણ છો, ભાઈ !"

"મહારાજ !" એ પુરૂષે જવાબ આપતાં કહ્યું. "હું અહીંથી નજીક ટીમાણા નામના ગામમાં રહું છું અને મારૂં નામ મારાં માતપિતાએ જો કે ત્રિલોકચંદ પાડ્યું છે; તોપણ લોકો મને ટીલો શ્રીમાળી એ નામથી ઓળખે છે અને બોલાવે છે."

"ત્રિલોકચંદ !" આચાર્યે કહ્યું, "લોકો તમને ભલે ટીલાનાં નામથી બોલાવતા હોય; પરંતુ હું તો તમને તમારાં ખરાં

[illegible] તમે જાણતા હશો કે જ્યારે તીર્થની યાત્રા [illegible] કરવામાં આવે છે ત્યારે ઉપવાસ અને ઇંદ્રમાળ ધારણ કરવા[illegible] વિધિ કરવામાં આવે છે. અને ઇંદ્રમાળનો ચડાવો કરતાં [illegible] [illegible] છે તેને માળા આપવામાં આવે [illegible] [illegible] સંઘપતિઓથી ત્યારે [illegible] [illegible] ઇંદ્રમાળ સંઘપતિને ધારણ કરાવવા[illegible] [illegible] પણ તમારા જાણવામાં હશે."

"[illegible] ! ઇંદ્રમાળના ઉત્સવને અને તેના વિધિ[illegible] [illegible] પરંતુ તેને [illegible] વસ્તુપાળકથી ત્યારે [illegible] [illegible] આપવામાં શી હરકત છે ?"

[illegible] છે ? " [illegible]

[illegible] વિચાર કર્યું છું, જો [illegible] [illegible]

[illegible]

[illegible] પૂર્ણ કરવામાં આવે કે [illegible] ... [illegible] ... જ્યારે તેનાં [illegible] ... [illegible] ... તેની ભાવનાને પૂર્ણ કરવી એમ યોગ્ય છે."

એ પછી સંઘપતિ [illegible] ટીલા શ્રીમાળીને [illegible] તિલક કર્યું અને તે માળા તેના કંઠમાં આરોપી. ટીલાએ [illegible] તે માળા ધારણ કરી પ્રભુને, આચાર્યને અને સંઘને પ્રણામ કર્યા. શેઠ [illegible]ના આ ઉદાર કાર્યથી ખુશી થયા અને તેની પ્રશંસા કરવા લાગ્યા. દસમાળાનો ઉત્સવ આ પ્રમાણે પૂરો થતાં રંગમંડપમાં એકત્ર થયેલાં બધાં સ્ત્રી-પુરુષો શ્રીજગદ્‌ગુરુને વંદન કરીને પર્વત ઉપરથી નીચે ઉતરવા લાગ્યા અને કેટલોક સમય ગયા બાદ મુકામ પર આવી પહોંચ્યાં.

—✻◎✻—

પ્રકરણ ૧૨ મું.

ધર્મનો પ્રભાવ.

શ્રી સિદ્ધાચળની પવિત્ર અને મીઠી છાયામાં ટીમાણા નાનું ગામ હતું. ટીમાણામાં પ્રજાનો ઘણો ભાગ ખેડુતવર્ગનો હતો. ક્ષત્રિય, બ્રાહ્મણ અને વૈશ્ય પણ થોડાં ઘણાં હતાં. આ ગામમાં રહીને ટીલો શ્રીમાળી ઘી વેચવાનો વ્યાપાર કરતો હતો. તેણે કેટલીક ગાયો તથા ભેંસો રાખી હતી અને તેનું જે ઘી થતું, તે પાસેના શહેરમાં લઇ જતો

[illegible]

[illegible] હતા, તો પણ એક [illegible] તેઓ જુદાં પડતાં [illegible] [illegible] ટીકો ઉદાર હતો, ત્યારે [illegible] [illegible] તેઓને [illegible] તકરાર પણ [illegible] હતી [illegible] એક બીજાને [illegible] [illegible] પોતાના [illegible] પ્રેમપૂર્વક [illegible] [illegible] નાના ગામડામાં હોતાં [illegible] પોતાના [illegible] કરે છે. [illegible] [illegible] તથા આંગણ [illegible] [illegible] છે. [illegible] [illegible] છોકરા ઉછે [illegible] [illegible] નાચતા. [illegible] [illegible] વેપારમાં [illegible] [illegible] જીવન [illegible] હતા

[illegible] મોટું [illegible] અને નિર્દોષ જી [illegible] મોટા શહેરથી [illegible] નાનાં ગા[illegible] પર્યંત [illegible]; વૈભવ [illegible] વિલાસના [illegible] [illegible] અને [illegible] [illegible] અતિકાલિક નગર [illegible]

મ્ય અને શહેરી જીવનની તુલના કરવાનું તથા ભૂતકાળ અને વર્તમાન ળની સમાલોચના કરવાનું કાર્ય અત્યારે અજાણી લેખી એ વાતને પ્રકાશીત જતી કરવામાં આવે છે. આ ઐતિહાસિક નવલકથા ચોવીસ કાળના એક સમયાવલોકનું દર્પણ છે અને તેમાં નજર નાંખવાથી તે મયના ધર્મ, સમાજ, સંસાર, ગ્રામ, નગર અને દેશની પરિસ્થિતિનો ક ખ્યાલ આવી શકશે અને વર્તમાન સમયની પરિસ્થિતિ સાથે તે મયની તુલના કરવાનું પણ બની શકશે. આ કારણથી અને એ બંધમાં વધુ વિવેચનમાં ઉતરવાનું ઉચિત માન્યું નથી.

ટીલો શ્રીમાળી સિદ્ધાચળ ઉપર ઇદ્રમાળ ધારણ કરીને આવ્યો, ના બીજા દિવસે જમવાને બેઠો હતો, તે વખતે એક સાધુ ભીક્ષા માટે સ્થાનક આવી ચડ્યા. શહેરના લોકો કરતાં ગામડાંના લોકો અતિથિ, ાધુ કે સંતનો સત્કાર કરવાને નિરંતર તૈયારજ હોય છે. સાધુને જોઇ ટીલાએ તુરતજ તેની સ્ત્રીને સાધુને ભીક્ષા વ્હોરાવવાનું કહ્યું. પણ ટીલાએ ઘરનું બધું દ્રવ્ય ઇદ્રમાળ માટે વાપરી નાંખ્યું હોવાથી તે તેના ધણી ઉપર ગુસ્સે થઇ હતી અને તેથી તેણે તેના ધણીને કાંઇ જવાબ આપ્યો નહિ, તેમ સાધુને વ્હોરાવ્યું પણ નહિ. પાતુના સ્વભાવને ટીલો જાણતો હતો એટલે તેણે પાસે પડેલા પાત્રમાંથી સાધુને ઇચ્છા મુજબ દહીં વ્હોરાવ્યું અને સાધુ ધર્મલાભ આપીને તુરતજ ચાલ્યા ગયા.

સાધુ ચાલ્યા ગયા પછી પાતુએ અત્યંત કોપ કરીને કહ્યું. "અરે! તમે તે કેવા ઉડાઉ માણસ છો ! મહા મહેનતે એકત્ર કરેલું બધું ધન એક બે બદામની માળા માટે પર્વત ઉપર વાપરી આવ્યા અને અત્યારે સાધુને બધું દહીં આપી દીધું, એ તે કેવી વાત ! આમને આમ બધું ઉડાવી દેશો, તો પછી ઘરનો નિર્વાહ શી રીતે ચાલશે ! ધનને વાપર્યા વિના અને નિર્વાહની વસ્તુ સાધુ સંતને આપી દીધા વિના શું ધર્મ થઇ શકતો નથી ? આ પ્રમાણે જો ઘરની સંપત્તિ ઉડાવી દેશો, તો હું સાફ કહું છું કે, મારે અને તમારે ઘડી વાર પણ બનશે નહિ."

ટીલો તેની સ્ત્રીના લોભી સ્વભાવને સારી રીતે જાણતો હતો તેથી તેને તેનાં કોપયુક્ત વચનોથી સામો કોપ દર્શાવવાને બદલે શાંતિ ધારણ કરીને કહ્યું. " ગઇ કાલે સિદ્ધક્ષેત્રમા ઇદ્રમાળને માટે જે બધું ધન મેં વાપરી નાખ્યું છે, તે માટે તારે જરા પણ ખેદ કરવો નહિ. કારણ કે ધર્મ અને તીર્થની જગ્યામા ધનનો ઉપયોગ કરવાથી મોટું પુણ્ય ઉપાર્જન થાય છે. વળી અત્યારે મેં સાધુને દહીં વ્હોરાવ્યું છે, તે વાસ્તે પણ તારે દિલગીરી કરવી નહિ. કારણ કે તપસ્વી, સંયમી અને કાંચન

તથા કામિનીના ત્યાગી એવા સાધુને દાન આપવાથી પણ ઘણું [illegible] સધાય છે. ધનનો તીર્થભૂમિ ઉપર સદુપયોગ કરવો અને પાંચ મહ[illegible] ધારણ કરનારા સાધુને અન્નદાન આપવું, એ કાર્યો જેવાં તેવાં સામાન્ય નથી; કિન્તુ ભાગ્યનો મહોદય થયો હોય, તોજ પ્રાપ્ત સંપ[illegible] ધર્મકાર્યમાં સદ્વ્યય કરવાની બુદ્ધિ સુઝે છે. માટે તું મારાં કાર્યને શા વાસ્તે ક્રોધાયમાન થાય છે અને તારાં મનને અંતરાય [illegible] કલુષિત કરે છે ? અતિથિની સેવા અને તેનો યોગ્ય સત્કાર એ ગૃહસ્થ[illegible] કર્તવ્ય છે અને તેમાંયે સાધુ જેવા સુપાત્રની ભક્તિ એ તો [illegible] મુખ્ય ધર્મ છે, તેને વિસરી જઇને તું તારાં અંતરમાં ખેદને ધારણ [illegible] છે, એ તારી ગંભીર ભૂલ થાય છે. ધર્મનો મર્મ અને ભેદ તથા તે[illegible] જ્ઞાન અને રહસ્ય—એ આપણે સમજતાં નથી. આપણે માત્ર એટલું [illegible] જાણીએ છીએ કે ધર્મની જગ્યામાં ધન વાપરવું અને સુપાત્રને દા[illegible] દેવું, એ મહાન્ પુણ્યનાં કામો છે. એ બન્ને કામોને મેં ગઇ કાલે અ[illegible] અત્યારે કર્યાં હોવાથી મને જેમ સંતોષ અને આનંદ થાય છે, તેમ તા[illegible] પણ સંતોષ અને આનંદને હૃદયમાં સ્થાન આપી પુણ્યના ભાગીદાર બનવું જોઇએ. હે સ્ત્રી ! ક્રોધનો ત્યાગ કરી શાંતિથી વિચાર કરી જો એટ[illegible] મારી વાત તારા સમજવામાં આવી શકશે. ”

ટીલાની સ્ત્રી ટીલાનાં શાંત અને મીઠાં વચનો સાંભળીને શાંત બની ગઇ અને તેનો ક્રોધ ચાલ્યો ગયો. તેણે ધીમેથી કહ્યું. “ તમારી વાત સાચી છે કે તીર્થભૂમિ ઉપર ધન વાપરવાથી અને સુપાત્ર જનને દાન આપવાથી ઘણું પુણ્ય ઉપાર્જન થાય છે; પરંતુ ધન વાપરવામાં આપણે આપણી શક્તિનો વિચાર કરવો જોઇએ. ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો આપવો, એવું આપણાં જેવાં સામાન્ય અને ગરીબ માણસથી બની શકે નહિ. બાકી આપણી શક્તિ અનુસાર પુણ્ય કરવામાં મારી ના નથી.

“ પુણ્યદાનમાં ધન વાપરવામાં શક્તિનો વિચાર કરવા બેસીએ તો આપણાથી [illegible] પણ ધાર્મિક કાર્યમાં ધનનો સદુપયોગ થઇ શકે નહિ. સારાં કાર્યમાં ધનનો ઉપયોગ કરવાથી તેની હાનિને બદલે વૃદ્ધિજ થયા કરે છે. માટે [illegible] કરવાની બાબતમાં શક્તિનો વિચાર કરવાની [illegible]

[illegible] ટીલાની વાતથી બરોબર સમાધાન થયું [illegible] વિવાદમાં ઉતરવા જેટલી તેના [illegible] નહોતી [illegible] બોલ્યા વિના ત્યાંથી ચાલી ગઇ.

ટીલો જમી રહ્યા પછી ઘી વેચવાને માટે શહેરમાં જવાનો વિચાર કરતો હતો એટલામાં ફળીમાં બાંધેલી એક ગાય ખીલેથી છૂટી ગઇ. ટીલો ગાયની પાસે ગયો અને ખીલો ઢીલો પડી ગયેલો હોવાથી તેને મજબુત કરવા લાગ્યો. એ વખતે જમીનમાં ખાડો ખોદતાં ધનથી ભરેલું એક પાત્ર તેના જોવામાં આવ્યું; ધનનાં પાત્રને જોતાંજ તે આશ્ચર્ય અને આનંદને પામ્યો અને તેણે તેની સ્રીને ત્યાં બોલાવી. પાર્વતી ત્યાં આવી કે તુરતજ તેણે ખુશી થતાં થતાં કહ્યું.

"ધર્મનો પ્રભાવ કેવો છે, તે જો અને દિલગીરીનો ત્યાગ કરી અંતરમાં ખુશી થા."

પાર્વતિએ આમ તેમ દૃષ્ટિ ફેરવતાં પૂછ્યું. "શું જોઉં? ક્યાં જોઉં?"

"શું અને ક્યાં જોઉં કેમ! આ તારી સન્મુખ ખાડામાં ધનથી ભરેલું પાત્ર જણાય છે, તેને તું જોઇ શકતી નથી?" ટીલાએ ઉત્તર આપતાં કહ્યું.

પાર્વતિએ નીચા નમીને ખાડામાં નજર નાખી અને તેમાં ધનથી ઝળોહળ ભરેલા મોટાં પાત્રને જોઇને તેના આશ્ચર્યનો અવધિ આવી રહ્યો.

તેણે તેના પતિની સામે જોઇને આશ્ચર્ય પામતાં કહ્યું. "આ શું? અહીં આવી રીતે ધનનું પાત્ર કોણે મૂક્યું હશે?"

ટીલાએ ઉત્તર આપતાં કહ્યું. "આ બધો ધર્મનો પ્રભાવ અને તેનો મહિમા છે. મેં શ્રી સિદ્ધાચળ ઉપર જે ધન વાપર્યું તથા સુપાત્ર એવા સાધુ મહારાજને દહીં વહોરાવ્યું, તેના ફળરૂપે આપણને આ નિધાન મળ્યું છે. હું તને કહેતો હતો કે સારાં કાર્યમાં ધન વાપરવાથી તેની હાનિને બદલે વૃદ્ધિ થાય છે, તેના પ્રત્યક્ષ પુરાવારૂપે આ પ્રમાણે અચાનક ધનની વૃદ્ધિ થઇ છે."

પાર્વતિએ તુરતજ કહ્યું. "ખરેખર ધર્મનો પ્રભાવ અને મહિમા અપાર છે. ધર્મનું આવું મહાન માહાત્મ્ય હશે, એ મારા સમજવામાં ન હતું અને તેથીજ જ્યારે તમે સિદ્ધાચળમાં બધું ધન વાપરી નાંખ્યું અને સાધુને બધું દહીં આપી દીધું, ત્યારે હું તમારી સાથે ધનની હાનિ કરવાના કારણને માટે તકરાર કરવાને તૈયાર થઇ હતી. પરંતુ હવે મને જણાય છે કે ધર્મનાં કામમાં ધનનો ઉપયોગ કરવાથી ધનની હાનિ થતી નથી પણ ઉલટી વૃદ્ધિજ થાય છે. તમારી સાથે ખોટો કજીઓ કરવાને માટે મને હવે પશ્ચાત્તાપ થાય છે."

"સ્ત્રીઓનો સ્વભાવ સામાન્ય રીતે લોભી હોય છે અને તેથી

તું મારી સાથે કલેષ કરવાને તૈયાર થઇ હતી; પરંતુ જ્યારે ખરી વા[illegible] તારા સમજવામાં આવી અને તને ધર્મના પ્રભાવનો પ્રત્યક્ષ પૂરા[illegible] મળ્યો, ત્યારે તને પશ્ચાત્તાપ થાય છે, એ તારા મનની નિર્મળતા[illegible] ચિન્હ છે." ટીલાએ એમ કહીને પૂછ્યું : "પણ કહો, આપણે આ[illegible] રીતે મળેલાં ધનનો શો ઉપયોગ કરશું ?"

પાર્વતિનું મન ધર્મના પ્રભાવના વિચારમાંજ ગરકાવ થઇ ગ[illegible]હતું. તેણે ઉત્તર આપતાં કહ્યું. "બીજો શો ઉપયોગ કરવાનો હતો[illegible] મને લાગે છે કે આ નિધાનનો નાનું શું દેવાલય કરવામાં ઉપયો[illegible] કરીએ તો ઠીક; કારણ કે આપણાં ગામમાં એક પણ દેવાલય નથી."

"તારી વાત સાચી છે." ટીલાએ કહ્યું. "પરંતુ આ નિધા[illegible] આપણે ગુજરાતના મંત્રીશ્વર વસ્તુપાળ મહેતાને પ્રથમ દેખાડીએ [illegible] ત્યારપછી તે જે પ્રમાણે કહે તેમ કરીએ, એ વધારે સારૂં છે."

"પણ તે આપણાં જેવાં ગરીબ અને સામાન્ય માણસનાં આવશે ?" પાર્વતિએ શંકા કરી.

એજ ક્ષણે ઘરનાં મુખ્ય બારણામાંથી અવાજ આવ્યો. "માટે નહિ ?"

ટીલો એ અવાજથી આશ્ચર્ય પામ્યો. તેણે તુરતજ બારણા ત[illegible] જોયુ તો ગુજરાતનો મંત્રીશ્વર વસ્તુપાળ પોતે કેટલાક માણસો સ[illegible] દ્વારમાં પ્રવેશ કરી અંદર ચાલ્યો આવતો હતો. સમસ્ત [illegible]માં જે[illegible] હાક વાગતી હતી, જેનાં નામથી આસપાસના મોટા મોટા રાજાઓ[illegible] કરતા હતા. જેની ન્યાયશીલતા, સમાનતા અને ધર્મતત્પરતા ગ[illegible] ગુજરાતની પ્રજા મશહૂર હતી, જેનાં જ્ઞાન અને વિદ્વતાની સ[illegible] કવિઓ પણ પ્રશંસા કરતા હતા. જેની સર્વદેશીય ઉદારતાનાં ગુણ[illegible] [illegible] ગવાતા હતા અને જેના [illegible] મોટા મહારથી [illegible] [illegible] ગુજરાતના મ[illegible] [illegible] આવતો જોઇને ટી[illegible] [illegible]

[illegible]

કરવાને આવ્યો નથી; પરંતુ તમારા જેવા ધર્મપ્રાણ, પ્રમાણિક અને ઉદાર નરની મુલાકાત લેવાને આવ્યો છું. હું ગુજરાતનો મુખ્ય મંત્રી છું પરંતુ તે ક્યારે—કે જ્યારે હું રાજસભામાં બેઠો હઉં ત્યારે. બાકી તે સિવાય સમાજમાં, સંઘમાં અને જનતામાં હું માત્ર એક સામાન્ય માણસજ છું. અને તે પ્રમાણે ઓળખાવવામાં અને વર્તવામાં ગૌરવ માનું છું. કોઈ માણસ આર્થિક કે રાજકીય દ્રષ્ટિએ મહાન પદવીધારી હોય તો પણ તેણે સમાજ, સંઘ અને જ્ઞાતિમાં સર્વની સાથે બંધુભાવ અને સમાનતાથી વર્તવું જોઈએ, એવી મારી માન્યતા છે. શ્રેષ્ઠિચંદ્ર ! તમે મારું સ્વાગત કરવામાં મુંઝાતા હો, તો તમારી મુંઝવણનો ત્યાગ કરો; કારણ કે તમારું આતિથ્ય હું ઘણી ખુશીથી સ્વીકારીશ. પણ મારા આતિથ્યને માટે તમારે કોઈ પણ જાતની તૈયારી કરવાની નથી. હું સુવર્ણ કે હીરાજડિત પાત્રો અને ઉત્તમ પ્રકારના ભોજ્ય પદાર્થો ઉપયોગમાં લેતો હોઈશ, એવી કલ્પના આગળ તમે મારા માટે તેવી તૈયારી કરવાને માટે ગભરાતા હો તો મારે તમને સ્પષ્ટ કહેવું જોઈએ કે એવા આડંબર કરતાં માટીનાં પાત્રમાં પ્રેમથી અપાતેલો રોટલો અને ગાયનું તાજું દૂધ ખાવામાં હું વધારે આનંદ માનનારો છું. મૂલ્યવાન પાત્રો અને સુરસ ભોજન કરતાં પ્રેમપૂર્વક આપેલામાં આવતું સાદું અન્ન અને તાજું દૂધજ વધારે ઉત્તમ છે."

વસ્તુપાળ એટલું કહીને થોડી વાર અટક્યો. આ દરમ્યાન દીક્ષાનો ગભરાટ અને મુંઝવણ ચાલ્યાં જતાં તે સ્વસ્થ બનીને વસ્તુપાળની સામે જોતો ઉભો હતો. પાર્વતિ તો વસ્તુપાળ આવ્યો કે તુરતજ ત્યાંથી ચાલી ગઈ હતી.

દીક્ષાએ વિનયથી કહ્યું. "ત્યારે આપ મારું આતિથ્ય સ્વીકારવાને ચાલો. આપના જેવા મોટા માણસને માટે મારાથી બનતું હું કરીશ."

"હું જ્યારે અહીં ખાસ તમારી પાસેજ આવ્યો છું, ત્યારે તમારાં આતિથ્યનો સ્વીકાર કર્યા વિના જઈશ નહિ; માટે એ બાબતમાં તમે નિશ્ચિંત રહેજો." વસ્તુપાળે એમ કહીને પૂછ્યું. "પણ, શ્રેષ્ઠિચંદ્ર ! તમે હમણાં મારા વિષે શી વાતો કરતા હતા અને મારાં આગમનને શા માટે ઈચ્છતા હતા ?"

દીક્ષાએ તુરતજ જવાબ આપતાં કહ્યું "મંત્રીશ્વર ! વાત એમ છે કે આ સામે રસ્તા ઉપર જે ખાડો આપના ઘોડાથી પડ્યો એ સિવાય આ નીકળી આવ્યું છે અને તે પાત્ર હમણાં તે ખાડામાંથી છે. આપ આપના નિધાન પ્રગટ થયાનું હું માની શકું. ધર્મના પ્રભાવ

અને પ્રભાવને માટે આશ્ચર્ય પામતાં હતાં અને આ નિધાનનો શો ઉ
ગેગ કરવો એ વિષે વિચાર કરતાં હતાં. વિચારના અંતે મને એ
લાગ્યું કે આ નિધાનને આપને બતાવવું અને આપ કહો તે પ્રમાણે તે
ઉપયોગ કરવો: પરંતુ મારી સ્ત્રીએ " આપ જેવા મોટા માણસ અમા
જેવા સામાન્ય માણસનાં ઘરે આવે કે નહિ " એવી શંકા કરી અને તે
ક્ષણે આપ આવી પહોંચ્યા ! આવી રીતે નિધાન પ્રગટ થવાથી અને આ
જેવા ધર્મધુરંધર અને વીરશિરોમણિ પુરૂષનું ચિંતવન માત્ર કરતાં
આગમન થવાથી આજે મારાં ભાગ્યનો ઉદય થયો છે. હવે આપ
નિધાનને નજરે નિહાળો અને તેનો શો ઉપયોગ કરવો, એ બાબત
યોગ્ય સલાહ આપશો. "

એમ કહીને ટીલો વસ્તુપાળને ખાડા પાસે લઇ ગયો અને ધન
પાત્રને બતાવવા લાગ્યો.

વસ્તુપાળે એ જોઇને કહ્યું. ' ખરેખર, ત્રિલોકચંદ્ર ! તમા
ભાગ્યનો અને પૂણ્યનો ઉદયજ થયો છે; કારણ કે તે વિના આમ અ
નક નિધાન પ્રગટ થાય નહિ. તમે ગઇ કાલે ઇંદ્રમાળા માટે તમારૂં સર્વ
ધન વાપરીને જે પૂણ્ય ઉપાર્જન કર્યું હતું, તેનાં તાત્કાલિક ફળ
તમને આ મહત્ લાભ મળ્યો છે. " એમ કહીને વસ્તુપાળે પૂછ્યું
" પણ ત્રિલોકચંદ્ર ! તમે આ ધનનો શો ઉપયોગ કરવા માગો છો.
પ્રથમ કહો ! "

ટીલાએ તુરતજ જવાબ આપ્યો. ' મંત્રીશ્વર ! [illegible] આમ
પરમાત્માનું એક દેવાલય નહિ હોવાથી આ [illegible] એક નાનું સુ
દેવાલય બંધાવવાનો મારી સ્ત્રીનો વિચાર [illegible] મને તેનો વિચ
બરોબર લાગે છે. પણ કહો, આપનો [illegible] વિચાર છે ' કેમકે હું
આપના વિચાર પ્રમાણેજ તેનો ઉપયોગ કરવાનો છું.

તમારી સ્ત્રીનો વિચાર ઘણો ઉત્તમ છે. વસ્તુપાળે તેના કથ
અનુમોદન આપતાં કહ્યું. " હું પણ તેમના વિચારની સાથે મળતો થ
છું અને તમે બંધાવવા ધારેલાં દેવાલયને [illegible] માટે તમારા
ગામની ઉત્તર [illegible] હું [illegible] આ ગામના [illegible]
અધિકાર [illegible] તમને [illegible] કરૂં છું. [illegible]
[illegible]

ા આભાર થયો છે; પરંતુ તે કયા શબ્દોમાં કહી શકાતું, તે મને આ-
તું નથી. ધર્મના પ્રભાવથી માણસને શું મળતું નથી ! મનુષ્ય કે
નું જ મળે છે. અહો ! ધર્મનો મહિમા ઘણો મોટો છે. તેનું વર્ણન મારા
યા સામાન્ય અને અજ્ઞાન માણસથી શી રીતે થઈ શકે !"

એટલું કહીને ટીસો મંત્રીશ્વર વસ્તુપાળને તેનાં ઘરમાં લઈ ગયો
ને તેને તથા તેની સાથે આવેલા બધા માણસોને ભોજન કરાવ્યું. વસ્તુ
ળે ત્રિલોકચંદને તથા તેની સ્ત્રી પાર્વતિને ઉત્તમ પોશાક અર્પણ કર્યો.

તે પછી શ્રી વસ્તુપાળે સંઘ સહિત ગિરનાર તરફ પ્રયાણ કર્યું.



પ્રકરણ ૧૩ મું.

પ્રથમ પરિચય.

આજે વાઘેલાના રાજનગર ધોળકામાં ઉત્સવનો દિવસ હતો;
કારણ કે મંત્રીશ્વર શ્રી વસ્તુપાળ શત્રુંજય, ગિરનાર, તળાજા, મહુવા,
કોડીનાર, દીવ અને પ્રભાસપાટણ વગેરે તીર્થોની સંઘ સમેત યાત્રા કર
ધોળકામાં આવી પહોંચ્યો હતો. રાજા વીરધવળે રાજ્ય તરફથી આજ્ઞા
કાઢીને સમસ્ત નગરને શણગારવાનો પ્રબંધ કરેલો હોવાથી લોકોએ નગ
રને ઇંદ્રપુરી સમાન બનાવી દીધું હતું, રાજમાર્ગ ઉપર પુરૂષોની અ
મહાલયોના ઝરૂખામાં નારીઓની ઠઠ જામી હતી અને સર્વ કોઇ સંઘ
પતિ વસ્તુપાળનો પ્રવેશ-મહોત્સવ જોવાને આતુરતાથી રાહ જોઇ રહ્યા
હતાં. રાજા વીરધવળ પોતે સ્વારી સહિત પોતાના માનીતા અમાત્યં
લેવાને માટે તેની સામે નગર બહાર ગયો અને ઘણાંજ સન્માર્ગપૂર્વ
પોતાની સાથે એકજ વાહન ઉપર બેસારીને તેનો નગર પ્રવેશ કરાવ્યે
પોતાના પ્રજાવત્સલ રાજાને અને તેની બન્ને બાજુએ લોકપ્રિય મંત્
બંધુઓ-વસ્તુપાળ અને તેજપાળને જોઇ લોકોના હર્ષની કોઇ સીમ
રહી નહિ અને ઝરૂખામાં બેઠેલી નગરનારીઓએ તેમને પુષ્પોથી વધા
વામાં ક્રશી પણ મણા રાખી નહિં. તે પછી રાજાએ મંત્રીબંધુઓ સહિ
યાત્રાએ ગયેલા તમામ માણસોને રાજમહાલયમાં બોલાવીને પોતાની ત
રફથી ભોજન કરાવ્યું તથા વસ્તુપાળ અને તેજપાળને ઉત્તમ અને અમૂ
પોશાક આપ્યો. આ પ્રમાણે આજના ઉત્સવની પૂર્ણાહુતિ થતાં મંત્રી
પોતાનાં કુટુંબ સાથે પોતાના આવાસે ગયો.

વસ્તુપાળ જે આવાસમાં રહેતો હતો, તે ઘણો વિશાળ હતો. તેમાં મંત્રીશ્વરનું કુટુંબ રહેવા ઉપરાંત અવારનવાર આવતાં મ્હેમાનોને સ્વતંત્ર રીતે રહેવાની સગવડ હતી. વસ્તુપાળે તીર્થયાત્રામાં સાથે આવવા માટે પોતાનાં ઘણાં સગાં તથા સ્નેહીઓને તેડાવ્યાં હતાં. પણ તેમાંનાં ઘણાંખરાં યાત્રાએથી સંઘ આવ્યા પછી ચાલ્યા ગયાં હતાં. માત્ર ભૃગુકચ્છના શેઠ રાજચંદ્ર, તેમની પુત્રી યશોમતી અને મંત્રીશ્વરની બ્હેન પદ્મા એટલાં મંત્રીશ્વરનાં અતિ આગ્રહથી રોકાયાં હતાં. તેઓ પણ હવે બે-ત્રણ દિવસમાં જવાનાં હતાં; કારણકે ભૃગુકચ્છથી જયદેવે તેની પત્ની પદ્માને તેડી લાવવાને માટે માણસો મોકલ્યા હતા અને તેથી પદ્મા જવાને માટે ઉતાવળી થઈ રહી હતી. જો કે તેને રોકવા અનુપમાનો ખાસ આગ્રહ હતો અને તેને પોતાને પણ રહેવાની ઇચ્છા હતી; પરંતુ પતિનું તેડું આવવાથી તે હવે વધારે રહેવામાં ખુશી ન હતી. પદ્મા જવાની હોવાથી યશોમતી અને તેના પિતા રાજચંદ્ર પણ તેની સાથેજ જવાનાં હતાં; કારણકે તેની સાથે જવામાં સગવડ ઘણી હતી.

મધ્યાન્હનો સમય હોવાથી મંત્રીશ્વરના વિશાળ આવાસમાં સર્વત્ર શાંતિ હતી. મંત્રીબન્ધુઓ રાજસભામાં ગયા હતા અને સ્ત્રીવર્ગ ગૃહકાર્યથી પરવારીને ઘડીભર વિશ્રાંતિ લેવામાં પડ્યો હતો. આ વખતે તેજપાળનો પુત્ર લુણસિંહ બહારથી આવ્યો અને થોડીવાર આવાસમાં આમતેમ ફરીને રાજચંદ્ર શેઠને જે ભાગમાં ઉતારો આપવામાં આવ્યો હતો ત્યાં ગયો. લુણસિંહ રાજચંદ્ર શેઠને પ્રસંગોપાત મળતો હતો; પરંતુ તેમના ઉતારે કોઈ વખત ગયો ન હતો. આજે અને અત્યારે તે અચાનક તેમના ઉતારે ગયો તો ખરો; પરંતુ ઉતારે પહોંચતાંજ એકદમ અટકીને બહાર ઉભો રહ્યો અને અંદર [illegible] કે ન જવું, તે સંબંધમાં વિચાર કરવાને થોભ્યો. તેણે એક [illegible] પાછા વળવાનો વિચાર કર્યો; પરંતુ આટલે આવ્યો છું, તો રાજચંદ્ર શેઠને મળતો જઉં, એવો વિચાર કરીને તે અંદર ગયો અને [illegible] ઉપર પણ આવ્યો. દાદરથી થોડેજ દૂર ઓરડો હતો અને તેમાં રાજચંદ્ર શેઠ બેઠા હશે, એમ વિચારી તે ઓરડાના દ્વાર [illegible] પણ તેણે તુરતજ જોઈ લીધું કે ઓરડામાં રાજચંદ્ર શેઠ ન હતા કિન્તુ તેમની પુત્રી યશોમતી એકલી જ હતી અને [illegible] બહાર [illegible] સજેલી ટાકટાક કરતી હતી. લુણસિંહ યશોમતીને [illegible] પરંતુ આ પ્રમાણે એકાંતમાં એકલી કદિ જોઇ ન હતી. [illegible] વાર્તાલાપ પણ કર્યો ન હતો. તેથી [illegible] તેમ ઉભો રહ્યો; પરંતુ યશોમતી

કામમાં પરોવી

આવ્યા જવા

સાથે વાતચી

રેંડાનાં દોર

ગુણસિંહને ત્યાં વિચારગ્રસ્ત અવસ્થામાં ઉભેલો જોયો. યશોમતીએ પણ તેને ઘણીવાર જોયો હતો; પરંતુ આવી રીતે અને આવી સ્થિતિમાં કદિ જોયો ન હતો; તેમ તેની સાથે વાત કરવાનો અવસર પણ મળ્યો ન હતો. બન્નેની ચાર આંખો ભેગી થઇને થઇ અને બન્નેએ નીચું જોઇ લીધું. હવે એમાંથી કોણ પહેલું બોલે કે ચાલે? પણ આવા પ્રસંગમાં પ્રથમ પુરુષમાં હિંમત આવે છે, તેમ આ વખતે પણ થયું.

"તમારા પિતાશ્રી શું ઘરમાં નથી?" ગુણસિંહે સહેજ ઉતાવળથી પૂછ્યું.

હવે યશોમતીએ ઉત્તર આપવો જોઇએ તેથી તેણે જરા સ્મરમાતાં કહ્યું. "ના, તે તો બહાર ગયા છે."

"ઠીક, ત્યારે હું જઉં છું" ગુણસિંહે કહ્યું અને તે યશોમતીનાં મુખ સામે જોઇ રહ્યો.

યશોમતીએ પણ તેની સામે જોયું પણ કંઇ કહ્યું નહિ.

હવે વધારે વખત ઉભા રહેવાનું યોગ્ય નહિ લાગતાં ગુણસિંહે પાછા ફરતા કહ્યું. "તમારા પિતાશ્રી આવે એટલે તેમને મારાં આગમનની વાત કહેજો."

એટલું કહીને ગુણસિંહ દાદરની નજીક આવી પહોંચ્યો અને ઉતરવાને માટે પગથીઆં ઉપર પગ મૂકતો હતો એટલામાં યશોમતીએ કહ્યું. "પિતાશ્રીને બહાર ગયે ઘણુ વાર થઈ છે એટલે હવે તરતજ આવશે. તમને કાંઇ ખાસ કામ કે હરકત ન હોય, તો બેસોને!"

તેણે જોયું કે આ વચનોમાં રંગીનો આગ્રહ ન હતો; પરંતુ યશોમતીના નયનોમાં આગ્રહ અને સત્કાર ભરેલા હતા અને તેથી તેને ત્યાં બેસવાની અને આ મનોહારી બાળા સાથે વાર્તાલાપ કરવાની ઇચ્છા થઇ. વળી એટલા માટેજ તે આવ્યો હતો એટલે આવી અલભ્ય તકનો લાભ જવા દે, એટલો ખરો તે ભોળો ન હતો. તેથી તુરતજ તે પાછો ફર્યો અને બોલ્યો–

"મારે અત્યારે કાંઇ ખાસ કામ નથી, તેમ આટલી થોભવામાં મને કશી હરકત પણ નથી.

"ત્યારે આ ઓરડામાં આવો અને બેસો." યશોમતી એમ કહી ઓરડામાં ગઇ; લુણસિંહ તેની પાછળ ગયો.

યશોમતીએ એક આસન તરફ આંગળી કરીને કહ્યું, "આ આસન ઉપર બેસો."

લુણસિંહ આસન ઉપર બેઠો. એટલે યશોમતી ત્યાંથી ચાલી ગઇ અને તેથી તે જરા ઉદાસ થયો. તેને લાગ્યું કે કાંતો યશોમતી શરમાય છે અને કાંતો તેનાં આગમનને ઇચ્છતી નથી. પણ થોડીજ ક્ષણોમાં તે પાછી આવી. તેના સુકોમળ કરમાં ચાંદીનું પાત્ર હતું અને તેમાં મુખવાસની કેટલીક ઉત્તમ વસ્તુઓ હતી. તેણે એ પાત્રને લુણસિંહની સન્મુખ મૂકતાં કહ્યું.

"આમાંથી કાંઇ મુખવાસ લેશો ?"

લુણસિંહે સહેજ સ્મિત કરીને કહ્યું: "ખુશીથી લઇશ."

એમ કહીને તેણે તેમાંથી બે-ત્રણ વસ્તુઓ લઇ મુખમાં મૂકી. યશોમતી ઓરડાનાં દ્વાર પાસે જઇને ઉભી હતી, તેને ઉદ્દેશીને તેણે કહ્યું: "તમે એમ ઉભા ક્યાં સુધી રહેશો ? બેસોને !"

યશોમતી ઓરડાની મધ્યમાં પડેલાં આસન ઉપર જઇને બેઠી અને તેણે કહ્યું. "લ્યો, આ બેઠી. પણ ઉભા રહેવામાં મને કશી હરકત ન હતી.

[illegible] અવલોકન કરીને [illegible] તમે કાલેજ [illegible]

[illegible] પ્રશ્ન [illegible]

[illegible]

"મારા પિતાશ્રી કોઇ રાજકીય કાર્યને માટે મને આંહી રાખવાને માગે છે." ગુણસિંહે પૂર્વવત્ દિલગીરીપૂર્ણ ભાવથી ઉત્તર આપ્યો.

"એવું કયું રાજકીય કાર્ય છે કે જેનો માટે તમારા પિતાશ્રી તમને આંહી પોળદર્યમાંજ રાખવા ઇચ્છે છે !" યશોમતીએ પ્રશ્ન પૂછવાનું ચાલુ જ રાખ્યું.

"એ રાજકીય કાર્યની મને હજુ સંપૂર્ણ ખબર નથી; પરંતુ એ કાર્ય રાજકુમાર વીસળની સાથે રહેવાનું હશે, એમ મને લાગે છે." ગુણસિંહે ઉત્તર આપ્યો.

"એટલે ? શું તમારા પિતાશ્રી તમારી પાસે રાજકુમારની ચોકી કરાવવાને ઇચ્છે છે ?" યશોમતીએ આશ્ચર્ય પામતાં પૂછ્યું.

"કાંઇક એમજ." ગુણસિંહે જરા હસીને કહ્યું.

"ગુણસિંહ !" યશોમતીએ પહેલી જ વાર તેને નામથી સંબોધીને ગંભીરતાથી કહ્યું. "તમારા શેઠોની રાજકીય ખટપટની વાત સાંભળીને ખરેખર મને ત્રાસ થાય છે. તમારી આ ખટપટનો અંત ક્યારે આવશે અને દેશમાં શાંતિનું સ્થાપન ક્યારે થશે ?"

"એનો અંત કોણ જાણે ક્યારે આવશે અને શાંતિનું સ્થાપન પણ કોણ જાણે ક્યારે થશે ?" ગુણસિંહે રૂક્ષ ભાવનાથી કહ્યું.

"ત્યારે તમે લોકો એવા અનિશ્ચિત વ્યવસાયમાં શામાટે પેસો છો ? શું તમને બીજો કોઇ વ્યવસાય મળતો નથી કે રાજખટપટનાં અતિ ક્ષુદ્ર વ્યવસાયમાં પડી ઉત્તમ માનવજીવન વ્યર્થ ગુમાવી રહ્યા છો ?" યશોમતીએ કાંઇક ઉત્તેજનાથી કહ્યું.

"યશોમતી !" ગુણસિંહે પણ તેને પહેલી જ વાર તેનાં નામથી ઉદ્દેશીને કહ્યું. "અમે રાજકીય ખટપટમાં પડીને અમારાં જીવનને વ્યર્થ ગુમાવતા નથી; કિન્તુ તેનો સદ્વ્યય કરીએ છીએ."

યશોમતીનાં સહેજ લંબગોળ મુખ ઉપર આછું સ્મિત ફરકી રહ્યું. તેણે જરા હસીને કહ્યું. "તમે લોકો રાજકીય ખટપટમાં પડી તમારાં જીવનનો સદ્વ્યય કરો છો, એ નવાઇની વાત છે. પણ કૃપા કરીને કહેશો કે તમે જીવનનો શી રીતે સદ્વ્યય કરો છો ?"

"રાજકીય બાબતોમાં માથું મારી નેતા બનવાથી પોતાનું, શાન્તિનું, સમાજનું, ધર્મનું અને દેશનું હિત સાધવામાં ઘણી મદદ થાય છે, એ શું તમે જાણતા નથી ?" ગુણસિંહે ઉત્તરરૂપે સામો સવાલ કર્યો.

[illegible] માની લેવી [illegible] છે કે [illegible] આત્માના [illegible] પ્રકારની [illegible] હિંસા [illegible] લીધેલ છે."

[illegible] નથી. " [illegible]

[illegible]

[illegible]

[illegible]

" જેમ બાલ્ય, પછી બાલક કે બાલિકા જ્યારે યુવાન અવસ્થામાં આવે છે, ત્યારે તેને માતાપિતાની સલાહ અને તેઓનાં પ્રોત્સાહન કરતાં [illegible] કોઈ વ્યક્તિની સલાહ અને તેનું પ્રોત્સાહન વધારે અસર કરે છે અને તેથી તેનું મન તેની શોધમાં ફરતું જ રહે છે." લુણસિંહ એમ કહીને યશોમતી ઉપર પોતાના કથનની શી અસર થાય છે, તે ધ્યાન-પૂર્વક જોઈ રહ્યો.

યશોમતિએ આતુરતાથી પૂછ્યું. " કોઈ કોણ વ્યક્તિ કહેવાય છે ? "

" યુવકને માટે તેનો સુમિત્ર અને તેની પત્ની; યુવતીને માટે તેની સહચરી અને તેનો પતિ." લુણસિંહે ઉત્તર આપ્યો અને તે પહેલાંની જેમ તેની તરફ જોઈ રહ્યો.

" ત્યારે તમે તમારી માન્યતાનુસાર તેવી કોઈ વ્યક્તિની શોધમાં છો ? " યશોમતિએ ઉત્કંઠાથી પૂછ્યું.

" અવશ્ય છું." લુણસિંહે તરત જ ઉત્તર આપ્યો.

" અને તમે તમારી એ શોધમાં ફલિભૂત થયા છો કે નહિ ! " યશોમતીએ પૂછ્યું.

" એના જવાબમાં હા અને ના એ બન્ને શબ્દોનો ઉપયોગ કરવો પડે તેમ છે." લુણસિંહે કહ્યું.

" એટલે ? તમારું કહેવું બરોબર સમજાય તેવું નથી." યશોમતીએ લુણસિંહના મુખ પ્રત્યે નજર નાંખીને કહ્યું.

" એટલે મારા કહેવાનો આશય એ છે કે તેવી વ્યક્તિ તો મેં શોધી કાઢી છે; પરંતુ તે મારા સહચાર અને સહવાસ સ્વીકારશે કે નહિ, એ સંબંધમાં મને કંઈ શંકા છે અને તેથી જ હું તમારા પ્રશ્નના જવાબમાં હા અને ના બન્ને એક સાથે જ કહું છું ! " લુણસિંહે પોતાના કથનને સ્પષ્ટ કરી બતાવ્યું.

" ત્યારે તમે એ વ્યક્તિને તમારો મનોભાવ કહી જણાવ્યો નથી. " યશોમતીએ વાતને વધારે સ્પષ્ટ કરવાના આશયથી પ્રશ્ન કર્યો.

" ના, કારણ કે એ વ્યક્તિની સાથે છૂટથી વાર્તાલાપ કરવાનો અને એકબીજાનું અંતઃકરણ ઓળખવાનો અવસર હજી આવ્યો નથી " લુણસિંહે જવાબ આપ્યો.

લુણસિંહનો ઉત્તર સાંભળીને યશોમતી [illegible] લુણસિંહ સાથેની વાતના આટલા પરિચયથી [illegible]

ચૂકી ગઇ હતી; પરંતુ તેનાં અંતઃકરણમાં એક પ્રકારનો ક્ષોભ અ... હતો અને તેના તેજભર્યાં મુખ ઉપર તેની આછી છાપ સ્પષ્ટ રીતે જણા... હતી. લુણસિંહની આંખો સાથે તે પોતાની આંખો બરોબર મે... શકતી ન હતી.

લુણસિંહે આ તકનો લાભ લઇને જરા વિશેષ છુટ લેતાં કહ્યું " યશોમતી ! તમે જેમ મારાં જીવનની કેટલીક હકીકત જાણી, તેમ હું તમારાં જીવનની કેટલીક હકીકત જાણવાને માગું, તો તમે મને ક્ષ... કરશો. શ્રી શત્રુંજય ઉપર તમે જે સમાજ અને ધર્મની સેવાનું વ્રત લી... છે, તેને માટે તમને હું જેટલો ધન્યવાદ આપું તેટલો થોડોજ છે; પરંતુ હું એ જાણવાને ઇચ્છા રાખું છું કે તમે એ વ્રતને કેવી રી... પાળવા ધારો છો ?"

સેવાવ્રતની વાત આવી એટલે યશોમતીનાં મુખ ઉપર ક્ષોભની જે છાપ જણાતી હતી, તે ચાલી ગઇ અને તેની જગ્યાએ દૃઢતાની છાપ પડી ગઇ. તેણે જરા સ્વસ્થ બનીને ઉત્તર આપતાં કહ્યું. " લુણસિંહ આપણા સમાજમાં અને ધર્મમાં જે ધીમું પણ દૃઢ કુસંપનું બીજ રોપાતું જાય છે, તેને નાબુદ કરી ઐક્યનું બળ વધારવામાં, અમારા સ્ત્રીવર્ગની વિશેષ ઉન્નતિ સાધવામાં, જ્ઞાતિ, કોમ કે ધર્મના ભેદભાવોને બાજુએ રાખી ગરીબ અને નિરાધાર માણસોને જરૂરી સહાય કરવામ... અને દેશમાં વ્યાપી રહેલા કલહને દૂર કરી શાંતિનું સ્થાપન કરવામ... મારાથી બની શકે તેટલું કાર્ય કરી લીધેલ વ્રતની સફલતા કરવાન... મારી ઇચ્છા છે."

" અને મેં સાંભળ્યું છે કે એ વ્રતને ઉત્તમ પ્રકારે પાળવા મા... તમે કુમારી અવસ્થામાં રહેવાને ઇચ્છો છો, એ શું સાચું છે ? " લુણસિંહે પૂછ્યું.

યશોમતી વિચારમાં પડી. જેટલી દૃઢતા અને ત્વરાથી આજ પ્રશ્નનો ઉત્તર તેણે અનુપમાને આપ્યો હતો, તેટલીજ દૃઢતા અને ત્વરાથી લુણસિંહને પણ ઉત્તર આપવાનો પ્રયાસ કરી જોયો; પરંતુ ગમે તે કારણથી તેને તેમાં તાત્કાલિક સફળતા મળી નહિ. તેનામાં આવી નિર્બળતા અચાનક અને એકદમ શાથી આવી ગઇ, એની એ ચંચળ મનના ક્ષણે ક્ષણે પલટાતા ભાવો અને વિકારોને નહિ સમજનારી ભોળી તથા મુગ્ધા યશોમતીને સમજણ પડી નહિ. તો પણ તેણે આત્મસંયમ કરી તથા સ્વરમાં દૃઢતા લાવીને જવાબ આપ્યો. " એ સાચું છે. "

યશોમતીના જવાબથી ગુણસિંહને આશ્ચર્ય થયું. પણ તેણે આ-
ના ભાવને દબાવીને કહ્યું. "તમારી ભાવના ઘણી સ્તુત્ય છે. પરંતુ
વ્રતનાં પાલનને માટે કુમારી અવસ્થામાં રહેવાની શી જરૂર છે ? એ
સમજી શકતો નથી."

"એની જરૂર છે." યશોમતીએ કહ્યું. "કારણકે લગ્નથી અમા-
જીવન-દશા બદલાઈ જાય છે. લગ્ન પછી પતિની સેવા એજ અમારું
ખ્ય કર્તવ્ય બને છે અને પતિની આજ્ઞામાં રહેવા માટે સ્ત્રીને પોતાના
તંત્ર વિચારોને પણ તિલાંજલી આપવી પડે છે. તમેજ કહો કે લગ્ન
ઠી હું મારાં સેવાવ્રતને પાળી શકું ખરી ?"

"પાળી શકો." ગુણસિંહે તુરતજ કહ્યું.

"તદ્દન અશક્ય," યશોમતીએ કહ્યું. "કેવી રીતે ?"

"તમારા વિચારો અને તમારી ભાવનાને અનુકૂળ થાય અને
મને સહાયભૂત થઇ પડે, એવો પતિ તમે મેળવી શકો, તો શું તમે
મારાં વ્રતને સરલતાથી પાળી ન શકો ?" ગુણસિંહે યશોમતીના
અનો ઉત્તર તેની પાસેથીજ કહાવવાને પૂછ્યું.

"તમારો પ્રશ્ન ચર્ચાવાળો છે; પરંતુ પ્રથમ તો એવો પતિ મળવો
મુશ્કેલ છે." યશોમતીએ સરલ ભાવથી જવાબ આપ્યો.

હવે વાતને શી રીતે આગળ ચલાવવી, એ વિષે ગુણસિંહ વિચા-
માં પડ્યો. યશોમતીનો મનોભાવ સંપૂર્ણ રીતે જાણ્યા સિવાય તેનાથી
એમ એકદમ શી રીતે કહી શકાય કે, હું પોતેજ તારા વિચારો અને
તારી ભાવનાને અનુકૂળ થઉં તેવો પુરુષ છું કે જેને તું તારા પતિ તરીકે
પસંદ કરી શકે. તેણે એ પ્રમાણે કહી નાંખવાનો વિચાર કર્યો; પરંતુ
તે તેમ કરી શક્યો નહિ. તેમજ પહેલા પરિચયમાં એક સંસ્કારી
અને ઉચ્ચ ભાવનાવાળી કુમારીકા સાથે વાર્તાલાપમાં એટલી હદ
સુધી સ્વતંત્રતા લેવી, એ તેને યોગ્ય લાગ્યું નહિ. તે કેવળ પવિત્રતા
નિર્દોષતા અને સરલતાની એ મૂર્તિસમી બાળાની સામે સ્થિર દૃષ્ટિએ
અને આશાતુર હૃદયે જોઇ રહ્યો. આ વખતે બન્નેનાં હૃદયસાગરમાં
વિચારરૂપી તોફાન મચી રહ્યું હતું.

આ ક્ષણે શાન્તચંદ શેઠે એ ઓરડાના દ્વારમાં પ્રવેશ કર્યો.
તેણે ગુણસિંહને ત્યાં બેઠેલો જોઇને સ્વાભાવિક આશ્ચર્યથી પૂછ્યું.
"કોણ ગુણસિંહ ! અત્યારે અહીં ક્યાંથી !"

લુણસિંહે વિચાર નિદ્રામાંથી જાગૃત થઇને આસન ઉ[illegible] ઉભા થતાં કહ્યું. " હું તમને મળવાને માટેજ આવ્યો છું."

યશોમતી પણ પોતાના પિતાને આવેલા જોઇ આસન [illegible]થી ઉભી થઈ ગઇ હતી. તેણે વચ્ચેજ કહ્યું. " પિતાશ્રી ! લુણ[illegible] આંહી આવ્યા, ત્યારે તમે બહાર ગયા હતા અને તેથી મેં [illegible] આંહી બેસવાનું કહ્યું હતું."

" એ તેં સારૂં કર્યું. વસ્તુપાળ મહેતાએ મને જરા રાખ્યો એટલે આવતાં ઢીલ થઈ." રાજચંદ્રે આસન ઉપર [illegible] કહ્યું. " પણ તમે બન્ને ઉભા છો શા માટે ? જેમ બેઠાં હતાં બેસી જાઓ."

લુણસિંહ અને યશોમતી બન્ને બેઠાં. રાજચંદ્ર શેઠની આ[illegible] સાઠેક વર્ષની હતી અને વૃદ્ધાવસ્થાનાં કેટલાંક ચિન્હો તેમનાં [illegible] ઉપર જણાતાં હતાં: પરંતુ એકંદર રીતે તેમનાં શરીરનું બ[illegible] મજબુત હતું.

તેમણે લુણસિંહને ઉદ્દેશીને પૂછ્યું. " કેમ, તું અમારી ભરૂચ આવે છે ને ?"

લુણસિંહને ભરૂચ જવાની અને ત્યાં જઇને યશોમતીની વધુ સહવાસમાં આવવાની ખાસ ઇચ્છા હતી: પરંતુ તે તેના [illegible]ની આજ્ઞા આગળ નિરુપાય હતો. તેથી તેણે કહ્યું. " ના, આ[illegible] માગ્ય. [illegible] તેમ નથી. પણ શું તમે આવતી[illegible] જવાના [illegible]

" [illegible] ઉત્તર આપ્યો.

" [illegible] " લુણસિંહે યશોમ[illegible] [illegible]

[illegible] તેમણે કહ્યું. " વસ્તુ[illegible] [illegible] નથી; પણ હવે [illegible] [illegible] જવાને ઉતાવળી [illegible] છે.

[illegible] લુણસિંહે કહ્યું [illegible] [illegible]

ચંદ્ર ! મને જેટલો સ્નેહ મારી આ એકની એક પુત્રી યશોમતી ઉપર છે, તેટલોજ સ્નેહ તારી ઉપર છે; પરંતુ દિલગીર છું કે, મારાથી હવે વધારે વાર અહિં રહેવાય તેમ નથી; નહિં તો તારા આગ્રહનો સ્વીકાર કર્યા વિના હું રહું તેવો નથી. પણ તું અમારી સાથે કેમ આવતો નથી?"

યશોમતીએ વચ્ચે પડીને તુરતજ કહ્યું. "પિતાશ્રી ! લુણસિંહ હવે આંહીની રાજ્યખટપટમાં પડવાના છે, એટલે આપણી સાથે કેવી રીતે આવી શકે ?"

"ખરું છે." રાજ્યચંદ્રે કહ્યું. "કદાચ તેને પણ ભવિષ્યમાં ધોળકા કે પાટણના મંત્રી થવું હશે ને ?"

લુણસિંહ મૌન રહ્યો; કારણકે તે શી રીતે કહી શકે કે લુણસિંહ પાટણના જેવા મંત્રીપદ કરતાં યશોમતીના પવિત્ર પ્રેમને વધારે ઇચ્છે છે !

આ પછી તેમના વચ્ચે કેટલીક આડીઅવળી વાતો થયા બાદ લુણસિંહ તેમની રજા લઇને પોતાના આવાસે ગયો. તે ત્યાંથી બહાર નીકળ્યો, ત્યારે તેનું મન અનેક પ્રકારના વિચારવમળમાં ગોથાં ખાતું હતું.



પ્રકરણ ૧૪ મું.

અણહિલપુરમાં

અપરાજીત મહારાજ સિદ્ધરાજ જયસિંહ અને ચૌલુક્યકુળમણિ પરમાર્હત મહારાજ કુમારપાળના સમયમાં અણહિલપુરનો સૂર્ય પ્રખરતાથી તપતો હતો. એ વખતે પાટણનાં રાજ્યનો અને સમસ્ત ગુજરાત દેશનો મધ્યાહ્નનો સમય હતો. પણ ભોળા ભીમદેવની અવિચારી રાજનીતિ અને મુસલમાનો સાથેના યુદ્ધમાં થયેલી સખ્ત હારથી અત્યારે સમસ્ત ગુજરાતમાં સંધ્યાનો સમય વર્તતો હતો અને અણહિલપુરનો એક વખત પ્રચંડ પ્રખરતાથી તપેલો સૂર્ય ધીમે ધીમે પણ દ્રઢતાથી આથમતો જતો હતો. પાટણના રાજ્યચિંતકારો અને દેશના હિતેચ્છુઓ એ સૂર્યને આથમતો અટકાવી રાખવાને તનતોડ પ્રયાસો કરતા હતા. પરંતુ વિશ્વના ઉદય અને અસ્તના અનાદિન નિયમને કોણ અટ-

કાવી શક્યું છે ? કર્મફળદાથી સત્તા કે જેનું સામ્રાજ્ય સમસ્ત જગત ઉપર પ્રસરી રહ્યું છે, તેને વખતના વહેવા સાથે કોણ વશ થયું નથી ? મતલબ કે સારી દુનિયાને એ અતિ આકરી સત્તાને નમ્યા વિના ચાલતું નથી.

આ વખતે પાટણની રાજકીય સ્થિતિ ઘણી જ ખરાબ હતી. જૈનો અને શૈવો તથા વણિકો અને નાગરોની ખેંચતાણ તો ઘણા લાંબા સમયથી ચાલતી હતી; પરંતુ તેમાં રાજકીય ક્ષેત્રમાં પોતપોતાનાં વર્ચસ્વ સ્થાપવાને માટે રાજના અધિકારીઓ અને નગરના મુખ્ય આગેવાનો વચ્ચે ચાલતી ખટપટે વૃદ્ધિ કરી હતી. પાટણની આ સ્થિતિથી ગુજરાતનો મહારાજા ભોળો **ભીમ**દેવ હતાશ થઈને બેસી રહ્યો હતો. તેનો મુખ્ય મંત્રી શ્રીધર પ્રભાસપાટણમાં રહીને મહાદેવની ભક્તિમાં જ જીવન વ્યતિત કરતો હતો. ત્રિભુવનપાળ સોલંકી પાટણમાં જ હતો અને **ભીમ**દેવના મૃત્યુ પછી પાટણની રાજગાદી પોતાના હાથમાં આવે, તે માટે અનેકવિધ પ્રયત્નો કરી રહ્યો હતો. દેશદ્રોહી ઠરેલો જયંતસિંહ રાજકુમાર **વીરમ**ને પક્ષમાં લઈ તદ્દન નવીજ બાજી ખેલતો હતો. સોલંકીઓનાં શુભેચ્છક અને કેવળ તટસ્થ વૃત્તિના મંત્રી ચાચિગનાં મૃત્યુથી પાટણને મોટી ખોટ આવી હતી અને રાજચિંતાકારી મહામંડલેશ્વર લવણપ્રસાદ ભોળા **ભીમ**દેવના પક્ષમાં રહી પાટણની રાજ્યસત્તાનાં ત્રાજવાંને સરખું રાખવાને મિથ્યા પ્રયાસ કરતો હતો. આ વિવેચનની મતલબ એ છે કે પાટણનું રાજ્ય અને પાટણની પ્રજા[illegible] ગૌરવ અને તેજ ખટપટ અને પક્ષાપક્ષથી ધીમે ધીમે નષ્ટ થતું જ[illegible] હતું. ચાવડા વંશના મુખ્ય વિજેતા રાજા વનરાજે વસાવેલું અણહિલપુર તો હતું; પણ તેનું ગૌરવ જાણે નાશ પામ્યું હતું. એક વખતનો [illegible] સંખ્ય સૈન્યબળ ધરાવતો ભોળો **ભીમ**દેવ હજી હયાત હતો; પણ તે[illegible] ગૌરવ રહ્યું ન હતું. અને પાટણના અધિકારીઓ, મંત્રીઓ, સામં[illegible] તથા શુભેચ્છકો પણ હતા [illegible] તેમનું ઐશ્વર્ય ચાલ્યું ગયું હતું. કે[illegible] જાણે સમસ્ત પાટણનું [illegible] ગયું ન હોય !

રાજકુમાર વીરમ [illegible] જયંતસિંહ બન્ને વીરમગામ રવાના થઈ પાટણ [illegible] હતા. મરનાર જયંતસિંહ વીરમ[illegible] [illegible] ભીમદેવની સહાનુભૂતિ મેળવવ[illegible] [illegible] લવણપ્રસાદ [illegible]. વીરમને પક્ષ[illegible] [illegible] હતો. અને વીરમ પ્રત્યે [illegible] [illegible] ભીમદેવને મળી તથા તેને વીરમ[illegible]

ને ધનપાળ તથા [illegible] શ્રીમાન [illegible] [illegible] તો કરી તેની [illegible] [illegible] [illegible] વીરમને [illegible] [illegible].

રાત્રિનો પ્રથમ પ્રહર આવ્યો હતો. [illegible] ભાગ વધાવી લીધો હતો. ભીમદેવ શયનખંડમાં [illegible] બેઠા હતા ને આકાશમાં પ્રકાશતા [illegible] અને [illegible] [illegible] તેની [illegible] પૂર્ણ [illegible] ની [illegible] ન હતી. [illegible] તેનું મુખ [illegible] [illegible] તેની એ વિચાર [illegible] હતી. [illegible] [illegible] હતી. તેની [illegible] વીરમ [illegible] પાટણ આવેલા કે રાજકુમાર વીરમ હતા.

ભીમદેવે વીરમની સામે એકદમ આશ્ચર્યથી જોઈને કહ્યું, "કોણ, વીરમ!"

વીરમે નમન કરીને વિનયથી કહ્યું " હા, મહારાજ! "

ભીમદેવે હસતાં સ્મિત કરીને કહ્યું. " આવ, વીરમ! કેમ, કેમ, આનંદમાં તો છે ને?"

વીરમ ભીમદેવની નજર જોઈને બેઠો. તેણે જવાબ આપવાને બદલે પૂછ્યું. " તમે કેમ છો?"

ભીમદેવ ક્ષણવાર વીરમના મુખ સામે જોઈ રહ્યો. તે પછી તેણે આકાશ તરફ નજર નાંખીને ક્ષીણ ભાવથી ટુંકો ઉત્તર આપ્યો. "ઠીક છે."

ભીમદેવને તેનાં અવિચારી કામોથી જેટલો પશ્ચાતાપ અને જેટલું મનોદુઃખ થતાં હતાં, તેના કરતાં તેનાં જીવનની સહચરી, તેનાં સુખ અને દુ:ખની ભાગીદાર અને તેના પ્રેમનું પાત્ર રાણી લીલાદેવીનાં અકાળ મૃત્યુથી વધારે શોક અને અતિશય દુ:ખ ઉપજતાં હતાં.

વીરમે ભીમદેવનું શોકાતુર મુખ જોઈને પૂછ્યું " મહારાજ! તમે આટલા બધા શોકાતુર કેમ છો? શું કાંઈ તેવો પ્રસંગ ઉભો થયો છે?"

ભીમદેવે થોડીવાર વિચાર કરીને કહ્યું. " વીરમ! મારા શોકના અનેક કારણો છે. તું હજી બાળક છે; તને તે શી રીતે સમજાવું?"

" હા, હું બાળક તો છું." વીરમે જવાબ આપતાં કહ્યું. " પણ મારામાં થોડી ઘણી સમજવાની શક્તિ અવશ્ય છે."

"એ કહેવાને માટે તો હું તમારી પાસે આવ્યો છું." [illegible]રમે પોતાની સ્વાભાવિક ઉતાવળથી જવાબ આપતાં કહ્યું. "મને [illegible]તરી હતી કે તમે એ હકીકતથી તદ્દન અજ્ઞાતજ હશો."

ભીમદેવનાં મુખ ઉપર હાસ્યની છટા વિલસી રહી હતી. તે ઉત્સુ[illegible]તાથી વીરમ પ્રતિ જોઈ રહ્યો.

વીરમે કહેવા માંડ્યું. "મહારાજ ! ધોળકાના રાજતંત્રમાં [illegible]ત્રી વસ્તુપાળ અને તેજપાળે પોતાની જે સત્તા જમાવી છે, તેનો [illegible] વર્ણન કરું ! વસ્તુપાળ મહાઅમાત્ય અને તેજપાળ યુદ્ધમંત્રી હોવાથી [illegible]આખાં રાજતંત્રની ચાવી તેમનાં હાથમાં છે. વળી શત્રુઓ ઉપર મેળવેલી [illegible]જયથી તેઓ એટલા બધા જોરાવર બની બેઠા છે કે જો તેઓ ધારે [illegible] ધોળકાની રાજગાદી પણ સહેલાઈથી પચાવી પાડે. તેઓ સ્થળે [illegible]સ્થળે તેમના ધર્મનાં મંદિરો, પૌષધશાળાઓ અને દાનશાળાઓ સ્થાપે [illegible]છે અને વખતોવખત મોટી જાત્રાઓ પણ કરે છે અને એ રીતે [illegible]લોકોની પ્રીતિ સંપાદન કરે છે. આવાં કાર્યોમાં તેઓ અનર્ગલ દ્રવ્ય [illegible]ખર્ચે છે; પરંતુ એટલું બધું દ્રવ્ય ક્યાંથી વાપરતા હશે, તેનો તમે [illegible]પોતેજ વિચાર કરશો. વિશેષમાં તેમણે પોતાનાં જોર અને સત્તાથી મારા ભોળા પિતાને દબાવી દીધા છે અને ધોળકામાંથી મારો બહિષ્કાર કરાવ્યો છે. પણ તેની ખટપટ આટલેથી અટકી નથી. તેઓ તો વીસળને મારી જગ્યા આપવાને ચાહે છે."

ભીમદેવે વચ્ચે સવાલ કર્યો. "એટલે શું તેઓ [illegible] યુવરાજપદે સ્થાપવા માગે છે ?"

"જી, હા." વીરમે ઉત્તર આપતાં કહ્યું. "એ[illegible] વીસળને રાજ્યનો ઉત્તરાધિકારી બનાવી પાટણ[illegible] બેસારવાની ખટપટ તેઓ ચલાવી રહ્યા છે. એ [illegible] મારા પિતાને તમારી હયાતી છતાં ગુજરાતના મ[illegible] કરવાની સલાહ આપી હતી. પરંતુ મારા પિ[illegible] [illegible]ના સલાહનો સ્પષ્ટ અસ્વીકાર કર્યો હતો."

વીરમ ધારતો હતો કે તેણે કહેલી હ[illegible] ભીમદે[illegible]ને [illegible]તા. અવશ્ય આશ્ચર્ય થશે, પરંતુ તેના ધાર[illegible] [illegible]ની લક્ષ્ય કે ભીમદેવના મુખ ઉપર આશ્ચર્યનું [illegible] ગભરાવા તોપણ તેણે તેના લાગણી ઉશ્કેર[illegible] સાંભળેલ [illegible] વસ્તુ-

બધી ખટપટનાં પરિણામમાં તેઓ તેમના અહિંસામય ધર્મને ર[illegible]
બનાવવાની ઇચ્છા રાખે છે. ”

ભીમદેવને જરા હસવું આવ્યું. તેણે હસતાં હસતાં [illegible] વીરમ ! તું કહે છે કે તેમણે વીરધવળને દબાવી દીધા છે; મંત્રી નાગડ, રાજગુરૂ સોમેશ્વર અને પંડિત હરિહર વગેરે [illegible] કેમ સહન કરે છે ? ”

વીરમે ઉત્તેજીત થઇને જવાબ આપ્યો. “ સોમેશ્વર [illegible] હરિહર ગમે તેવા તો પણ આખરે બ્રાહ્મણ છે. તેઓ [illegible] સ્વાભાવિક લોભની તૃપ્તિને ખાતર વસ્તુપાળ અને તેજપાળના [illegible] ભરાઇ બેઠા છે; કારણકે તેમણે તેમને પ્રસંગોપાત દાનનાં [illegible] આપીને પોતાના આશ્રિત બનાવી દીધા છે. બાકી રહ્યા માત્ર નાગડ, પણ તે બિચારા એકલા શું કરે ? ”

“ અને તારો મામો સિંહ ! ” ભીમદેવે પૂછ્યું.

“ તેની ત્યાં બહુ મહત્તા નથી. ” વીરમે જવાબ આપ્યો.

“ અને તારી માતા ? ” ભીમદેવે ફરીને પૂછ્યું.

“ તેનો મારા કરતાં વીસળ ઉપર વધારે પ્રેમ છે. ” તુરતજ જવાબ આપ્યો.

“ ત્યારે તારૂં કોઇ હિતેચ્છુ નથી ? ” ભીમદેવે પ્રશ્ન [illegible]

“ મારા હિતેચ્છુમાં એક મારા દાદા અને બીજા તમે [illegible] વીરમે જવાબ આપ્યો.

“ અને સરદાર જયંતસિંહ. ” ભીમદેવે ગંભીરતાથી [illegible]

ભીમદેવનાં મુખમાં જયંતસિંહનું નામ સાંભળી વી[illegible] આશ્ચર્ય થયું. તેને શંકા થઇ કે શું ભીમદેવ જયંતસિ[illegible] વિશ્વાસથી માનતા તો નહીં હોયને ! ભીમદેવનાં મનનો [illegible] જાણવાને [illegible] માત્ર ધ્યાનપૂર્વક જોતો રહ્યો.

વીરમને [illegible] મૌન રહેલો જોઇને ભી[illegible] [illegible] વીરમ ! સરદાર જયંતસિંહ જો [illegible] તેની સલાહ લેતો હોય, [illegible]

[illegible] ભીમદેવ પોતાની [illegible] તેનું વિચાર્યું [illegible]

તેણે તુરતજ કહી નાંખ્યું. " મહારાજ ! તમારું કથન કેવળ સત્ય છે. સરદાર જયંતસિંહ સંપૂર્ણ રીતે મારા હિતમાં છે. "

" બરાબર. " ભીમદેવે કહ્યું અને પૂછ્યું. " અને હાલમાં ક્યાં છે ? "

વીરમને ક્ષણવાર વિચાર થયો કે આ પ્રશ્નનો સાચો ઉત્તર આપવો નહિ; પરંતુ બીજીજ ક્ષણે તેણે એ વિચારને ફેરવી નાંખ્યો, અને તુરતજ કહ્યું. " તે અહીં પાટણમાં જ છે. "

આ સમયે એક પુરુષ ત્યાં આવી પહોંચ્યો. તેની અવસ્થા લગભગ ભીમદેવની અવસ્થા જેટલી હતી. પણ તેનાં શરીરનું બંધારણ ભીમદેવ કરતાં વધારે મજબુત અને ખડતલ હતું. આ પુરુષ અણહિલપુર પાટણનો મહામંડલેશ્વર લવણપ્રસાદ કિંવા લાવણ્યસિંહ હતો. તેણે મહારાજ ભીમદેવને નમન કર્યું અને પછી વીરમ પ્રત્યે જોઈ આશ્ચર્યનો ભાવ દર્શાવતાં કહ્યું. " વીરમ ! તું અહીં ક્યાંથી ? ક્યારે આવ્યો છું ? "

વીરમ તેના દાદા લવણપ્રસાદને અચાનક આવેલા જોઈને મંત્રમુગ્ધ થઈ ગયો. તે તેમના પ્રશ્નનો કશો પણ ઉત્તર આપી શક્યો નહિ.

લવણપ્રસાદે ભીમદેવના પાસે એક બાજુએ બેસી ફરીને પૂછ્યું. " કેમ ઉત્તર આપતો નથી, વીરમ ! અહીં પાટણમાં તું ક્યારે આવ્યો ? "

હવે ઉત્તર આપ્યા સિવાય ચાલશે નહિ, એમ વિચારી વીરમે કહ્યું. " આજ સાંજે. "

" આજ સાંજેજ ! " લવણપ્રસાદે ભાર દઈને પ્રશ્ન કર્યો.

" હા, અને મહારાજને મળી તમારી પાસેજ આવવાનો હતો. " વીરમે ઉત્તર આપ્યો.

" ઠીક, પણ તું કેમ આવ્યો છે ? " લવણપ્રસાદે પ્રશ્નો પૂછવાનું શરૂ જ રાખ્યું.

વીરમ એ પ્રશ્નનો શો ઉત્તર આપે ! તે મૌનજ રહ્યો.

" લવણપ્રસાદ ! " ભીમદેવે વીરમના મુઝવણ જાણી લઈને કહ્યું. " તમે એને એમ એકદમ પ્રશ્ન ઉપર પ્રશ્ન પૂછીને ગભરાવો નહિ. તમારે એ પ્રશ્નનો ઉત્તર જાણવો હોય તો સાંભળો. ધોળકામાં ચાલી રહેલી ખટપટ, વીરધવલની નબળાઈ અને વસ્તુ-

પાળ-તેજપાળની શિરજોરાઈ વિગેરે સંબંધમાં વાત કરવાને તેને વીરમગામથી અહીં આવવું પડ્યું છે."

"કેવો મર્મ છે ?" લવણપ્રસાદે વીરમની સામે જોઈને વળી પાછો પ્રશ્ન કર્યો. "તું એકલો આવ્યો છે કે તારી સાથે બીજું કોઈ છે ?"

ભીમદેવે તુરતજ કહ્યું, "સરદાર જયંતસિંહ."

"સરદાર જયંતસિંહ ?" લવણપ્રસાદે જોરથી પૂછ્યું. "હજી તેનો સંગ તેં છોડ્યો નથી ?"

"શા માટે છોડે ?" ભીમદેવે જવાબ આપતાં કહ્યું. "જયતસિંહ વીરમનો ખાસ હિતેચ્છુ છે."

"મહારાજ ! વીરમ કેવળ ભોળો અને સરલ સ્વભાવનો છે. તેનામાં બુદ્ધિનો અંશ માત્ર પણ નથી." લવણપ્રસાદ ભીમદેવને એટલું કહીને વીરમની પાસે ગયો અને તેનો હાથ પકડી તેને ઉભો કરીને તેણે કહ્યું. "વીરમ ! તું હજી હમણાંજ વીરમગામથી ચાલ્યો આવે છે એટલે પ્રવાસથી કંટાળી ગયો હશે. માટે પહેલાં આપણા આવાસે ચાલ અને પછી નિરાંતે મહારાજને મળજે." એમ કહી તથા મહારાજા ભીમદેવને નમન કરી તે વીરમને લઇ ત્યાંથી ચાલતો થયો.

ભીમદેવ તેમને જતાં જોઇ કાંઈ બોલ્યો નહિ; પરંતુ હસતાં હસતાં તેમની તરફ જોઇ રહ્યો. લવણપ્રસાદ અને વીરમ ગયા પછી તે પુનઃ ચંદ્રનું અવલોકન કરવા લાગ્યો.

પ્રકરણ ૧૫ મું.

સરસ્વતીના તીરે.

લવણપ્રસાદ વીરમને પોતાના આવાસમાં લઇ ગયો. અને વીરમ કાંઇ પણ આનાકાની વગર તેના દાદાની પાછળ યંત્રવત ઘસડાતો ચાલ્યો. લવણપ્રસાદનો આવાસ રાજ્યમહેલમાંજ હતો. એટલે તેઓ થોડીવારમાં ત્યાં આવી પહોંચ્યા. તેઓ આવાસના એક ખંડમાં જઇને બેઠા. આ ખંડમાં એકથી વધારે દીપકો બળતા હતા. લવણપ્રસાદે દીપકનાં પ્રકાશમાં વીરમનાં મુખ સામે જોયું તો તેનું મુખ લેવાઈ ગયેલું અને વિચારગ્રસ્ત જણાતું હતું.

લવણપ્રસાદને પોતાના પ્રિય પૌત્રની આ સ્થિતિ જોઈને દયા આવી. તેણે કરુણાજનક અવાજે કહ્યું. " વીરમ ! "

વીરમે તેના દાદાનાં મુખ સામે નજર કરી.

વીરમે લવણપ્રસાદ સામે જોયું એટલે તેણે કહ્યું. " વીરમ ! તું આટલો બધો દુઃખી અને હતાશ હશે, એવું આજસુધી મારા જાણવામાં ન હતું. ખરેખર મને તારી દયા આવે છે. "

વીરમ જેમનો તેમ ચૂપ બેસી રહ્યો.

લવણપ્રસાદે આગળ કહેવા માંડ્યું. " તેં હજી પણ એ ગમા-અણગમાથી અને ખટપટના મૂર્તિ જયંતસિંહનો સંગ છોડ્યો નથી, એ જાણીને મને ઘણી દિલગીરી થાય છે અને ભવિષ્યમાં તારું શું થશે, તેની ચિંતા થાય છે. "

આ મમતાળુ વચનો સાંભળીને વીરમને ગ્લાનિ ઉપજી અને તેણે ધીમેથી એક નિઃશ્વાસ મૂક્યો.

" વીરમ ! ", લવણપ્રસાદે કહ્યું. " મેં તને એકથી વધારે વખત કહ્યું છે અને હજી પણ કહું છું કે તું જયંતસિંહનો સંગ છોડી દે; પરંતુ તને મારી સલાહ પસંદ પડતી નથી. તું તેનો સંગ શા માટે છોડતો નથી, એ મારા સમજવામાં આવતું નથી. શું તું એમ ધારે છે કે તે તને સારી સલાહ આપી તારું હિત કરશે ! જો તું એમ ધારતો હોય, તો તારી એ ધારણા કેવળ ભૂલભરેલી છે. તું યાદ રાખજે કે તે તારું હિત નહિ, પણ અહિતજ કરશે અને પોતાનો સ્વાર્થ સાધી લેશે. હું ખાતરીપૂર્વક કહું છું કે તેના જેવા સ્વાર્થસાધક ભાગ્યેજ બીજો કોઈ હશે. "

હવે વીરમ જરા સ્વસ્થ થયો. તેણે ટટ્ટાર બેસીને કહ્યું. "દાદાજી ! જ્યારે આખું જગત મારાથી વિરુદ્ધ છે, ત્યારે હું જયંતસિંહનો સંગ ન કરું અને તેની સલાહ માન્ય ન રાખું, તો બીજું શું કરું ! "

" આખું જગત તારાથી વિરુદ્ધ છે, એ તારી માન્યતાજ ભૂલભરેલી છે. " લવણપ્રસાદે કહ્યું. " તને જયંતસિંહે અને પેલી દુષ્ટા મધુરીએ અવળા પાટા બંધાવ્યા છે, તેથી તને એમ જણાય છે."

" દાદાજી ! તમે એક વાર વિચાર કરી જુઓ. " વીરમે કહ્યું. " ધોળકાની પ્રજા, રાજ્યના મંત્રીઓ, મારો નાનો ભાઈ અને ખુદ મારાં માતાપિતા શું મારાથી વિરુદ્ધ નથી ? શું તેઓ મારાથી વિના કારણ નારાજ નથી ? "

“ વીરમ ! કદાચ તારા પિતા પણ અંતઃકરણથી [illegible] જોઈ [illegible] તેમ [illegible]ની [illegible]માં ફસાવાથી તારી બુદ્ધિ બહેર મારી ગઈ છે. [illegible] કે [illegible] લાગ શું નથી અને તેથી જ તને [illegible] આવે છે. વીરમ ! તારા ઉપર ક્રોધે ભરાયો છે અને તારાથી [illegible] પરંતુ તેમાં કોઈનો દોષ નથી. દોષ [illegible] ક્રોધી સ્વભાવનો અને [illegible] છે. તેમ છતાં મને ખાતરી છે કે જો તું વીરધવળની પાસે જઈ તેની ક્ષમા માગે, તો તે તને [illegible] ક્ષમા આપશે; [illegible] કે તે ઘણા સરલ સ્વભાવનો છે અને જો કે [illegible] તું [illegible] પિતાની ક્ષમા માગીને પુનઃ તેની પ્રીતિ સંપાદન કરી લે. તો પછી [illegible] શા માટે છે કે તે તારાથી વિરુદ્ધ વર્તી શકે? [illegible] પ્રજાનો સ્નેહ અને [illegible]ના અધિકારીઓની સારી લાગણી મેળવવાને માટે તારે તારા ક્રોધી અને ઉતાવળા સ્વભાવનો ત્યાગ કરવાની અગત્ય છે અને જયંતસિંહ જેવા ખટપટી, સ્વાર્થસાધુ અને સ્વામીદ્રોહીનો સંગ છોડી દેવાની તથા મધુરી જેવી દુષ્ટા, સ્વાર્થી અને નીચ નારીની માયા મૂકી દેવાની પણ ખાસ જરૂર છે. એ વિના કોઈપણ માણસ તારા પ્રત્યે શુભ લાગણી ધરાવશે નહિ અને જો તું તારી રીતભાત નહિ સુધારે, તો મને ભય છે કે તું યુવરાજપદને ગુમાવી પણ બેસીશ. વીસળ તરફ બધાં શા માટે માન અને સ્નેહની નજરથી જૂએ છે? તથા તેને સર્વ કોઈ શામાટે ચાહે છે? આ પ્રશ્નનો તું વિચાર કરી જોઈશ તો તને [illegible] જણાશે કે તેના [illegible] સ્વભાવ અને સદ્વર્તનથી લોકો [illegible] લાગણી ધરાવે છે. અને જો તું [illegible] સ્વભાવ અને સદ્વર્તનથી સર્વ કોઈની પ્રીતિ અને સારી લાગણી મેળવી શકે. ”

વીરમ તેના દાદાની શિખામણ એકધ્યાને સાંભળી રહ્યો. તેનાં મુખ ઉપર પશ્ચાત્તાપનાં ચિન્હો સ્પષ્ટ જણાતાં હતાં. પણ તે કાંઈ બોલ્યો નહિ કેવળ મૌન બેસી રહ્યો.

લવણપ્રસાદે તેને મૌન રહેલો જોઈને કહ્યું. “ વીરમ ! તું મહારાજા ભીમદેવની પાસે શા માટે ગયો હતો ? ”

વીરમે કાંઈ ઉત્તર આપ્યો નહિ.

“ તું મારા પ્રશ્નનો ઉત્તર કેમ આપતો નથી ? ” લવણપ્રસાદે કહ્યું. “ પણ તને ખબર છે કે મહારાજા ભીમદેવ પણ તારાથી નારાજ છે ?

વીરમે લવણપ્રસાદની સામે જોઈને ધીમેથી કહ્યું. “ હશે. ”

“ તો પછી તેમની પાસે જવાથી અને તેમને બધી વાત કહેવાથી

શું કરું ?" લવણપ્રસાદે કહ્યું. "વીરમ ! આપણાં કુટુંબનાં બધાં માણસો કરતાં તારા ઉપર મારો સ્નેહ વધારે છે અને તારા તરફ મારો પક્ષપાત પણ છે; પરંતુ જો તું તારાં વર્તનને સુધારીશ નહિ અને મારી શિખામણને માન્ય રાખીશ નહિ, તો મારે પણ તારા ઉપર કેવો પ્રેમ અને કેટલો પક્ષપાત રાખવો એનો વિચાર કરવો પડશે."

વીરમ તેના દાદાનું છેલ્લું વાક્ય સાંભળીને વિચારમાં પડ્યો. આ વખતે તેનું સ્વાભાવિક ક્રોધથી ભરેલું મુખ દિલગીરીયુક્ત જણાતું હતું.

લવણપ્રસાદ કેટલીક વાર પર્યંત તેના મૂર્ખ પૌત્ર તરફ જોઈ રહ્યો. પછી નીચે ઉભા થઈ, તેની પાસે જઈ તથા તેનાં મસ્તક ઉપર પોતાનો હાથ મૂકીને સ્નેહભરેલા સ્વરે કહ્યું. "વીરમ ! તારી મુખમુદ્રા ઉપરથી જણાય છે કે તને તારાં વર્તનનો પશ્ચાતાપ થાય છે. શું મારી આ માન્યતા સાચી નથી ?"

વીરમે આસન ઉપરથી ઉભા થઈને કહ્યું. "તમારી માન્યતા સાચી છે, દાદાજી ! મને હવે મારાં ખરાબ વર્તનનો પશ્ચાત્તાપ થાય છે."

"ત્યારે તું જયંતસિંહનો સંગ છોડી દઈશ ?" લવણપ્રસાદે પૂછ્યું.

"હા." વીરમે ઉત્તર આપ્યો.

"અને મધુરીને ત્યજી દઈશ ?" લવણપ્રસાદે ફરીને પૂછ્યું.

વીરમે પોતાનાં કપાળે હાથ ફેરવ્યો અને ધીમેથી કહ્યું. "પ્રયાસ કરી જોઈશ."

"છેવટમાં ધોળકા જઈને વીરધવળની ક્ષમા માગીશ ?" લવણપ્રસાદે પ્રશ્ન કર્યો.

"માગી જોઈશ." વીરમે જવાબ આપ્યો.

લવણપ્રસાદે ખુશી થતાં કહ્યું. "હમણાં તો તું અહીં રહે; થોડા દિવસ પછી ધોળકા જવાનું રાખજે. પણ હજી મારી એક શિખામણ સાંભળ. જ્યાં સુધી તું મધુરીનો ત્યાગ કરીશ નહિ, ત્યાં સુધી તારૂં વર્તન સુધરશે નહિ, એ ચોક્કસ માનજે."

વીરમ મૌન રહ્યો અને વિચારમાં ને વિચારમાં આમ તેમ આંટા મારવા લાગ્યો. લવણપ્રસાદ વીરમને એવી વિચારમગ્ન સ્થિતિમાં રહેલા છોડીને ત્યાંથી ચાલ્યો ગયો.

પશ્ચિમાનો પૂર્ણચંદ્ર સોળ કળાથી પ્રકાશતો હતો. સરસ્વતી નદીનું સ્વચ્છ જળ ચંદ્રના રૂપેરી અજવાળામાં એક દૂધ જેવું જણાતું હતું. હજી રાત્રિનો પ્રારંભકાળ હતો એટલે નદીકિનારે

શું તમે ભાનપૂર્વક કહો છો ?" એ પુરૂષ કે જે સરદાર જયંતસિંહ હતો, તેણે પૂછ્યું.

"હા, બરોબર ભાનપૂર્વક કહું છું." વીરમે જવાબ આપ્યો.

"પણ એનું કાંઇ કારણ!" જયંતસિંહે આશ્ચર્ય પામી પ્રશ્ન કર્યો

વીરમે તુરતજ જવાબ આપ્યો. "એનું કારણ એજ કે હું હવે તમારો સંગ રાખવાને ઇચ્છતો નથી."

આકાશમાં મેઘનો ગડગડાટ થાય અને સાંભળનારને જેવો આંચકો લાગે તેવો આંચકો વીરમનું કથન સાંભળીને જયંતસિંહને લાગ્યો. કેટલોક સમય પર્યંત તો વીરમ પ્રત્યે જોઇજ રહ્યો.

"મારો સંગ તમે છોડવાની ઇચ્છા રાખો છો ?" જયંતસિંહે બહુજ ધીમેથી અને દેખીતી શાંતિથી પૂછ્યું. જો કે તેનાં મનમાં તો અનેક પ્રકારની વિચાર-પરંપરાનો ખળભળાટ મચી રહ્યો હતો.

વીરમે આગળ પાછળનો વિચાર કર્યા વિના એકદમ ઉત્તર આપ્યો. "અવશ્ય; કારણકે તમે સ્વાર્થસાધક, સ્વામીદ્રોહી અને પ્રપંચી માણસ છો."

જયંતસિંહનો ક્રોધ ઉછળી આવ્યો; તેનું મુખ ભયંકર બની ગયું. પણ તેણે ઉંડો વિચાર કરીને શાંતિ રાખી. આ વખતે જયંતસિંહને બદલે જો કોઇ બીજો માણસ હોત, તો આવાં સ્પષ્ટ અપમાનજનક વચનો સાંભળીને તેણે તેનો જવાબ માગ્યો હોત અથવા તો તે ત્યાંથી એકદમ ચાલ્યો ગયો હોત, પરંતુ સ્વાર્થસાધુ માણસ પ્રસંગોપાત અપમાનથી ભરેલાં વચનોને ગળી જવાનું ચૂકતો નથી. સરદાર જયંતસિંહ પણ સ્વાર્થસાધુ પુરૂષ હતો, એટલે તે વીરમે કરેલાં અપમાનને સહન કરી લે, તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી.

જયંતસિંહે જીભમાં મધુરતા લાવીને કહ્યું. "રાજકુમાર ! મને લાગે છે કે તમારૂં મસ્તક અત્યારે ઠેકાણે નથી. ચાલો આપણે નગરમાં જઇએ."

"નહિ; મારે અહીંજ બેસવું છે" વીરમે મક્કમતાથી કહ્યું. "તમારે જવું હોય તો ભલે જાઓ."

પણ જયંતસિંહ એમ સહેલાઇથી ચાલ્યો જાય, એવો ભોળો ન હતો. તેણે વિચાર કર્યો કે આ નવા જુવાનને કોઇએ પોતાની વિરૂદ્ધ ઉશ્કેર્યો છે એટલે આ પ્રમાણે તે પોતાનો તિરસ્કાર કરે છે. હવે એને કોઇ પણ ઉપાયે પુનઃ કાબુમાં લાવવો જોઇએ. તેણે બરોબર વિચાર કરીને

કહ્યું. "રાજકુમાર ! તમને મારી વિરૂદ્ધ કોઇએ ખોટી રીતે ઉશ્કેર્યા છે, તેથી તમે મને અપમાન યુક્ત વચનો સંભળાવી રહ્યા છો. અને તમારાં એ વચનો સાંભળીને મેં જો સ્વાભિમાનનો વિચાર કર્યો હોત, તો હું તમારો ત્યાગ કરીને તુરતજ ચાલ્યો ગયો હોત: પરંતુ મને તમારી ખાતરી છે કે તમે અંતઃકરણથી કદિ પણ મારો તિરસ્કાર કરો નહિ; તમને તમારાં અત્યારનાં વર્તમાનનો આજ નહિ તો કાલે પણ અવશ્ય પશ્ચાત્તાપ થશે, એમ ધારીને હું તમારાં વર્તનને લક્ષ્યમાં લેતો નથી. પણ એ વાતને જવા દો. હવે આપણે વીરમગામ ક્યારે જશું ? કારણકે તમારી પ્રેમમયી મધુરી અત્યંત આતુરતાપૂર્વક તમારી રાહ જોઇ રહી હશે."

પોતાનાં છેવટનાં વાક્યની વીરમ ઉપર શી અસર થાય છે, એ જોવાને જયંતસિંહે તેની નજર સાથે પોતાની નજર મેળવી.

પણ વીરમે એકદમ કહી નાંખ્યું. "મને વીરમગામ જવાની પણ જરૂર નથી. મારે તો આંહી પાટણમાં જ રહેવું છે."

જયંતસિંહને આ વખતે બીજો આંચકો લાગ્યો. તેણે આતુરતાથી પ્રશ્ન કર્યો. "એટલે શું તમે તમારી મનમોહના મધુરીનો પણ ત્યાગ કરવા માગો છો ?"

અત્યાર સુધી વીરમ જયંતસિંહના એક એક પ્રશ્નનો વિચાર કર્યા વિના અને ત્વરાથી ઉત્તર આપતો હતો; પરંતુ તેના છેલ્લા પ્રશ્નનો ઉત્તર તે એકદમ આપી શક્યો નહિ; કારણ કે મધુરીની મનમોહક મૂર્તિ તેની ચક્ષુ સમીપ ખડી થઇ ગઇ હતી અને એ મૂર્ત્તિ કેમ જાણે તેને વીરમગામ આવવાની આર્જવતા પૂર્વક વિનંતિ કરતી હોય નહિ ! એમ લાગ્યું. વીરમ એ મનોરંજક મૂર્ત્તિને એકધ્યાને જોઇ રહ્યો અને તેણે જયંતસિંહને તેના પ્રશ્નનો કશો પણ જવાબ આપ્યો નહિ.

વીરમની આ સ્થિતિ જોઇને જયંતસિંહ અંતરમાં અત્યંત ખુશી થયો. તેણે વીરમની ગ્લાનિને ઉશ્કેરવા માટે ફરીને પુછ્યું. "યુવરાજ સાંભળો છો ને ? શું તમે તમારી [illegible] એ અત્યંત [illegible] લુક અને કોમળ રૂપસુંદરીનો ત્યાગ કરશો ?"

વીરમ એ પ્રશ્નનો શો ઉત્તર આપે ? કારણ કે મધુરી જેવી લાવણ્યમયી લલનાનો ત્યાગ કરવા જેટલું મનોબળ એ મદનવશ યુવકમાં હતું. અને તેથી તે મૌન જ રહ્યો.

જયંતસિંહે વીરમની માનસિક દુર્બળતાનો વધારે લાભ લેવા માંડ્યો. તેણે [illegible] નહિ તો તમારી એ પ્રાણ

વાની ખાતર પણ તમારે હવે વીરમગામ જવું જોઈએ. હું આજ દિવ-
સે વીરમગામ જવાનો છું અને જો તમે મારી સાથે આવશો, તો
મુસાફરીમાં ઘણોજ આનંદ આવશે."

વીરમ વિચારનાં વમળમાં એવો તો ગુમ થયો હતો કે તેમાંથી
બહાર નીકળવું એ તેના જેવા અનુભવહીન અને જ્ઞાનશૂન્ય યુવાનને માટે
ઘણું મુશ્કેલ હતું. તેણે કંટાળીને કહ્યું "જયવંતસિંહ ! તમે મને
આ ઉપર પ્રશ્ન પૂછીને સતાવો નહિ. મારું મગજ અત્યારે ઠેકાણે નથી.
આપણે ફરીને મળશું, ત્યારે શાંતિથી વાત કરશું. હમણાં તો તમે અહીંથી
ચાલ્યા જાઓ, એજ ઠીક છે.'

જંગલમાં શિકારને ફસાવીને જેમ શિકારી ખુશી થાય, તેમ
જયવંતસિંહ વીરમને પોતાની કપટજાળમાં ફસાયેલો જોઈને ખુશી થયો.
તેણે તુરતજ કહ્યું, "બહુ સારું. તમારી ઈચ્છા મુજબ હું આ વખતે
ચાલ્યો જાઉં છું; પરંતુ જતાં પહેલાં એકજ પ્રશ્ન પૂછી લેવાની આતુર-
તાને હું રોકી શકતો નથી. "તમે મહારાજ ભીમદેવને મળ્યા ?"

"એનો ઉત્તર પણ હું તમને અત્યારે આપીશ નહિ." વીરમે
તેના પ્રશ્નને કહ્યું. "અત્યારે તો મને એકલોજ રહેવા દો."

જયવંતસિંહને તેના છેલ્લા પ્રશ્નોનો ઉત્તર ખાસ કરીને જોઈતો હતો.
પરંતુ તે માટે વીરમને હવે વિશેષ આગ્રહ કરવો, એ તેને ઠીક લાગ્યું
નહિ. તેને જરા નિરાશા થઈ આવી; પણ ત્યાંથી ચાલ્યા જવા સિવાય
હવે બીજો ઉપાય ન હતો.

"ઠીક, ત્યારે હું જાઉં છું." એટલું કહીને જયવંતસિંહ પોતાની
નામરજી છતાં પણ ત્યાંથી ચાલ્યો ગયો.

આ સમયે આકાશમાં ધીમે ધીમે વાદળાંનો જમાવ થતો હતો
અને તેને લીધે ચંદ્ર ઘડી વાર વાદળામાં પેસી જતો હતો અને પુનઃ
બહાર નીકળતો હતો. મતલબ કે ચંદ્રને સંપૂર્ણતાથી પ્રકાશવામાં કાળાં
વાદળાં અંતરાયભૂત થતાં હતાં. બરાબર આજ પ્રમાણે વીરમનાં હૃદયા-
કાશની સ્થિતિ હતી, કારણ કે તેનું હૃદય પણ વિચારોરૂપી વાદળાંથી
છવાઈ ગયું હતું. તેનું મસ્તક અનેક પ્રકારની કલ્પનાઓ અને જુદા જુદા
તરંગોથી ગુંચવાઈ ગયું હતું. તેનામાં મૂળ બુદ્ધિનો અંશ બહુ થોડો
હતો અને જે થોડો ઘણો અંશ હતો, તે પણ આ સમયે લુપ્તપ્રાય થઈ
ગયો હતો. તેનાં અંતઃકરણમાં બે જુદા જુદા વિચારોનું યુદ્ધ થતું હતું.
એક તરફ તેના હિતસ્વી દાદાની સલાહ અને શિખામણ અને બીજી તરફ

મધુરીનો મોહ. આ બે વિચારો, ભોળા અને મુગ્ધ વીરમને મુંઝવી રહ્યા હતા અને તેને એક નિશ્ચય ઉપર આવવા દેતા ન હતા. તેણે ઘણો વિચાર કર્યો, અનેક કલ્પનાઓ બાંધી અને અવનવા તરંગો રચ્યા, પરંતુ ચોક્કસ નિર્ણય ઉપર આવી શક્યો નહિ. જેમ તેનાથી લવ આજ્જણી સલાહની અવગણના થઇ શકે તેમ ન હતું, તેમ મદન મધુરીની મીઠી માયા પણ મુકાય તેમ ન હતું. ઘણા વિચારોના તે કંટાળી ગયો અને બેભાન માણસની પેઠે એકદમ ઉઠીને નગર ચાલ્યો ગયો.

પાટણમાં રાજમહાલયના મુખ્ય દરવાજે તે પહોંચ્યો, રાત્રિના બારના ટકોરા થયા. તે સીધો તેના સુવાના ખંડમાં ગયો, કપડાં ઉતારીને પલંગમાં પડ્યો; પરંતુ ઉશ્કેરાયેલાં, અશાંત મન અને વિચારનાં વમળમાં પડેલા માણસને નિંદ્રા ક્યાંથી આવે ?



પ્રકરણ ૧૬ મું.

પ્રાણીરક્ષક શાળા.

પ્રાતઃકાળનો સમય હતો, ભગવાન દિવાકર પોતાનો રથ આકાશ તરફ ધીમે ધીમે ચલાવી રહ્યા હતા અને તે જોઇ લોકો હંમેશના ઉદ્યોગમાં જોડાતાં હતાં. આ વખતે જગડુશાહની પુત્રી પ્રીતિમતી નગરની બહાર તેના પિતાએ સ્થાપેલી દાનશાળાએ આવીને લુલાં, આંધળાં, માંદાં, કામ કરવાને અશક્ત અને નિરાધાર માણસોને અન્નદાન આપતી હતી. દાનશાળાની બાજુમાંજ પશુશાળા પણ સ્થાપવામાં આવી હતી અને તેમાં નિરાધાર પશુઓને રાખી તેમની યોગ્ય સંભાળ રાખવામાં આવતી [illegible] આગમાં બની ગયેલી ઘટના પછી પ્રીતિમતીએ અનેક પ્ર[illegible] માણસો અને પશુઓની સેવા કરવામાં પોતાનું [illegible] કર્યો હતો અને પરમ દેવસૂરિની સલાહ [illegible] પોતાના પિતાને કહી ભદ્રેશ્વર નગરની બહાર દાન[illegible] બંધાવી હતી. પ્રીતિમતી હમેશાં પ્રભાતે [illegible] દાનશાળાએ આવતી હતી અને જાતિ કે ધર્મ [illegible] અપંગ માણસોને અન્નનું દાન ક[illegible] કર્યા પછી તે પશુશા

સ્ત્રીઓની કલ્પવેલી.

મહીલા મહોદય. ભાગ ૨ જો.

આ ગ્રંથમાં નીચેના વિષયો જોશો.

પ્રથમ પરિચ્છેદ—પ્રજોત્પત્તિ.

શીવલીંગીનો પ્રયોગ. | અંડ વૃદ્ધિ તેના ભેદ અને
બીજોરાંનો પ્રયોગ. | મુત્ર કચ્છ તથા પથરી.
પુત્ર કે પુત્રી પ્રાપ્તિના સંયોગો. | ગર્ભ ન રહેવાના પ્રયોગો.

દ્વિતીય પરિચ્છેદ—ગર્ભરક્ષણ અને પ્રસુતિ.

ગર્ભરક્ષણ.
ગર્ભ રહેવાનાં ચિન્હો.
ત્રણ મહિને ગર્ભપતન.
વાધુ ચઢવો.
લાભના મહિના.
ગર્ભિણીને સુચના.
ગર્ભિણીનો ખોરાક.
સગર્ભા સ્ત્રીના દર્દો અને ઉપાયો.
સ્તનવૃદ્ધિ.
ગર્ભિણીને પુષ્ટિકર ઉપાયો.
ગર્ભ વિનોદરસ.
ગર્ભ વિલાસરસ.
કસુવાવડ.
જોડીયો ગર્ભ.
કસુવાવડ થતી અટકાવવાના ઉપાય.
ગર્ભસ્ત્રાવની ત્રણ અવસ્થા
બાર મહિનાનો ગર્ભ.
છોરુ તેના લક્ષણ અને નિ
મૂઢગર્ભ.
પ્રસવકાળ.
પ્રસવનાં ચિન્હો.
પ્રસુતિગૃહ.
સુયાણી.
પ્રસવ વેદના શરૂ થવાનાં ચિન્હો.
છોરૂ સીધું છે કે આડું? તેની
સુવેલો ગર્ભ.
પ્રસવની પહેલી અવસ્થા.
જરાયુ.
પ્રસવની બીજી અવસ્થા.
" ત્રીજી અવસ્થા

છુટા છેડા થતાં સુધીના દરેક પ્રસંગો તેના લક્ષણો અને ઉપચારો.

તૃતીય પરિચ્છેદ.

બાળરક્ષણ. બાળકનાં દર્દો અને તેના ઉપચારો.

સુવાવડીની સંભાળ. સુવાવડીનાં ... અને તેના ઉપચારો વિ... તેમાં જોશો. વિગેરે વિગેરે

છપાય છે. તાકીદે નામ નોંધાવો. કિંમત રૂ. બે

લખો—

સ્ત્રીસુખ દર્પણ ઓફીસ.

ભાવનગર.

અમારા તરફથી પ્રગટ થયેલાં ગુજરાતી ભાષાંતરનાં હાલમાં મળતાં ગ્રંથો.

१ श्री जैन तत्त्वादर्श ४-०-०
२ नवतत्त्वनो सुंदर बोध ०-[illegible]
४ हंसविनोद वृत्ति ०-६-०
५ जैन धर्म विषयिक प्रश्नोत्तर ०-८-०
७ जैनतत्त्वसार मूळ तथा भाषांतर ०-६-०
८ दंडक विचार वृत्ति मूळ अर्थ सहित ०-८-०
९ नवस्मरण [illegible] ०-१२-०
१४ प्रकरण संग्रह ०-४-०
१५ नवाणुं प्रकारी पूजा अर्थ सहित ०-८-०
१६ आत्मवल्लभ स्तवनावली ०-६-०
१७ मोक्षपद सोपान ०-१२-०
१८ प्रश्नोत्तर पुष्पमाळा ०-१४-०
२१ श्राद्धकल्पतरु ०-३-०
२२ आत्मप्रबोध ग्रंथ २-८-०
२५ जंबुस्वामी चरित्र ०-८-०
२६ जैन ग्रंथ गाइड १-०-०
२७ तपोरत्न महोदधि भाग १-२
३१ [illegible] ०-८-०
३३ श्री सम्यक्त्व कौमुदी १-०-०
३४ प्रकरण पुष्पमाळा बीजुं रत्न ०-८-०
३५ अनुयोगद्वार सूत्र ०-८-०
३६ अध्यात्ममत परीक्षा ०-४-०
३७ गुरुगुण छत्रीशी ०-८-०
३८ श्री शत्रुंजय तीर्थ स्तवनावली ०-४-०
४० ज्ञानामृत काव्यकुंज ०-१२-०
४२ श्री उपदेश सप्ततिका १-६-०
४३ संबोध सित्तरी १-०-०
४४ गुणमाळा (पंचपरमेष्ठिना १०८ गुणनुं वर्णन) १-८-०
४५ सुमुखनृपादि कथा १-०-०
४६ नेमनाथ चरित्र २-०-०
४७ श्री सुपार्श्वनाथ चरित्र भाषांतर भा. १ २-०-०
४८ आदर्श जैन स्त्री रत्नो १-०-०
४९ श्री सुपार्श्वनाथ चरित्र भाग २ २-८-०
५० दानप्रदीप भाषांतर ३-०-०
पुस्तकसंग्रह १-८-०

नं. ३-५-११-१३-१८-२०-२३-२४-२८-३०-३२-३८-४१ नंबरनां पुस्तको शीलकमां नथी जेथी तेनां नाम लख्यां नथी.

श्री जैन आत्मानंद सभा—भावनगर (काठीयावाड)

*અમારા તરફથી પ્રગટ થયેલા સંસ્કૃત

૩૮ [illegible]	૦-૧૦-૦	૬૪ [illegible]
૩૯ સામાસાર પ્રકરણ	૦-૧૦-૦	૬૫ [illegible]
૪૪ [illegible] શતક	૦-૮-૦	૬૬ [illegible]
૪૫ ચતુર્વિંશતી જિન સ્તુતિ સંગ્રહ	૦-૬-૦	૬૭ ધર્મ પરીક્ષા
૪૮ બૃહત સંઘયણી	૨-૮-૦	૬૮ [illegible] પ્રકરણ
૫૦ પંચસંગ્રહ પ્રથમભાગ	૩-૮-૦	૬૯ ચૈત્યવંદન
૫૧ સુકૃત સંકિર્તનમ્	૦-૧૨-૦	૭૦ પ્રશ્ન પદ્ધતિ
૫૩ [illegible]	૦-૧૦-૦	૭૨ યોગદર્શન—યોગવિંશીકા
૫૪ સમાચારી પ્રકરણમ્	૦-૧૦-૦	૭૩ મંડલ પ્રકરણ
૫૮ શ્રી મહાવીર ચરીયમ્	૧-૦-૦	૭૪ નરેન્દ્ર દેવેન્દ્રસ્તવ
૫૯ કૌમુદિમિત્રાનંદ નાટક	૦-૮-૦	૭૫ સુમુખ નૃપાદિ મિત્ર ચતુષ્ક કથા
૬૦ પ્રબુદ્ધ રાહિણેય નાટક	૦-૬-૦	૭૬ જૈન મેઘદૂત
૬૧ ધર્માભ્યુદય	૦-૬-૦	
૬૨ પંચ નિર્ગ્રંથી	૦-૮-૦	૭૭ શ્રાવકધર્મ વિધી

બીજા અમારે ત્યાંથી મળતા ગ્રંથો.

તત્વનિર્ણય પ્રાસાદ	૫-૦-૦	પૂજા સંગ્રહ ભા. ૧ થી ૪
સિદ્ધાન્ત મુક્તાવલી	૦-૮-૦	
પ્રમેયરત્ન કોષ	૦-૮-૦	આ સિવાય-શ્રીમતી
જૈન ભાનુ	૦-૫-૦	મેઘજી હીરજી, જૈન ધર્મ
વિમલ વિનોદ	૦-૧૦-૦	સભા વીગેરેનાં દરેકનાં
પંચપ્રતિક્રમણ વિધી સાથે	૨-૦-૦	મારી પાસેથી મળશે.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ

ભાવનગર.

*નંબર—૧ થી ૩૭-૪૦-૪૧-૪૨-૪૩-૪૬-૪૭-૪૯-૫૨-૫૫-૬૩-૭૧ શીલીકમાં બીલકુલ નથી માટે તેનાં નામ લખ્યાં નથી.

હતી. પ્રીતિમતી આવશ્યકતાપણું અને સહજ [illegible]
માણસોને અન્ન આપી રહી હતી, ને વખતે તેનો પિતા જગડુશાહ ત્યાં
આવી પહોંચ્યો. તેની સાથે જૈન વસ્ત્રધારી એક સાધુ અને બીજો યુવક
એમ બે પુરુષો પણ હતાં. તેઓ ત્રણે પ્રીતિમતીની પાસે આવી પહોંચ્યા.
પ્રીતિમતીએ મુખપર આવી પડેલા વાળની લટને દૂર કરીને તેમની સામે
જોયું અને તેના હાસ્યથી ભરેલા મુખ ઉપર ભક્તિભાવ છવાઇ ગયો. તેણે
દિશા પ્રથમ સાધુને વંદન કરીને કહ્યું. " પધારો, ગુરુ મહારાજ ! "

આ સાધુ તે આચાર્ય પરમદેવ સૂરિ હતા. તેમણે હસીને કહ્યું.
"ધર્મલાભ, પ્રીતિમતી ! તારા પિતાના આગ્રહથી હું તારું કાર્ય અને
વ્યવસ્થા જોવાને આવ્યો છું."

" મારાપર આપની અનુકૃપા થઇ. " પ્રીતિમતીએ કહ્યું. " મારાં
કાર્ય અને વ્યવસ્થા સબંધી આપ જે રસ લ્યો છો, તે માટે હું આપની
અત્યંત આભારી છું "

" એમાં આભાર માનવાની કશી જરૂર નથી. " સૂરિએ કહ્યું.
" જગડુશાહના આગ્રહ વિના પણ મારી [illegible] અહીં આવવાની
અને તારાં કાર્યને જોવાની ઇચ્છા હતી.

પ્રીતિમતી મૌન રહી એટલે સૂરિએ જગડુશાહ તરફ જોઈને કહ્યું. "ત્યારે ચાલો, આપણે દાનશાળાની બધી વ્યવસ્થા જોઈએ."

"જી." એમ જગડુશાહે સૂરિની વાતનો સ્વીકાર કરતાં પ્રીતિમતીને કહ્યું. "પ્રીતિમતી! આગળ ચાલ અને ગુરુમહારાજને બધું બતાવ."

પ્રીતિમતી આગળ થઈ એટલે સૂરિ અને જગડુશાહ તેની પાછળ પાછળ ચાલ્યા અને બીજો યુવક કે જે જગડુશાહનો મુનિમ જેવો હતો તે પણ તેમની સાથે ગયો.

થોડી વાર ચાલ્યા પછી ઘણાં માણસોને ત્યાં બેઠેલાં જોઈને બધાં ઊભાં રહ્યાં. ત્યાં બેઠેલાં બધાં માણસો પ્રીતિમતી તરફ ભક્તિ અને સ્નેહની નજરથી જોઈ રહ્યાં. અને તેમાંથી કેટલાંક નાનાં બાળકો તો તેની પાસે આવી આસપાસ વિંટળાઈ ગયાં.

પ્રીતિમતીએ તે માણસોની તરફ આંગળી કરી સૂરિને ઉદ્દેશીને કહ્યું. "ગુરુજી! આ બધાં માણસો અપંગ છે. તેમાં કોઈ લુલાં છે, કોઈ આંધળાં છે, કોઈ બહેરાં તથા મુગાં છે, કોઈ માંદાં છે અને કોઈ અશક્ત છે. સારાંશ કે તેઓ બધાં શારીરિક ખોડવાળાં છે અને ઉદ્યોગ કે ઉદર નિર્વાહ કરવાને માટે તદ્દન અશક્ત છે. તેવી શારીરિક ખોડવાળાં અને પોતાનું ગુજરાન ચલાવવાને કેવળ અશક્ત માણસોને આંહી રાખવામાં આવ્યાં છે. તેમને પેટપુર અનાજ આપવામાં આવે છે અને તે ઉપરાંત તેમની શારીરિક ખોડ દૂર કરવા માટે તથા માંદા માણસોને દવાદારૂ કરી તેમને નિરોગી કરવા માટે પણ બનતા પ્રયાસો કરવામાં આવે છે. આ કાર્યને માટે એક સારા વૈદ્યને રોકેલા છે. તે દિવસમાં બે વાર તેઓને તપાસી તેમની યોગ્ય સારવાર કરે છે. આ બીજી બાજુ થોડે દૂર જે માણસો બેઠેલાં છે, તેઓ કેવળ ગરીબ અને નિરાધાર છે. તેમને નગરમાં જઈ ઉદ્યોગ કરવાની છૂટ છે. એટલે તેમાનાં ઘણાં તો જૂદા જૂદા ઉદ્યોગ કરીને પોતાનો નિર્વાહ ચલાવે છે. માત્ર તેઓ રાતે આંહી આવીને સુઈ રહે છે. બાકી જેઓ ઉદ્યોગ કરવાને જતાં નથી, તેઓને દાનશાળા તરફથી ભોજન આપવામાં આવે છે."

એટલું કહીને પ્રીતિમતી આગળ ચાલી એટલે સૂરિ વગેરેએ પણ તેનું અનુકરણ કર્યું. કેટલુંક ચાલ્યા પછી પ્રીતિમતીએ કહ્યું. "દાનશાળાનો આ ભાગ જતા આવતાં મુસાફરોને માટે વપરાય છે. આંહી જે મુસાફરો ઉતારો કરે, તેમને ભોજન-પાણીની સગવડતા કરી આપવામાં આવે છે અને આ ભાગથી જરા દૂર જે ભાગ છે, ત્યાં સાધુ અને સંન્યાસીને ઉતરવાની સગવડતા કરેલી છે."

...કાર

પાસે ... બાજુ

માં ...

... પ્રીતિમતીએ કહ્યું, “ગુરુવર્ય! પશુઓને અને પક્ષીઓને રાખ- કેઓના જાણકાર માણસો રાખી આવી રીતે સારવાર કરવાથી જે પશુઓ સાજાં અને સશક્ત થાય છે, તેમને લાગણીવાળાં અને ધર્મપ્રેમી માણસોને પાળવા માટે અપાય છે. મતલબ કે આપની સલાહ મુજબ બન્ને શાળાની વ્યવસ્થા રાખવામાં આવે છે.”

પ્રીતિમતી બન્ને શાળાનું કામ અને તેની વ્યવસ્થા બતાવી રહી એટલે પરમદેવસૂરિએ કહ્યું, “પ્રીતિમતી! બન્ને શાળાની વ્યવસ્થા અને તે પરત્વે તારી સંભાળ જોઈને મને ઘણોજ આનંદ થયો છે. આપણાં શાસ્ત્રોમાં દાનધર્મનો મહિમા ઘણી રીતે વર્ણવેલો છે. દાનધર્મના ઘણા પ્રકાર છે; પરંતુ તેમાં અભયદાનને સર્વથી શ્રેષ્ઠ કહેલું છે. અભયદાનનો ખરો અર્થ તો મૃત્યુના મુખમાં આવી પડેલા જીવને ઉગારવો અને તેને નિર્ભય બનાવવો એજ છે; પરંતુ તેના બીજા પણ પ્રકાર છે. ભૂખ્યા માણસોને અન્ન આપવું, નિરાધાર માણસોને આશ્રય આપવો, રોગી માણસોની સારવાર કરવી અને દુઃખથી પીડાતાં માણસોને અનેક રીતે સહાય આપવી, એનો પણ તેમાં સમાવેશ થાય છે. મારું કહેવાનું તાત્પર્ય એ છે કે જીવોનું અનેક પ્રકારે રક્ષણ કરવું, તેનું નામ અભયદાન છે. એક નાનામાં નાના અને અતિ ક્ષુદ્ર કીડાથી લઈને દેવોના અધિપતિ ઇંદ્ર સુધીના જીવોને ખાસ કરીને જીવવાની વિશેષ ઇચ્છા હોય છે અને તેથી ધર્મના આદ્ય હેતુરૂપ અભયદાન જેવું ઉત્તમ એક પણ દાન નથી. જ્યારે તેં કેટલોક સમય પૂર્વે તારે તારું જીવન શી રીતે વ્યતિત કરવું અને કયા કાર્યો કરવાથી વધારે પુણ્ય ઉપાર્જન થશે, એમ પૂછીને મારી સલાહ માગી હતી, ત્યારે મેં તને સર્વને ઇષ્ટ અને સર્વનું હિત કરનારૂં એવું જે અભયદાન—તેને માટે પ્રયાસ કરવાનો અને દાનશાળા તથા પશુશાળા સ્થાપીને જીવોની જરૂરીઆતો પૂરી પાડી તેમનું અનેક પ્રકારે રક્ષણ કરવાનો ઉપદેશ આપ્યો હતો. એનું કારણ તું હવે સમજી હશે. જીવોને અભયદાન આપવાથી માણસ દીર્ઘાયુ, નિરોગી, સૌંદર્યયુક્ત, પ્રિય, [illegible], બળવાન અને તેજસ્વી થાય છે અને તે વિશેષ પુણ્ય ઉપાર્જન કરી ભવિષ્યમાં સુખનો ભાજન બને છે. પ્રીતિ-

મતી ! આટલી નાની ઉમ્મરમાં સંસારના પ્રલોભનને સંજી દઈને તેં બન્ને શાળાઓ દ્વારા દુઃખી જીવો ઉપર જે ઉપકાર કરવા માંડ્યો છે માટે તારી કેટલી પ્રશંસા કરવી, એ મને સમજાતું નથી. હું તને ગુરૂ તરીકે માત્ર એટલું જ કહું છું કે તું તારા કાર્યમાં જીવનપ દૃઢ રહેજે અને દુઃખી જીવોની અનેક પ્રકારે સેવા કરીને મહત પુ ઉપાર્જન કરજે. ”

પ્રીતિમતીએ ગુરૂનાં છેલ્લાં આશીર્વાદરૂપ વચનો સાંભળીને નીચા નમીને વંદન કર્યું. આ વખતે તેની બન્ને વિશાળ આંખો હર્ષનાં આંસુ વહેતાં હતાં.

ગુરૂએ જગડુશાહ તરફ જોઈને કહ્યું. “ અને જગડુશાહ ! ધર્મપ્રેમી અને દયાળુ છો. એટલે તમને વધારે કહેવાની અગત્ય પરંતુ તમારા ગુરૂ તરીકે મારૂં કર્ત્તવ્ય છે કે પ્રસંગોપાત તમને સલાહ અને ઉત્તમ ઉપદેશ આપવાં, અને તેથી કહું છું કે તમે આજપર્યંત ધર્મ અને સેવાનાં કાર્યોમાં તમારાં ધનનો સદુપયોગ છો, તેમ હવે પછી પણ કરતા રહેશો. વળી આપણા ધર્મની વિશા કેટલી મહાન્ છે, તે તમને સમજાવવું પડે તેમ નથી. માટે જ્યાં ધર્મના ભેદોને દૂર રાખી સમાનતાથી દાનધર્મનું પાલન કરશો. તમને સમય ચોક્કસ કહેતો નથી; પરંતુ થોડાં વર્ષો પછી ભયંકર દુ પડવાનો છે, તે વખતે અતિ ઉદારતાથી તમારી સંપત્તિનો સદુપ કરવાનું ભૂલશો નહિ. ”

જગડુશાહે નમ્રતાથી કહ્યું. “ ગુરૂ મહારાજ ! આપ જેવા સુગ ઉપદેશ મને શિરોમાન્ય છે અને આપની આજ્ઞા એ મારૂં પરમ ક છે. [illegible] દયા કરીને મને કહેશો કે એ ભયંકર દુકાળ ક્યારે પડ [illegible] તે સમયને કેટલી [illegible]

[illegible] કહ્યું [illegible] અત્યારથી કહે [illegible] આગાઉથી ચેતાવી

[illegible] આપની ઇચ્છા. પણ [illegible] મારી વિનંતિ [illegible]

[illegible] તેઓ [illegible] પોતાનાં કામ [illegible] ગયા.

[illegible] ઉદ્દેશીને [illegible] છે. ”

[illegible]

રક્ષણ વાસ્તે સૈન્યબળની સહાય માટે ધોળકાના રાજા વીરધવળ[illegible] પાસે જવાનો નિશ્ચય કર્યો છે; કારણ કે આ નગર અને આસપાસનો પ્રદેશ તેના તાબામાં છે. વળી ધોળકામાં આપણા સાધર્મી બંધુઓ વસ્તુપાળ અને તેજપાળ રાજ્યના મુખ્ય મંત્રીઓ છે એટલે ત્યાંથી જોઈએ તેવી મદદ મળી રહેશે.

"બહુ સારું" સૂરિએ કહ્યું. "પણ જ્યારે તમે ધોળકા જાઓ, ત્યારે રાજા વીરધવળને અને બન્ને મંત્રીઓને મારા ધર્મલાભ જરૂર કહેજો."

એટલું કહીને પરમદેવસૂરિ પોતાના એકાંત ખંડમાં ચાલ્યા ગયા અને જગડુશાહ તેના મુનિમ જેતસી સાથે પોતાના મકાને આવ્યો.

પ્રકરણ ૧૭ મું.

પ્રલોભન.

જગડુશાહના મુનિમ જેતસીનું વય પચીશેક વર્ષનું હતું. જેત ઉપર જગડુશાહની સંપૂર્ણ કૃપા હતી. એટલુંજ નહિ પણ તેને પોત પુત્રવત્ ગણી ઘરનો બધો કારભાર તેણે જેતસીને સોંપી દીધો હ જેતસી જ્ઞાતિએ ઓસવાળ વણિક હતો. તેના પિતા તેની બાલ્યાવસ્થ ગુજરી ગયા હતા. તેનાં આપ્તજનમાં ફક્ત તેની માતાજ હતી. સિવાય તેને બીજું કોઇ સગું કે સંબધી ન હતું. જેતસીનાં માતા ગરીબ અને નિર્ધન હતાં અને તેમાં તેનો પિતા ગુજરી જવાથી તે ભણી શક્યો ન હતો; પરંતુ તેનામાં ચપળતા, દક્ષતા, નમ્રતા, ચ ખણુતા અને વિનય ઇત્યાદિ ગુણોનો સારી રીતે વાસ થયેલો હતો, જ તેના મળતાવડા સ્વભાવથી તે સર્વ કોઇને પ્રિય થઈ પડ્યો હ જુવાન જેતસીમાં લોકોનાં પ્રીતિપાત્ર થવાના કેટલાક ગુણો ઉપરાંત વિશેષતા હતી અને તે તેના શરીરની સુંદરતા. જેતસીનાં માથાના અતિ કાળા, સુવાળા અને ડોકેથી વળેલા હતા; તેનું મુખ ભરેલું ગોળ હતું; તેનું કપાળ વિશાળ અને ઉન્નત હતું. તેની બે આંખો મે અને તેજદાર હતી; તેની નાસિકા સુડોળ હતી. તેના બન્ને ગાલ હોઠ લાલ હતા; તેની છાતી ઘણી વિશાળ હતી; તેના બે બાહુ તથ પગ મજબુત હતા. સારાંશ કે જેતસી અતિ સુંદર તરૂણ યુવક હતો. જ્યારે તે કોઇની સાથે વાત કરતો, ત્યારે તેના મુખ ઉપર અને આંખ એવું સ્મિત હાસ્ય દ્રષ્ટિગોચર થતું કે જેથી કરીને તેના સાથે વાત કરે મનુષ્ય તેની તરફ આકર્ષાયા વિના રહી શકતું ન હતું. આવો સુંદર અને ગુણસંપન્ન યુવક સર્વ કોઇને પ્રિય થઇ પડે, તો એ સર્વથા સ્વાભાવિક નથી ?

દાનશાળા અને પશુશાળાના [illegible] મનસુ [illegible] ના કહેને પ્રીતિમતી જ્યારે પોતાના આવાસમ [illegible] ત્યારે જેતસી ત્યાં આવી પહોંચ્યો. આ [illegible] પ્રી મતીની પાસે આવતો હતો અને તેની [illegible] વાર્તાલાપ અને મશ્કરી કરતો હતો. [illegible] [illegible] [illegible] અને સુશોભિત [illegible] [illegible] અને તેણે [illegible] [illegible] [illegible]

[illegible] કહ્યું. [illegible]

"તમે સતી અંજનાનું ચરિત્ર વાંચ્યું છે ?" પ્રીતિમતીએ પૂછ્યું.

"હા, એ ચરિત્ર મેં વાંચ્યું છે." જેતસીએ ઉત્તર આપતાં કહ્યું. "એ ચરિત્રમાં પવનવેગે તેની પ્રતિમાણા અને સતી સ્ત્રીનો કેવળ કારણ વિના બાવીશ વર્ષ સુધી ત્યાગ કર્યો હતો, એ પ્રસંગ બહુજ કરુણાજનક છે. પુરુષો પોતાના ઉતાવળા અને સાહસિક સ્વભાવને વશ થઈ પોતાની નમ્ર અને આજ્ઞાધારક સ્ત્રીઓને કોઈ કોઈ વાર દુઃખ દેવામાં આગળ પાછળનો વિચાર કરતા નથી એ આશ્ચર્યજનક છે."

"કોઈ મૂર્ખ પુરુષો તમે કહો છો તેમ કરતા હશે; પરંતુ એ ઉપરથી બધા પુરુષોને દોષિત ગણી શકાય નહિ." પ્રીતિમતીએ કહ્યું.

"એ ગમે તેમ હોય, પરંતુ મારા મતાનુસાર તો સ્ત્રીઓની અવદશાને માટે ઘણે ભાગે પુરુષો દોષિત છે." જેતસીએ કહ્યું.

"વાહ જેતસી ! તમે પુરુષ થઈને સ્ત્રીઓનો પક્ષ કરી પુરુષોને જ દોષિત ઠરાવો છો, એથી જણાય છે કે તમે સ્ત્રીજાતિના પક્ષપાતી છો" પ્રીતિમતીએ સહેજ હસીને કહ્યું.

"અલબત." જેતસીએ મલકાતાં કહ્યું. "મને સ્ત્રીજાતિને માટે સંપૂર્ણ માન છે અને તેથી હું તેનો પક્ષપાતી બન્યો છું."

પ્રીતિમતી સ્ત્રીજાતિના પક્ષપાતી તરફ પ્રેમે પરીક્ષક સ્થિર

દ્રષ્ટિએ જોઇ રહી. તે પછી તેણે પૂછ્યું. " જ્યારે તમે સ્ત્રીઓના આટલા બધા પક્ષપાતી છો, ત્યારે તેમનું સન્માન વધારવાને માટે શા વાસ્તે કોઇ સારો દાખલો બેસારતા નથી ? "

પ્રીતિમતીના પ્રશ્નથી જેતસી સ્વાભાવિક રીતેજ હસ્યો. તેણે હસતાં હસતાં પ્રીતિમતીની નજર સાથે પોતાની નજર મેળવી અને કહ્યું " હું એવો કોઇ સારો દાખલો બેસારવાના પ્રયાસમાં જ છું. અને એવો દાખલો બેસાર્યા પછી હું તમને બતાવી આપીશ કે મારા હૃદયમાં સ્ત્રીજાતિને માટે કેટલું માન ભરેલું છે ? "

પ્રીતિમતીએ આતુરતાપૂર્વક પૂછ્યું. " પણ એ દાખલો તમે કેવી રીતે બેસારવા માગો છો, એ મને કહેશો ? "

" એ હું તમને પ્રસંગોપાત કોઈ વાર કહીશ. " જેતસીએ ઉત્તર આપતાં કહ્યું. " પણ અત્યારે તો જો તમને કશી અડચણ ન હોય, તો મારે એક ખાસ વાત કહેવી છે. "

પ્રીતિમતીએ કહ્યું. " મને કશી પણ અડચણ નથી: તમારે જે વાત કહેવી હોય, તે ખુશીથી અને સંકોચ વિના કહો. "

જેતસી પ્રીતિમતીનાં ઉજ્જ્વલ, તેજસ્વી અને નિર્દોષતાના નમૂનારૂપ મુખ તરફ જોતો વિચારમાં પડ્યો. તેણે કેટલીક ક્ષણપર્યંત એ પ્રમાણે વિચાર કર્યો અને પછી ગંભીરતાથી કહ્યું. " પ્રીતિમતી !....

જેતસીએ આજ અને અત્યારે પહેલીજવાર પ્રીતિમતીને માત્ર નામથી સંબોધન કર્યું અને તેથી પ્રીતિમતીને સ્વાભાવિક રીતેજ આશ્ચર્ય થયું, પણ તે કેવળ મૌનજ રહી.

જેતસીએ થોડીવાર અટકીને આગળ ચલાવ્યું: " પ્રીતિમતી ! હું તમને માત્ર તમારાં નામથીજ સંબોધન કરું છું, તેથી આશ્ચર્ય ન પામતાં મારી વાતને એક ધ્યાને સાંભળશો અને તેમાં કાંઇ અવિવેક થાય, તો મને ક્ષમા આપશો, એવી હું આશા રાખું છું. આજથી લગભગ સાત વર્ષ પહેલાં જ્યારે હું તમારા પિતાની સેવામાં રહ્યો, ત્યારે તમે દશ વર્ષની અબોધ અને મુગ્ધા બાલિકા હતાં. તે સમયની તમારી બાલિશતા અને નિર્દોષતા નિહાળીને મારાં હૃદયમાં તમારા વાસ્તે એક લાગણીનું બીજ રોપાયું હતું અને તે પછી જેમ જેમ આપણે [illegible] પરિચયમાં આવતાં ગયાં, તેમ તેમ એ બીજાંકુર અનિચ્છાએ તથા [illegible]પણે વધતા ગયા. એ લાગણીનું કિંવા ભાવનાનું બીજારોપણ [illegible] પછી મેં તમારી સાથે મારી તૂલના કરી જોઇ, તો મને સ્પષ્ટ જણા[illegible]

મારી અને તમારી વચ્ચે જમીન આસમાન જેટલું મોટું અંતર હોવાથી એ લાગણી નિરર્થક હતી અને તેથી મેં તેને આગળ વધતી દબાવી રાખી. ત્યારબાદ ત્રણ વર્ષ પછી તમારા વિવાહની ચર્ચા ચાલી, ત્યારે પણ મેં શાંત મનથી વિચાર કરી જોયો અને તેના અંગે મને માલુમ પડ્યું કે ક્યાં તમે અને ક્યાં હું ! ક્યાં શ્રીમંત માતાપિતાની લાડકી પુત્રી અને ક્યાં નિર્ધન વિધવાનો નિરાધાર પુત્ર ! આ વિચારથી મેં મારી લાગણીને પુનઃ પણ દબાવી રાખી. થોડા સમય પછી તમારું લગ્ન થઈ ગયું અને મેં લાગણીના અંગે ઉદ્‌ભવેલી આશાનો સર્વથા ત્યાગ કર્યો. પણ તે પછી તુરતજ તમે વિધવા થયા. આ પ્રસંગે તમારા માતાપિતાને અને તમને દુઃખ થાય, એતો સ્વાભાવિકજ હતું; પરંતુ મને પણ અતીવ દુઃખ થયું હતું એ કહેવાની કશી અગત્ય નથી. તમારું વૈધવ્યનું અસહ્ય દુઃખ દેખી નહિ શકવાથી લગભગ બે વર્ષ પહેલાં, તમારાં માતાપિતાએ તમારું પુનર્લગ્ન કરવાની ઇચ્છા દર્શાવી હતી અને જો તમે તેમની ઇચ્છાનો સ્વીકાર કર્યો હોત, તો હું અત્યારે જે વાત કરી રહ્યો છું, તે કરવાનો પ્રસંગ આવત નહિ અને કદાચ આવ્યો હોત, તો જૂદા સ્વરૂપમાંજ; પરંતુ તે વખતે તમે તેમની ઇચ્છાનો અસ્વીકાર કર્યો હતો, એ ઘટના તમને અવશ્ય યાદ હોવી જોઇએ."

એટલું કહીને જેતસી ક્ષણવાર અટક્યો અને પછી તેણે પુનઃ ગંભીરતાથી કહેવા માંડ્યું. "મારી વાતની પ્રસ્તાવનારૂપે આટલું વિવેચન કર્યા પછી હવે હું મૂળ મુદ્દાના વિષય ઉપર આવું છું. પ્રીતિમતી ! મારે તમને કહેવું જોઇએ કે હજી પણ તમારાં માતાપિતાની તેવીજ ઇચ્છા છે અને જો તમે તેનો સ્વીકાર કરવાને તૈયાર થાઓ, તો મારાં હૃદયમાં જે લાગણી તમને પહેલીજ વાર જોતાં જન્મી હતી, તે કાર્યના રૂપમાં પ્રત્યક્ષ થઇ શકે તેમ છે."

જેતસી વાત કરતા અટક્યો એટલે પ્રીતિમતીએ તેની સામે જોયું અને એકદમ કહ્યું. "તમારું કથન હું બરાબર સમજી શકી નથી. તમે જે કહેવા ઇચ્છતા હો, તે વધારે સ્પષ્ટતાથી કહો."

"અવિનય કે અવિવેકને માટે મેં પહેલેથીજ તમારી ક્ષમા માગી લીધી છે; તેથી અત્યારે પુનઃ માગતો નથી." જેતસીએ સહેજ મૃદુતા અવાજથી કહ્યું. "પ્રીતિમતી ! હું તમને ચાહું છું અને તેથી જો તમે તમારાં માતાપિતાની ઇચ્છાનો સ્વીકાર કરો, તો તમારી સાથે-એક બાળવિધવાની સાથે-લગ્ન કરવાને હું તૈયાર છું."

જેતમીના સ્પષ્ટ કથનથી પ્રીતિમતીને આઘાત થયો. તેની પવિત્ર-

તેણીએ પૂર્ણ ગંભીર [illegible] જેતસીની [illegible] કર્યો. તેનાં વિશાળ નયનોમાં જાણે પ્રશ્નનું તેજ આવ્યું અને તેના મુખનાં ઉપર ગંભીરતા આશ્ચર્યની છાપ પડી ગઈ. મુખ તે આપજ રહી.

જેતસીએ પ્રીતિમતીમાં થયેલો ફેરફાર જોયો; પરંતુ તેની સામાન્ય ગુપ્ત ચિંતન કર્યાં નહિ. તેણે અવાજમાં મૃદુતા લાવીને “ પ્રીતિમતી ! મારાં કથનથી તમને ક્રોધ થયો હોય એમ જણાય છે, તમે મારાં કથનનો શાંતિથી અંતઃકર વિચાર કરી જોશો, તો ક્રોધ ઉત્પન્ન થવાનું કાંઈ કારણ રહેશે નહિ.”

પ્રીતિમતિ કાંઈ નહિ બોલતાં મૌન ધારી રહી, તેની કોઈથી આકૃતિ ઓળખી શકાતી નહતી.

જેતસીએ ભારપૂર્વક કહ્યું. “ વળી મેં આ વાત તમારાં માતપિતાની સલાહ અને સંમતિથી જ તમને કહેવાનું સાહસ કર્યું છે.”

પ્રીતિમતીએ પોતાનાં બે વિશાળ નયનો જેતસીનાં મુખ ઉપર સ્થાપીને પૂછ્યું. “ એટલે શું મારાં માતાપિતા તમારી સાથે તેમની વિધવા પુત્રીનો વિવાહ કરવાને ઇચ્છે છે, એમ તમારું કહેવું છે ?”

“ હા, એમજ.” જેતસીએ ઉત્તર આપ્યો.

“ ત્યારે તમે તેમનાં કહેવાથી અત્યારે મારી પાસે આવ્યા છો ?” પ્રીતિમતીએ પ્રશ્ન કર્યો.

“ બેશક. ” જેતસીએ જવાબ આપ્યો.

“ પણ તમે બધાં મારી પાછળ શા માટે પડ્યા છો ? ” પ્રીતિમતીએ અકળાઇને કહ્યું. “ મેં અનેક વાર કહી દીધું છે કે પુનર્લગ્ન કરવાની મારી ઇચ્છા નથી; તેમ છતાં તે માટે મને શા વાસ્તે આગ્રહ કરવામાં આવે છે, એ હું સમજી શકતી નથી ? ”

“ પ્રીતિમતી ! ” જેતસીએ સ્નેહભર્યા સ્વરથી કહ્યું. “ તમારી પુનર્લગ્ન કરવાની ઇચ્છા નથી, એ તમે અનેક વાર કહી દીધું છે, એ વાત સાચી છે; પરંતુ તમારાં માતાપિતા તમારું વૈધવ્ય દેખી શકતાં નથી અને તેથી તમને સીધી અને પરોક્ષ રીતે એ વિષયમાં આગ્રહ કરે છે. તેઓ તમારાં સુખને માટે ગમે તેટલો ભોગ આપવો પડે તો તે આપવાને તૈયાર છે અને તમને સુખી કરવાની ખાતર તમારું પુનર્લગ્ન કરી આપવામાં વિઘ્નરૂપ જાતિના તિરસ્કાર કે સમાજનાં બહિષ્કારની સહેજ પણ દરકાર રાખતાં નથી. તેમ છતાં તમે તમારો આગ્રહને ત્યજતાં નથી, એ અયોગ્ય છે.”

"જેતસી !" પ્રીતિમતીએ સ્વરમાં ગુસ્સો લાવીને કહ્યું; "મારો આગ્રહ યોગ્ય છે કે અયોગ્ય, એ જોવાનું તમારૂં કામ નથી."

"પ્રીતિમતી !" જેતસીએ શાંતિથી કહ્યું: "એમ ગુસ્સે ન થાઓ. મારા હૃદયમાં તમારા માટે લાગણી છે, સ્નેહ છે અને પ્રેમ પણ છે. એ કારણથી જ હું તમારા સુખમાં અંતરાયભૂત થતાં તમારા આગ્રહને અયોગ્ય કહું છું."

પ્રીતિમતીએ એકદમ કહ્યું. "તમારા હૃદયમાં મારા માટે કાંઇ લાગણી હોય, તો તે કાઢી નાંખો; મારે તમારા સ્નેહ કે પ્રેમ કશાની જરૂર નથી."

"ભલે, તમારી એવી ઇચ્છા હશે, તો હું તમારા પ્રત્યેની લાગણીને મારા હૃદયમાંથી કાઢી નાંખીશ." જેતસીએ કહ્યું. "પણ મારી એક વાતને શાંતિ અને ધીરજથી સાંભળશો ?"

પ્રીતિમતિએ કંટાળાથી કહ્યું. "બોલો, જે કહેવું હોય, તે જલદી કહી નાંખો."

જેતસીએ પ્રીતિમતીનાં ગૌર વદન તરફ નિહાળીને કહ્યું. "પ્રીતિમતી ! તમારા માતાપિતા તમારૂં પુનર્લગ્ન કરી આપવાને ઇચ્છે છે અને હું તમારી સાથે—એક બાળવિધવાની સાથે લગ્ન કરવાને તૈયાર છું તેમ છતાં તમે દુરાગ્રહથી એ વાતનો સ્વીકાર કરતા નથી, એ તમારી ગંભીર ભૂલ થાય છે. હું મારી મિથ્યા પ્રશંસા કરતો નથી. પરંતુ સત્યજ કહું છું કે મારા જેવા કામદેવને પણ લજાવે તેવા સુંદર તરૂણનો હસ્ત ગ્રહણ કરવાને અમારી જ્ઞાતિની અનેક કુલવાન્ બાળાઓ આતુર છે અને તેઓમાંથી મારાં માતુશ્રી એકાદ બાળા સાથે પાણિગ્રહણ કરી સંસાર માંડવાનો મને આગ્રહ કરી રહ્યાં છે, ને છતાં તમા વિધવા યુવતીની સાથે વિવાહ કરવાથી જ્ઞાતિનો તિરસ્કાર, સમાજનો બહિષ્કાર અને માતા તથા સગાં સબંધીઓનો કોપ સહન કરવો પડશે; એવું જાણવા છતાં પણ હું તમારી સાથે લગ્ન કરવાને હિંમત કરૂં છું, ત્યારે મારા હૃદયમાં તમારા માટે કેટલી અને કેવી લાગણી હશે, તેનો તમારે વિચાર કરવો જોઇએ. તેમજ મારી માગણીનો અને તમારાં માતાપિતાની ઇચ્છાનો સ્વીકાર કરી તમારે સુખી થવું જોઇએ. પ્રીતિમતી ! જીવનમાં સુખી થવાનો પ્રસંગ વારંવાર આવતો નથી; માટે આપોઆપ આવેલા પ્રસંગને વ્યર્થ વહી જવા દેવો, એ કેવળ મૂર્ખતા છે. વળી તમારી આ નાજુક દેહલતા શું વૈધવ્યનું અમાપ દુઃખ જીવનભર સહન કરી શકશે ? ના, ના; એવું દુઃખ તમારાથી સહન થઇ શકશે નહિ. માટે દુરાગ્રહને ત્યજી દો અને કૃપા કરીને

મારી વાતને લક્ષ્યમાં લ્યો.”

શાસનનાં તીર્થો તથા સીદાતા સાધર્મી ભાઈઓની રક્ષા હમેશાં સબળ અને સંસ્કારી પ્રજાએ જ કરી છે. જૈન કોમમાં એવા સબળ સંસ્કારી અને સેવારસિક પુરૂષો ઉત્પન્ન કરવાનો આ સંસ્થાનો મ્હોટામાં મ્હોટો અભિલાષ છે.

(રૂ. ૫૦૧) આપનાર ગૃહસ્થ એક દિવસના ભોજન ખર્ચમાંથી અમને કાયમને માટે નિશ્ચિંત કરી શકે છે, અને પોતે પણ દર વરસમાં એક દિવસ નિયમિત સ્વામીવાત્સલ્ય કરવા જેટલું પુણ્ય હાંસલ કરી શકે છે. બાલાશ્રમ એવા [illegible]ખી ગૃહસ્થો મેળવવા ક્યારે ભાગ્યશાળી થશે ?

" મને યાદ રાખજો "

પર્વના પવિત્ર પ્રસંગે કે આનંદોત્સવના [illegible] આ બાલાશ્રમને આપ કેમ યાદ ન કરો ? તેના ચોક્[illegible] અને ખાસ વ્યવસ્થા વિષે કોઈની કશી ફરીયાદ [illegible] આપની

મીઠી નજર અને મદદ[illegible]

આશા રાખી રહ્યું [illegible]

[illegible] સંસ્થાપક

શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બા[illegible]

સ. ભાવનગરની નામદાર કાઉન્સીલ ઓફ એ-
ડમીનીસ્ટ્રેશનની ખાસ પરવાનગીથી.

શ્રી મહુવા ગૌરક્ષક

ઇનામી ફંડ.

કુલટીકીટો એકલાખ—એક ટીકીટ રૂ.

કુલ ઇનામો ૬૨૭૯ રૂ. ૪૦૦૦૦ ચાળીશ હજારના

પહેલું ઇનામ રૂા. ૧૦૦૦૦ દસ હજારનું.

નશીબ અજમાવવાની આ તકનો લાભ લેવા

ટીકીટ જલદી ખરીદ કરો.

પહેલું ડ્રોઇંગ.

સંવત ૧૯૮૧ ના અશાડ શુદી ૧ સોમવાર તા. ૨૨

મી જુન. ૧૯૨૫ ના રોજ નીકળશે.

ઉદ્દેશઃ—છેલ્લાં પાંત્રીશ વર્ષથી ચાલતી આ સંસ્થાદ્વારા કાયમ રક્ષણ—પોષણ પામતી સેંકડો નિરાધાર ગાયોના કાયમી નિભાવ સારૂ આ ફંડની યોજના કરવામાં આવી છે. હાલમાં આ સંસ્થા સાડા પાંચસો ગાયોનું રક્ષણ કરે છે.

મહુવા,
(કાઠીયાવાડ).

શેઠ હરીલાલ મનોરદાસ.
શેઠ નાથાભાઇ જીવનભાઇ.
ગાંધી હરજીવનદાસ માવજી.
ઓ. સેક્રેટરીઓ.

પત્ર વ્યવહાર નીચેના શીરનામે કરવો.

ચીફ એજંટ—વકીલ ભીખાભાઇ ગાંડાભાઇ મોદી

ઠે. પીરછલ્લાની શેરી—ભાવનગર.

શ્રી જૈન વનિતા વિશ્રામ.

ગોપીપુરા—સુરત.

સ્થાપના.

આ સંસ્થા સં. ૧૯૭૧માં પ્રાતઃ સ્મરણીય શ્રીમદ્ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ મહારાજ સાહેબના ઉપદેશથી સુરતમાં સ્થાપવામાં આવી છે.

શરૂઆત.

૧૦ વિદ્યાર્થીનીઓથી શરૂ કરેલ આ સંસ્થામાં અત્યારે ૪૦ વિદ્યાર્થીનીઓ લાભ લે છે. વિધવાઓ તેમજ ત્રણ વર્ષથી સોળ વર્ષની ઉમરની બાળાઓ આ સંસ્થાનો પૂર્ણ લાભ મેળવી રહી છે. સંસ્થા તરફથી પ્રગટ થએલ રિપોર્ટ મંગાવીને વાંચો.

માસિક આવક ૯૫-૦-૦ માસિક ખર્ચ ૩૫૦-૦-૦

પરિણામ.

આ સંસ્થામાંથી ઉત્તમ સંસ્કારોવાળી કેળવણી પામી અનેક બાળાઓ પોતાને ઘેર પાછી ફરી છે. જેમનાં જીવન અનુકરણીય નિવડ્યાં છે.

પરધર્મમાં વટલી જતી, અનાથ બની જતી, સુમતી જતી, મુતઆધ થઈ જાય તેવી સંખ્યાબંધ નિરાશ્રિત બ્હેનો અહિં નવું જીવન અને ઉત્તમ સંસ્કારો પામી આદર્શ શ્રાવિકાઓ બની શકે છે. જેનો જાતે મુલાકાત લીધા શિવાય ભાગ્યેજ ખ્યાલ આવી શકે.

જૈન વનિતા વિશ્રામ—

ગુજરાતમાં સૌથી પહેલી આ આદર્શ જૈન સંસ્થામાં આપણી સ્વધર્મી જૈન ન્હાની મ્હોટી બ્હેનો ઉત્તમ સંસ્કારો પામી ઉચ્ચ જીવન જીવતાં શીખે છે. ધાર્મિક—ઔદ્યોગીક—વ્યવહારી નૈતિક કેળવણી સાથે સંગીત ભરત—ગુંથણની કેળવણી અપાય છે.

દૂર દૂરના ગામોની ન્હાની મોટી બ્હેનોને આર દાખલ કરી આદર્શ કન્યા ઉત્તમ ગૃહિણી અને વિદુષી [illegible] તૈયાર કરવામાં આવે છે.

પોતાના ખર્ચે પણ દાખલ થઈ શકાય છે.

વિધવા બ્હેનોનું સારૂં પવિત્ર ધાર્મિક જીવન [illegible] પૂરતો પ્રયત્ન સેવાય છે.

અભ્યાસના પ્રકાર.

ધાર્મિક
સામાયિક પ્રતિક્રમણવિધી, પ્રકરણો, તત્વજ્ઞાન, આત્મજ્ઞાન, સંગીત સાથે પૂજાઓ, સ્તવનો.

નૈતિક
નીતિ વિષયક તમામ [illegible]

વ્યવહારીક
ગૃહશિક્ષણ, પાકશાસ્ત્ર, સંગીત હિન્દી, ગુજરાતી, સંસ્કૃત વિ૦

ઔદ્યોગીક
ભરત, ગુંથણ, શીવણ, [illegible] અને વ્યાયામ.

દાનના દરેક પ્રસંગે અને માંગલીક લગ્ન પ્રસંગે

આ સંસ્થાને યાદ કરશો !

આપણી બ્હેનોના હિત અને આશ્રય અર્થે ચાલતી આ પારમાર્થિક સંસ્થામાં રહેતી અનેક અગવડો વેઠતી પાલ્[illegible] વિષ્યની ઉત્તમ શ્રાવિકાઓને રહેવા—આશ્રય લેવા.

મકાન પણ નથી.

સાત ક્ષેત્રને સંભાળનાર આ ઉત્તમ ક્ષેત્રને [illegible] અગર વધુ ધનવાન ઉદાર દયાળુ દાતાર ગૃહસ્થ અથવા દયાળુ બ્હેન આશ્રમનું મકાન બંધાવી આપી પોતાનું નામ અમર કરી શકે છે.

વરઘોડા, જમણવાર, શ્રીમંત અને લગ્નમાં હજારો રકમો ખર્ચતાં પાછું વાળી ન જોનાર અત્યંત ધનાઢ્ય ગણાતો જૈન સમાજ શું ધ્યાન આપશે ?

જાગો ! અને આજે જ નિશ્ચય કરો તમારી લક્ષ્મી [illegible] આજે જ [illegible] પણ [illegible]

[illegible]

[illegible] લિ. [illegible]

સરદાર ! તમે સાવ ભોળા છો. રાજા તમારું કથન માન્ય નહિ કરે, તો મેં શું કરશો ?"

નાગડની એ વાતથી સિંહ વિમાસણમાં પડ્યો: તેણે ક્ષણવાર [illegible]ને કહ્યું, "પણ તે મારી વાતને શા માટે માન્ય નહિ કરે ?"

"આજપર્યંત વસ્તુપાળ તથા તેજપાળની વિરૂધ્ધની ઘણી વાતો તેના સાંભળવામાં આવી છે; પરંતુ દરેક વખતે એવી વાત કહેનારનોજ તેણે તિરસ્કાર કર્યો છે અને એટલાજ માટે તે તમારી વાતને માન્ય નહિ રાખે અને કદાચ તમારો તિરસ્કાર પણ કરશે." નાગડે ઉત્તર આપતાં કહ્યું.

સિંહ પુનઃ વિમાસણમાં પડ્યો. કેટલીક વારસુધી વિચાર કર્યા પછી તેણે કહ્યું. "અમારા સંબંધના અંગે તે મારો તિરસ્કાર કરશે નહિ અને મારી વાતને લક્ષ્યપૂર્વક સાંભળશે, એવી મને ખાતરી છે. તેમ છતાં જો તે મારો તિરસ્કાર કરવા જેવી મૂર્ખાઈ કરશે, તો હું એને સહન કરી લઉં એવો નિર્બળ નથી."

"ઠીક ત્યારે." નાગડે કહ્યું. "તમારે રાજા વીરધવળને જે કહેવું ઘટે, તે કહેજો અને તેનું પરિણામ જે આવે, તે મને જણાવજો."

"બહુ સારૂ" સિંહે કહ્યું. "પણ હવે શાંત ચિત્તથી આપણી મહત્વાકાંક્ષા પૂર્ણ કરવાનો કોઈ માર્ગ શોધી કાઢો. તમારા જેવા બાહોશ પુરૂષને નિરાશ થવું, એ [illegible] નથી."

નાગડે પોતાના [illegible] હાથ ફેરવીને કહ્યું. "ઘણા પ્રયાસોમાં નિષ્ફળતા મળે, ત્યારે [illegible] બાહોશ પુરૂષ પણ નિરાશ થઇ જાય, એ સ્વાભાવિક છે. મારા સંબંધમાં પણ એમજ બનવા પામ્યું છે; પરંતુ તમારાં ઉત્તેજક વચનોથી મારામાં આશાનો પુનઃ સંચાર થયો છે અને મને [illegible] છે કે તમારા જેવા [illegible] પક્ષમાં હોવાથી આપણે આપણી મુરાદ [illegible]

"[illegible] કેવી રીતે મેળવવાનો છે ?" સિંહે [illegible]

[illegible] "રાજા વીરધવલ, [illegible] વીરમ અને કુમાર વીરમની એમ ચાર [illegible] એ પ્રથમ [illegible] [illegible] પક્ષમાં કોઈ રીતે આવે તેમ નથી, [illegible] તેના હોવાથી તેમને પક્ષમાં લેવા-

" મહેતાજી ! એક તરફથી તમે નવી નવી બાજી રચતા જાઓ છો બીજી બાજુથી નિરાશ અને હતોત્સાહ બનતા જાઓ છો, એનું શું [illegible] ?"

" એનું કારણ એજ કે મેં હજી સુધી એક બાજીમાં જીત મેળવી [illegible]" નાગડે તેની નિરાશાનું કારણ કહી બતાવ્યું.

" પણ આ બાજીમાં ભગવાન સોમનાથની કૃપાથી તમે જીત મે[illegible]રશો, એમ મને લાગે છે." સિંહે કહ્યું.

" મને પણ એમજ લાગે છે." નાગડે કહ્યું. " પરંતુ તમારે એક કામ કરવાનું છે."

" શું ?" સિંહે જીજ્ઞાસાથી પૂછ્યું.

" તમારા ભાણેજ અને તેજપાળના પુત્ર લુણસિંહ વચ્ચે ગાઢ મૈત્રી-સંબંધ છે, તે તોડાવવાનુ કામ તમારે કરવાનું છે" નાગડે ઉત્તર આપતાં કામ કહી બતાવ્યુ.

" અને એ કામ હુ કરી શકીશ." સિંહે તુરતજ કહ્યું.

" તો પછી આપણે દાવ જીતી શકશું." નાગડે ઉત્સાહથી કહ્યું.

" ત્યારે હુ [illegible] સિંહે આસન ઉપરથી ઉઠીને કહ્યું.

" ભલે; પણ [illegible] લક્ષમાં રાખશો." નાગડે ભલામણ કરી.

" તે બાબત[illegible] નચિંત રહો." સિંહે કહ્યું અને નાગડ મહેતાની રજા લ[illegible]થી ચાલ્યો ગયો.

તે ગયા પ[illegible] નાગડ મહેતા ઉંડા વિચારમાંને વિચારમાં બાગમાં બેસી રહ્યો. તેણે સિંહની સમક્ષ દાવમા જીત મેળવવાની આ[illegible] હતી. પરંતુ અત્યારે તેનુ મન આશા અને નિરાશા [illegible] આનું હતું.

—✻◎✻—

પ્રકરણ ૨૧

[illegible] અને

[illegible]

થી કાંઇ વળે તેમ નથી અને યુવરાજમાં કાંઇ મહત્ત્વ નથી. પાછળ માત્ર રાજકુમાર વીસળ અને મારી ગણતરી મુજબ તેને પક્ષમાં લે આપણે ગુમાવેલી બાજીને જીતી શકશું, એમ મારી મનોદેવતા કહે છે

" તમારાં કથન ઉપરથી જણાય છે કે વીરધવળ પછી વીસ રાજગાદીએ આવશે, એ શું સત્ય છે ? " સિંહે આશ્ચર્યનો ભાવ દર્શા ને પ્રશ્ન કર્યો.

" એમાં અસત્યનો જરાએ અંશ નથી. " નાગડે જવાબ આ " કારણ કે યુવરાજ વીરમ એક નીચ નારીના મોહમાં ફસાઇ ગયેલ વાથી તેને હિતાહિતનું ભાન રહ્યું નથી અને તેથી તે રાજગાદીએ અ શકશે નહિ. વળી ખુદ રાજા પોતે પણ વીસળનાજ પક્ષપાતી છે. "

" સરદાર જયંતસિંહ વિષે તમે શું ધારો છો ? " સિંહે બી પ્રશ્ન કર્યો.

" કેટલાક સમય પૂર્વે મેં સરદાર જયંતસિંહ મારફત એક પડ રચવાનો પ્રયાસ કર્યો હતો અને મારા ધારવા મુજબ તમે પણ એથી ણીતા છો; પરંતુ ત્યારબાદ જયંતસિંહ જેવા સ્વામીદ્રોહી અને સ્વ સાધુ માણસને પક્ષમાં રાખવાથી લાભને બદલે નુકશાન વધારે થશે, જણાતાં મેં તેના સંબંધનો અને તેની સહાયનો ત્યાગ કર્યો છે અને હવે તેને આપણા પક્ષમાં લેવાને જરા પણ ખુશી નથી. " નાગડે જવ આપતાં પોતાનો મનોભાવ કહી બતાવ્યો.

" જયંતસિંહને માટે મારો પણ એવોજ અભિપ્રાય છે: કારણ તે વિશ્વાસપાત્ર માણસ નથી. " સિંહે જયંતસિંહના સંબંધમાં પોતા અભિપ્રાય વ્યક્ત કરતાં પૂછ્યું. " પણ તમે વીસળને કેવી રીતે પક્ષ લેવા ધારો છો ? "

" એમાં ધારવું છે શું ? " નાગડે ઉત્તર આપતાં કહ્યું. " રાજકુમ વીસળને આઠ આના તો આપણા પક્ષમાં મેં ભેળવી દીધેલ છે. "

" ક્યારે અને કેવી રીતે ? " સિંહે અજાયબ થઇને પૂછ્યું.

" યુવરાજપદની લાલચ આપીને. " નાગડે જવાબ આપ્યો.

" એવી લાલચ તો વસ્તુપાળે પણ આપી હશે, તેનું કેમ ? સિંહે ફરીને પૂછ્યું.

" તેમ છતાં તે આપણા પક્ષમાંજ રહે, એની ગોઠવણ પણ મેં કર રાખી છે. " નાગડે ઉત્તર આપ્યો.

" ત્યારે તો ઠીક. " સિંહે સંતોષ પામીને કહ્યું અને પછી પ્ર

ધી. " મહેતાજી ! એક તરફથી તમે નવી નવી બાજી રચતા જણાઓ છો અને બીજી બાજુથી નિરાશ અને ઉત્સાહહીન બનતા જણાઓ છો. એનું શું કારણ ?"

" એનું કારણ એજ કે મેં હજી સુધી એકે બાજીમાં જીત મેળવી નથી " નાગડે તેની નિરાશાનું કારણ કહી બતાવ્યું.

" પણ આ બાજીમાં ભગવાન સોમનાથની કૃપાથી તમે જીત મેળવશો, એમ મને લાગે છે. " સિંહે કહ્યું.

" મને પણ એમજ લાગે છે. " નાગડે કહ્યું. " પરંતુ તમારે એક કામ કરવાનું છે. "

" શું ! " સિંહે જીજ્ઞાસાથી પૂછ્યું.

" તમારા ભાણેજ અને તેજપાળના પુત્ર લુણસિંહ વચ્ચે ગાઢ મૈત્રી-સંબંધ છે, તે તોડાવવાનું કામ તમારે કરવાનું છે " નાગડે ઉત્તર આપતાં કામ કહી બતાવ્યું.

" અને એ કામ હું કરી શકીશ. " સિંહે તુરતજ કહ્યું.

" તો પછી આપણે દાવ જીતી શકશું. " નાગડે ઉત્સાહથી કહ્યું.

" ત્યારે હું હવે જાઉં છું. " સિંહે આસન ઉપરથી ઉઠીને કહ્યું.

" ભલે પણ મેં કહ્યું તે લક્ષમાં રાખશો. " નાગડે ભલામણ કરી.

" તે બાબતમાં તમે નચિંત રહો. " સિંહે કહ્યું અને નાગડ મહેતાની રજા લઈને તે ત્યાંથી ચાલ્યો ગયો.

તે ગયા પછી નાગડ મહેતા ઊંડા વિચારમાંને વિચારમાં બાગમાં બેસી રહ્યો. તેણે સિંહની સમક્ષ દાવમાં જીત મેળવવાની આશા બતાવી હતી; પરંતુ અત્યારે તેનું મન આશા અને નિરાશા વચ્ચે ઝોલાં ખાતું હતું.

—✻◎✻—

પ્રકરણ ૨૧ મું.

મામો અને ભાણેજ.

ગત પ્રકરણમાં વર્ણવેલી ઘટના ઘટયા પછી બે દિવસ જેટલો સમય વ્યતિત થઈ ગયો હતો. વખત પ્રાતઃકાળનો હતો. રાજકુમાર વીસળ તથા તેના મિત્ર અને મંત્રી તેજપાળનો પુત્ર લુણસિંહ બન્ને

મલ્હાર સરોવરના કિનારે પોતાના ઘોડાને પાણી પાઈ રહ્યા હતા. રાજકુમાર તથા મંત્રીપુત્ર બન્ને ઘોડેસ્વાર બનીને સવારમાં વહેલા ફરવા જતા હતા. આજ પણ નિત્યના નિયમ મુજબ બન્ને મિત્રો ઘોડા ઉપર સ્વાર બનીને નજીકનાં ઉપવનમાં ફરવાને ગયા હતા અને ત્યાંથી પાછા ફરતી વારે તેમના તૃપાતુર થયેલા ઘોડાને પાણી પાવા માટે સરોવરને કિનારે ગયા હતા. ઘોડાને પાણી પાઇ રહ્યા પછી તેઓ પ્રાતઃકાળ સમયની સરોવરની નૈસર્ગિક શોભા જોવાને એક ઘાટ ઉપર આવીને ઉભા રહ્યા. પાટણના સોલંકી વંશીય રાજા કર્ણદેવની રાણી મીનળદેવીએ બંધાવેલું મલ્હાર સરોવર અતિ વિશાળ હતું. તેને ચારે બાજુથી પત્થરોવડે બાંધી લેવામાં આવેલું હતું અને જુદા જુદા ભાગમાં ચાર ઘાટ અને ચાર શિવાલય બાંધીને લોકોને ન્હાવા ધોવાની તથા દેવદર્શનની સગવડતા કરી આપેલી હતી. સરોવરનું જળ સ્વચ્છ અને શુભ્ર હતું અને તે ઉપર પ્રભાતકાલિન બાલરવિનાં આછાં સોનેરી કિરણો પડવાથી જળની સ્વચ્છતા અને શુભ્રતામાં ઓર વૃદ્ધિ થતી હતી. સૂર્યનો ઉદય થતાં સરોવરની મધ્યમાં રહેલાં કમળનાં પુષ્પો ખીલી નીકળ્યાં હતાં અને તેની અતિ તીવ્રતર સુવાસથી સરોવરનો તીરપ્રદેશ સુગંધમય બની ગયો હતો. સરોવરના એક ઘાટે પુરૂષો અને બીજે ઘાટે સ્ત્રીઓ સ્નાનાદિ ક્રિયા કરતાં હતાં તથા ત્રીજા અને ચોથા ઘાટે નગરની નારીઓ પીવાને માટે પાણી ભરતી હતી. સારાંશ કે મલ્હાર સરોવરનો સમસ્ત તીરપ્રાંત સ્ત્રી-પુરૂષોથી ભરેલો જોવામાં આવતો હતો. વીસળ તથા લુણસિંહ સરોવરનું આ મનોહારી દૃશ્ય જોતાં જોતાં અને મનમાં આનંદનો અનુભવ કરતાં કરતાં એક ઘાટ ઉપરનાં શિવાલયના બહારના ઓટા ઉપર આવીને બેઠા.

ઓટા ઉપર બેઠા પછી જરા વાર રહીને લુણસિંહે વીસળને ઉદ્દેશીને કાંઇક મર્મથી પૂછ્યું. " રાજકુમાર ! સાંભળ્યું છે કે કર્ણાટ દેશની કન્યાઓ રૂપમાં જરા શ્યામળી હોય છે; પરંતુ લાવણ્યનો ભંડાર હોય છે, એ શું સાચી વાત છે ? "

" હા; તમે સાંભળેલી વાત ઘણે અંશે સાચી છે. " વીસળે જવાબ આપ્યો. "

" અને તેઓ સુશિક્ષિત હોવાની સાથે સંગીત, ચિત્ર તથા કાવ્યાદિ કળાઓમાં ઘણી કુશળ હોય છે, એ પણ શું સાચું છે ? " લુણસિંહે ફરીને પણ કર્ણાટકની કન્યાઓ સંબંધી પ્રશ્ન કર્યો.

" એમાં પણ ઘણો સત્યાંશ છે. " વીસળે તરતજ ઉત્તર આપ્યો

"ત્યારે તમે પૂરા ભાગ્યશાળી કે કર્ણાટક નરેશની કુંવરી સાથે તમારું લગ્ન થયું." ગુણસિંહે સહજ સ્મિત કરીને કહ્યું.

"ત્યારે તમે પણ કર્ણાટકની કોઇ શ્યામળી કન્યા સાથે લગ્ન કરીને શા માટે ભાગ્યશાળી બનતાં નથી?" વીસળે જરા ગંભીર બનીને સવાલ કર્યો.

"હું એજ વિચારમાં છું; પરંતુ મને તેવી કન્યા કોણ લાવી આપે?" ગુણસિંહે પણ ગંભીરતા ધારણ કરીને ઉત્તર આપતાં પૂછ્યું.

"તમને જો શ્યામળી સ્ત્રી પસંદ હશે તો હુંજ તેવી કન્યા સાથે તમારું લગ્ન કરાવી આપીશ." વીસળે ઉત્તર આપ્યો.

"તો આપણે તૈયાર છીએ." ગુણસિંહે કહ્યું અને પછી પૂછ્યું. "પણ રાજકુમાર! મને પૂછવા દો કે શું તમને શ્યામા સ્ત્રી પસંદ નથી?"

"શામાટે પસંદ ન હોય? કારણકે શ્યામતા એજ ખરેખરું રૂપ છે!" વીસળે માર્મિકતાથી જવાબ આપ્યો.

"રાજકુમાર!" ગુણસિંહે કહ્યું. "તમારાં માર્મિક કથનથી જણાય છે કે તમે શ્યામા સ્ત્રીને પસંદ કરતા નથી અને તેથી કર્ણાટક નરેશની કુંવરી કે જેને તમે પરણીને હમણાં લાવ્યા છો, તેને તે શ્યામા હોવાના કારણથી કદાચ ચાહતાં પણ નહિ હો; પરંતુ મારે કહેવું જોઇએ કે શ્યામતા એ કુરૂપ નથી. કિન્તુ સૌંદર્યનો એક મનોહારી પ્રકાર છે. ખરીરીતે તો મુખ, નાસિકા ઇત્યાદિ પ્રમુખ અવયવોનું બેડોળપણું અને લાવણ્યહિનતા એજ કુરૂપ છે; નહિ કે શરીરની શ્યામતા; કારણકે જો શ્યામતાની કુરૂપમાં ગણના થતી હોત, તો શ્યામસુંદર શ્રી કૃષ્ણની પાછળ ગોપીઓ ગાંડી બનત નહિ. આ ઉપરથી મારો કહેવાનો આશય એ છે કે કોઇ સ્ત્રી શરીરે ભલે શ્યામ હોય; પરંતુ તે સાથે તેના પ્રત્યેક અવયવો સુકોમળ, સુગઠિત અને લાવણ્યથી ભરપુર હોય, તો તેની સુંદર સ્ત્રીમાં ગણના કરવામાં કશી પણ હરકત નથી."

ગુણસિંહ બોલતો બંધ થયો એટલે વીસળે હસતાં કહ્યું. "ગુણસિંહ! તમે શ્યામા સ્ત્રીના આટલા બધા વખાણ કરો છો અને શ્યામતાની સૌંદર્યમાં ગણના કરો છો, તેથી જણાય છે કે તમારા લગ્ન કોઇ શ્યામાંગના સુંદરી કન્યા સાથે થવાના હશે. ઠીક, ત્યારે તમે પણ આગ [illegible] ભાગ્યશાળી તો ખરાજ!"

"મારા લગ્ન [illegible] કોઇની સાથે થવાનું નક્કી થયું નથી." ગુણસિંહે જરા હસીને [illegible] "પણ રૂપાળી અને શ્યામળી એવી બે કન્યા-

મલ્લાર સરોવરના કિનારે પોતાના ઘોડાને પાણી પાઈ રહ્યા હતા. રાજ
કુમાર તથા મંત્રીપુત્ર બન્ને ઘોડેસ્વાર બનીને સવારમાં વહેલા ફરવા
જતા હતા. આજે પણ નિત્યના નિયમ મુજબ બન્ને મિત્રો ઘોડા ઉપર
સ્વાર બનીને નગરનાં ઉપવનમાં ફરવાને ગયા હતા અને ત્યાંથી પાછા
ફરતી વારે તેમના તૃષાતુર થયેલા ઘોડાને પાણી પાવા માટે સરોવરને
કિનારે ગયા હતા. ઘોડાને પાણી પાઇ રહ્યા પછી તેઓ પ્રાતઃકાળ
સમયની સરોવરની નૈસર્ગિક શોભા જોવાને એક ઘાટ ઉપર આવીને
ઉભા રહ્યા. પાટણના સોલંકી વંશીય રાજા કર્ણદેવની રાણી મીનલ
દેવીએ બંધાવેલું મલ્લાર સરોવર અતિ વિશાળ હતું. તેને ચારે બાજુથી
પત્થરોવડે બાંધી લેવામાં આવેલું હતું અને જુદા જુદા ભાગમાં ચાર
ઘાટ અને ચાર શિવાલય બાંધીને લોકોને ન્હાવા ધોવાની તથા દેવદર્શ
નની સગવડતા કરી આપેલી હતી. સરોવરનું જળ સ્વચ્છ અને શુભ્ર
હતું અને તે ઉપર પ્રભાતકાલિન બાલરવિનાં આછાં સોનેરી કિરણે
પડવાથી જળની સ્વચ્છતા અને શુભ્રતામાં ઓર વૃદ્ધિ થતી હતી. સૂ
ર્યનો ઉદય થતાં સરોવરની મધ્યમાં રહેલાં કમળનાં પુષ્પો ખીલી ની
કળ્યાં હતાં અને તેની અતિ તીવ્રતર સુવાસથી સરોવરનો તીરપ્રદે
સુગંધમય બની ગયો હતો. સરોવરના એક ઘાટે પુરૂષો અને બીજ
ઘાટે સ્ત્રીઓ સ્નાનાદિ ક્રિયા કરતાં હતાં તથા ત્રીજા અને ચોથા ઘાટે
નગરની નારીઓ પીવાને માટે પાણી ભરતી હતી. સારાંશ કે મલ્હ
સરોવરનો સમસ્ત તીરપ્રાંત સ્ત્રી–પુરૂષોથી ભરેલો જોવામાં આવતો હ
વીસળ તથા લુણસિંહ સરોવરનું આ મનોહારી દૃશ્ય જોતાં જો
અને મનમાં આનંદનો અનુભવ કરતાં કરતાં એક ઘાટ ઉપરનાં શિ
લયના બહારના ઓટા ઉપર આવીને બેઠા.

ઓટા ઉપર બેઠા પછી ક્ષણ વાર રહીને લુણસિંહે વીસ
ઉદ્દેશીને કાંઇક મર્મથી પૂછ્યું. " રાજકુમાર ! સાંભળ્યું છે કે કર્ણા
દેશની કન્યાઓ રૂપમાં જરા શ્યામળી હોય છે; પરંતુ લાવણ્યનો
ભંડાર હોય છે, એ શું સાચી વાત છે ? "

" હા; તમે સાંભળેલી વાત ઘણે અંશે સાચી છે. " વીસળે જવ
આપ્યો. "

" અને તેઓ સુશિક્ષિત હોવાની સાથે સંગીત, ચિત્ર તથા
ઇત્યાદિ કળાઓમાં ઘણી કુશળ હોય છે, એ પણ શું સાચું છે ? "
ણસિંહે ફરીને પણ કર્ણાટકની કન્યાઓ સંબંધી પ્રશ્ન કર્યો.

" એમાં પણ ઘણો સત્યાંશ છે. " વીસળે તુરતજ ઉત્તર આ

"રાજકુમારની સાથે ફરવા ફરવામાં હું તમારે ખુશી ન હો ?" લુણસિંહે સીધો ઉત્તર આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

એના ઉત્તરમાં સિંહ ઉતાવળથી બોલવા જતો હતો, તેને અટકાવીને વીસળે કહ્યું. "પણ મામા ! આવા પ્રશ્નો પૂછવાનું તમારે શું પ્રયોજન છે ? હું અને લુણસિંહ બંને મિત્રો છીએ અને તેથી અમે એક બીજા સાથે ફરીએ હરીએ, એમાં ખુશી કે નાખુશીનો સવાલજ શો."

"બહુ સારૂ" સિંહે હસવાતા મને કહ્યું. "તમને એ વાત પસંદ ન હોય, તો હું તમારા મિત્ર લુણસિંહને એ વિષયમાં કાંઇ પૂછીશ નહિ. પણ તમે શહેરમાં ક્યારે જવાના છો ?"

"કેમ, મારૂં કાંઇ ખાસ કામ છે ! વીસળે પૂછ્યું.

"ના, ના. કાંઇ ખાસ કામ તો નથી." સિંહે જવાબ આપતાં કહ્યું. "હું તો સામાન્ય રીતે માત્ર જાણવાના આશયથીજ પૂછું છું."

"હવે કાંઈ બહુ વાર નથી." વીસળે કહ્યું. "મહાદેવનાં દર્શન કરી લઇએ તેટલીજ માત્ર વાર છે." એમ કહીને વીસળ ઓટા ઉપરથી ઉઠ્યો અને તે સાથે લુણસિંહ અને સિંહ પણ ઉઠ્યા. તેઓ ત્રણે શિવાલયમાં શ્રી શંકરના દર્શન કરીને ઘોડેસ્વાર થયા, અને પોતાના ઘોડાઓને નગર તરફ ચલાવ્યા. થોડા સમયમાં તેઓ રાજમાર્ગે થઇને રાજમહાલયના મુખ્ય દરવાજે આવી પહોંચ્યા.

દરવાજાનાં દ્વારની બહાર પોતાનો ઘોડો રોકી રાખીને લુણસિંહે વીસળને ઉદ્દેશીને કહ્યું. "હું હવે રજા લઉં છું, રાજકુમાર !"

"ભલે; પણ પાછા ક્યારે મળશો ?" વીસળે તેને રજા આપતાં જાણવા માગ્યું.

"મધ્યાન્હ પછી." લુણસિંહે ઉત્તર આપ્યો.

"ઠીક." વીસળે કહ્યું અને તે તથા સિંહ રાજવાડાની અંદર ગયા. રાજવાડામાં પ્રવેશીને વીસળ તેના મહેલમાં ગયો અને તેનો મામો સિંહ પણ તેની સાથેજ ગયો. ઘોડો માણસને સોંપી તથા કપડાં ઉતારીને વીસળ તેના મામાની પાસે જઇને બેઠો.

થોડીવાર બન્ને મૌન બેસી રહ્યા. તે પછી સિંહે મૌનનો ભંગ કરીને પૂછ્યું.

"યુવરાજ વીરમના તમે કાંઇ સમાચાર સાંભળ્યા છે કે નહિ ?"

"કયા સમાચાર ?" વીસળે આતુરતાથી સામો પ્રશ્ન કર્યો.

"સમાચાર તો એજ કે હાલમાં તે ક્યાં છે? થોડા વખત મેં સાંભળ્યું હતું કે તે પાટણ ગયેલ છે." સિંહે કહ્યું.

"વીરમદેવ પાટણ ગયાની હકીકત મારા સાંભળવામાં હતી ખરી." વીસળે કહ્યું.

સિંહે તેના ભાણેજ પ્રત્યે એકધ્યાનથી જોઈને કહ્યું બાબતો, બધા પ્રસંગો તથા બધા સંયોગોનો વિચાર કરતાં છે કે તમે રાજગાદીના ઉત્તરાધિકારી બની શકશો."

વીસળે તીક્ષ્ણ દૃષ્ટિથી તેના મામા પ્રત્યે જોઈને પૂછ્યું. "કે

"કેવી રીતે કેમ?" સિંહે જવાબ આપતાં કહ્યું, પિતા વીરમદેવથી નાખુશ છે અને રાજ્યના મંત્રીઓ તમ છે, તેથી તથા બીજાં અનેક કારણોથી તમે રાજગાદીના ઉ થઈ શકો, એવો સંપૂર્ણ સંભવ છે."

"કદાચ એવો સંભવ હશે." વીસળે કહ્યું. "પરંતુ દેવના હક્કની આડે આવવામાં ખુશી નથી."

"આમાં તમારે ક્યાં આડે આવવાનું છે?" સિંહે મારા પિતા, મંત્રીઓ અને પ્રજા તમને રાજગાદીના ઉ ઠરાવવા માગતા હોય, તો તમારે શામાટે આનાકાની કરવી

વીસળ કાંઈ પણ નહિ બોલતાં ચૂપ બેસી રહ્યો.

સિંહે તેને ચૂપ રહેલો જોઈને ગંભીરતાથી કહ્યું. ન્યાયમંત્રી નાગડ મહેતા તમને જ યુવરાજ માનીએ છીએ ધોળકાનો જ નહિ કિન્તુ પાટણની રાજગાદી પણ મળે, એમ હું ઈચ્છું."

વીસળ તેના મામા સામે એકધ્યાને જોઈ રહ્યો.

[illegible]

"એનું કારણ ?" વીસળે તુરતજ પૂછ્યું.

"એનું કારણ સ્પષ્ટ છે; પરંતુ હું કહીશ, તે તમારા માનવામાં આવશે નહિ." સિંહે ઉત્તર આપતાં કહ્યું.

"પણ તમે કહો તો ખરા." વીસળે જાણવા માગ્યું.

"વીસળદેવ !" સિંહે ગંભીર મુદ્રા ધારણ કરીને કહ્યું. "લુણપ્રસંદ તમારી સાથે શામાટે મૈત્રીસંબંધ રાખે છે, એનું કારણ તમે જે માનતા હો, તેથી જૂદુંજ છે. તમે એમ માનતા હશો કે તે તમારી સાથે શુદ્ધ મૈત્રીભાવ રાખતો હશે; પરંતુ મારે કહેવું જોઇએ કે તમારી એ માન્યતા તદ્દન ભૂલભરેલી છે; કારણકે મહત્ત્વાકાંક્ષી વસ્તુપાળ તથા તેજપાળના એક વિશિષ્ટ સ્વાર્થમય હેતુને લઇનેજ તે તમારો મિત્ર થયો છે. વસ્તુપાળ અને તેજપાળ તમને પોતાના કાબુમાં રાખવા ઇચ્છે છે. તમને ધોળકાની અને બની શકે તો પાટણની રાજગાદીએ સ્થાપી તેઓ પોતાનાં અનેક ગુપ્ત સ્વાર્થ સાધી લેવા માગે છે અને તેમના નિર્માલ્ય અહિંસામય ધર્મને રાજધર્મ બનાવી શૈવધર્મ ઉપર વિજય મેળવવાને મથે છે."

વીસળ તેના મામાનાં કથનને એકધ્યાને સાંભળી રહ્યો હતો.

"અને રાજકુમાર !" સિંહે સ્વરમાં કાંઇક જોર લાવીને કહ્યું. "આ ઉપરાંત તેઓ આ પ્રદેશના માંડલિક અને બની શકે તો સ્વતંત્ર રાજા થવાના પણ પ્રયાસમાં છે."

"મામા !" વીસળદેવે તુરતજ કહ્યું. "તમારી વાત તદ્દન અસંભવિત અને નહિ માનવા જેવી છે."

"એ તો મેં પ્રથમથીજ કહ્યું હતું કે મારી વાત તમારા માનવામાં આવશે નહિ." સિંહે ભવિષ્યવાદી જેવો ડોળ કરીને કહ્યું.

"પણ તમારી વાત સાચી હોવાનો પુરાવો શો છે!" વીસળદેવે પ્રશ્ન પૂછ્યો.

"પુરાવા એક નહિ પણ અનેક છે." સિંહે એકદમ જવાબ આપ્યો. "પણ અત્યારે તો એકજ પુરાવો આપવાનું બસ ધારું છું. ધોળ[illegible] અને [illegible] તેઓના [illegible] છે અને [illegible] તમારા પિતાને પદભ્રષ્ટ કરી [illegible] પ્રાપ્ત [illegible] તેમ છે."

"પણ [illegible]

દાર સેવકો છે: તેઓ એવું હલકું કામ કદિ પણ કરે નહિ, એવી મને ખાતરી છે." વીસળે દૃઢતાપૂર્વક કહ્યું.

"તમારા પિતા કેવળ ભોળા અને સરલ છે. તેમને વફાદાર સેવકો માણસોની પરીક્ષા નથી." સિંહે કહ્યું. "વળી તમે વસ્તુપાળ તથા તેજપાળને રાજ્યના વિશ્વાસુ તથા વફાદાર સેવકો માનો છો, તેમાં તમારી ભૂલ થાય છે; કારણ કે રાજ્યલોભ આગળ મોટા પુરુષો પણ લાચાર બની ન કરવાનું કાર્ય કરવાને તત્પર બની જાય છે, તો પછી વસ્તુપાળ તથા તેજપાળ જેવા મહત્વાકાંક્ષી અને સ્વાર્થસાધુ પુરુષોનો શો વિશ્વાસ ?"

"મામા ! તમે કહો છો, તે પ્રમાણે એ બન્ને ભાઈઓ મહત્વાકાંક્ષી હશે; પરંતુ મારી માન્યતા મુજબ સ્વાર્થસાધુ તો નથી જ; કારણ કે તેમની નિઃસ્વાર્થવૃત્તિ ઘણા પ્રસંગે મારા જોવામાં આવી છે અને તેથી હું તો તેમને વિશ્વાસુ અને વફાદાર જ માનું છું." વીસળે ગંભીર વાણીથી કહ્યું. "તેમ છતાં રાજ્યલોભને વશ થઈને તમે માનો છો તે મુજબ તેઓ કદાચ મારા પિતા અને રાજ્ય પ્રત્યે બેવફા બને તો તેમના એ આશયમાં તેઓ ફાવી પણ શકશે નહિ; કારણ કે તે [illegible] કરવા જેટલું મારા બાહુમાં બળ છે."

"વીસલદેવ, તમારી એ ધારણા ખોટી છે અને યાદ રાખો કે તમારે એ માટે પશ્ચાત્તાપ કરવો પડશે." સિંહે [illegible]

[illegible]

દાર સેવક છે; તેઓ એવું એક કામ કદિ પણ કરે નહિ, એવી ખાતરી છે." વીસળે દૃઢતાપૂર્વક કહ્યું.

"તમારા પિતા જેવા ભોળા અને સરલ છે. તેમને વફાદા કિંવા માણસોની પરીક્ષા નથી." સિંહે કહ્યું. "વળી તમે વસ્તુ તથા તેજપાળને રાજ્યના હિતકારી તથા વફાદાર સેવક માનો છો; પ તેમાં તમારી ભૂલ થાય છે; કારણ કે રાજ્યલોભ આગળ મોટા પુરુષો લાચાર બની ન કરવાનું કાર્ય કરવાને તત્પર બની જાય છે. તો વસ્તુપાળ તથા તેજપાળ જેવા મહત્ત્વાકાંક્ષી અને સ્વાર્થસાધુ પુરુ શો વિશ્વાસ ?"

"મામા ! તમે કહો છો, તે પ્રમાણે એ બન્ને ભાઈઓ મહ કાંક્ષી હશે; પરંતુ મારી માન્યતા મુજબ સ્વાર્થસાધુ તો નથીજ; ક કે તેમની નિસ્વાર્થવૃત્તિ ઘણા પ્રસંગે મારા જોવામાં આવી છે તેથી હું તો તેમને વિશ્વાસુ અને વફાદારજ માનું છું." વીસ ગંભીર વાણીથી કહ્યું. "તેમ છતાં રાજ્યલોભને વશ થઈને તમે છો તે મુજબ તેઓ કદાચ મારા પિતા અને રાજ્ય પ્રત્યે બેવફા તો તેમના એ આશયમાં તેઓ જરા પણ ફાવશે નહિ; કારણ કે મહાત કરવા જેટલું મારા બાહુમાં બળ છે."

"વીસળદેવ ! તમારી એ ધારણા ખોટી છે અને યાદ ર કે તમારે એ માટે ભવિષ્યમાં પશ્ચાત્તાપ કરવો પડશે." સિંહે પણ ભવિષ્યવાદી બનીને ભયનું દર્શન કરાવ્યું.

વીરમ કરતાં વીસળ વધારે બુદ્ધિશાળી અને ઠરેલ સ્વભ હતો; પરંતુ તેને રાજકીય વિષયનો અને તેના અંગે રચાતી ખટ અનુભવ ન હતો અને તેથી સિંહની વાત સાંભળીને તે વિચારમાં ગયો. નાગડ મહેતાએ પણ તેને પૂર્વે વસ્તુપાળ તથા તેજ સંબંધમાં આવીજ વાત કરી હતી. એ વાત કેટલે દરજ્જે સાચી તેની એ અનુભવહિન યુવકમાં સ્વતંત્રતાથી તૂલના કરવા જેટલી શ હતી. એક તદ્દન અસત્ય વાત પણ જ્યારે વારંવાર સાંભળવામાં છે, ત્યારે સરલ સ્વભાવના માણસનાં હૃદયમાં શંકાને સ્થાન મળે એ મનુષ્યસ્વભાવના સામાન્ય નિયમ મુજબ વીસળનાં હૃદયમાં વસ્તુપાળ તથા તેજપાળની વફાદારી અને નિસ્વાર્થ રાજ સંબંધમાં સ્વભાવિક રીતેજ શંકાને સ્થાન મળ્યું, તો પણ લુણ મૈત્રીસંબંધમાં તેને કશો પણ સ્વાર્થ જણાયો નહિ અને તેથી તેણે "મામા ! મારી ધારણા ખરી હોય કે કદાચ ખોટી હોય, એ જોઈ

છે; પરંતુ મને હુણસિંહની મૈત્રીમાં સહેજ પણ સ્વાર્થનો અંશ હોવાનું જણાતું નથી. તેના જેવો સરલ અને શુદ્ધ હૃદયનો બીજો યુવક નથી."

સિંહે પૂર્ણ ગંભીરતા ધારણ કરીને ગંભીર વાણીથી કહ્યું: "વીસળદેવ! મારા ભોળા ભાણેજ! તમે કેવળ નિખાલસ દિલના અને સરલ સ્વભાવના છો અને તેથી તમે ઉજળું એટલું દૂધજ દેખો છો; પરંતુ તમારા હિતેચ્છુ મામા તરીકે મારું કર્તવ્ય છે કે મારે તમને વસ્તુસ્થિતિથી જાણીતા કરવા અને યોગ્ય સલાહ આપવી. તેમ છતાં મારી વાતને સાચી માનવી કે નહિ અને મારી સલાહને માન આપવું કે નહિ, એ વિચારવાનું કામ તમારું છે."

વીસળ પૂર્ણ વિચારમાં પડી ગયો. તેણે કેટલોક સમય પર્યંત વિચાર કરીને કાંઈક ચિંતાભરી વાણીથી પૂછ્યું. "ત્યારે તમારી સલાહનો એવીજ છે કે મારે હુણસિંહની મૈત્રીનો ત્યાગ કરવો અને વસ્તુપાળ તથા તેજપાળથી ચેતતા રહેવું?"

"અવશ્ય," સિંહે તુરતજ જવાબ આપ્યો અને કહ્યું. "અને તે સાથે તમારે નાગડ મહેતા ઉપર વિશ્વાસ રાખવો અને તેની સલાહ મુજબ વર્તવું."

સિંહની સચોટ વાત અને હિતકારક જણાતી સલાહથી વીસળ વધારે શંકાશીળ થયો. તેણે શાંતિ અને ધીરજથી કહ્યું. "મામા! તમે કહેલી વાત અને તમે આપેલી સલાહના સંબંધમાં હું સંપૂર્ણ વિચાર કરી જોઈશ અને જો મને તે યોગ્ય અને હિતાવહ જણાશે, તો હું તે પ્રમાણે વર્તીશ."

"ભલે, તમારે વિચાર કરવો હોય, તો ખુશીથી કરજો; પરંતુ વિચાર કરવામાં વધારે વખતને ગુમાવશો નહિ." સિંહે કહ્યું.

વીસળદેવ કાંઈ પણ નહિ બોલતાં ચુપ બેસી રહ્યો.

હવે વીસળને વિચાર કરવાની તક આપવી જોઈએ, એમ વિચારી સિંહે ઉભા થઈને કહ્યું. "હું હવે જાઉં છું!"

એના જવાબમાં વીસળે માત્ર પોતાનું મસ્તક નમાવ્યું. તે જોઈ સિંહ ધીરે ધીરે [illegible] ત્યાંથી ચાલ્યો ગયો અને વીસળ ઊંડા વિચારમાં [illegible] [illegible] [illegible] [illegible]

—•—

પ્રકરણ ૨૨ મું

પ્રેમનો વિજય.

ભૃગુકચ્છના શેઠ રાજચંદ્રની પુત્રી યશોમતીએ સમાજ, ધર્મ અને દેશની સેવાને જીવનનું મુખ્ય કર્ત્તવ્ય માનવાની પોતાની જે ઇચ્છા સિદ્ધાચળની પવિત્ર ભૂમિ ઉપર આચાર્ય શ્રી જિન... સન્મુખ વ્યક્ત કરી હતી, તે ઇચ્છાની પૂર્તિને માટે તેણે પોતાનું જીવન કુમારી અવસ્થામાં વ્યતિત કરવાનો વિચાર કેટલાક સમય ... કરી રાખ્યો હતો. તેણે આ વિચાર કર્યો, ત્યારે તેની ઉમ્મર પંદરેક વર્ષની હતી એટલે કે તે યૌવનાવસ્થામાં પ્રવેશી ચુકી હતી પરંતુ તેના પિતાએ તેને એવી રીતે ઉછેરી હતી તથા કેળવી હતી કે તેનું મન એટલી ઉમ્મર સુધી નિશ્ચળ અને વિકારહિનજ રહેવા પામ્યું હતું. ત્યારપછી ભૃગુકચ્છમાં એક સમયે એક યુવક તેની નજરે પડ્યો અને તે સમયથી યશોમતીનું નિશ્ચળ ચિત્ત ધીમે ધીમે ચંચળતાને વશ બનતું જતું હતું. આ યુવક તે લુણસિંહ હતો અને તેને જોયા પછી તેનાં શાંત મનમાં અનેક પ્રકારનાં તરંગો ઉઠતા હતા; પરંતુ વાસ્ત... કારણને તે જાણી શકી ન હતી. એ પછી ધોળકા આવી અને ત્યાં શ્રીમાન્ વસ્તુપાળે કઢેલા સંઘ સાથે શ્રી સિદ્ધાચળની યાત્રાએ ગઈ ત્યાં સમાજ, ધર્મ અને દેશની સેવાને જીવનનું મુખ્ય કર્ત્તવ્ય માન... પોતાની ઈચ્છા આચાર્ય સન્મુખ જાહેર પણ કરી. આ સમય દર... તે લુણસિંહને વખતોવખત જોતી હતી તથા તે સાથે સાથે તેનું વધારે ને વધારે અસ્થિર થતું જતું હતું. યાત્રાએથી પાછા આવ્યા છેવટ ધોળકામાં મંત્રીશ્વર વસ્તુપાળના આવાસમાં તેને લુણ... પ્રથમ પરિચય થયો અને તેણે તેની સાથે જીવનના આદર્શ વિષે વાતો પણ કરી. ત્યાર બાદ તે તેના પિતાની સાથે ભૃગુકચ્છ ... પરંતુ તેનું ચિત્ત ધોળકામાંજ રહ્યું હતું કે તેની સાથે આવ્યું ... તે ભૃગુકચ્છથી પુનઃ ધોળકામાં આવી, ત્યાં સુધી તેના સમ... આવી શકતું ન હતું. આ મુગ્ધા અને અજ્ઞાત યૌવના યશો... જીવનનો ઇતિહાસ છે.

આ વખતે તેને ધોળકામાં આવવાનું શું કારણ હતું, એ પણ જાણતી ન હતી; પણ કોઇ એ વિષયમાં તેને પ્રશ્ન કરતું, પિતાના આગ્રહને કારણરૂપે બતાવતી હતી અને કદી એ વા... સ્વીકાર કરતી ન હતી.

યશોમતી જો કે પદ્મા કરતાં વયમાં નાની હતી; પરંતુ પદ્મા સ્વભાવમાં હજી મુગ્ધા બાલિકા જેવીજ રહેલી હોવાથી તેની અને યશોમતીની વચ્ચે સમાન વયની સખીઓ જેવો સ્નેહ જામ્યો હતો. ભોજન વગેરે કાર્યમાંથી નિવૃત્ત બનીને આ બન્ને સખીઓ—એક તરુણી અને એક નવયુવતિ—આવાસના પાછલા ભાગમાં આવેલા વાડાના એકાંતિક લતામંડપમાં આવીને વાર્તાવિનોદ કરતી બેઠેલી હતી. એ વખતે એક દાસિકા લતામંડપમાં આવી પહોંચી અને પદ્માને વસ્ત્રમાં છુપાવેલી કોઈ વસ્તુ આપીને તથા નેત્રસંકેત કરીને ત્વરાથી પાછી ચાલી ગઈ. પદ્માએ એ વસ્તુને પોતાના હાથમાં છુપાવેલી રાખીને યશોમતીની સામે જોયું અને સહેજ સ્મિત કરીને પૂછ્યું. "યશોમતી! કહે જોઈએ, આ શી વસ્તુ હશે!"

"તમે એ વસ્તુને ખુલ્લી કરી બતાવો એટલે હું તુરતજ કહી આપીશ કે એ શી વસ્તુ છે!" યશોમતીએ આડકતરી રીતે વસ્તુને ખુલ્લી કરવાની સૂચના કરતાં જવાબ આપ્યો.

"જો હું તેની ઉપરનાં વસ્ત્રને દૂર કરી દઉં તો તું કહી આપ, એમાં આશ્ચર્ય શું છે?" પદ્માએ કહ્યું.

"એમાં આશ્ચર્ય તો કાંઈ નથી." યશોમતીએ જવાબ આપતાં પ્રશ્ન કર્યો. "પણ વસ્ત્રમાં છુપાવી રાખેલી વસ્તુને નજરે નિહાળ્યા વિના મારાથી શી રીતે કહી શકાય કે તે અમુકજ વસ્તુ છે!"

"ઠીક, એ વાતને જવા દે." પદ્માએ તુરતજ કહ્યું. "પણ મેં આ વસ્તુ તારા માટેજ મગાવી છે, સમજી!"

યશોમતીએ હસતાં હસતાં કહ્યું "ત્યારે એ વસ્તુ કાંઈ સ્વાદિષ્ટ ફળ કે ખાવાનો ઉત્તમ પદાર્થ હશે, કારણ કે તમે મને ખાવાની વસ્તુઓ વખતોવખત આપ્યા કરો છો અને તેથી આ વખતે પણ એવીજ કોઈ સારી ખાવાની વસ્તુ હોવી જોઈએ, એવી મારી માન્યતા છે; પરંતુ અત્યારે તમે મને આગ્રહપૂર્વક ભરપૂર જમાડેલી હોવાથી હું એને ખાઈ શકીશ નહિ."

"ત્યારે આ વસ્તુ તારે જોવાની નથી!" પદ્માએ પ્રશ્ન કર્યો.

"[illegible] નહિ." યશોમતીએ ડોકથી ના પાડી.

"[illegible] નહિ!" પદ્માએ વસ્ત્રને જરા દૂર કરીને કહ્યું.

"ભલે," યશોમતીએ તુરતજ કહ્યું "[illegible]

હશે કે ગમે તેવો મિષ્ટ પદાર્થ હશે, તો પણ હું તેને અત્યારે નથી, એ ચોક્કસ છે."

"ઠીક ત્યારે; જોઉં પસ્તાય છે કે નહિ?" પદ્માએ એમ વસ્ત્રમાં છૂપાવી રાખેલી વસ્તુને તેમાંથી બહાર કાઢી અને સામે તેને પકડી રાખી.

એ વસ્તુ યશોમતીની નજરે પડતાંજ તેનામાં અવનવુ થઈ ગયુ. તેનાં સુંદર વદનકમળ ઉપર આશ્ચર્યની સ્પષ્ટ છાયા ગઈ અને તેનું કાંઈક ઉન્નત બનેલું વૃક્ષઃસ્થળ જોરથી ધડકવા લાગ્યુ લીક વાર તો તેની બન્ને આંખો એ આશ્ચર્યજનક વસ્તુ પ્રત્યે બની ગઈ; પરંતુ ત્યારબાદ આશ્ચર્યનો અવધિ આવી રહેતાં લજ્જાએ લીધી અને તેના નયનો કેવળ નીચા ઢળી ગયાં.

વાચક, સજ્જનો અને સન્નારીઓ! પદ્માએ ખુલ્લી કરી એવી તે કઇ વસ્તુ હોવી જોઇએ કે જેને જોવા માત્રથી યશોમતીને ર્યની સાથે લજ્જા પણ ઉત્પન્ન થઇ, એ તમે કહી શકશો? જો તમે ન શકો, તો લેખકને કહેવુ જોઈએ કે એ આશ્ચર્યજનક વસ્તુ બીજી કોઇ પરંતુ લુણસિંહનું નાનું પણ મનોહર ચિત્ર હતું કે જેનું ચિંતન યશોમ વખતો વખત થયા કરતુ હતું. લુણસિંહનાં ચિત્રને આવી નહિ ધારેલી રીતે જોવાથી તેને પ્રથમ આશ્ચર્ય અને પછી લજ્જા થઇ આવે, તો કેવળ સ્વાભાવિકજ ગણી શકાય.

યશોમતાને મૌન અને લજ્જાવનત મુખે કેટલીક વાર બેસી રહે દીધા પછી પદ્માએ માર્મિક વાણીથી પૂછ્યુ "યશોમતી! મને લાગે છે આ વસ્તુ લેવાની ના પાડવા માટે તું હવે પસ્તાય છે!"

પણ યશોમતી આ માર્મિક પ્રશ્નનો શો ઉત્તર આપે? તે તો જેમ તેમ નીચા નયનો ઢાળી રાખીને બેસીજ રહી.

"પણ હું તને પસ્તાવાનું કારણ રહેવા દઇશ નહિ અને ના પાડ માટે તારી થયેલી ભુલને સુધારી લઇશ." પદ્મા એટલું કહીને યશોમતી પાસે ગઇ અને તેના હાથમાં લુણસિંહના ચિત્રને મૂકીને તેણે વિશેષ કહ્યું. "યશોમતી! આ ચિત્ર તારા માટેજ મગાવ્યું છે અને હું તને પ્રેમપૂર્વક ભેટ તરીકે આપું છું."

એ પ્રમાણે કહીને લુણસિંહનાં ચિત્રને યશોમતીના કોમળ કર મુકીને પદ્મા ત્યાંથી કાંઇ પણ કહ્યા વિના ચાલી ગઇ અને યશોમ અજાયબીમાં ગરકાવ બનીને જેમની તેમ બેસી રહી. પદ્મા ગઇ ત્ય

લુણસિંહે પડી ગયેલાં ચિત્રને તુરતજ ઉઠાવી લીધું અને તેને ઊંચું જરા કરીને પૂછ્યું.

"અહો ! આ ચિત્ર તો મારૂં પોતાનું જ છે; પરંતુ તમારી પાસે આ ક્યાંથી આવ્યું ?"

યશોમતીને થયેલો ક્ષોભ હજી ઓછો થયો ન હતો અને તેથી તેણે કશો પણ જવાબ આપ્યો નહિ.

તેને નિરુત્તર રહેલી જોઇને લુણસિંહે કહ્યું "તમને મારાં આગમનથી ક્ષોભ અને લજ્જા બન્ને થઇ આવ્યાં છે; પરંતુ હું અને તમે એક બીજાથી તદ્દન અપરિચિત નથી; કેમકે આપણે એક વાર આ આવાસમાં છૂટથી વાર્તાલાપ કર્યો છે અને તેથી મારાં આગમનથી તમને સંકોચ કે લજ્જા થાય, એ જરા અસ્વાભાવિક લાગે છે."

યશોમતીને ઉપજેલો ક્ષોભ ધીમે ધીમે ઓછો થતો જતો હતો; કિન્તુ હજી લજ્જા તો જેવીને તેવીજ હતી અને તેથી તેણે શરમાતાં શરમાતાં કહ્યું. "તમારૂં કથન વાસ્તવિક છે."

"તો પછી હવે ક્ષોભ તથા લજ્જાનો સર્વથા ત્યાગ કરો અને મારી સાથે છૂટથી વાર્તાલાપ કરો; કારણકે મારે તમારી સાથે કેટલીક વાતચિત કરવાની છે." લુણસિંહે બીજા જરા દૂર પડેલા આસન ઉપર બેસીને કહ્યું.

યશોમતીએ સ્વસ્થ બનીને કહ્યું. "તમારે જે વાતચિત કરવી હોય, તે ખુશાથી કરો. હું તમારી વાત સાંભળવાને આતુર છું; પરંતુ તે પહેલાં મને કહો કે તમારી ફૈબા પદ્માબ્હેન ક્યાં છે ?"

"મારી વાતને ધ્યાનપૂર્વક સાંભળશો એટલે તમારા પ્રશ્નનો ઉત્તર તેમાં આવી જશે." લુણસિંહે એ પ્રમાણે જવાબ આપીને તથા ત્યારબાદ ક્ષણવાર વિચાર કરીને કહ્યું. "હવે મારે તમને જે વાત કહેવાની છે તે એ છે કે "તમારા વિચારો અને તમારી ભાવનાને અનુકૂળ થાય અને તમને સહાયભૂત થઇ પડે, એવો પતિ તમે મેળવી શકો, તો શું તમે તમારાં સેવાવ્રતને સરલતાથી પાળી ન શકો ?" એવો પ્રશ્ન મેં તમને આપણા પ્રથમ પરિચય વખતે આજ આવાસમાં પૂછ્યો હતો અને તેના ઉત્તરમાં તમે કહ્યું હતું કે "તમારો પ્રશ્ન ચર્ચાવાળો છે; પરંતુ પ્રથમ તો આવો પતિ મળવો મુશ્કેલ છે." એ વખતે મારે તમને કહેવું હતું કે તેવો પતિ મળવો, એ તમારા જેવી સંસ્કારી બાળાને માટે મુશ્કેલ નથી; કિન્તુ સહેલ છે. પણ એ વખતે પહેલાજ પરિચયમાં એક

ીકાની સાથે વાર્તાલાપમાં એટલી હદ સુધી સ્વતંત્રતા લેવી, એ
યોગ્ય લાગ્યું ન હતું અને તેથી હું મૌનજ રહ્યો હતો. પછી તમે
જ કુસુમકુંજ ચાલ્યા ગયા અને મને તમારી સાથે વધારે સહવાસમાં
ી મારા દિલની વાત કહેવાનો પ્રસંગ મળ્યો નહિ. પણ મારાં માતુ-
એ તમારા જેવી ઉત્તમ ભાવનાવાળી બાળાને પોતાની પુત્રવધૂ કરવાનો
ય કર્યો હોવાથી તેમણે મારાં ફૈબા અને તમારાં સખી પદ્માબ્હેનને
ારૂં મન મારી તરફ વાળવાને માટે યોગ્ય સૂચના આપેલી હતી, અને
ી મારાં ફૈબા તમને આગ્રહ કરીને પોતાની સાથે અંહી ધોળકા
રમાં તેડી લાવ્યાં છે. અત્યારે આ લતામંડપમાં તમને લઈ આવ-
ાં તથા મારૂં ચિત્ર તમને આપીને આંહીથી ચાલ્યા જવામાં તેમનો
ુ આપણને એકાંતમાં મળવાનો અવકાશ આપવાનો છે, એ તમારા
મજવામાં હવે આવી શક્યું હશે. તેમજ મારાં ફૈબાએ મોકલવાથી હું
ંહી આવ્યો છું અને લતામંડપની બહાર ઉભા રહીને મેં તમારૂં
ોગત કથન બધું સાંભળેલું હોવાથી તમારાં મનની દુર્બળતાને દૂર
રવાનો એકજ માર્ગ તમારા માટે અવશેષ રહ્યો છે, એમ લતામંડપમાં
વેશતાંજ કહેવામાં મારો શો આશય હશે, એ તમને હવે સમજાવવું
ે તેમ નથી."

યશોમતી કુસુમસિંહનું કથન નીચી નજરે પણ એક ધ્યાનથી
સાંભળતી હતી. તેણે કુસુમસિંહને બોલતો બંધ રહેલો જોઈને તેની સામે
એકવાર જોયું; પરંતુ તે કાંઈ પણ બોલવાનું સાહસ કરી શકી નહિ.

કુસુમસિંહે થોડી વાર રહીને કહેવા માંડ્યું. "યશોમતી ! મેં
તમને અત્યારે જે વાત કહી બતાવી છે, તેથી તમે મારા દિલની વસ્તુ-
સ્થિતિને સમજી શક્યા હશો, એવી મારી માન્યતા છે. તેમ છતાં જો
તમને આથી વધારે સ્પષ્ટીકરણની જરૂર હોય, તો અત્યાર સુધી તમારા
પ્રત્યેના પ્રેમને મારા હૃદયમાં ધારણ કરી રાખ્યો હતો, તેને આ વખતે
સ્પષ્ટ કરૂં છું. સારાંશ કે જેમ તમારાં દિલમાં મારા માટે ચોક્કસ લા-
ગણીનો જન્મ થયો છે, તેમ મારાં દિલમાં પણ તમારા માટે તેવીજ
લાગણીનો જન્મ થયો છે અને તેથી હું તમારી પાસે તમારા પ્રેમની
યાચના કરૂં છું. મને ખાતરી છે કે તમે મને નિરાશ નહિજ કરો."

યશોમતીના સુંદર અને સોહામણા મુખ ઉપર સંતોષની અપૂર્વ
છાયા થોડીવાર જણાઈ રહી અને પાછી અદૃશ્ય થઈ ગઈ. તે તેના ગુલાબી
ગાલને કોમળ કરાંગુલીથી કોતરીને વિચારમાં પડી ગઈ; કારણ કે

લુણસિંહની સ્પષ્ટ પ્રેમયાચના સાંભળીને તેના માનસસરોવરમાં વિવિધ પ્રકારના તરંગો ઉત્પન્ન થયા હતા.

યશોમતીને આવી રીતે વિચારમાં પડેલી નિહાળીને લુણસિંહે અવાજમાં સ્નેહભાવ લાવીને કહ્યું, "યશોમતી ! જો કે તમે તદ્દન નિરુત્તર રહ્યાં છો; પરંતુ તમારી મુખચર્યા ઉપરથી હું હિંમતથી કહી શકું છું કે તમે મારી પ્રેમ યાચનાનો સ્વીકાર કરશો જ, અને મને તમારા અને કલ્યાણકારી સંસર્ગથી પવિત્ર તથા સુખી બનાવશો જ."

લુણસિંહે કહેલી સ્પષ્ટ વાતથી યશોમતી બધી વસ્તુસ્થિતિ સમજી ગઇ તથા તેની સખી પદ્માએ રચેલી યુક્તિ પણ તેના જાણવામાં આવી ગઇ. તેણે વિચાર પરંપરાની સંકલનાને એકત્ર કરીને કાંઇક દિલગીરીભર્યા સ્વરથી કહ્યું, "લુણસિંહ ! તમારા ફૈબાએ યુક્તિ તો ઘણી આબાદ રચી છે; પરંતુ તેમની એ યુક્તિ પાર પડશે કે નહિ તથા તમારી યાચનાનો મારાથી સ્વીકાર થઇ શકશે કે નહિ, એ સંબંધમાં મને શંકા છે."

"એવી શંકા ધરવાનાં કારણને કૃપા કરીને કહેશો ?" લુણસિંહે તુરતજ જાણવા માગ્યું.

યશોમતીએ પૂર્વવત્ દિલગીરીદર્શક અવાજથી જવાબ આપતાં કહ્યું. "એવી શંકા ધરવાનાં કારણમાં મારા જીવનનો આદર્શ, સમાજ, દેશ તથા ધર્મની સેવા કરવાનો મેં કરેલો નિશ્ચય મુખ્ય છે."

"મારી યાચનાનો સ્વીકાર કરવામાં એજ કારણ આડે આવતું હોય, તો તમારી શંકા કેવળ નિર્મુલ છે; કારણ કે એ સંબંધમાં ઘણી ચર્ચા આ આવાસમાં અગાઉ કરેલી છે, અને ચર્ચાના અંતે સાબીત કરી શક્યા છું કે તમારા વિચારો અને તમારી ભાવનાને અનુકૂળ થાય અને તમને તમારાં કાર્યમાં સહાયભૂત થઇ પડે, એવો પતિ તમે મેળવી શકો, તો તમે તમારાં સેવાવ્રતને સરલતાથી પાળી શકો." લુણસિંહે દૃઢતાથી કહેવા માંડ્યું. "વળી યશોમતી ! મારા મત પ્રમાણે દેશ, સમાજ અને ધર્મની સેવામાં જીવન વ્યતિત કરવું, એ કાર્ય પ્રશંસનીય છે; પરંતુ તે માટે સ્ત્રીએ જીવનભર કુમારી અવસ્થામાં રહેવું, એ યોગ્ય કિંવા આદરણીય નથી."

"ત્યારે સ્ત્રીને માટે શું [illegible] યોગ્ય અને આદરણીય છે ?" યશોમતીએ સ્વાભાવિક જીજ્ઞાસાથી કહ્યું.

"સ્ત્રીને આ [illegible] હોય, તો [illegible] યોગ્ય [illegible] પતિવ્રતા-ધર્મનું પાલન કરીને આ

...સારૂપ અને સુખમય બનાવવો ... અને ... તેને ...
... ... ત્યાગ કરી સાધુજીવન ...
... જીવન ...
... છે. માટે ...
... તમને મારી સલાહ છે કે તમે જીવનભર કુમારી અવસ્થામાં ...
... અને કૃપા કરી મારી યાચનાનો સ્વીકાર કરો, ...
... સ્પષ્ટ કરી દર્શાવતાં કહ્યું ...
... અર્પિત અને ... તમારી ...

" એનું કારણ મારા જીવનનો આદર્શ: દેશ, સમાજ, તથા ધર્મની સેવામાં જીવન અર્પિત કરવાનો કરેલો નિશ્ચય." યશોમતીએ ઉત્તર આપ્યો.

" ... જ્યારે યશોમતી ! જીવનભર કુમારી અવસ્થામાં રહેવાની તમે પ્રતિજ્ઞા કરેલી નથી એટલે મારી યાચનાનો સ્વીકાર કરવામાં તમને કશી હરકત નથી." ... આનંદ માનીને કહ્યું.

" પણ એ નિશ્ચય ... તમારા ... નથી ! "

...

... આ ... નિશ્ચય ... છે.

...

ઘોડેસ્વારો મારી ફોજના બહાદુર સૈનિકોના હાથે જહન્નમના પ્રયાણ કરી ગયા હશે."

એમ કહીને રઝીયાએ પોતાના અંગરક્ષકો તથા પહેરેગીરોને પૂર્વક બુમ પાડીને બોલાવ્યા; પરંતુ તેની બુમ મેદાનની હવામાં ગઇ એટલે કે તદ્દન નિરર્થક ગઇ.

પોતાને માટે વપરાતા હલકા હરફો સાંભળીને મુબારકનો ઉભરી આવ્યો હતો; પરંતુ તેણે ગુસ્સાને કાબુમાં રાખી ફરીને ધીરજથી કહ્યું, " રઝીયા બેગમ ! અમને જહન્નમનો માર્ગ બતા તમારી મોટી ભૂલ થાય છે; કારણકે અમને જહન્નમના માર્ગે મોક તમારા બહાદુર અંગરક્ષકો અને સૈનિકોને દિલ્હીનાં શાહી સૈન્યે લીધા છે એટલુંજ નહિ; પરંતુ તેમાંના ઘણાને તો ખુદાના દર પણ મોકલાવી દીધા છે તથા તમારા શૌહર અલ્તુનિયાને મૈઝુદ્દીને જાતે કેદ પકડી લીધો છે. કહો, હવે તમને કેદ કરવાની મજાલ છે કે નહિ ?"

મૈઝુદ્દીને એ દિવસની મહેતલ માગીને વિચાર કરવાનું બતાવી આ પ્રમાણે દગો કર્યો છે, એ વાત રઝીયાના સમ તુરતજ આવી ગઇ અને તેથી તેના ક્રોધનો અવધિ આવી રહ્યો. મુબારક કે જેને તેણે ગુલામની કંગાળ અવસ્થામાંથી ઉમ પદવીએ ચડાવ્યો હતો તથા તેની ઉપર આશક બનીને તેની દિલ્હીનાં તખ્તનો ત્યાગ કરવાને પણ તૈયાર થઈ હતી, તે મુ પોતાની પ્રત્યે આ રીતે બેવફા બનેલો તથા તેના ઘણા અહેશાનો અગલા સંબંધને ભૂલી જઇને મૈઝુદ્દીનનો વઝીર બની તેને કેદ આવેલો જોઇને તેના ગુસ્સામાં ઓર વધારો થયો. ક્રોધ, ગુસ્સો તથા અજાયબીથી રઝીયાનું મસ્તક ભ્રમિત બની ગયું. તેના અં તથા પહેરેગીરો કપાઇ ગયા હતા, તેની ફોજ ઘેરાઇ ગઇ દિલ્હીના કેટલાક ઉમરાવો કે જેમણે અલ્તુનિયાની સમજાવટથી મદદ કરવાનું કબુલ કર્યું હતું, તેઓ અત્યારે કોણ જાણે ક્યાં ગયા હતા અને તેનો ખરો મદદગાર તથા શૌહર સુબેદાર અલ્તુનિ પકડાઇ ગયો હતો. આવી સ્થિતિમાં આવી પડવાથી રઝીયા સ્વાભાવિક ભાન ભૂલી જઇને ભ્રમિત બની જાય, તો એમાં જેવું કાંઇ નથી. તેણે પોતાના ખંજરને એકદમ બહાર કાઢયું અ પોતાના કોમળ કરમાં મજબુત પકડી રાખીને મુબારકને ઉદ્દેશીને

એકગણું દાન

ને

સહસ્રગણું પુન્ય.



"દાન" એ મનુષ્ય જીવનને ઉંચે ચઢવાનું વિમાન છે. એવું દાન સત્પાત્રે થાય તોજ તેની સાર્થકતા છે.

અત્યારે તમારાં બાળકોને સંભાળવા, કેળવવા અને ચઢાવવાનું કામ શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ માં કરી રહેલ છે. તેમાં મદદ દેવાથી સ્વામીભક્તિ, દાન, અને બાળબ્રહ્મચારીઓની ભક્તિના લ્હાવાનો એક જ લાભ મળે છે.

આ ગુરૂકુળમાં જૈન બંધુઓના બાળબ્રહ્મચારી બાળકોને અન્ન, વસ્ત્ર, કપડાં, પુસ્તક વિગેરે દરેક પ્રકારની સગવડતા કરી આપવા સાથે ધાર્મિક જ્ઞાન, આધુનિક પદ્ધતિથી ઉત્તમ રીતે અપાય છે. તથા રમત ગમત અને કસરતના સાધનોથી શરીરે સુદૃઢ બનાવવામાં આવે છે.


કોઇપણ પ્રસંગની યાદગીરી માટે રૂા. ૧૦૦૧) માં મિષ્ટાન્ન ભોજનનો તથા રૂા. ૨૦૧) માં સાદા ભોજનનો દિવસ કાયમ માટે મુકરર થાય છે. રૂા. ૨૫૧) માં એક ટંક નોંધાય છે.

જો તમોને તમારા આ બાળકો માટે પ્રેમ આવતો હોય તો જરૂરજ તેની મુલાકાત લ્યો, અને સંતોષ મેળવી કાંઇને કાંઇ મદદ મોકલો.

પત્રવ્યવહાર / મદદ મોકલો } **શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ.**
પાદર પાયધુની મુંબઈ.

જૈન ભાઈઓને માટે ખાસ

ઉત્તમ સુગંધ.



કેસર, કસ્તુરી, અંબર, બરાસ, કપુર, ઉંચી અગરબત્તી, અગર, દશાંગીધૂપ, સોના ચાંદીના પાના, સુખડ, અત્તર, હીંગ, [illegible] ખાપરીયું, મોમાઇ, સીલાજીત, મોતીનો સુરમો વિગેરે ખાત્રીદાર માલ કીફાયતથી વેચનાર ખાસ એકજ દુકાન.

ડી. શાંતીલાલ કાંતીલાલની કું૦

જુમામસીદ, નં. ૧૨૭

મુંબઈ.

વેપારીઓને લાભનું.

જો તમે કંઈપણ વેપાર કરો તો તેને લગતી બજારના ભાવો અને રૂખ તારથી જાણતા રહેવા, અને તારનો મોટો ખર્ચ કરવો ન પોસાય તો મુંબઈ, અમદાવાદ, ભાવનગર, વઢવાણ, વીરમગામ, લીંબડી, પોરબંદર વગેરે તમામ દેશાવર અને અમેરીકા તથા વી[illegible] બજારના હાજર અને વાયદાના ભાવ-રૂખ અને તારથી [illegible] હમેશાં સાંજે પ્રગટ થતું 'વેપાર સમાચાર' વાંચો. તેનું લવાજમ વર્ષ દહાડે રૂ. ૨૧ છે. નમુનો મફત. લખો:—

વેપાર સમાચાર ઓફીસ,
ભાવનગર.

વીસમી સદીની નવીન શોધ.

સંગ્રહણી (ગળતી) (માટે અમૃતમય ઉપાય)

પ્રતિષ્ઠિત અને વિદ્વાન વૈદ્ય-ડાક્ટરોની દવા ખા[illegible] કંટાળેલા સંગ્રહણી (ગળતી), મુંબઈના ઝાડા, [illegible] [illegible] અને [illegible] દરદથી પીડાતા [illegible] દર્દીને આશીર્વાદરૂપ થઈ પડેલી વીસ વરસના અનુભવની રામબાણ દવા માટે રૂબરૂ મળો યા [illegible] મંગાવો. પત્રવ્યવહાર નીચેના સીરનામે કરવો.

[illegible]

ડાક્તર કે. જે. પટેલ
[illegible]
[illegible]
[illegible]

પ્રકરણ ૨૮ મું.

બાદશાહી ફોજનો પરાજય.

સવિતા નારાયણ ઉદયાચળનાં શિખર ઉપર આરૂઢ થયા છે. આકાશ કેવળ સ્વચ્છ અને નિર્મળ છે. આબુ પર્વત પાસેનો વનપ્રદેશ કોકિલોના પંચમસ્વરી ટહુકાર અને ઇતર પક્ષીઓના મધુર કિલકિલારથી ગાજી રહ્યો છે. પ્રભાતકાલિન સૂર્યનો ઉગતો પ્રકાશ આબુ ઉપરનાં મહા પ્રતાપી મંત્રી વિમળશાહે બંધાવેલાં અત્યુચ્ચ દેવાલયોનાં ધવલ શિખરોને વધારે તેજસ્વી બનાવી રહ્યો છે. શાસ્ત્રોમાં પવિત્ર મનાતા આબુ પર્વત અને તેની ઉપરનાં દેવોના વિમાન જેવાં સુંદર મંદિરોની છાયામાં આવેલો પ્રદેશ, વૃક્ષોની ઘટા, નાના મોટા ડુંગરોની હારો, તે વચ્ચેની ઉંડી ખીણો, શુભ્ર અને મીઠાં જળથી ભરેલાં સરોવરો, નિર્મળ પાણીના ઝરાઓ, જુદા જુદા ડુંગરોમાંથી નીકળતી નદીઓ તથા વિવિધ જાતિનાં પશુઓ અને પક્ષીઓથી અતિ શોભાયમાન, સુંદર અને રમણીય જણાય છે.

પ્રકૃતિનાં આ આનંદ આપનારાં સ્થાનમાં એક નિર્મળ પાણીના ઝરાની પાસે બે પુરૂષો પરસ્પર વાર્તાલાપ કરતાં ઉભા છે. તે બન્ને પુરૂષોએ ઉત્તમ વસ્ત્રાલંકારો પહેરવાની સાથે શસ્ત્રોને પણ સારી રીતે સજેલાં હતાં. તે બે પુરૂષો માંહેનો એક પુરૂષ કે જે શરીરે ઉંચો, બળવાન અને લાંબા બાહુવાળો હતો, તે ગુજરાતનો મહામાત્ય વસ્તુપાળ હતો અને બીજો પુરૂષ કે જે કદમાં સહેજ નીચો, સૌમ્ય મુખવાળો અને વસ્તુપાળની જેમ આજાનબાહુ પણ હતો, તે આબુ પ્રદેશનો રાજા અને ગુજરાતનો માંડલિક પરમાર ધારાવર્ષ હતો.

"રાજાજી!" વસ્તુપાળે ઝરામાં વહેતા પાણી પ્રત્યે જોઇને ધારાવર્ષને ઉદ્દેશીને કહ્યું. "ચંદ્રાવતીમાં તમારા પિતાના સમયમાં થયેલી રાજકીય ખટપટનો અંત આવ્યો છે અને રાજતંત્ર ઘણીજ સરળતાથી ચાલે છે, એ જાણીને હું ઘણો ખુશી થયો છું અને હું ઇચ્છું છું કે તમે તમારા રાજ્યને સુખપૂર્વક ભોગવવાને શક્તિવાન થાઓ."

"તમારી શુભેચ્છા માટે હું તમારો આભારી છું." ધારાવર્ષે ઉપકારનો ભાવ દર્શાવીને કહ્યું.

"એમાં આભાર બતાવવાની કશી જરૂર નથી. તને ગુજરાતના

માંડલિક રાજા અને અમારા મિત્ર હોવાથી તમારી તરફ શુભેચ્છા રા[illegible] વી, એ અમારૂં કર્ત્તવ્ય છે." વસ્તુપાળે એમ કહીને પૂછ્યું. "[illegible] પણ હવે એ વાતને આપણે જવા દઇએ અને મુદ્દાના વિષય ઉપર [illegible] વીએ. મેં તમોને આંહી શા માટે બોલાવ્યા છે, એ તમે જાણો છો[illegible]

"ના" ધારાવર્ષે જવાબ આપ્યો "કારણકે ધોળકાથી આ[illegible] આજ્ઞાપત્રમાં એ હકીકત લખેલી નથી."

"ઠીક, ત્યારે હું તમને બીજો પ્રશ્ન પુછું છું." વસ્તુપાળે ધા[illegible] વર્ષનાં સૌમ્ય મુખ પ્રત્યે જોઇને પ્રશ્ન કર્યો. "હાલમાં દિલ્હીમાં શા[illegible] નાવો બની રહ્યા છે તથા નવા સુલ્તાન મોઇજુદ્દીનની આપણા દેશ [illegible] કેવી દ્રષ્ટિ છે, તે તમારા જાણવામાં આવ્યું છે? તમે એ સંબંધમાં [illegible] તપાસ કરાવી છે"

"એ સંબંધમાં મેં ખાસ તપાસ કરાવી નથી, તેમ નવા સુ[illegible] નનાં આપણા દેશ પ્રતિનાં વલણ વિષે પણ કાંઇ હકીકત મારા જાણ[illegible] માં નથી." ધારાવર્ષે જવાબ આપતાં પોતાનું અજ્ઞાન દર્શાવ્યું.

ધારાવર્ષના ઉત્તરથી વસ્તુપાળે દિલગીરી અને નાખુશીની [illegible] ષ્ટ લાગણી જણાવતાં કહ્યું. "રાજાજી! તમેજ માત્ર નહિ; પરંતુ આ[illegible] દેશના ઘણા રાજાઓ દિલ્હીમાં બનતા બનાવો અને ત્યાંના રાજ[illegible] ની હિલચાલથી અજ્ઞાન અને બેદરકાર રહે છે, એ ઘણું શોકજનક છે. [illegible] [illegible]

ક બીજાની સંપત્તિ વિના કારણ લુંટવાની બહાને, રાજ્યનું ક્ષેત્રફળ વ-
ધારવાની લાલચે બીજાની જમીન પચાવી લેવા માટે તથા કોઈ રાજાની
ન્યા કન્યાને મેળવવાનાં કારણે પરસ્પર અનેક સંગ્રામો કરી લોકોના
નમાલની ખુવારી કરવાની સાથે તમે પણ નિર્બળ બની ગયા છો
ને તેમ જ એવા મિથ્યાભિમાની થઇ બેઠા છો કે દેશ, સમાજ તથા ધ-
ર્મનાં રક્ષણના ભારને સાવ વિસરી ગયા છો. તમારી રાજાઓની આવી
દરકારી અને મિથ્યાભિમાની તથા નિર્જીવ કારણોને માટે પરસ્પર લડી
રી દુર્બળ બનવાની વૃત્તિ જોઇને મને જણાય છે કે આપણો દેશ થો-
ડા સમયમાં મુસલમાનોના હાથમાં જશે અને આપણે પરતંત્રતાની ભ-
યંકર બેડીમાં જકડાઇ જઇશું."

વસ્તુપાળનું દિલગીરીદર્શક તથા ઠપકાથી ભરેલું લાંબું કથન સાં-
ભળીને રાજા ધારાવર્ષ નિસ્તેજ બની ગયો, તેણે પોતાની બેદરકારી અને
અજ્ઞાનનો ખ્યાલ કરીને શરમથી નીચું જોઇ લીધું. થોડીવાર પછી તેણે
ધીમા સ્વરે કહ્યું. "મંત્રીશ્વર! તમારું ઠપકાયુક્ત કથન કેવળ વાજબી
છે. અમે પરસ્પર અને અંદરોઅંદર લડવામાં એવા મશગુલ બની ગયા
છીએ કે અમે અમારા સાચા ધર્મને તદ્દન વિસારી મૂક્યો છે. પોતાનું
મિથ્યાભિમાન દેખાડવાને માટે કોઇ નિર્બળ રાજ્યને મદદ આપવાને બ-
દલે તેને કચરી નાખવાને વાસ્તે અને કોઇ રૂપાળી રાજકુંવરીની પ્રાપ્તિ
ને માટે અમે મહાન્ લડાઇઓ લડીએ છીએ અને હજારો વીરનું
બલિદાન આપીએ છીએ; પરંતુ દેશ, સમાજ કે ધર્મનાં રક્ષણનાં સર્વ-
સામાન્ય કાર્યને માટે અમે અમારા બંધુરાજાઓને સહાય આપવાની ઉ-
દારતા બતાવતા નથી. હું ફરીને પણ કહું છું કે તમારું કહેવું તદ્દન
સાચું જ છે: પરંતુ તે સાથે એટલું કહેવાને પણ હિંમત કરું છું કે આ-
બુનો આ પરમાર રાજા ધારાવર્ષ મિથ્યાભિમાની અને બેદરકાર નથી. તેને
તેનાં ધર્મ અને જવાબદારીનો ખ્યાલ છે અને તે પોતે દેશનાં સર્વસામાન્ય
કામને માટે ચાહે તેટલો ભોગ આપવાને સદા તૈયાર જ છે. તમે મને એ-
વાંજ કોઇ કામને માટે બોલાવ્યો હોય, તો ગુજરાતના મહારાજાના માંડ-
લિક રાજા તરીકે તેમની બાજુમાં ઉભા રહેવામાં હું જરાપણ આનાકાની
કરીશ નહીં."

"એ સબંધમાં અમને તમારામાં સંપૂર્ણ વિશ્વાસ છે." વસ્તુ-
પાળે સંતોષનો ભાવ બતાવીને કહ્યું. "તમને અહીં બોલાવવાનું કારણ
પણ એજ છે. દિલ્હીના નવા સુલ્તાન મોજુદ્દીને તેના સેનાપતિને
લશ્કર સાથે ગુજરાત ઉપર ચઢાઇ કરીને મોકલ્યો છે, એવા ખબર અમા-

રા સાંભળવામાં આવતાંજ હું તેની સામે થવાને માટે એક લાખ સૈન્ય અને મારા ખાસ ઘોડેસ્વારો સાથે આંહી સુધી આવી પહોંચ્યો છું. દિલ્હીથી રવાના થયેલું સૈન્ય થોડા સમયમાંજ આવી પહોંચશે; માટે તમે તમારાં સૈન્યની સાથે તૈયાર રહો, એવી સૂચના આપવાને માટે મેં તમોને આંહી બોલાવ્યા છે. ”

“ શું મોઝુદ્દીને ગુજરાત ઉપર ચડાઇ મોકલી છે ? ” ધારાવર્ષે આશ્ચર્ય પામીને પૂછ્યું.

“ એમાં જરાય શક નથી. ” વસ્તુપાળે ઉત્તર આપ્યો.

“ તો હું મારાં સૈન્યની સાથે તૈયારજ છું અને મુસલમાનોને મહાત કરવાને માટે હું મારા સર્વસ્વનો ભોગ આપવામાં જરા પણ પાછો હઠીશ નહિ. ” ધારાવર્ષે કાંઇક જુસ્સાથી કહ્યું.

“ અને તમને બીજી સૂચના કરવાની એ છે કે સુલ્તાનનાં લશ્કરને આ સાંકડા માર્ગ સુધી આવવા દેજો અને તેનું બધું સૈન્ય આ સાંકડી જગ્યામાં આવી જાય કે તુરતજ તમે પાછળથી માર્ગ રોકી લેજો. ત્યારબાદ સામેથી હું અને પાછળથી તમે એવી રીતે આપણે તેમની ઉપર તૂટી પડશું અને બન્ને બાજુથી સખ્ત મારો કરીને તેમને મહાત કરી શકશું ”

“ મંત્રીશ્વર ! તમારી સૂચના દીર્ઘદષ્ટિવાળી છે અને હું બરોબર તેજ પ્રમાણે વર્તીશ. ” ધારાવર્ષે ખુશી થતાં કહ્યું.

“ એ વખતે એક ત્રીજો પુરૂષ ત્યાં આવી પહોંચ્યો. પણ તે શસ્ત્રથી સજ્જ થયેલો હતો અને તેનું ભરાવદાર મુખ તથા રક્તવર્ણીય આંખોથી શૂરવીર પુરૂષ જણાતો હતો.

તે પુરૂષને ઉદ્દેશીને વસ્તુપાળે પૂછ્યું. “ કેમ, રાજાજી ! મારી સૂચનાનુસાર છાવણીનો બધો બંદોબસ્ત થઇ ગયો ? ”

એ ત્રીજો પુરૂષ વસ્તુપાળની સાથે આવેલો સામંત રાજા સામંતપાલ હતો. તેણે જવાબ આપતાં કહ્યું. “ હા, મંત્રીશ્વર ! તમારી સૂચના મુજબ બધી ગોઠવણ થઇ ગઇ છે. પણ હું તમને એક બીજા સમાચાર આપવાને આવ્યો છું. ”

“ કહો, શા સમાચાર છે ? ” વસ્તુપાળે તુરતજ પૂછ્યું.

“ દિલ્હી તરફનો આપણો એક ગુપ્તચર ખબર લાવ્યો છે કે બાદશાહી સૈન્ય આ તરફ જોસબંધ ચાલ્યું આવે છે અને તેનો સેનાપતિ પોતે જોકે સૈન્યની પાછળ [illegible] આવતી કાલેજ આ[illegible] પહોંચશે, એમ જણાય છે. [illegible] સમાચાર

"કાંઈ ફીકર નહિ, રાજાજી !" વસ્તુપાળે શાંતિથી કહ્યું. "આપણે તેનું ઉચિત સ્વાગત કરવાને તૈયાર જ છીએ. રાજા ધારાવર્ષદેવને જે કાર્યને માટે અત્રે બોલાવ્યા હતા, તે કાર્યની સમજણ તેમને આપી દીધી છે એટલે આપણે તો હવે બાદશાહી સૈન્યનાં આગમનની જ રાહ જોવાની છે."

એ પછી ધારાવર્ષે પાસે ઉભેલા ઘોડા ઉપર સ્વાર થઈને કહ્યું: "ઠીક, મંત્રીશ્વર ! ત્યારે હું હવે જઉં છું."

"ખુશીથી." વસ્તુપાળે કહ્યું અને વિશેષમાં ઉમેર્યું. "અને મેં આપેલી સૂચના પ્રમાણે વખતસર ગોઠવણ કરવાનું ધ્યાનમાં રાખશો."

"તે માટે તમે નિશ્ચિંત રહેજો." એમ કહીને ચંદ્રાવતી–આબુનો પરમાર રાજા ધારાવર્ષદેવ પોતાના ઘોડાને ત્યાંથી દોડાવી ગયો.

ધારાવર્ષના જવા પછી મહામંત્રી વસ્તુપાળ તથા રાજા સામંતપાળ તેમના ઘોડા ઉપર સ્વાર બનીને છાવણી તરફ રવાના થયા.

બીજા દિવસનું પ્રભાત થતાંજ ગુજરાતી સૈનિકો વહેલા તૈયાર થઈ ગયા અને દિલ્હીનાં સૈન્યનાં આગમનની રાહ જોવા લાગ્યા. રાજા ધારાવર્ષ પણ વસ્તુપાળની સૂચના પ્રમાણે પોતાનાં સૈન્ય સાથે રણભૂમિમાં આવી ગયો હતો અને એક અતિ ઊંડી ખીણમાં છૂપાઈને રહ્યો હતો. સૂર્યોદય થયા પછી થોડીવારમાં બાદશાહી સૈન્ય આબુના સાંકડા માર્ગ સુધી આવી ગયું અને માર્ગની સંકડાશનો કાંઈ પણ ખ્યાલ કર્યા વિના જોસભેર સાંકડા માર્ગે થઈને આગળ વધ્યું. સેનાપતિ પોતે પાછળ હતો, તે પણ તેના ખાસ સ્વારો સાથે સાંકડા માર્ગમાં પ્રવેશ કરી ચૂક્યો કે તુરતજ ધારાવર્ષે ખીણમાંથી બહાર આવીને એ માર્ગને પાછળથી પોતાના સૈનિકોને આડા ગોઠવીને બંધ કરી દીધો. દિલ્હીનું સમગ્ર સૈન્ય સાંકડા રસ્તામાં આવી ગયું કે આગળથી ગુજરાતી સૈનિકો અને પાછળથી ચંદ્રાવતીના પરમારો મુસલમાનો ઉપર એકદમ અને અચાનક તુટી પડ્યા. આવાં બન્ને બાજુનાં અચાનક આક્રમણથી મુસલમાન સેના ગભરાઈ ગઈ, તેનો ધસારો મંદ પડી ગયો અને તેની ગોઠવેલી હારો તુટી ગઈ. આગળ તથા પાછળ બન્ને બાજુથી મુસલમાન સૈનિકોની એવી કાપાકાપી ચાલી રહી કે તેઓ ત્રાસ પામી ગયા અને તેમનામાં ભયંકર બૂમરાણ મચી રહ્યું. સુલ્તાન મોઈઝુદ્દીનનો સેનાપતિ પ્રથમ તો તેના સૈનિકો બૂમરાણ મચાવતાં કેમ પાછા હઠે છે, એ સમજી

શક્યો નહિ; પરંતુ જ્યારે તેના જાણવામાં આવ્યું કે પોતે સૈન્ય સહિ સાંકડા રસ્તામાં બન્ને બાજુથી ઘેરાઇ ગયો છે, ત્યારે તેના ગુસ્સાં પાર રહ્યો નહિ. તે પોતાનાં ખાસ ઘોડેસ્વારો સાથે ધીમે ધીમે આગ આવ્યો અને ગુજરાતી સૈનિકોની આગલી હાર ઉપર એકદમ ધસી ગયે આ હકીકત વસ્તુપાળના જાણવામાં આવતાંજ તે તેનું સ્વાગત કરવા પોતાના સુનંદા ઘોડેસ્વારોની સાથે એકદમ દોડી આવ્યો અને તે સેનાપતિને ઉદ્દેશી વ્યંગમાં કહ્યું. " સેનાપતિ સાહેબ ! તમાર બાદશાહે ગુજરાત ઉપર ચડાઇ મોકલવામાં બહુ ઉતાવળ કરી છે હજુ તેમને તેમની બ્હેન સુલતાના રઝીયા બેગમ તથા તેના પતિને ઘાત કરાવીને દિલ્હીનાં તખ્ત ઉપર બેસાને બહુ સમય થયો નથી તથ તમારું પાટનગર અંદરોઅંદરના કલેશોથી મુક્ત થયું નથી, તેટલામ ગુજરાત ઉપર ચડાઈ મોકલવાની દુર્બુદ્ધિ ક્યાંથી સુજી આવી ?

" અય એ બનિયા વઝીર ! " મુસલમાન સેનાનાયકે ક્રોધે ભરા- ઈને તિરસ્કારથી કહ્યું. " તારી બોલવાની ચતુરાઇ અને કળા મેદાને જંગમાં કાંઈ કામ આવવાની નથી; માટે જબાનને બંધ કર અને મારી સામે આવી જા. "

વસ્તુપાળ કાંઈપણ નહિ બોલતાં પોતાના ઘોડેસ્વારો સાથે મુસ- લમાન ઘોડેસ્વારો ઉપર ધસી ગયો. એ વખતે બન્ને વચ્ચે ભયંકર લડાઈ જામી અને શસ્ત્રો તથા અસ્ત્રોના ખણખણાટ, ઘોડાના હુંકાર અને સ્વારોની ભયંકર બૂમોથી આખો વનપ્રદેશ ગાજી ઉઠ્યો, પણ પાછળથી બાદશાહી સૈન્ય ઉપર પરમારોનો એક સરખો મારો ચાલી રહેલો હોવાથી તથા આગળ વસ્તુપાળે અત્યંત વીરતા અને પ્રબળતાથી ધસારો કરેલો હોવાથી મુસલમાન સૈનિકો તોબાહ પોકારવા લાગ્યા અને જીવ બચાવવાને માટે નાસાનાસ કરવા લાગી ગયા. સેનાનાયક પોતે પણ વસ્તુપાળના પ્રબળ ધસારાને રોકવાને અશક્ત બનવાથી પાછળ હઠવા લાગ્યો. ઇતિહાસ કહે છે કે આ યુદ્ધમાં [illegible] મુસલમાન સૈનિકોનો [illegible]

[illegible]

[illegible]તમાં આવી પહોંચ્યો. રાજા વીરધવળે તથા ધોળકાનાં નગર[illegible]ોએ બાદશાહી ફોજ ઉપર મેળવેલા અસાધારણ વિજયને માટે તેનું [illegible] સન્માન અને ગૌરવ કર્યું અને તેથી તેની કીર્તિ સમસ્ત ગુજરાત [illegible] આસપાસનાં બધાં રાજ્યોમાં એટલી બધી પ્રસરી ગઈ કે લોકો [illegible] શૂરવીરતા, સજ્જનતા અને ઉદારતાની એક અવાજે પ્રશંસા કરવા [illegible] તેના ગુણાનુવાદ ગાવા લાગ્યા.

